શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ – ૧

શ્રીનામરત્નાખ્ય – સચિત્ર

॥ શ્રીદ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥
॥ શ્રીગુસ્સાંઈજી પરમદયાલવે નમઃ ॥

શ્રીનામરત્નાખ્ય - સચિત્ર

(શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામોનું સચિત્ર રસાસ્વાદન)

વિવરણ-ભાષ્ય

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

ચિત્રકાર

શ્રી શ્યામસુંદર પુરોહિત તથા શ્રીમતી વિમલાબેન ભાટીયા (જોધપુર)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર
બી. કે. સિનેમા સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

Shri Namratnakhya - Sachitra

Commentary by prof. R. V. Parikh

કોપીરાઈટ

© શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં, **મહેસાણા**-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩, ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

●

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ.**
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ
માગશર વદ ૯, વિ.સં. ૨૦૫૬, ૩૧ ડિસેમ્બર, ૧૯૯૯
દ્વિતીય આવૃત્તિ
માગશર વદ ૯, વિ.સં. ૨૦૬૦, ૧૮ ડિસેમ્બર, ૨૦૦૩

●

તૃતીય આવૃત્તિ
માગશર વદ ૯, વિ.સં. ૨૦૬૪, ૧ જાન્યુઆરી, ૨૦૦૮

પુસ્તક પ્રકાશન સહાય
રૂ.૧૫૦=૦૦ (પોસ્ટેજ અલગ)

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ
C1/૬૩, જી.આઇ.ડી.સી., ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૩૨૦૩૦૪, ૨૨૪૨૦૪

સાનુનય સમર્પણ

મૂકં કરોતિ વાચાલં ભગવત્પ્રાપ્તિદાતારમ્ ।
શ્રીવિઠ્ઠલેશચરણં શરણં અહં પ્રપદ્યે ॥

શ્રીવિઠ્ઠલેશ પ્રભો,
આપની કૃપાને કોઈ કારણ હોતું નથી.
આપ શ્રુતિરૂપા છો,
તેથી આપ જ મંદ-મૂઢમતિ જીવના
હૈયે અને હોઠે બિરાજી,
આપનાં ગુણગાન ગવડાવી,
તે જીવને સ્વરૂપાનંદનું પાન કરાવો છો.
આ કૃતિના કર્તા અને ભોક્તા આપ જ છો.
આપની સ્તુતિ આપ કૃપયા અંગીકાર કરો.

દાસાનુદાસ
રમેશનાં
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

અનુક્રમણિકા

પ્રસ્તાવના ૫-૬

આમુખ ૭-૮

ભૂમિકા ૧-૧૦

શ્રીનામરત્નાખ્ય સ્તોત્રમ્ (મૂળ) ૧૧-૧૨

શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર વિવરણ ૧૩-૧૪

શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર .... ૧૫ થી ૨૪૦

પરિશિષ્ટ ૨૪૧-૨૪૪

પ્રસ્તાવના

સ્તુતિ ભક્તિનું અંગ છે. ભગવાન સ્તુતિપ્રિય છે. સ્તુતિમાં ભગવાનના નામ, રૂપ, ગુણ અને લીલાનું મધુર -મંગલ નિરૂપણ હોય છે. સ્તુતિ દ્વારા શ્રવણ-કીર્તન-સ્મરણભક્તિ સિદ્ધ થાય છે. સ્તુતિ કરનાર ભક્ત તેના મુખથી થતી સ્તુતિ સ્વયં શ્રવણ કરે છે. અર્થના અનુસંધાનપૂર્વક સ્તુતિનું શ્રવણ કરવાથી ભગવાનનું માહત્મ્યજ્ઞાન થાય છે. આ માહાત્મ્યજ્ઞાનથી ભગવાનમાં સાચો સ્નેહ જાગે છે. કીર્તન-સ્તુતિમાં સ્નેહ ઉમેરાતાં તે વાચિક ભક્તિ બને છે. ફળ સ્વરૂપ ભગવાનનું વારંવાર સ્નેહસભર સ્મરણ થાય છે. સ્તુતિમાં નિરૂપિત ભાવોનું સ્મરણ માનસિક ભક્તિ બને છે. મનને ભગવાનમાં ઓતપ્રોત કરે છે. આમ, સ્તુતિ શ્રવણ-કીર્તન-સ્મરણભક્તિનું માધ્યમ છે.

શ્રીમહાપ્રભુજી 'નિરોધલક્ષણ'માં આજ્ઞા કરે છે કે ભગવદ્ ગુણગાન કરવાથી સાચું સુખ મળે છે. એટલું જ નહીં, હૃદયમાં અંતર્યામી સ્વરૂપે બિરાજમાન ભગવાન તે ભક્તની સન્મુખ સાક્ષાત્ પ્રકટ થાય છે. સ્તુતિ-ગુણગાનથી ભક્તનો ભગવાનમાં નિરોધ થાય છે. નિરોધ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. સ્તુતિથી ભગવદાસક્તિ થાય છે. જેને ભગવદાસક્તિ થાય છે, તેનો કદી નાશ થતો નથી.

સ્તુતિ ભગવાનની સન્મુખ દીનતા અને હર્ષથી બે હાથ જોડીને થાય. ભગવાનના પરોક્ષમાં પણ સ્તુતિ થાય. સ્તુતિથી સ્નેહ જન્મે. સ્નેહથી ભગવદ્ પ્રાપ્તિનો વિરહ જન્મે. વિરહ અગ્નિ રૂપ છે. હૃદયમાં વિરહાગ્નિ પ્રજવળે. ભક્તિમય હૃદય ચંદનકાષ્ટ જેવું છે. વિરહાગ્નિના સ્પર્શથી ભક્તિમય હૃદય ધૂપની જેમ ભક્તિની સુગંધ પ્રકટાવે. તેમાં લપટાલેયા સ્તુતિના શબ્દો ભગવાનને સુખદ બને. ભગવાનને ભક્તસન્મુખ પધારવા લાલાયિત કરે. સન્મુખમાં પ્રત્યક્ષ વિરહના ભાવન સાથે અને પરોક્ષમાં દેશાંતર યા વનાંતર વિરહના ભાવન સાથે સ્તુતિ કરવી જોઈએ.

જેમને ભગવદનુભવ થયો છે, તેમનો એ દિવ્ય અનુભવ સ્તુતિ સ્વરૂપે શબ્દદેહથી પ્રકટ થાય, ત્યારે તે અનુભવી 'ઋષિ' કહેવાય અને તે સ્તોત્ર 'મંત્ર' કહેવાય. તે ઋષિની આર્ષ વાણી સ્વરૂપાત્મક હોવાથી, તે સ્તોત્રમાં તે ભગવદ્ સ્વરૂપ બિરાજમાન હોય છે. તેથી તે સ્તોત્ર ફલાત્મક અને ભાવાત્મક બને છે. મંત્રાત્મક તો છે જ. આથી આવાં સ્તોત્રો વડે ભગવદ્ સ્તુતિ કરવાની ભક્તિમાર્ગની-પુષ્ટિમાર્ગની પરંપરા છે.

આપણા ભગવદ્ સ્વરૂપ સેવા સમર્થ શ્રીઆચાર્યચરણો રચિત ઘણાં સ્તોત્રો છે. તેમાં શ્રીમહાપ્રભુજી કૃત 'શ્રીપુરુષોત્તમ સહસ્રનામ', 'ત્રિવિધ નામાવલી', 'શ્રીયમુનાષ્ટક', 'શ્રીકૃષ્ણાશ્રય', 'મધુરાષ્ટક', 'શ્રીનંદકુમારાષ્ટક' વગેરે છે. શ્રીગુસાંઈજી રચિત 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર', 'શ્રીસપ્તશ્લોકી', 'શ્રીવલ્લભાષ્ટક', 'સૌંદર્યપદ્ય' વગેરે છે. પરાવર્તી શ્રીઆચાર્યચરણો રચિત અનેક સ્તોત્રો આ પરંપરામાં છે.

ભક્તિમાર્ગમાં ગુરુ અને ગોવિંદમાં અભેદ જોવાય છે. ગુરુકૃપા વિના ગોવિંદ ન મળે એવો ભક્તિમાર્ગનો અનુભવ છે. તેથી ભક્ત પહેલાં ગુરુની સ્તુતિ કરે છે, પછી ગોવિંદની. આપણી કીર્તન પરંપરામાં પણ શ્રીઠાકોરજીને જગાવવાનાં પદો પહેલાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં પદો ગવાય છે. શયન બાદ પણ અંતે શ્રીમહાપ્રભુજીના આશ્રયનું પદ ગવાય છે.

આ પરંપરાનુસાર વૈષ્ણવો નિત્ય 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના એકથી પાંત્રીસ સુધી પાઠ કરે છે. તેમાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો શ્રીગુસાંઈજીએ પ્રકટ કર્યાં છે. શ્રીગુસાંઈજીનું નિત્યલીલામાં એક સ્વરૂપ શ્રીશ્રુતિરૂપા સ્વામિનીજીનું છે. તેથી તેમની વાણી વેદમંત્રાત્મક છે. એટલે 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ને વૈષ્ણવોની ગાયત્રી કહેવામાં આવે છે. 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' પર સંસ્કૃતમાં ચૌદ જેટલી ટીકાઓ છે. તેના આશયને વ્યક્ત કરતાં ધોળપદ ગુજરાતી અને વ્રજભાષામાં રચાયાં છે. મારા

ગુરુદેવ પરમપૂજ્યપાદ કૃપાનિધાન **ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી)** અને તેમના જ્યેષ્ઠ આત્મજ વર્તમાન તૃતીયપીઠાધીશ **ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)**એ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ની વ્યાખ્યા હિંદીમાં કરી (જે ગુજરાતીમાં અનુવાદિત થઈ છે.) તે સાથે પ્રત્યેક નામ સાથે ચરિત્રસંગતિ બતાવી. તે દિવ્ય ચરિત્રને અનુરૂપ ચિત્ર સંપ્રદાયના સુપ્રસિદ્ધ ચિત્રકાર ભગવદીય દામોદરદાસજી પાસે સિદ્ધ કરાવ્યું. આવાં ૧૦૮ દિવ્ય ચિત્રો સાથેની વ્યાખ્યા ગ્રંથ સ્વરૂપે વૈષ્ણવ સમાજને ઉપલબ્ધ છે. તેના મનન, દર્શનથી તે સ્તોત્રમાં અને તે સ્તોત્રનાયક શ્રીમહાપ્રભુજીમાં વૈષ્ણવોના દઢ ભાવ અને અનન્યાસક્તિ સિદ્ધ થયાં છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજી - શ્રીનાથજીમાં અભેદ છે. સર્વ એક જ સ્વરૂપ છે. છતાં વૈષ્ણવોમાં 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' જેટલું પ્રચલિત છે, તેટલું પંચમકુમાર શ્રીરઘુનાથજી વિરચિત શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામોવાળું **'શ્રીનામરત્નાખ્યસ્તોત્ર'** પ્રચલિત નથી. બહુ ઓછા વૈષ્ણવોને તેની જાણકારી છે. તેનો નિત્ય પાઠ કરનાર પણ અલ્પ સંખ્યક છે. તેના સમૂહમાં પાઠ થતા હોવાનું જાણમાં નથી. જ્યાં સ્તોત્ર જ અપરિચિત હોય, ત્યાં તેનો અર્થ અને તેમાં નિરૂપિત શ્રીગુસાંઈજીનાં નામ, રૂપ, ગુણ અને લીલા ક્યાંથી પરિચિત થાય? તેના અર્થાનુસંધાનપૂર્વક પાઠ ન થાય તો શ્રીગુસાંઈજીમાં સ્વરૂપાસક્તિ ક્યાંથી થાય? સ્વરૂપાસક્તિ વિના નિરોધ ક્યાંથી થાય?

'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર' પર સંસ્કૃતમાં એક જ ટીકા વિવરણ છે. સ્તોત્રકાર શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ આત્મજ શ્રીદેવકીનંદનજીરચિત એ વિવરણ સંક્ષિપ્તમાં-સૂત્રાત્મક છે. તે પણ વૈષ્ણવોને અપરિચિત અને અપ્રાપ્ય છે.

આ સંજોગોમાં પંચમ ગૃહના સેવક ઉમરેઠના વતની અમદાવાદ સ્થિત **ડૉ. સોમાભાઈ ગાંધી**ને મનોરથ થયો કે આ સ્તોત્રના વિસ્તૃત ગુજરાતી વિવરણ સહિત તે પ્રકાશિત કરવું. તેમણે મારો સંપર્ક કર્યો. શ્રીગુસાંઈજીની કૃપાથી તે પુસ્તક આજથી પંદરેક વર્ષ પહેલાં પ્રકાશિત થયું. થોડા સમયમાં અપ્રાપ્ય થયું. તે પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલા આશીર્વાદાત્મક પત્રમાં અમદાવાદના **નિ.લી.ગો.૧૦૮ શ્રી વ્રજરાયજી મહારાજશ્રી**એ પ્રસન્નતા વ્યક્ત કરતાં ભાવિનો નિર્દેશ કર્યો કે **"શ્રીરમેશ પરીખકા યહ આયોજન ભવિષ્યમેં અપ્રતીમ સિદ્ધ હોગા."** આપશ્રીના આશીર્વાદ આજે સાચા પડ્યા છે.

શ્રીગુસાંઈજીની અસીમ કૃપાથી આ ગ્રંથને પરિમાર્જિત સ્વરૂપે ફરી પ્રકાશિત કરવાનું બન્યું છે. જ્યાં સ્વયં શ્રીગુસાંઈજી જ મનોરથી હોય, ત્યાં બધું સુલભ અને સાનુકૂળ જ થાય. જોધપુરનિવાસી પરમ વૈષ્ણવ **શ્રી શ્યામસુંદર પુરોહિત અને શ્રી વિમલાબેન ભાટીયા**એ આ ગ્રંથ માટેનાં સુંદર બહુરંગી ચિત્રો ભાવસભર હૃદયથી ખૂબ ઝડપથી સિદ્ધ કરી આપ્યાં.

મૂળ પ્રકાશિત વિવરણનું પુનઃ લેખન થયું. સંસ્કૃત વિવરણનો ગુજરાતી અનુવાદ 'વિવરણ' શીર્ષક નીચે મૂક્યો છે. તેનું વિશેષ ભાષ્ય 'વિવરણભાષ્ય' શીર્ષક નીચે રજૂ થયું છે. તેને આનુષંગિક વાર્તાચરિત્ર અને બેઠક ચરિત્ર તથા કીર્તન સંગતિ પણ રજૂ થયાં છે. વાર્તાચરિત્ર અનુસાર ચિત્રસંગતિ છે.

'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર'ના ભાવાર્થ પર આધારિત પ્રાચીન ભગવદીયોનું પદ સાહિત્ય ધ્યાનમાં આવ્યું નથી. ઈંદોરથી શ્રીબચુભાઈ ઝવેરી દ્વારા પ્રકાશિત કીર્તન સંગ્રહમાં 'શ્રીનામરત્નની વધાઈ' શીર્ષક નીચે જે પદો આપ્યાં છે, તે યથાર્થ સ્વરૂપમાં આ સ્તોત્રને અનુસરતાં નથી. એક જ ભક્તકવિની રચના પણ નથી. ગુજરાતીમાં તેનો પદ્યાનુવાદ **ગો.વા. શ્રીવ્રજરત્નદાસભાઈ પરીખ**નો કરેલો છે. તે આ ગ્રંથમાં સમાવિષ્ટ છે. **શ્રીલાલજીભાઈ**એ રચેલાં વ્રજભાષાનાં નામાત્મક પદો પણ ગ્રંથના અંતે પરિશિષ્ટમાં સમાવિષ્ટ કર્યાં છે.

આ ગ્રંથના લેખન-પ્રકાશનમાં મારા ગુરુઘરના યુવરાજ પરમ પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રીવાગીશકુમારજી મહોદયની મને પૂર્ણ પ્રેરણા અને આશીર્વાદ મળ્યા છે. એમનામાં મને સદાય શ્રીગુસાંઈજીની જ દિવ્યાનુભૂતિ થઈ છે. એમનો હું ઋણી છું.

આ ગ્રંથ પ્રકાશનમાં સહયોગી સૌના માટે હાર્દિક પ્રસન્નતા વ્યક્ત કરું છું.

શ્રીગુસાંઈજી પ્રાકટ્ય મહોત્સવ
સં. ૨૦૫૫
મહેસાણા

દાસાનુદાસ
રમેશના સદૈન્ય
ભગવત્સ્મરણ.

આમુખ

- ગો. શ્રીદ્વારકેશલાલજી મહારાજ
(કામવન-સુરત)

'યથા દેવે તથા ગુરૌ' આ એક અતિ પ્રચલિત ઉક્તિ છે. આપણા જોવામાં આવે છે કે લગભગ બધા સંપ્રદાયોમાં ગુરુનું માહાત્મ્ય ભગવાનના માહાત્મ્ય બરોબર જ છે. આ પ્રકારે ગુરુમાં ભગવાનની યાદ આવવાથી ભગવદ્ ગુણગાન સમાન ભક્ત ગુરુનાં પણ ગુણગાન કરવા લાગે તો તે સ્વાભાવિક જ છે; કારણ કે ભક્તની દૃષ્ટિમાં બંનેમાં કોઈ ભેદ રહેતો નથી. શ્રીમૂળચંદ્ર તેલીવાળાએ 'શ્રુતિ રહસ્યમ્' ગ્રંથના તેમના ઉપોદ્‌ઘાતમાં નીચે પ્રમાણે લખ્યું છે.

'પ્રત્યેક સંપ્રદાયમાં તેના પ્રવર્તકના સંબંધમાં બે પ્રકારની દૃષ્ટિ જોવા મળે છે - એક દૃષ્ટિ બાહ્ય અથવા પ્રમાણવાદી છે અને બીજી અંતરંગ અથવા પ્રમેયવાદી છે. પ્રથમ વર્ગના વિચારકો તે સંપ્રદાયના પ્રવર્તક માટે તે પ્રવર્તકના જ શબ્દોનો આધાર લઈ, પોતાની ભાવના સિદ્ધ કરે છે. આ પ્રકારની ભાવના ઐતિહાસિક દૃષ્ટિથી સમર્પિત હોવાથી સંપ્રદાયમાં અને બહાર બધા વિચારકોને બુદ્ધિગમ્ય બને છે; એટલું જ નહીં તે ગ્રાહ્ય પણ છે. બીજો વર્ગ પોતાની અંગત ઉત્કટ ભાવનાને અનુરૂપ, તે સંપ્રદાયના પ્રવર્તકના સ્વરૂપને જાણે છે. આ ભાવનાની ઉત્કટતા એટલી તીવ્ર હોય છે કે આચાર્ય સ્વરૂપની જ ભાવના ભગવદ્‌સ્વરૂપે થતી હોવાથી તે વર્ગને ભગવદ્ સ્વરૂપનાં દર્શન વગેરેની પણ અપેક્ષા રહેતી નથી. સંપ્રદાયના પ્રવર્તક જ પરમ તત્ત્વના રૂપમાં સ્ફૂરિત થયા છે અને તે પ્રમાણે ભક્ત તેમનું ભાવન, ગુણગાન વગેરે કરે છે.'

'શ્રીસર્વોત્તમસ્તોત્ર' તથા અન્ય આચાર્યસ્તુતિ વિષયક ગ્રંથોમાં આપણે આ બીજા પ્રકારની ભાવનાનું ફળ જોઈ શકીએ છીએ. પંચમકુમાર શ્રીરઘુનાથજી રચિત 'શ્રીનામરત્નાખ્ય સ્તોત્રમ' પણ આજ કક્ષાનો ગ્રંથ છે. આ સ્તોત્રના મંગલાચરણમાં જ શ્રીરઘુનાથજી પ્રભુચરણ શ્રીગુસાંઈજીના નામનું માહાત્મ્ય પ્રદર્શિત કરે છે.

પ્રભુચરણ શ્રીગુસાંઈજીના નામનું એવું માહાત્મ્ય છે કે તેના ઉચ્ચારથી સર્વ પ્રકારનાં પાપ ટકી શકતાં નથી. ફળપ્રાપ્તિમાં નડતરરૂપ થતા બધા પ્રતિબંધો દૂર થઈ, હૃદયકમળ વિકસિત થઈ જાય છે અને ભાવવૃદ્ધિ થતાં શ્રીકૃષ્ણરૂપી ભ્રમર તે હૃદયકમળ પર આવી બિરાજે છે. 'શ્રીનામરત્નાખ્ય સ્તોત્રમ'ના ટીકાકાર શ્રીરઘુનાથાત્મજ શ્રીદેવકીનંદનજી તેમના વિવરણના ઉપક્રમમાં આજ્ઞા કરે છે કે પાપના તાપમાં તપતા અને અનેક જન્મોથી ભટકી રહેલા જીવોના ઉદ્ધારનો સુગમ ઉપાય શ્રીવિઠ્ઠલેશ્વરનાં નામોના ઉચ્ચારણનો છે.

આ વાંચતાં આપણા મનમાં સહજ પ્રશ્ન થાય કે શું કેવળ નામોચ્ચાર માત્રથી જીવનો ઉદ્ધાર સંભવ છે? એના જવાબમાં ભગવન્નામનું માહાત્મ્ય બતાવનાર અનેક વાક્યો આપણને શાસ્ત્રોમાં પ્રાપ્ત થાય છે; જેમ કે 'એવો ચાંડાલ શ્રેષ્ઠ છે, કે જેની જીભ પર પ્રભુનું નામ છે.' જે પ્રભુના નામનો સતત ઉચ્ચાર કરે છે, તેણે તપ કરી લીધું, તીર્થસ્નાન કરી લીધું અને વેદનું અધ્યયન પણ કરી લીધું. (શ્રીભાગવત તૃતીય સ્કંધ)

'વિવશ બનીને પણ જો કોઈ પ્રભુના નામનો ઉચ્ચાર કરે, તો તે સંસારથી મુક્ત થઈ જાય છે.'

'નારદપુરાણ'માં પણ કહ્યું કે, કલિયુગમાં કેવળ હરિના નામથી જ જીવનો ઉદ્ધાર થાય છે.'

અહીં બીજો પ્રશ્ન થાય કે શું પ્રભુપ્રાપ્તિ માટે કેવળ નામોચ્ચાર જ પૂરતો છે? તેનો જવાબ શ્રીપુરુષોત્તમજી 'નામવાદ' નામના ગ્રંથના આરંભમાં આપે છે. સ્વરૂપ જ્ઞાનપૂર્વક જો ભગવન્નામનો ઉચ્ચાર ભક્તિપૂર્વક કરવામાં આવે તો ભગવન્નામ મુખ્ય ફળ આપે છે, અન્યથા મુખ્ય ફળ આપતું નથી. જોકે, શબ્દ અને અર્થ પ્રભુના સ્વરૂપજ્ઞાનમાં જરૂરી છે; પરંતુ કેવળ શબ્દ અને તેના અર્થ આપણે પ્રભુને યથાર્થ રૂપે જાણી શકતા નથી. ભક્તિ વિના પ્રભુનું સ્વરૂપજ્ઞાન થવું સંભવ

નથી. ભગવાને સ્વયં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં આજ્ઞા કરી છે કે મારા ભક્તો જે મને જાણે છે; તેથી નક્કી છે કે શબ્દ અને અર્થ દ્વારા ભક્તિથી પ્રભુનું યથાર્થ જ્ઞાન સંભવિત છે, તે પછી જ ભક્તને લીલાપ્રવેશરૂપી મુખ્ય ફળ પ્રાપ્ત થાય છે. વ્યાવહારિક સ્થિતિમાં ભગવન્નામનો ઉચ્ચાર તે નામના અર્થ અને તેમાં રહેલા સ્વરૂપને જાણીને ભક્તિપૂર્વક કરવામાં આવે તો તે ફળપ્રદ છે; કારણ કે વિચારપૂર્વક ઉચ્ચારેલું નામ પ્રભુના તે સ્વરૂપ અને લીલાનો બોધ કરાવે છે અને મુખ્ય ફળ દેવામાં સમર્થ બને છે. તેનાથી વિપરીત રીતે વગર વિચાર્યે લીધેલું ભગવન્નામ ફળપ્રદ બનતું નથી; કારણ કે તેમાં ભક્તિનો અભાવ છે. પ્રભુ શ્રીગોવર્ધનધરણની લીલાને ન જાણનાર વ્યક્તિ 'શ્રીગોવર્ધનધારિણે નમઃ' એ નામનો ઉચ્ચાર કર્યા કરે, તો તે વ્યક્તિના હૃદયમાં પ્રભુની કઈ લીલા અથવા સ્વરૂપનું ભાવન થશે? એ સ્થિતિમાં ભગવદ્સંબંધના અભાવથી નામ લેનારને મુખ્ય ફળ નહીં મળે. વ્યાવહારિક અવસ્થામાં ભગવન્નામ વિચારપૂર્વક લેવાથી જ ફળપ્રદ બને છે.

આ હકીકત આપણે લૌકિકમાં પણ જોઈ શકીએ છીએ. માનો કે હરિદાસ નામની કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું. તે ઘણા દયાળુ અને પરોપકારી હતા. જે-જે વ્યકિત હરિદાસના સંપર્કમાં આવી, તેમના ઉપર હરિદાસે કંઈને કંઇ ઉપકાર કર્યો હતો. આવી વ્યક્તિ જ્યારે હરિદાસની વાત કરે છે અથવા તેમનું નામ લે છે ત્યારે તે વ્યકિતના હૃદયમાં અવશ્ય હરિદાસ પ્રત્યે શ્રદ્ધા અને કરૂણા પ્રગટે છે. તેનાથી વિરૂદ્ધ હરિદાસથી સર્વથા અપરિચિત વ્યકિત તેમનું નામ બોલે તો તે વ્યક્તિ માટે 'હરિદાસ' નામનું કોઈ મહત્ત્વ રહેતું નથી. હરિદાસનું કેવળ નામ બોલવાથી હરિદાસ વિષેનો કોઈ ભાવ હૃદયમાં પ્રગટ થતો નથી. હરિદાસના ગુણ જાણીને હરિદાસનું નામ બોલવાથી હરિદાસ પ્રત્યે ભાવ પ્રકટ થાય છે.

આ જ સિદ્ધાંતનું પ્રતિપાદન શ્રીરઘુનાથજી 'નામરત્નાખ્ય સ્તોત્રમ્'ના અંતિમ શ્લોકમાં કરે છે. ત્યાં તેઓ આજ્ઞા કરે છે કે શ્રીવિઠ્ઠલના શરણથી જ અને તેમના ચરણારવિંદના ધ્યાનથી તેમનાં નામનો પાઠ કરવાથી હરિપ્રાપ્તિ થાય છે. શ્રીદેવકીનંદનજી તેમની ટીકામાં આજ્ઞા કરે છે કે કેવળ નામોચ્ચાર માત્રથી કોઈપણ પ્રકારે હૃદયમાં ભાવ ઉત્પન્ન થતો નથી; કારણ કે ભગવદ્સંબંધ થશે નહીં અને તેથી મુખ્ય ફળની પ્રાપ્તિ પણ નહીં થાય.

સ્વ પ્રમેયબળથી તો પ્રભુ અધમાધમ વ્યક્તિનો ઉદ્ધાર કોઈપણ સાધન વિના કરી શકે છે, પરંતુ જેમ અનુગ્રહ ભગવદ્ધર્મ છે; તેમ દાસત્વ જીવનો ધર્મ છે. તેથી ભગવદ્સેવા જીવનું સહજ કર્તવ્ય છે; એટલે પ્રભુની પ્રપત્તિપૂર્વક તેમની લીલા અનુસાર તેમનું નામ લેવું જોઈએ, એ સિદ્ધાંત નિશ્ચિત થયો.

ભગવન્નામના માહાત્મ્યને પ્રગટ કરનાર એક પ્રસંગ છે. અજામિલના પ્રસંગથી પ્રેરિત થઈ કોઈ જો એમ વિચારે કે અજામિલની જેમ મારા અંત સમયે હું ભગવન્નામ લઈને મુક્ત થઈ જઈશ, મારે અન્ય કોઈ સાધન કરવાની જરૂર નથી; તો આ વિચાર યોગ્ય નથી. તે સત્ય છે કે અજામિલ; જેને પોતાના ઉદ્ધાર માટે કોઈ ચિંતા ન હતી અને ઈચ્છા પણ ન હતી. પુત્રના નિમિત્તે ભગવન્નામ લેવા માત્રથી વિષ્ણુદૂતોએ અજામિલને યમદૂતોના બંધનમાંથી મુક્ત કર્યા હતા, પરંતુ અહીં એક વિશેષ વાત સમજવા જેવી છે. આ પ્રસંગ ભગવન્નામનો મહિમા પ્રગટ કરવા માટે છે. અજામિલને આજીવન આત્માના ઉદ્ધારની ચિંતા થઈ ન હતી. તે તો યમદૂતોના બંધનમાંથી મુક્ત થયા પછી તેને ભગવદ્પ્રાપ્તિ થઈ. આ પ્રસંગ એમ શીખવે છે કે કેવળ શબ્દ સામ્યથી પણ પ્રભુનું નામ લેવાથી જે વ્યકિત પ્રભુનામથી વિમુખ છે, તેને પ્રભુનામની તરફ પ્રવૃત્ત થવામાં સહાયક બને છે, એવો શ્રીપુરુષોત્તમજીનો મત છે. નામોચ્ચારથી ભક્તના સર્વ પ્રતિબંધ દૂર થાય છે, તે તો સુનિશ્ચિત છે.

આચાર્ય સ્વરૂપમાં પરમ તત્વની સ્ફૂર્તિ થયા પછી પણ એવી ભાવનાવાળા ભક્તને તેમના નામનો ઉચ્ચાર કરવાથી આ સ્તોત્રમાં કહેલું ફળ મળે છે; તેમાં કોઈ આશ્ચર્ય નથી.

●

ભૂમિકા

સ્મરણ કરતાં દુષ્કૃત જાય જી

૧. ભગવન્નામનું સ્વરૂપ :

મંત્રદૃષ્ટા ઋષિમુનિઓએ સર્વ શાસ્ત્રોમાં ભગવદ્‌વાણી અને પોતાના દિવ્ય અનુભવો, આપણા જેવા સંસારી જીવો માટે રજૂ કર્યા છે.

'બૃહન્નારદીય પુરાણે' કહ્યું : ''પરમાત્મા શ્રીહરિના નામથી જ મારું જીવન છે. તે સિવાય આ કલિયુગમાં બીજી કોઈ જ ગતિ નથી.''

'પદ્મપુરાણે' કહ્યું : ''સર્વ ધર્મોથી વિમુખ થવા છતાં, જે ભક્તો કેવળ ભગવાનનાં નામોનું જ સ્મરણ કરે છે, તે ઉત્તમ ગતિને પામે છે.''

'હરિવંશે' કહ્યું : ''પાપોનો નાશ કરવાની જેટલી શક્તિ ભગવાનનાં નામોમાં રહેલી છે, તેટલી શક્તિ પાપ કરનાર પાપી પુરુષનાં પાપોમાં રહેલી નથી.''

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, કલિયુગમાં જીવ ભગવત્‌પ્રાપ્તિ માટે શાસ્ત્રોએ બતાવેલા માર્ગો કે સાધનો ન આચરી શકે તો, તેણે નિરાશ થવાની જરા ય જરૂર નથી. કલિયુગમાં ભવસાગર પાર કરવા માટે સૌથી વધુ અસરકારક ભગવન્નામ રૂપી નૌકા છે. આથી જ આપણે સૌ યથાસમય ભગવન્નામનું કીર્તન, શ્રવણ, સ્મરણ, ચિંતન, જપ, પાઠ કરીએ છીએ. પરંતુ નામ સંકીર્તન અને નામસ્મરણ એમના અર્થના અનુસંધાનપૂર્વક કરતા નથી. પરિણામે ભગવન્નામમાં બિરાજમાન ભગવત્‌સ્વરૂપનું ધ્યાન થતું નથી. તે ભગવત્‌સ્વરૂપ આપણા હૃદયમાં પ્રકટ થતું નથી.

શ્રીમહાપ્રભુજી 'શ્રીસુબોધિનીજી'માં સમજાવે છે : ભગવત્‌સ્વરૂપની જેમ ભગવન્નામ પણ સ્વરૂપાત્મક છે. ભગવાનના સ્વરૂપમાં બિરાજતા તેમના છ દિવ્ય ધર્મો નામમાં પણ બિરાજમાન છે. આથી અવતારકાલમાં ભગવાન પોતાના સ્વરૂપથી જીવોનો ઉદ્ધાર કરે છે, તેમ અનવતારકાલમાં ભગવાન પોતાના નામથી જીવોનો ઉદ્ધાર કરે છે. ભગવાનની જેમ રૂપલીલા છે, તેમ તેમની નામલીલા પણ છે. આથી આપણે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવીએ, તેને 'સ્વરૂપસેવા' કહીએ છીએ; તેમ શ્રીઠાકોરજીના નામનું સેવન-શ્રવણ, કીર્તન, સ્મરણ, લેખન - 'નામસેવા' છે. શ્રીઠાકોરજીનાં આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સ્વરૂપની જેમ, તેમનું નામ શબ્દ-ગ્રંથ-ઉચ્ચાર રૂપે આધિભૌતિક સ્વરૂપે છે. તે નામમાં રહેલું પ્રમેયબળ આધ્યાત્મિક સ્વરૂપ છે. તે નામમાં બિરાજતું સ્વરૂપ આધિદૈવિક સ્વરૂપ છે. આથી સેવા દ્વારા લૌકિક આસક્તિ છૂટી ભગવદાસક્તિ રૂપી નિરોધ થાય, તેમ નામ દ્વારા પણ લૌકિક આસક્તિ છૂટી, ભગવદાસક્તિ રૂપી નિરોધ થાય છે. આથી શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની'માં આજ્ઞા કરી : સેવા અને/અથવા કથા દ્વારા જેમની ભગવદાસક્તિ દૃઢ થાય છે, તેમનો ક્યારેય નાશ થતો નથી. શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ'માં આજ્ઞા કરી : ભગવદ્ ગુણગાન કરવાથી હૃદયમાં બિરાજમાન ભગવાન નજર સામે પ્રગટ થાય છે. આનું એક જ કારણ છે. ભગવન્નામ સ્વરૂપાત્મક છે, તેથી અર્થના અનુસંધાનપૂર્વક અને ધ્યાનપૂર્વક નામશ્રવણ, નામકીર્તન, નામસ્મરણ કરવાથી ભગવત્‌સ્વરૂપનો અનુભવ થાય છે.

મહર્ષિ નારદે 'નારદપાંચરાત્ર'માં ભક્તિનાં પ્રથમ સોપાન તરીકે ભગવાનના માહાત્મ્યજ્ઞાનની જરૂર બતાવી. ભક્તિની પ્રારંભિક સ્થિતિમાં ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું અનુસંધાન અતિ આવશ્યક છે. ભગવદીય ગોવિંદસ્વામીએ પણ આજ

સિદ્ધાંત એમના પદમાં દોહરાવ્યો : " 'ગોવિંદ' પ્રભુ બિના સ્નેહ, સુવા લૌં રસના કહા જુ નચૈયે?" શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં આજ્ઞા કરીઃ આ સ્તોત્રનો પાઠ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક પ્રતિદિન કરવો. પાઠ મોઢે થઈ જાય, પછી અર્થના અનુસંધાન સાથે તેનો મનમાં જપ કરવો.

૨. નામસંકીર્તન-મહિમા :

શ્રીમહાપ્રભુજી 'તત્ત્વાર્થદીપનિબંધ'માં આજ્ઞા કરે છે : જીવો ભગવાનને માત્ર નમન જ કરી શકે છે; તેથી વિશેષ કંઈ કરી શકતા નથી. આથી શ્રીમહાપ્રભુજી 'શ્રીસુબોધિનીજી'માં આજ્ઞા કરે છેઃ પ્રાણીમાત્રે પ્રપત્તિ (શરણાગતિ) જ કરવાની છે; કારણ કલિયુગમાં ભક્તિ વગેરે સર્વ માર્ગોની સાધના દુઃસાધ્ય છે.

શ્રીગુસાંઈજીએ 'વિજ્ઞપ્તિ'માં વિનંતી કરીઃ હે વ્રજપતિ! તમે તમારાં ચરણકમળોનું (શરણાગતિનું) દાન કરવા માટે જીવ પાસે કોઈ સાધનની અપેક્ષા રાખો, તો મને ખેદ થાય. જીવ કેટલો અને સાધન કરવાની તેની શક્તિ-કૃતિ પણ કેટલી? આથી તમે જ તમારા મુખકમળ રૂપી રસ વડે અમારાં નેત્રોને ઠારો.

શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં આજ્ઞા કરે છે : શ્રીહરિ કોઈપણ પ્રકારની સાધનસંપત્તિથી સંતુષ્ટ થતા નથી. શ્રીહરિને સંતુષ્ટ કરવા માટેનું ભક્તનું એકમાત્ર સાધન તેની દીનતા જ છે.

આથી કલિયુગમાં ભગવાનને દીનતાપૂર્વક દંડવત્ પ્રણામ કરતાં, તેમના દૃઢ આશ્રયથી જ, પ્રસન્ન કરી શકાય. દીનતા, દંડવત્ પ્રણામ અને દૃઢ આશ્રય જીવ માટે શક્ય છે. નથી તેમાં શરીરને શ્રમ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી સમય આપવો પડતો. આ ત્રણે બાબતો ભગવન્નામના સંકીર્તનથી સહજ રીતે પ્રાપ્ત થાય છે. ભગવન્નામ વડે સરળતાથી સંસાર તરી, શ્રીશ્યામસુંદરને પ્રાપ્ત કરી શકાય છે.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : "શ્રીઠાકોરજીનાં ચરણ-કમળનું સ્મરણ અને સેવા કદાપિ છોડવાં નહીં. સેવાના સમયમાં સેવા અને સેવાના અનવસરમાં સ્મરણ એ જ ભગવદીયોનું જીવનચક્ર છે. આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ ગાયના શીંગડા ઉપર રાઈનો દાણો ટકે, એટલીવાર પણ ભગવન્નામ લેવાનું જીવ ચૂકી જાય, તો તે ભગવાનથી બહિર્મુખ થાય છે. ભગવાનથી બહિર્મુખ થયેલાને સંસારનો કાલપ્રવાહ તેના ગર્ભમાં ગરકાવ કરી દે છે.

'શ્રીભાગવત'માં ગર્ગાચાર્યજી શ્રીકૃષ્ણબળદેવના નામકરણ સંસ્કાર કરતાં નંદરાયજીને કહે છેઃ તમારા બંને દીકરાઓના ગુણ અને કર્મોને અનુરૂપ તેમનાં ઘણાં નામ છે. તે હું જાણું છું, પણ મનુષ્યો જાણતા નથી.

એ શ્લોકનાં 'શ્રીસુબોધિનીજી'માં શ્રીમહાપ્રભુજી સમજાવે છેઃ ભગવાનનાં નામો અને રૂપો ઘણાં છે. જો ભગવાનનાં ઘણાં રૂપો ન હોય, તો ભગવાનનું તે કર્મ પૂરું થયા પછી તે કર્મને અનુરૂપ નામ પણ રહે નહીં. કોઈ માણસ રસોઈ કરવાનું છોડી દે, પછી તે રસોઈયો ન કહેવાય. દરેક રૂપને એક નામ જરૂરી છે. ગાયનું રૂપ સર્વદા છે, તો ગાયનું નામ પણ છે. ભલે નામ ગુણ કે કર્મને કારણે પડે, પણ નામ માટે રૂપ જરૂરી છે. શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજ ધારણ કર્યો, તેથી તેઓ શ્રીગિરિરાજધરણ કહેવાયા. આ લીલા ભૂતકાળમાં થઈ અને આજે નથી થતી તેવું ન સમજવું. ભગવાનની સર્વ લીલા નિત્ય છે, તેથી ભગવાનનાં સર્વ નામ અને રૂપ નિત્ય છે. ભક્તોનો સદૈવ આ અનુભવ છે.

ભગવાનના ગુણ, કર્મ અને રૂપની જેમ તેમનાં નામ પણ અલૌકિક છે. અર્થ વિચાર્યા વિના નામોનો ઉચ્ચાર કરવાથી તે નામ ફળ આપતાં નથી. તે નામ ઉચ્ચારનારના અંતઃકરણને પણ તે નામ શુદ્ધ કરતાં નથી. 'અગ્નિ' શબ્દનો ઉચ્ચાર કરવાથી ગરમીનો અનુભવ થતો નથી, તેમ ભગવત્સ્વરૂપ અને ભગવન્નામની અલૌકિતાને સમજ્યા વિના તેનો ઉચ્ચાર કરવાથી અવિદ્યાની નિવૃત્તિ થતી નથી. ભગવન્નામનો એક એક અક્ષર ભગવદ્રૂપ છે તેમ જાણીને જે ભક્તો શ્રદ્ધા અને સ્નેહથી તેનો ઉચ્ચાર કરે છે, તે ભગવાનને અને જગતને નમાવે છે.

લૌકિક લોકોની ઈન્દ્રિયોમાં લૌકિક વિષયરસના લૌકિક દોષો હોય છે - તેથી અલૌકિક ભગવાનનું દિવ્ય રૂપ તેમને લૌકિક લાગે છે. ભગવાનમાં સ્વરૂપાત્મક નામો પણ તેમને લૌકિક અક્ષરો જેવાં લાગે છે. આથી તે ફળતાં નથી. ભગવન્નામરૂપના જ્ઞાનપૂર્વક શુદ્ધ ભાવથી અને વિશુદ્ધ બુદ્ધિથી ઉચ્ચારેલાં ભગવન્નામ સર્વ પુરુષાર્થ રૂપી ફળ આપે છે. કોઈ પોતાના પુત્ર માટે ભગવાનનું નામ રાખે, પણ તે પુત્ર ભગવાનનું સ્વરૂપ ન હોવાથી, તે નામ તેને સર્વ પુરુષાર્થ રૂપી ફળ આપતું નથી. નામ સંબંધી રૂપનું જ્ઞાન મેળવી, નામનો ઉચ્ચાર કરવાથી આપણું ચિત્ત અધિક

શુદ્ધ થાય છે. વારંવાર તે નામ રટવાથી, તે નામ પોતાના આધિદૈવિક સ્વરૂપ સહિત આપણા હૃદયમાં ફલદાન કરે છે.

શ્રીપુરુષોત્તમજી 'નામવાદ' ગ્રંથમાં આજ્ઞા કરે છે : ભગવાનનાં નામો યોગ્ય રીતે જાણ્યાં હોય તો જ ફળ આપે છે, અન્યથા ફળ આપતાં નથી. આથી 'શ્રીકૃષ્ણ'નો ઉચ્ચાર ભક્તિથી કરવો. તેમનું જેવું સ્વરૂપ છે, તેવું સ્મરણ કરવાથી, તેઓ પ્રસન્ન થઈ દર્શન આપે, આથી ગોપીજનોએ વિરહ દશામાં ભગવાનનું સ્મરણ વિરહભાવથી કરતાં, તેમનાં નામોનું કીર્તન કર્યું, જે તેમને રસરૂપ ફલાત્મક થયું. ગોપીજનોના ભાવોને અનુસરતા પુષ્ટિમાર્ગીય મહાનુભાવોએ કરેલાં નામસંકીર્તન પણ રસરૂપ અને ફલાત્મક છે.

૩. ભગવાન્નામ મંત્રાત્મક છે :

ઋષિઓ, આચાર્યો વગેરેને સમાધિમાં યા પ્રત્યક્ષ ભગવદ્ અનુભવ થયા. તે સાથે તેમને હૃદયમાં ભગવન્નામ સ્ફૂરિત થયું. દા.ત. વેદવ્યાસજીને સમાધિમાં શ્રીભાગવતજીનાં દર્શન થયાં અને તે સ્ફૂરિત થયું. શ્રીમહાપ્રભુજીને પવિત્રા એકાદશીની મધ્યરાત્રિએ સાક્ષાત્ ભગવદ્દર્શન થયાં અને ભગવાને બ્રહ્મસંબંધનો મંત્ર આપ્યો. આમ, સ્ફૂરિત થયેલાં ભગવન્નામો મંત્રાત્મક છે. મંત્રાત્મક હોવાથી તેમનો જપ કરવામાં આવે છે. જપનું ફળ મળે છે.

શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ ભગવન્મુખારવિંદ સ્વરૂપ છે, તેથી તેમની વાણી વેદવાણી તુલ્ય મંત્રાત્મક ફલરૂપા છે. શ્રીમહાપ્રભુજીએ સ્વયં ''શ્રીયમુનાષ્ટક'', ''શ્રીકૃષ્ણાશ્રય'', ''શ્રીપુરુષોત્તમનામ સહસ્ર'', ''ત્રિવિધ નામાવલી'' વગેરેના અંતે તેમના પાઠથી મળનારાં ફળો બતાવી, તેમના પાઠ કરવાની આજ્ઞા કરી છે. આ સર્વ સ્તોત્રો મંત્રાત્મક છે.

શ્રીગુસાંઈજી સાક્ષાત્ શ્રીનાથજીનું જ સ્વરૂપ છે, તેથી તેમની વાણી પણ મંત્રાત્મક છે. એટલે તેમણે રચેલ ''શ્રીસર્વોત્તમ સ્તોત્ર''માંનાં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામો મંત્રાત્મક છે. માટે શ્રીગુસાંઈજી આ સ્તોત્રનો નિત્ય જપ-પાઠ કરવાની આજ્ઞા કરે છે.

શ્રીમહાપ્રભુજીના વંશરૂપે શ્રીમહાપ્રભુજી જ બિરાજમાન છે. તેથી શ્રીવલ્લભવંશજોની વાણી પણ મંત્રાત્મક છે. એમણે રચેલાં સ્તોત્રો મંત્રાત્મક છે.

જે મંત્રનું ગુરુ દ્વારા દાન થયું હોય, તે મંત્ર નિત્ય નિયમથી જપવો જોઈએ. શ્રીમહાપ્રભુજી અને તેમના વંશજો આપણા ગુરુ છે. ગુરુપ્રસાદીરૂપ આ સ્તોત્રોનું આપણને દાન મળેલું હોવાથી, ઘણા વૈષ્ણવો તેમના નિત્ય ક્રમમાં આ સ્તોત્રોનો આદર અને આગ્રહપૂર્વક પાઠ કરે છે અથવા અનુષ્ઠાન કરે છે.

અજામિલે અંતકાળે ઉચ્ચારેલ પુત્રનામ 'નારાયણ'ને ભગવાને પોતાના મંત્રરૂપ માની લઈ, અજામિલનો ઉદ્ધાર કર્યો. નારદજીએ વાલિયા લૂંટારાને આપેલ 'રામ' મંત્રનો અવળો જપ કરવા છતાં, તેઓ વાલ્મિકી મહર્ષિ બન્યા અને રામચરિત તેમના હૃદયમાં અનુભવી, 'રામાયણ' રૂપે ગાયું.

૪. ભગવન્નામ યજ્ઞાત્મક છે :

ભગવાન શ્રીકૃષ્ણે 'શ્રીમદ્ભગવદ્ગીતા'માં આજ્ઞા કરીઃ યજ્ઞોમાં હું જપયજ્ઞ છું.

ભગવન્નામનું રટણ-જપ યજ્ઞાત્મક છે. યજ્ઞમાં મંત્રોચ્ચાર સાથે આહુતિઓ અપાય છે. અગ્નિ ભગવન્મુખ છે. તેથી યજ્ઞને ભગવદ્રૂપ કહ્યો છે. યજ્ઞ અનેક પ્રકારના છે. વૈદિક અને સ્માર્ત યજ્ઞો ઉપરાંત જ્ઞાનયજ્ઞ, દાનયજ્ઞ વગેરે પણ છે. સર્વમાં શ્રેષ્ઠ યજ્ઞ જપયજ્ઞ કહેવાયો.

જપયજ્ઞમાં ભગવન્નામાત્મક મંત્રના જપ દ્વારા, અગ્નિસ્વરૂપ ભગવાનને ભક્ત પોતાના ભગવદ્ભાવની આહુતિઓ અંગીકાર કરાવે છે.

ભગવાને નારદજીને આજ્ઞા કરીઃ નારદ, હું વ્રત, તપ, યજ્ઞ વગેરેથી મળતો નથી. મારા ભક્તો જ્યાં મારાં ગુણગાન ગાય છે, ત્યાં હું વસું છું.

આથી, શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન'માં આજ્ઞા કરીઃ સદા, સતત, સર્વાત્મભાવથી શ્રીઅષ્ટાક્ષરમંત્ર જપતા રહો.

શ્રીગુસાંઈજીની આજ્ઞાથી એક વૈષ્ણવે દંડવતી શિલા સામે બેસી, છ મહિના સતત શ્રીઅષ્ટાક્ષરમંત્ર અને પછી બીજા છ મહિના સતત શ્રીપંચાક્ષરમંત્ર જપતાં, તેમને ભગવલ્લીલાનાં સાક્ષાત્ દર્શન થવા લાગ્યાં.

શ્રીગુસાંઈજીના મધુસૂદનદાસ નામના સેવકે કામવનમાં શ્રીકુંડ પરનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી સન્મુખ સતત છ મહિના 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર' જપ્યા. ફળ સ્વરૂપ તેમને સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીએ દર્શન આપ્યાં.

ભગવન્નામનું આવું અલૌકિક સ્વરૂપ અને સામર્થ્ય છે.

૫. પુષ્ટિમાર્ગમાં નામસ્તોત્રો :

શ્રીમદ્ ભાગવતના સાર રૂપે શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજી-નાં રૂપ, ગુણ અને લીલાવિષયક ૧૦૦૦ નામ તથા અન્ય પુરાણોના સાર રૂપ ૭૭ નામોનું દોહન કરીને ‘‘શ્રીપુરુષોત્તમ-નામ સહસ્ર’’ ગ્રંથ રચ્યો. તેમણે દશમ સ્કંધના સાર રૂપે ‘‘ત્રિવિધનામાવલી’’ ગ્રંથ પણ રચ્યો. તેમાં શ્રીઠાકોરજીની બાલલીલાનાં ૧૦૯ નામ, પ્રૌઢલીલાનાં ૧૨૯ નામ અને રાજલીલાનાં ૧૧૯ નામ છે.

શ્રીમહાપ્રભુજીને વ્રજમાં આન્યોરના ગોવિંદકુંડ પાસેની શ્રીગિરિરાજજીની શિલા પર શ્રીસ્વામિનીજીએ તેમના હસ્તાક્ષરમાં લખેલો ‘‘શ્રીકૃષ્ણપ્રેમામૃત’’ ગ્રંથ પ્રાપ્ત થયો. તેમાં શ્રીસ્વામિનીજીએ ઉત્કટ વિરહતાપથી ઉચ્ચારેલ શ્રીઠાકોરજીનાં ૧૧૪ નામો છે.

શ્રીમહાપ્રભુજીની આસુરવ્યામોહલીલા બાદ, તેમના વિપ્રયોગમાં શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનો અલૌકિક અનુભવ કરીને રચેલા ‘‘શ્રીસર્વોત્તમ સ્તોત્ર’’માં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ છે.

શ્રીહરિરાયજીએ શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ ‘‘શ્રીવલ્લભાષ્ટોત્તરશતનામાનિ’’ સ્તોત્રમાં આપ્યાં છે.

શ્રીગોકુલોત્સવજીએ ‘‘શ્રીવલ્લભનામાનિ’’માં શ્રીમહાપ્રભુજીનાં ૩૩૨ નામો પ્રકટ કર્યાં છે.

શ્રીગુસાંઈજીના પંચમ કુમાર શ્રીરઘુનાથજીએ ‘‘શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર’’માં શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામ પ્રકટ કર્યાં છે. તેમણે ‘‘શ્રીનામકૌસ્તુભ સ્તોત્ર’’માં શ્રીગુસાંઈજીનાં અન્ય નામ રચ્યાં છે.

શ્રીહરિરાયજીએ શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામો ‘‘વિઠ્ઠલેશાષ્ટોત્તરશતનામાનિ’’માં પ્રકટ કર્યાં છે.

શ્રીહરિરાયજીના નાના ભાઈ શ્રીગોપેશ્વરજી કૃત ‘‘શ્રીવિઠ્ઠલેશ્વરનામાષ્ટોત્તરશત સ્તોત્ર’’ પણ પ્રાપ્ત છે.

શ્રીદ્વારકેશજીકૃત ‘‘શ્રીગિરિધરાષ્ટોત્તરશત’, ‘શ્રીગિરિરાજ નામાવલિ’, અને ‘‘શ્રીનવનીતપ્રિયાષ્ટોત્તરશત’ પણ પ્રસિદ્ધ છે.

શ્રીગુસાંઈજીના તૃતીય કુમાર શ્રીબાલકૃષ્ણજીનાં ૧૦૮ નામોનું સ્તોત્ર પણ પ્રાપ્ત છે.

શ્રીહરિરાયજી કૃત ‘‘શ્રીગોકુલેશાષ્ટોત્તરશતનામાનિ’’ પણ પ્રસિદ્ધ છે.

આ સર્વ દિવ્ય નામોનો સંગ્રહ ‘‘નામાવલિ’’ ગ્રંથ રૂપે વર્ષો પહેલાં શ્રીપુરુષોત્તમદાસ સુગંધી નામના વિદ્વાન વૈષ્ણવે છપાવી પ્રસિદ્ધ કર્યો હતો.

શ્રીમહાપ્રભુજી ‘‘શ્રીસુબોધિનીજી’’માં આજ્ઞા કરે છે: રસને જાણીને તેનું પાન કરવાથી વિશેષ આનંદ આવે છે.

‘‘શ્રીસર્વોત્તમ સ્તોત્ર’’ પર અગિયાર જેટલી ટીકાઓ છે. તે સ્તોત્ર અતિ પ્રસિદ્ધ છે. ‘‘શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર’’ પર શ્રીદેવકીનંદનજી કૃત ‘‘વિવરણ’’ નામની એક જ ટીકા છે. તે સ્તોત્ર અતિ પ્રસિદ્ધ નથી.

૬. ‘‘શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર’’ના ગ્રંથનાયક :



શ્રીગુસાંઈજી

આ સ્તોત્રમાં શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામ છે, તેથી શ્રીગુસાંઈજી આ સ્તોત્રના ગ્રંથનાયક છે.

તેઓ શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર છે. તેમનું મૂળ નામ શ્રીવિઠ્ઠલનાથજી છે. વૈષ્ણવો તેમને ‘‘શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ’’ અથવા ‘‘શ્રીપ્રભુચરણ’’ના નામે પણ જાણે છે. સંસ્કૃતમાં

‘‘ચરણ’’ શબ્દ આદરસૂચક અર્થમાં પણ વપરાય છે. મોગલ બાદશાહ અકબરે તેમની ગૌસેવાને બિરદાવતાં તેમને ‘‘ગોસ્વામી’’ની પદવી અર્પણ કરી હતી. ‘ગોસ્વામી’નો અપભ્રંશ ‘ગોસાંઈ’ અથવા ‘ગુસાંઈ’ થયો. તેથી તેઓ ‘શ્રીગોસાંઈજી’ અથવા ‘શ્રીગુસાંઈજી’ના નામથી પણ પ્રસિદ્ધ છે.

‘‘કમળલોચન કરુણાભર્યા, શ્રીવિઠ્ઠલ સુખરાશ રે રસના; દીઠડે તાપ ત્રિવિધ ટળે, સ્મરણમાત્ર અઘનાશ રે રસના.’’

શ્રીમહાપ્રભુજીને પંઢરપુરમાં શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીનાથજીએ લગ્ન કરવાની આજ્ઞા કરી. તેનો હેતુ જણાવ્યો-

‘‘અમને તો ઈચ્છા એક છે જે, હું નંદન તમે તાત.’’

એ મુજબ વિ.સં. ૧૫૭૨ (ઈ.સ.૧૫૧૫)ના માગસર વદ નોમના દિવસે, મધ્યાહ્ન સમયે, કાશીથી થોડે દૂર આવેલા ચરણાદ્રિ પર્વતની તળેટીમાં ચરણાટ (ચુનાર) નામના રમણીય સ્થળે શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું. તે જ સમયે એક બ્રાહ્મણે ત્યાં શ્રીવિઠ્ઠલનાથજી ઠાકોરજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને આપ્યું. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ ‘‘પ્રભુ આજે બે સ્વરૂપે અમારે ત્યાં પધાર્યા છે. સેવક બની પુત્રસ્વરૂપે અને સેવ્ય બની ભગવત્સ્વરૂપે. તેથી આ પુત્રનું નામ ‘‘વિઠ્ઠલ.’’ ’’

વિઠ્ઠલ = વિદ્ + ઠ + લ = અજ્ઞાનીને જ્ઞાન રૂપી પ્રકાશ આપનાર.

તેઓ અડેલમાં શ્રીમહાપ્રભુજીની છત્રછાયામાં વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. આઠ વર્ષના થતાં તો, પિતાશ્રી પાસેથી ચાર વેદ, જ્યોતિષ શાસ્ત્ર અને સંજીવની વિદ્યા શીખી ગયા. પછી વિશેષ અભ્યાસ કરવા કાશીમાં શ્રીમાધવ સરસ્વતી નામના વિદ્યાગુરુના આશ્રમે ગયા. ત્યાં સર્વ શાસ્ત્રોનો અભ્યાસ બે વર્ષમાં જ કરી લીધો.

તેઓ બાળપણથી જ સંસ્કૃત ભાષામાં સુંદર કાવ્યો રચતા તેમણે ‘શ્રીમદ્ ભગવદ્ગીતા’ પર ચાર ટીકાગ્રંથો લખ્યાઃ (૧) ગીતાના પ્રથમ અધ્યાયની ટીકા (૨) ગીતા તાત્પર્ય (૩) ગીતાહેતુ (૪) ન્યાસાદેશવૃત્તિ. તે ઉપરાંત તેમણે નાનામોટા પચાસેક ગ્રંથો રચ્યા છે. તેમાં મુખ્ય ‘‘અણુભાષ્ય’’ના અંતિમ દોઢ અધ્યાય, ‘‘શ્રીસુબોધિનીજી’’ પરની ટીકા ‘‘શ્રીટિપ્પણીજી’’, ‘‘ગાયત્રીકારિકા’’, ‘‘વિદ્વન્મંડન’’, ‘‘ભક્તિહંસ’’, ‘‘ભક્તિહેતુનિર્ણય’’, ‘‘શૃંગારરસમંડન’’, ‘‘અષ્ટાક્ષર નિરૂપણ’’ વગેરે છે. તેમણે ‘‘શ્રીસર્વોત્તમ સ્તોત્ર’’, ‘‘શ્રીવલ્લભાષ્ટક’’, ‘‘શ્રીસપ્તશ્લોકી’’, ‘‘સૌંદર્યપદ્ય’’ વગેરે અનેક સ્તોત્રોની રચનાઓ પણ કરી છે. તેમના ગ્રંથોમાં તેમની પાંડિત્યપૂર્ણ ઓજસ્વી શૈલી અને રસાત્મક, તાત્ત્વિક દૃષ્ટિનાં દર્શન થાય છે.

તેમના મોટા ભાઈ શ્રીગોપીનાથજીના લીલાપ્રવેશ બાદ તેઓ પુષ્ટિમાર્ગના આચાર્ય બન્યા. તેમણે ભારતની અને તેમાં વિશેષ રૂપે ગુજરાતની યાત્રા છ વખત કરી હતી. તેમણે સ્ત્રીશૂદ્રો સહિત શરણોત્સુક અનેક જીવોને વૈષ્ણવ કર્યા હતા. તેમના પ્રભાવથી ગુજરાતની અનેક વણિક જ્ઞાતિઓ જૈનધર્મ છોડી વૈષ્ણવ બની હતી. તેમના સેવકોમાં રાયથી માંડી રંક, જ્ઞાનીથી માંડી અજ્ઞાની, બ્રાહ્મણથી માંડી શૂદ્ર, અને મુસલમાન, પઠાણ, હરિજન, ચોર, લૂંટારા, પારધી, માછીમાર, વેશ્યા જેવા પતિતો પણ હતા. તેમણે મનુષ્યો ઉપરાંત કબૂતર અને હંસ જેવાં પક્ષીઓને પણ શરણે લીધા હતા. રોજ બે જીવોને શરણે લીધા પછી જ ભોજન કરવાનો તેમનો નિયમ હતો. તેમના ૨૫૨ વૈષ્ણવોની વાતો અને ૨૮ બેઠકોનાં ચરિત્ર પ્રસિદ્ધ છે.

તેમણે શ્રીનાથજીના સુખ માટે શ્રીનાથજીની સેવા કરતા બંગાળી ગૌડીયોને દૂર કરી, સાચોરા બ્રાહ્મણ વૈષ્ણવોને શ્રીનાથજીની સેવા સોંપી. શ્રીનાથજીની સેવાની પ્રણાલિકા સ્થાપી. સેવામાં રાગ, ભોગ, શૃંગારનો સુભગ વિનિયોગ કર્યો. કીર્તન માટે ‘અષ્ટાછાપ મંડળ’ની રચના કરી. નિત્યનો અને ઉત્સવોનો સેવાપ્રકાર સુવ્યવસ્થિત કર્યો. શ્રીનાથજીના મંદિરોનો વહીવટ સુવ્યવસ્થિત કર્યો. શ્રીનાથજીનો વૈભવ ઘણો વધાર્યો. સ્વખર્ચે છપ્પનભોગ, ખટઋતુ આદિના વિશિષ્ટ મનોરથો શ્રીનાથજીને અંગીકાર કરાવ્યા. સવારે શૃંગાર સુધીની શ્રીનવનીતપ્રિયજીની સેવા ગોકુળમાં પહોંચી, અશ્વારૂઢ થઈ શ્રીગિરિરાજ પધારી શ્રીનાથજીની રાજભોગથી સંધ્યાર્તિ સુધીની સેવા પહોંચી, સાંજે ગોકુળ પધારી શ્રીનવનીતપ્રિયજીની શયનની સેવા પહોંચતા.

અડેલ પર મુસલમાનોના આક્રમણનો ભય ઊભો થવાથી, કાયમ માટે અડેલ છોડી, ગોકુળ પધાર્યા. ગોકુળ ગામ ફરી વસાવ્યું. શ્રીગિરિરાજજીની તળેટીમાં ગોપાલપુરા ગામ વસાવ્યું, જે આજે જતિપુરાના નામે ઓળખાય છે. મધ્યપ્રદેશના ગઢાનાં

રાણી દુર્ગાવતીએ મથુરામાં બંધાવેલા 'સતઘરા'માં પણ તેઓ થોડો સમય બિરાજ્યા હતા.

વૃંદાવનના અન્ય વૈષ્ણવ સંપ્રદાયો સાથે તેઓ ખૂબ સારો સંબંધ રાખતા. સૌનું માનસન્માન પામતા. તેમણે વિકસાવેલ સેવાપદ્ધતિની પ્રબળ અસર અન્ય સંપ્રદાયોએ પણ સુપેરે ઝીલી છે.

મોગલ બાદશાહ અકબરે તેમને રાજપોશાકથી નવાજ્યા હતા. ન્યાયાસન સોંપ્યું હતું. અનેક હુકમો કરી ઘણી જમીન ભેટ કરી હતી. તેમને કરમુક્તિ આપી હતી. અકબરના દરબારનાં નવ રત્નો પૈકી બિરબલ, ટોડરમલ, તાનસેન, માનસિંહ શ્રીગુસાંઈજીના સેવકો હતા.

તેમનું પ્રથમ લગ્ન શ્રીરુક્મિણીજી સાથે થયું હતું. તેમનાથી તેમને છ પુત્રો - શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી અને શ્રીયદુનાથજી - તથા ચાર પુત્રીઓ - શોભા, કમલા, યમુના, દેવકા થયાં હતાં. શ્રીરુક્મિણીજીના લીલાપ્રવેશ પછી, રાણી દુર્ગાવતી અને પરિવારના અતિ આગ્રહથી, તેમનું બીજું લગ્ન શ્રીપદ્માવતીજી સાથે થયું. તેમનાથી તેમને એક પુત્ર શ્રીઘનશ્યામજી થયા. તેમનો ગૃહસ્થાશ્રમ સાત્ત્વિક, સેવાપરાયણ અને સુખી હતો.

તેમના સેવકોનું જીવનપરિવર્તન કરી, તેમણે બહુ મોટી સામાજિક ક્રાંતિ કરી હતી. ચોર ચોરી મૂકી, ખેતી કરવા લાગ્યા. અફીણિયાઓને અફીણ છોડાવ્યું. કન્યાવિક્રય બંધ કરાવ્યો. અછૂતોદ્ધાર કરી, નાતજાતના ભેદ મીટાવ્યા. હિંદુમુસ્લીમ એકતા કરી. અંધશ્રદ્ધા, વહેમ દૂર કર્યા. સાચી પ્રામાણિક મહેનતનો પૈસો કમાવા, પરસ્ત્રીથી દૂર રહેવા, દુષ્ટ સંગ અને દુષ્ટ અન્નથી બચવા, જીવહિંસા ન કરવા અને ગૌસેવા કરવા સૌને તત્પર કર્યા. આ બધું તેમણે પોતે આચરી બતાવ્યું. સમાજજીવનમાંથી ભય, ગ્લાનિ દૂર કરી સૌને નીડર અને પ્રસન્ન-મધુર જીવન બક્ષ્યું.

વિ. સં. ૧૬૪૨ (ઈ.સ. ૧૫૮૫)માં સીત્તેર વર્ષની વયે, પોતાના સમગ્ર પરિવારને શ્રીનાથજીને સોંપી, મહા વદ સાતમના રોજ શયન આરતી બાદ, ગોવિંદ સ્વામીને સાથે લઈ, સદેહે શ્રીગિરિરાજજીની કંદરાના માર્ગે નિત્યલીલામાં પધારી ગયા.

૭. શ્રીગુસાંઈજીનું ભાવાત્મક સ્વરૂપ :

શ્રીમહાપ્રભુજી પાસે દ્વિતીય ભારતયાત્રા દરમ્યાન પંઢરપુરમાં શ્રીનાથજીએ શ્રીવિઠ્ઠલનાથજીની હાજરીમાં લગ્ન કરવાનું વચન માગ્યું:

“વચન નિશ્ચે શ્રીનાથે માગ્યું, કરી શ્રીવલ્લભજી શું વાત;
અમને તો ઈચ્છા એક છે જે, હું નંદન તમે તાત.”

તેથી શ્રીમહાપ્રભુજીએ શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન કર્યાં.

વ્રજ પરિક્રમા દરમ્યાન વૃંદાવનમાં શ્રીમહાપ્રભુજીને દિવ્ય અનુભવ થયો :

“રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રીગોવિંદ;
તે પુત્રભાવે પ્રગટશે, મન આપશે આનંદ.”

શ્રીગુસાંઈજીના પ્રાકટ્યપૂર્વે શ્રીમહાલક્ષ્મીજીને શ્રીનવનીતપ્રિયજીના મુખ પર વારંવાર લજ્જાનાં દર્શન થતાં. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: “તેઓ તમારા પુત્રરૂપે પ્રકટ થવાના છે.”

આમ, શ્રીગુસાંઈજી સાક્ષાત્ શ્રીનંદનંદનનું જ પ્રાગટ્ય છે. આ અનુભવ અનેક ભક્તોએ કર્યો છે અને ગાયો છે:

માણેકચંદજી ગાય છે-

“બહોરિ કૃષ્ણ શ્રીગોકુલ પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલિયુગ જીવ ઉદ્ધારે ॥
તબ વસુદેવગૃહ પ્રગટ હોય કે કંસાદિક રિપુ મારે ।
અબ શ્રીવલ્લભ ગૃહ પ્રગટ હોય કે માયાવાદ નિવારે ॥”

છીતસ્વામીજી ગાય છે-

“જે વસુદેવ કિયે પુરન તપ,
સો ફલ ફલિત શ્રીવલ્લભ દેહ ।
જે ગોપાલ હુતે ગોકુલમેં,
તે અબ આન બસે નિજ ગેહ ॥”

બીજા એક ભક્તકવિ ગાય છે-

“શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ, ગિરિધર તીન્યોં એક સહી ।
નવ પ્રકાર આધાર નારાયણ ઘોખલોક નિબહી ॥”

શાસ્ત્રોમાંથી પણ નીચેનાં જેવાં પ્રમાણો મળે છે.

''અગ્નિપુરાણ'ના ભવિષ્યોત્તર ખંડમાં ભગવાન સ્વયં આજ્ઞા કરે છે : ભવિષ્યમાં હું ભૂતળ ઉપર બ્રાહ્મણોના આચારોનું પાલન કરનાર અગ્નિ સ્વરૂપ 'વલ્લભ' નામે પ્રગટ થઈશ અને તેમને ત્યાં જ પુરુષોત્તમ સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથ પ્રગટ થશે.

'સનત્કુમાર સંહિતા'માં કહ્યું : કરુણારસના ભાવને જાણવામાં કુશળ, વિવિધ લીલા કરવા તત્પર, સદાનંદ એવા શ્રીયશોદાનંદન પોતે દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે બ્રાહ્મણરૂપે પ્રગટ થશે અને 'વિઠ્ઠલેશ'ના અદ્ભુત નામથી ઓળખાશે.

'ગૌરીતંત્ર'માં શ્રીમહાદેવજી પાર્વતીજીને કહે છે : કાશી પાસે શ્રીગોવર્ધનનો નાનો ભાઈ ચરણાદ્રિ પર્વત આવેલો છે. તેના ગૂઢ પ્રદેશમાં પક્ષીઓથી વ્યાપ્ત ગુપ્ત વૃંદાવન છે. ત્યાં કલિયુગમાં માગશર વદ નોમના દિવસે શ્રીકૃષ્ણ પોતે બ્રાહ્મણ-ઘરમાં અવતાર ધારણ કરશે અને 'વિઠ્ઠલ' નામથી જગવિખ્યાત થશે.

'બ્રહ્મયામલ' ગ્રંથમાં કહ્યું: ભવિષ્યમાં માગશર વદ નોમના દિવસે બ્રાહ્મણને ત્યાં દૈવી જીવોના ઉદ્ધાર માટે શ્રીહરિ ભગવાનનો અવતાર થશે. શ્રીકૃષ્ણ પોતે જ મહાપંડિત બ્રાહ્મણના ઘરમાં પુત્ર રૂપે અવતાર ધારણ કરશે.

'અગ્નિસંહિતા'માં કહ્યું : ''કલિયુગના પ્રથમ ભાગમાં માગશર વદ નવમીના દિવસે ગુપ્ત રીતે શ્રીકૃષ્ણ અવતાર ધારણ કરશે. તેઓ દૈવી જીવોના ઉદ્ધાર માટે મહાપંડિત સ્વરૂપે પ્રકટ થશે. ખરેખર, શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં શ્રીગિરિરાજ ધારણ કરનાર ભગવાન જ પ્રગટ થશે.

''બ્રહ્માંડપુરાણ''માં કહ્યું : ભગવાન કહે છે કે હે બ્રહ્મા! સાંભળો. કલિયુગમાં મારા ચાર અવતાર થશે. (૧) કૃષ્ણ (૨) બુદ્ધ (૩) વિઠ્ઠલેશ અને (૪) મ્લેચ્છોનો નાશ કરનાર કલ્કિ. તેમાં પૂર્ણ અવતાર શ્રીકૃષ્ણ, અંશાવતાર બુદ્ધ અને પરમાનંદ અવતાર શ્રીવિઠ્ઠલેશ હશે.

જેમ શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજીના સ્વરૂપ ઉપરાંત શ્રીરાધાજીનું ભાવાત્મક સ્વરૂપ પણ છે, તેમ શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજીના સ્વરૂપ ઉપરાંત શ્રીચંદ્રાવલીજીનું પણ ભાવાત્મક સ્વરૂપ છે. 'ગર્ગસંહિતા' મુજબ શ્રીઠાકોરજીના શ્રીઅંગમાંથી શ્રીરાધાજી અને શ્રીચંદ્રાવલીજી પ્રગટ થયાં. આ સ્વામિની સ્વરૂપો પણ પરબ્રહ્માત્મક જ છે. શ્રીચંદ્રાવલીજી રાજસભાવ પ્રધાન ગોપીજનોનાં સ્વામિની છે. સંયોગ શૃંગારરસની તેમનામાં પ્રધાનતા છે.

૮. શ્રીગુસાંઈજીનું સ્વરૂપધ્યાન :

શ્રીગુસાંઈજીના પંચમ કુમાર શ્રીરઘુનાથજીને એવો નિયમ હતો કે દરરોજ સવારે જાગીને, મીંચેલી આંખે, શ્રીગુસાંઈજી પાસે જઈ, તેમનાં દર્શન કરવા આંખ ખોલવી. એક દિવસ શ્રીરઘુનાથજી જાગ્યા ત્યારે, તેમને દોરીને શ્રીગુસાંઈજી પાસે લઈ જવા, તેમનો ખવાસ હાજર ન હતો. શ્રીરઘુનાથજી બંધ આંખે એકલા ગયા. રસ્તામાં એક થાંભલો તેમના કપાળ પર વાગ્યો. કપાળ સૂઝી ગયું. શ્રીગુસાંઈજીએ તે જોયું. તેમણે તે જ દિવસે સાંજે એક ચિત્રકારને બોલાવી પોતાનું ચિત્ર દોરવા આજ્ઞા કરી.

ચિત્રકારે સામે બેસી ચિત્ર બનાવ્યું. શ્રીગુસાંઈજી મેઘશ્યામ વર્ણના હોવા છતાં, ચિત્રમાં તેમનું સ્વરૂપ ગૌર આલેખાયું હતું. બીજી વાર ચિત્ર દોરાવ્યું. તો પણ એવું જ ચિત્ર બન્યું. ત્રીજી વાર પણ એવું જ ચિત્ર બન્યું. ત્યારે તેમણે ભગવદિચ્છા માની, શેષ જીવન ગૌર વર્ણ અંગીકાર કર્યો - શ્રીચંદ્રાવલીજીના ભાવથી.

આ ચિત્ર શ્રીગુસાંઈજીએ શ્રીરઘુનાથજીને સવારે ઊઠી નિત્ય દર્શન માટે પધરાવી આપ્યું. તેને અનુરૂપ શ્રીગુસાંઈજીના સ્વરૂપધ્યાનનો નીચેનો શ્લોક પ્રસિદ્ધ છે.

સાયં કુંજાલયસ્થાસનમુપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં
રાજદ્યજ્ઞોપવીતં પરિતનુવસનં ગૌરમ્ભોજવક્ત્રમ્ ।
પ્રાણાનાયમ્ય નાસાપુટનિહિતકરં કર્ણરાજદ્વિમુક્તં
વંદેઽર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિઠ્ઠલેશં સુકેશમ્ ॥

ભાવાર્થ :

શ્રીઠકુરાણીઘાટ પરની નિકુંજ છે. સાંજનો સમય છે. શ્રીવિઠ્ઠલેશજી સાયં સંધ્યા કરવા આસન પર બિરાજ્યા છે. તેમની આગળ સંધ્યાવંદન માટેનાં ઉજ્જવળ સુવર્ણપાત્રો છે. તેમના ગૌર શ્રીઅંગ પર આછા ઉપરણાની નીચે યજ્ઞોપવીત શોભે છે. કર્ણમાં મોતીનાં કર્ણફૂલ છે. લલાટમાં કસ્તુરીનું તિલક છે. મસ્તકે સુંદર કેશરાશિ છે. શ્રીહસ્તની આંગળીઓ નાસિકા

પર દબાવી, અર્ધબીડેલ નેત્રે પ્રાણાયામ કરે છે. આવા શ્રીવિઠ્ઠલેશજીને હું વંદન કરું છું.

આ સમયે તેમનું વય સત્તાવન વર્ષનું હતું.

આ શ્લોકથી તેમનું સ્વરૂપધ્યાન કરી, ''શ્રીનામરત્નાખ્ય સ્તોત્રનો પાઠ કરવો.

૯. સ્તોત્રકારનો પરિચય :



શ્રીરઘુનાથજી

'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર'ના રચયિતા શ્રીગુસાંઈજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી છે.

તેમનું પ્રાકટ્ય અલ્હાબાદ નજીક શ્રીયમુનાજીના કિનારે આવેલા અડેલ ગામે વિ.સં. ૧૬૧૧ (ઈ.સ. ૧૫૫૪)ના કારતક સુદ બારસને ગુરુવારે થયું હતું.

તેમનું શ્રીઅંગ પુષ્ટ અને સ્વરૂપ ગૌર હતું. કેશ વાંકડિયા હતા. કેસરી ધોતી ઉપરણા અને ભારે શૃંગારથી અતિ શોભાયમાન લાગતા. અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણોમાં પ્રવીણ હતા.

ઘરમાં સૌ તેમને ''રામચંદ્ર''ના નામે બોલાવતા.

તેમનામાં શ્રીઠાકોરજીનો 'શ્રી' ગુણ પ્રગટ હતો.

તેમનાં લગ્ન શ્રીજાનકી વહુજી સાથે થયાં હતાં. તેમને પાંચ પુત્રો હતા. તેમના સૌથી મોટા પુત્ર શ્રીદેવકીનંદનજી હતા.

તેમનાં લગ્ન તાજાં જ થયેલાં હતાં. ત્યારે નંદદાસજીના ભાઈ રામભક્ત તુલસીદાસજી ગોકુળ આવ્યા. શ્રીગુસાંઈજી પાસે આવ્યા. તેમની રામનિષ્ઠા અનન્ય હોવાથી તેઓ શ્રીરામજી સિવાય કોઈને નમતા નહીં. શ્રીગુસાંઈજીએ શ્રીરઘુનાથજી અને શ્રીજાનકીવહુજીને બોલાવી, આજ્ઞા કરી : ''તમારા સેવક આવ્યા છે. તેમને રામ-જાનકી સ્વરૂપે દર્શન આપો.'' શ્રીરઘુનાથજી અને શ્રીજાનકીજીએ તેમને શ્રીરામસીતા સ્વરૂપે દર્શન આપ્યાં. આથી તુલસીદાસજીએ આનંદથી ગાયું: ''બરનૌં અવધ શ્રીગોકુલગામ.''

તેમને શ્રીગુસાંઈજીમાં પરમ આસક્તિ હોવાથી, તેમણે શ્રીગુસાંઈજીનાં અનેક સ્તોત્રો રચ્યાં છે. તેમાં 'શ્રીવિઠ્ઠલેશ સ્તવઃ' મુખ્ય છે.

તેમણે 'ષોડશ ગ્રંથ', 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર', 'શ્રીપુરુષોત્તમ નામ સહસ્ર' પર ટીકાઓ લખી છે.

શ્રીગુસાંઈજીએ તેમને શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ પધરાવી આપેલું. તેમણે શ્રીગોકુળમાં પોતાનું અલગ ગૃહ વસાવી, ત્યાં બિરાજી સેવા કરેલી. ત્યાં તેમની બેઠક આજે પણ પ્રસિદ્ધ છે.

ભગવદીયોએ એમના યશ નીચે મુજબ ગાયા છે :

શ્રીરઘુપતિ અતિ ગજગતિ,
રતિ પતિ કરું બલિહાર રે રસના;
શ્રીજાનકીજીવન એ સદા,
મધ્ય મણિ રત્નમય હાર રે રસના.''

* * * *

''જયતિ રઘુનાથ ગુન ગાથ વિખ્યાત
જીત પંડિત કો સરન લીને ।
શાસ્ત્ર સબ જાન અભિમાન કરિ
બ્રજ ભુવન આયે મદ ગર્વ સબ ખંડ કીને ॥
કપટ પટ દૂર કરિ પ્રગટ લીલા ધરી,
ભક્તિ નવ ભાંત યુત દસમી દીને ।
જાનકીરમન ગુન કૌન કવિ કહિ સકૈ,
'સરસરંગી' સબ ચિત્ત છીને ॥''

૯. ગ્રંથવિવરણકારનો પરિચય :



શ્રીદેવકીનંદનજી

"શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર" પર "વિવરણ" નામની એકમાત્ર ટીકા છે. તેના રચયિતા શ્રીદેવકીનંદનજી, શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ પુત્ર છે. તેમનું પ્રાકટ્ય શ્રીગોકુળમાં વિ.સં. ૧૬૩૪ (ઈ.સ. ૧૫૭૭)ના માગશર સુદ સાતમે થયું હતું. તેમનાં માતુશ્રી શ્રીજાનકીવહુજી.

તેમની બાલ્યાવસ્થા શ્રીગુસાંઈજીની છત્રાછાયામાં વીતી હતી. શ્રીગુસાંઈજી તેમને પોતાની ગોદમાં સુવાડી, અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચાર કરતાં ખેલાવતા. તેથી તેમનું એક નામ છે : વિઠ્ઠલેશકરાંભોજસંલાલિતમુખાંબુજઃ.

તેમનાં લગ્ન શ્રીચંદ્રાવલીજી વહુજી સાથે થયાં હતાં. તેમના ત્રણ પુત્ર (૧) શ્રીરઘુનાથજી (૨) શ્રીલક્ષ્મણજી અને (૩) શ્રીવલ્લભજી હતા.

જ્યારે શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજી માળાતિલકના રક્ષણ માટે કાશ્મીર પધારે છે, એવા સમાચાર શ્રીદેવકીનંદનજીએ ખંભાતમાં જાણ્યા કે તરત તેમણે ભોજન બંધ કરી, ફલાહાર શરૂ કર્યો. તત્કાલ ખંભાતથી કાકાજી શ્રીગોકુલનાથજીની સહાયમાં પધાર્યા. કાશ્મીરના માર્ગે શ્રીગોકુલનાથજીને મળ્યા અને તેમની સાથે કાશ્મીર પધાર્યા.

તેમના આશ્રયમાં અનેક વિદ્વાન પંડિતો રહેતા. તે પૈકી તારા નામના દક્ષિણી પંડિતે સાંપ્રદાયિક દીક્ષા લઈ, 'વિદગ્ધમુખમંડન' વગેરે ગ્રંથો પર ટીકાઓ લખી છે.

શ્રીદેવકીનંદનજીના ગ્રંથોમાં (૧) શ્રીયમુનાષ્ટકટીકા (૨) બાલબોધ પ્રકાશ (૩) સેવાફલટીકા (૪) શ્રીનામરત્નાખ્યસ્તોત્ર-વિવરણ (૫) રસાબ્ધિ મહાકાવ્ય વગેરે મુખ્ય છે.

૧૦. ગ્રંથપરિચય :

(ક) ગ્રંથ પ્રાકટ્ય :



ગ્રંથપ્રાકટ્યનો પ્રસંગ

શ્રીરઘુનાથજીની બાલ્યાવસ્થાનો પ્રસંગ છે.

એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીનાથજીના શૃંગાર કરતા હતા. તેમના બાળકો ત્યાં હાજર હતા. તેમાં સૌથી નાના શ્રીરઘુનાથજી હતા.

શ્રીગુસાંઈજીને શૃંગારની એક પેટીની જરૂર પડી. તે શય્યામંદિરમાં હતી. તેમણે આજ્ઞા કરી : "મંજુષામાનય" (પેટી લાવો) શ્રીરઘુનાથજી તદ્દન નાના બાળક હતા. સંસ્કૃત

ન જાણે. છતાં બાલસહજ ઉત્સાહમાં દોડ્યા. શય્યામંદિરમાં તો ગયા, પણ શું લઈ જવું તેની સમજ ન પડી. ખાલી હાથે પાછા જાય તો મોટા ભાઈઓ મશ્કરી કરે. તેઓ મૂંઝાયા. પરિણામે રડવા લાગ્યા. શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીએ અલૌકિક સ્વરૂપે તેમને દર્શન આપી શાંત કર્યા. શૃંગારની પેટી લઈ જવા આજ્ઞા કરી, પોતાના વરદ હસ્ત તેમના મસ્તકે પધરાવ્યા.

તરત જ શ્રીરઘુનાથજીના મુખમાંથી આપોઆપ ''શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર'' પ્રકટ થયું. તેઓ પેટી લઈ, આ સ્તોત્ર ગાતા ગાતા શ્રીનાથજીના નિજમંદિરમાં પધાર્યા. તેમના મુખથી ગવાતા આ સ્તોત્રને સાંભળી શ્રીગુસાંઈજી અને અન્ય બાળકો ખૂબ પ્રસન્ન થયા.

આમ 'શ્રીનામરત્નાખ્યસ્તોત્ર' શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીના કૃપાપ્રસાદે પ્રકટ થયું.

(ખ) સ્તોત્રનું નામ :

આ સ્તોત્રમાં શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામ છે. પ્રત્યેક નામમાં તે નામના અર્થ અનુસાર લીલાવિશિષ્ટ સ્વરૂપે શ્રીગુસાંઈજી બિરાજમાન છે. તેથી પ્રત્યેક નામ એક એક દિવ્ય મૂલ્યવાન રત્ન રૂપ છે.

સમુદ્રમંથન કરતાં સમુદ્રમાંથી દિવ્ય ચૌદ રત્નો નીકળ્યાં હતાં. તેમ શ્રીરઘુનાથજીના હૃદયસાગરમાં વિરહતાપ રૂપી મંથન થતાં શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામો રૂપી અલૌકિક ૧૦૮ રત્નો નીકળ્યાં.

શ્રીપ્રભુની આ સૃષ્ટિમાં સૂર્ય, ચંદ્ર અને તારાઓ પણ દિવ્ય રત્નો છે. સૂર્ય કમળને અને ચંદ્ર કુમુદને વિકસાવે છે. સૂર્ય બુદ્ધિને અને ચંદ્ર મનને વિકસાવે છે. સૂર્ય અને ચંદ્રનાં કિરણો સમુદ્રના જળમાં ભરતી લાવે છે. તેવી રીતે આ અલૌકિક નામો રૂપી ૧૦૮ સૂર્યરત્નો ભક્તોનાં હૃદયકમળોને ભક્તિથી અજવાળે છે અને વિકસાવે છે; તેમની અવિદ્યાના અંધકારનો નાશ કરે છે. તેમના ભાવસાગરમાં ભગવદ્‌ભાવની ભરતી લાવે છે.

રોગના નિદાનની અનેક પદ્ધતિઓમાં રત્નચિકિત્સાની એક પદ્ધતિ છે. જ્યોતિષશાસ્ત્રમાં પણ રત્નોના ઉપયોગ દ્વારા મહાવિઘ્નોના ઈલાજો બતાવવામાં આવ્યા છે. તેવી રીતે ભગવત્પ્રાપ્તિમાં આડે આવતા લૌકિક વિઘ્નો-પ્રતિબંધોને આ નામરત્નો નિવૃત્ત કરે છે.

રત્નો ધારણ કરનારની શોભા વધારે છે. તે કિમતી હોવાથી તેના ધારકની દરિદ્રતા દૂર કરે છે. તેમ આ નામરત્નો મુખ, કર્ણ અને હૃદયમાં ધારણ કરનારની અલૌકિક શોભા વધે છે. તેને શ્રીઠાકોરજી રૂપી દિવ્ય સંપત્તિ પ્રાપ્ત થાય છે.

આથી આ સ્તોત્રનું નામ ''શ્રીનામરત્નાખ્ય'' (શ્રીનામ +રત્ન+આખ્ય) (આખ્ય = કહેવાયેલાં) યથાર્થ છે.

(ગ) શ્લોક સંખ્યા :

આ સ્તોત્રમાં કુલ ૩૦ $\frac{૧}{૨}$ શ્લોકો છે.

શ્રીઠાકોરજી બાર અંગવાળા. શ્રીચંદ્રાવલીજી પણ બાર અંગવાળાં. વસ્તુતઃ બંને એક જ સ્વરૂપ, છતાં બે ભિન્ન રૂપો. તેમનાં કુલ અંગ ૨૪. તેમના છ દિવ્ય ધર્મો. તેથી ૨૪ + ૬ = ૩૦. વિપ્રયોગધર્મી સ્વરૂપે કૃપા કરી, આપણા હૃદયમાં બિરાજે. તે ભાવનો $\frac{૧}{૨}$ શ્લોક. વિપ્રયોગધર્મી સ્વરૂપની લીલા વાણીનો વિષય નથી, તેથી $\frac{૧}{૨}$ શ્લોકની કમી છે.

(ઘ) સ્તોત્રનું વિષયવાર વર્ગીકરણ :

પહેલા શ્લોકમાં મંગલાચરણ છે.

ત્યાર પછીના દોઢ શ્લોકમાં વિષયપ્રવેશ-પ્રસ્તાવના છે.

છેલ્લે ૨$\frac{૧}{૨}$ શ્લોકમાં ફળ નિરૂપણ છે.

છેલ્લા શ્લોકમાં ઉપસંહાર છે. આપ કુલ છ શ્લોક થયા.

બાકીના ૨૪$\frac{૧}{૨}$ શ્લોકમાં ૧૦૮ નામો છે.

(ચ) સ્તોત્રનું મંત્રાત્મક સ્વરૂપ :

મંત્રમાં તેના દેવતાનું સ્વરૂપ અને સામર્થ્ય હોય છે. મંત્રજપ કરવાથી તેઓ પ્રકટ થઈ ફળ આપે છે. દરેક મંત્રને બીજ, છંદ, ઋષિ, વિનિયોગ અને ફળ હોય છે.

આ સ્તોત્ર મંત્રાત્મક હોવાથી તેના ઋષિ શ્રીરઘુનાથજી છે. શ્રીવલ્લભવંશ શ્રીવલ્લભરૂપ છે. શ્રીવલ્લભ ભગવાનના મુખરૂપ છે. તેથી તેમની વાણી વેદવાણી છે શબ્દબ્રહ્મ છે. આથી શ્રીરઘુનાથજી રચિત આ સ્તોત્ર વૈદિક મંત્રાત્મક છે.

તેનો છંદ અનુષ્ટુપ છે. અનુષ્ટુપ છંદ વૈદિક છંદ છે. તેના દેવતા સર્વશક્તિમાન શ્રીવલ્લભાત્મજ શ્રીગુસાંઈજી છે. તેનો વિનિયોગ સમસ્ત ઈષ્ટસિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે છે. તેનું ફળ ભગવત્પ્રાપ્તિ છે. ■

॥ શ્રીનામરત્નાખ્ય સ્તોત્રમ્ ॥

યન્નામાર્કોદયાત્પાપધ્વાન્તરાશિઃ પ્રશામ્યતિ ।
વિકસન્તિ હૃદબ્જાનિ, તન્નામાનિ સદાશ્રયે ॥૧॥

આનુષ્ટુભમિહચ્છંદ, ઋષિરગ્નિકુમારજઃ ।
સર્વશક્તિસમાયુક્તો દેવઃ શ્રીવલ્લભાત્મજઃ ॥૨॥

વિનિયોગઃ સમસ્તેષ્ટસિદ્ધ્યર્થે વિનિરૂપિતઃ ।
શ્રીવિઠ્ઠલ કૃપાસિન્ધુર્ભક્તવશ્યોતિ સુંદરઃ ॥૩॥

કૃષ્ણલીલારસાવિષ્ટઃ શ્રીમાન્ વલ્લભનંદનઃ ।
દુર્દશ્યો ભક્તસંદશ્યો ભક્તિગમ્યો ભયાપહઃ ॥૪॥

અનન્યભક્તહૃદયો દીનાનાથૈક સંશ્રયઃ ।
રાજીવલોચનો રાસલીલારસમહોદધિઃ ॥૫॥

ધર્મસેતુર્ભક્તિસેતુઃ સુખસેવ્યો વ્રજેશ્વરઃ ।
ભક્તશોકાપહઃ શાંતઃ સર્વજ્ઞઃ સર્વકામદઃ ॥૬॥

રુક્મિણીરમણઃ શ્રીશો ભક્તરત્નપરીક્ષકઃ ।
ભક્તરક્ષૈકદક્ષઃ શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તકઃ ॥૭॥

મહાસુરતિરસ્કર્તા સર્વશાસ્ત્રવિદગ્રણીઃ ।
કર્મજાડ્યભિદુષ્ણાંશુ-ભક્તનેત્રસુધાકરઃ ॥૮॥

મહાલક્ષ્મીગર્ભરત્નં, કૃષ્ણવર્ત્મસમુદ્ભવઃ ।
ભક્તચિન્તામણિર્ભક્તિ-કલ્પદ્રુમનવાંકુર ॥૯॥

શ્રીગોકુલકૃતાવાસઃ, કાલિંદીપુલિનપ્રિયઃ ।
ગોવર્દ્ધનાગમરતઃ પ્રિયવૃંદાવનાચલઃ ॥૧૦॥

ગોવર્ધનાદ્રિમખકૃન્-મહેન્દ્રમદભિત્પ્રિયઃ ।
કૃષ્ણલીલૈકસર્વસ્વઃ શ્રીભાગવતભાવવિત્ ॥૧૧॥

પિતૃપ્રવર્તિતપથ - પ્રચારસુવિચારકઃ ।
વ્રજેશ્વરપ્રીતિકર્તા તન્નિમંત્રણભોજકઃ ॥૧૨॥

બાલલીલાદિ સુપ્રીતો ગોપીસંબંધિસત્કથઃ ।
અતિગંભીરતાત્પર્ય કથનીયગુણાકરઃ ॥૧૩॥

પિતૃવંશોદધિવિધુઃ સ્વાનુરૂપસુતપ્રસૂઃ ।
દિક્ચક્રવર્તિસત્કીર્તિર્મહોજ્જવલચરિત્રવાન્ ॥૧૪॥

અનેકક્ષિતિપશ્રેણિમૂર્દ્ધાસક્તપદાંબુજઃ ।
વિપ્રદારિદ્ર્યદાવાગ્નિર્ભૂદેવાગ્નિપ્રપૂજકઃ ॥૧૫॥

ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપરઃ સત્યપરાયણઃ ।
પ્રિયશ્રુતિપથઃ શશ્વન્મહામખકરઃ પ્રભુઃ ॥૧૬॥

કૃષ્ણાનુગ્રહસંલભ્યો મહાપતિતપાવનઃ ।
અનેકમાર્ગસંક્લિષ્ટજીવસ્વાસ્થ્યપ્રદો મહાન્ ॥૧૭॥

નાનાભ્રમનિરાકર્તા ભક્તજ્ઞાનભિદુત્તમઃ ।
મહાપુરુષસત્ખ્યાતિર્મહાપુરુષવિગ્રહઃ ॥૧૮॥

દર્શનીયતમો વાગ્મી માયાવાદનિરાસકૃત્ ।
સદાપ્રસન્નવદનો મુગ્ધસ્મિતમુખામ્બુજઃ ॥૧૯॥

પ્રેમાદ્રદગ્વિશાલાક્ષઃ ક્ષિતિમંડલમંડનઃ ।
ત્રિજગદ્વાપિસત્કીર્તિધવલીકૃતમેચકઃ ॥૨૦॥

વાક્સુધાકૃષ્ટભક્તાંતઃકરણઃ શત્રુતાપનઃ ।
ભક્તસમ્પ્રાર્થિતકરો દાસદાસીપ્સિતપ્રદઃ ॥૨૧॥

અચિન્ત્યમહિમામેયો વિસ્મયાસ્પદવિગ્રહઃ ।
ભક્તક્લેશાસહઃ સર્વસહો ભક્તકૃતે વશઃ ॥૨૨॥

આચાર્યરત્નં સર્વાનુગ્રહકૃન્મંત્રવિત્તમઃ ।
સર્વસ્વદાનકુશલો ગીતસઙ્ગીતસાગરઃ ॥૨૩॥

ગોવર્ધનાચલસખો ગોપગોગોપિકાપ્રિયઃ ।
ચિન્તિતજ્ઞો મહાબુદ્ધિર્જગદ્વન્દ્યપદામ્બુજઃ ॥૨૪॥

જગદાશ્ચર્યકૃરસકૃત્ સદાકૃષ્ણકથાપ્રિયઃ ।
સુખોદર્કકૃતિઃ સર્વસન્દેહછેદદક્ષિણઃ ॥૨૫॥

સ્વપક્ષરક્ષણે દક્ષઃ પ્રતિપક્ષક્ષયંકરઃ ।
ગોપિકાવિરહાવિષ્ટઃ કૃષ્ણાત્મા સ્વસમર્પકઃ ॥૨૬॥

નિવેદિભક્તસર્વસ્વઃ શરણાધ્વપ્રદર્શકઃ ।
શ્રીકૃષ્ણાનુગૃહીતૈકપ્રાર્થનીયપદામ્બુજઃ ॥૨૭॥

ઈમાનિ નામરત્નાનિ શ્રીવિઠ્ઠલપદામ્બુજમ્ ।
ધ્યાત્વા તદેકશરણો યઃ પઠેત્સ હરિં લભેત્ ॥૨૮॥

યદ્યન્મનસ્યભિધ્યાયેત્તત્તદાપ્નોત્યસંશયમ્ ।
નામરત્નાભિધમિદં સ્તોત્રં યઃ પ્રપઠેત્સુધીઃ ॥૨૯॥

ત્વદીયં તં ગૃહાણાશુ પ્રાર્થ્યમેતન્મમ પ્રભો ।
શ્રીવિઠ્ઠલપદામ્બોજમકરન્દજુષોડનિશમ્ ॥૩૦॥

ઈયં શ્રીરઘુનાથસ્ય કૃતિર્વિજયતેતમામ્ ॥૩૦$\frac{૧}{૨}$॥

॥ ઈતિ શ્રીરઘુનાથવિરચિતં નામરત્નાખ્ય સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

શ્રીનામરત્નાખ્યસ્તોત્ર વિવરણ

'વિવરણ'નું મંગલાચરણ :

ગ્રંથારંભે મંગલાચરણ કરવાની અતિ પ્રાચીન પરંપરા અનુસાર, 'વિવરણ'કાર શ્રીદેવકીનંદનજી તેમના 'વિવરણ'ના આરંભે બે શ્લોકથી મંગલાચરણ કરે છે. પહેલા શ્લોકમાં શ્રીઠાકોરજીનું સ્મરણ અને બીજા શ્લોકમાં 'શ્રીનામરત્નાખ્ય''ના રચયિતા શ્રીરઘુનાથજીનું સ્મરણ છે.

શ્લોક-૧ :

નિજૈકશરણં શ્રીમદ્‌ગોકુલં સર્વતો ભયાત્ ।
રક્ષિતં યેન તં નિત્યમાશ્રયે ગિરિધારિણમ્ ॥૧॥

શ્લોકાર્થ :

જેમણે એકમાત્ર પોતાના શરણે આવેલા શ્રીગોકુળને સર્વ પ્રકારના ભયમાંથી બચાવ્યું, તે શ્રીગિરિધરનો હું હંમેશાં આશ્રય કરું છું. (૧)

શ્રીગિરિરાજધરણ શ્રીગોવર્ધનનાથજી શ્રીગોકુળ-વ્રજના નિઃસાધન ભક્તસમૂહના રક્ષક છે. ગોકુળનો બીજો અર્થ ગાયોનો સમૂહ છે. શ્રીઠાકોરજી ગાયોના પણ રક્ષક - ગોપાલ, ગોવિંદ - છે. ગોકુળ ગામ, ગો, ગોપ, ગોપીઓ પર આવેલાં સર્વ સંકટોમાં શ્રીકૃષ્ણે તેમનું રક્ષણ કર્યું છે. તેઓ શરણાગત વત્સલ છે. કૃપા તેમનો સ્વભાવ છે. આવી અનેક લીલાઓ દ્વારા તેમણે સમસ્ત ગોકુળ - વ્રજ - વાસીઓનો પોતાના સ્વરૂપમાં નિરોધ કર્યો છે.

'ગો'નો અન્ય અર્થ છે ઈન્દ્રિયો. આ અર્થ લેતાં ગોકુળ એટલે ઈન્દ્રિયોના સમૂહવાળું શરીર. આપણને અગિયાર ઈન્દ્રિયોવાળા આપણા શરીર અને તેની સાથે સંબંધ ધરાવતાં સૌમાં અતિશય લૌકિકાસક્તિ છે. તેથી આપણે સદા ભયભીત રહીએ છીએ. આપણને અનેક લૌકિક ભયો સતાવે છે. શ્રીગોકુલના સ્વામી શ્રીગિરિધરપ્રભુને આપણે આપણા અન્ય પદાર્થો સહિત આપણો દેહ પણ સમર્પિત કર્યો છે. એટલે તે દેહથી જેઓ શ્રીઠાકોરજીનો આશ્રય કરે છે - શરણ અને સમર્પણ સ્વીકારે છે - તેમનું શ્રીઠાકોરજી સદા રક્ષણ કરે છે.

આપણી ઈન્દ્રિયોના વિષય શ્રીઠાકોરજી સ્વયં બની, આપણી ઈન્દ્રિયોના લૌકિક વિષયોની આસક્તિ તેઓ છોડાવે છે અને પોતાના સ્વરૂપ, ગુણ, લીલામાં દૃઢ આસક્તિ કરાવે છે. નિરોધસિદ્ધિનું સાધન શ્રીઠાકોરજી જ બને છે.

ઈંદ્રના કોપથી ભયભીત વ્રજવાસીઓનું શ્રીઠાકોરજીએ રક્ષણ કર્યું, તેમ શ્રીઠાકોરજી વિષયવાસનાના વંટોળથી ભયભીત સર્વ શરણાગત જીવોનું રક્ષણ કરે છે. આથી તેમનો જ સદા અનન્ય, દૃઢ આશ્રય રાખવાની પરોક્ષ શિક્ષામણ આ શ્લોક દ્વારા અપાઈ.

શ્રીદયારામભાઈના શબ્દો યાદ કરીએ : ''એક વર્યો શ્રીગોપીજનવલ્લભ, નહીં સ્વામી બીજો મારે....''

શ્લોક-૨ :

યદુદિતપથવર્તિ દેહભાજાં
ભવતિ વશે કિલ નંદગોપસૂનુઃ ।
અતિકરુણામુપાસ્ય વિઠ્ઠલેશા-
ત્મજ રઘુનાથમહર્નિશં નતોસ્મિ ॥૨॥

શ્લોકાર્થ :

જેમણે બતાવેલા માર્ગે (પુષ્ટિમાર્ગે) ચાલનારા પ્રાણીઓને શ્રીનંદકુમાર અવશ્ય વશ થાય છે, તેવા અતિ દયાળુ અને સેવનીય શ્રીવિઠ્ઠલેશજીના પુત્ર શ્રીરઘુનાથજીને હું હંમેશાં નમું છું. (૨)

આ શ્લોકમાં શ્રીદેવકીનંદનજી તેમના તાતચરણ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ અને પિતૃચરણ શ્રીરઘુનાથ ચરણને વંદન કરતાં, તેમનું મંગલ સ્મરણ કરે છે.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે પુષ્ટિમાર્ગનો બહોળો વિસ્તાર કર્યો. તેને સુદૃઢ કર્યો. શ્રીહરિરાયજી તેમને 'પુષ્ટિમાર્ગપ્રવર્તકઃ' કહે છે. તેમણે શરણાગત સ્ત્રીશૂદ્ર આદિ હીન જીવોને પણ પ્રેમરૂપા સેવાના માર્ગે ચઢાવી, આ જન્મમાં જ શ્રીઠાકોરજીને સાક્ષાત્ મેળવી આપ્યા. આથી તેઓ કરુણાસાગર છે. કરુણા એટલે સ્નેહવશ દયા. કૃષ્ણદાસજીએ કહ્યું :

પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન કરત કૃપા નિજ હસ્ત દૈ માથે ।
જે જન સરન આય તિહિં ઓસર સોંપત શ્રીગોવર્ધનનાથે ॥
પરમ ઉદાર ચતુર ચિંતામનિ રાખત ભવધારા બહ જાતે ।
ભજ 'કૃષ્ણદાસ' કાજ સબ સરહિ જો જાને શ્રીવિઠ્ઠલનાથે ॥

શ્રીરઘુનાથજી શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના 'આત્મજ' - પુત્ર- છે. શાસ્ત્રના મતે પુત્ર પિતાનું જ સ્વરૂપ છે. પુત્ર રૂપે પિતા જ ફરી પ્રગટ થાય છે. એ સિદ્ધાંત પ્રમાણે શ્રીરઘુનાથજીમાં શ્રીરઘુનાથજી શ્રીગુસાંઈજીનું જ અવર સ્વરૂપ છે. શ્રીગુસાંઈજીના ગુણો અને લીલા શ્રીરઘુનાથજીમાં પ્રકટ છે. ''રૂપ એક તે ભિન્ન થઈ વિસ્તરે.'' બંને સ્વરૂપોનું સ્વરૂપઐક્ય સૂચવવા આ શ્લોકમાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ અને શ્રીરઘુનાથચરણ માટે એક જ વિશેષણ - 'અતિકરુણમુપાસ્યં' - વાપર્યું છે.

બીજો ભાવ વિચારીએ તો, શ્રીરઘુનાથજીના હૃદયમાં શ્રીગુસાંઈજી સદા બિરાજે છે. શ્રીગુસાંઈજી તેમને અનુભવગમ્ય હોઈ, તેમનાં ૧૦૮ નામાત્મક સ્વરૂપો તેમના હૃદયમાં સ્ફુરિત થયાં તે વાણીનો વિષય બન્યાં.

આથી સ્તોત્રનાયક અને સ્તોત્રકર્તાને વંદન કર્યાં.

'અહર્નિશં' પદથી એમ સૂચવ્યું કે 'વિવરણ' રચવાની કૃપા યાચવાના સકામ ભાવથી વંદન નથી, પરંતુ દાસભાવથી સદા વંદન છે.

'વિવરણ'ની પ્રસ્તાવના :

બે શ્લોકથી મંગલાચરણ કરી, 'અથ' પદથી શ્રીદેવકીનંદનજી વિવરણનો પ્રારંભ કરે છે.

'અથ' પદ મંગલવાચી અને પ્રારંભવાચી છે.

પ્રસ્તાવનામાં તેઓ આ સ્તોત્રની રચનાનો હેતુ સમજાવે છે.

ભગવાનથી છૂટો પડેલો ભગવદંશ એટલે જીવાત્મા. તે પૃથ્વી પર આવ્યો. ચોર્યાસી લાખ યોનિઓની ઘટમાળમાં ફસાયો. તેને પંચપર્વા અવિદ્યા વળગવાથી, તેના હાથે અનેક દોષ - પાપ - અનેક જન્મોમાં થયા. તે પાપનો તાપ તેને સતત દઝાડે છે. તેથી તે ત્રસ્ત છે. તેમાંથી છૂટકારો મેળવવા તે ઘણાં ફાંફાં મારે છે; પણ તેનાં પાપોની નિવૃત્તિ થતી નથી. પાપોના ગુણાકાર જ થાય છે. તે ભોગવવા તે અનેક જન્મો લે છે, ભવસાગરમાં ભટકે છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની પહેલાં આવા દુષ્ટ, ભ્રષ્ટ, પાપી જીવોના ઉદ્ધાર માટે કોઈ સરળ, સહજ, સુગમ માર્ગ પ્રસિદ્ધ ન હતો. જ્ઞાન અને કર્મમાર્ગ દ્વારા ઉત્તમ-પવિત્ર-જીવોનો ઉદ્ધાર થતો, પણ જાતિ, વર્ણ, જ્ઞાન, ગુણના ભેદભાવ વિના સર્વ જીવોનો સહજ રીતે ઉદ્ધાર કરે એવો એક પણ માર્ગ ન હતો.

શ્રીકૃષ્ણ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તેમના અવતાર કાલમાં તેમના સ્વરૂપના માત્ર પ્રમેયબળથી સૌ જીવોનો ઉદ્ધાર કરતા. પરંતુ તેમના અનવતારકાલમાં શું? એમના અનવતારકાલમાં સૌ જીવોનો ઉદ્ધાર કરવા શ્રીઠાકોરજીએ પોતાનું પ્રમેયબળ 'શ્રીભાગવતજી'માં પધરાવ્યું. શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું પ્રમેયબળ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં પધરાવ્યું. તેમ શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઈજીનું પ્રમેયબળ તેમનાં એકસો આઠ નામ રૂપી રત્નોના સ્તોત્ર ''શ્રીનામરત્ન'' સ્તોત્રમાં પધરાવી, તે પ્રકટ કર્યું છે.

આ નામો સ્વરૂપાત્મક હોઈ, રસાત્મક, ભાવાત્મક અને ફલાત્મક છે. તેમના આશ્રયથી સર્વ જીવોનો અવશ્ય ઉદ્ધાર થાય છે, એવો દૃઢ વિશ્વાસ જીવોને કરાવવા, શ્રીરઘુનાથજી 'શ્રીનામરત્નસ્તોત્ર'ના પ્રથમ શ્લોકમાં સ્વયં તે નામોનો આશ્રય કરે છે.

આ જ ભાવ ગોવિંદસ્વામીએ નીચેના પદમાં ગાયો છે :

જો પે શ્રીવિઠ્ઠલ રૂપ ન ધરતેં ।
તો કૈસે કલિયુગ કે મહા પતિત નિસ્તરતે ॥૧॥
સેવા રીત પ્રીત બ્રજજનકી શ્રીમુખ તેં વિસ્તરતે ।
શ્રીવિઠ્ઠલ નામ અમૃત જિન લિયો રસના સરસ સુફલતેં ॥૨॥
કીરતિ વિસદ સુની જિન સ્રવનન વિષય વિષ પરહરતેં ।
'ગોવિંદ' બલ દરસન જિન પાયો ઉમગ ઉમંગ રસ ભરતેં ॥૩॥

■

શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર

શ્લોક-૧ :

યન્નામાર્કોદયાત્પાપધ્વાન્ત રાશિઃ પ્રશામ્યતિ ।
વિકસન્તિ હૃદબ્જાનિ તન્નામાનિ સદાશ્રયે ॥૧॥

શબ્દાર્થ :

યન્નામાર્કોદયાત્ (યત્+નામ+અર્ક+ઉદયાત્) (અર્ક= સૂર્ય) = જેમનાં નામો રૂપી સૂર્યના ઉદયથી, **પાપધ્વાન્તરાશિઃ** (પાપ+ધ્વાન્ત+રાશિઃ) (ધ્વાન્ત=અંધકાર, રાશિઃ=સમૂહ) પાપ રૂપી અંધકારનો સમૂહ, **પ્રશામ્યતિ** = પૂરેપૂરો નાશ પામે છે, **વિકસન્તિ** = વિકાસ પામે છે, **હૃદબ્જાનિ** (હૃદ્+અબ્જાનિ) (અબ્જ = કમળ) હૃદયો રૂપી કમળો, **તન્નામાનિ** = (તત્+ નામાનિ) = તે નામોનો, **સદાશ્રયે** (સદા+આશ્રયે) = હું હંમેશાં આશ્રય કરું છું.

શ્લોકાર્થ :

જેમનાં (શ્રીગુસાંઈજીનાં) નામો રૂપી સૂર્યના ઉદયથી પાપ રૂપી અંધકારના સમૂહનો પૂરેપૂરો નાશ થાય છે (અને) હૃદયો રૂપી કમળો વિકસે છે, તે નામોનો હું સદા આશ્રય કરું છું. (૧)

વિવરણ :

સૂર્ય ઊગતાં બહારનો અંધકાર નાશ પામે છે, પરંતુ ઘરની અંદર તો અંધકાર રહે જ છે. શ્રીગુસાંઈજીનાં નામ રૂપી સૂર્યથી તો બહારનો અને અંદરનો બધો અંધકાર નાશ પામે છે. સૂર્ય કરતાં નામ રૂપી સૂર્યની આ વિશેષતા છે.

વળી સૂર્યોદયથી દૂર થયેલ અંધકાર રાત પડતાં ફૂટી આવે છે. પરંતુ નામો રૂપી સૂર્યના ઉદયથી એકવાર દૂર થયેલો અંધકાર - પાપ - ફરી આવતો નથી. ભગવન્નામની આ મહત્તા છે.

એકાકી સૂર્ય સમય (કાલ)ને અનુસરીને રોજ ઊગે છે અને આથમે છે. નામ રૂપી સૂર્યનો ઉદય ઉચ્ચાર-કાલને અધીન નથી, અર્થાત્, ભગવન્નામનો ઉચ્ચાર ગમે ત્યારે કરી શકાય. તેથી તે અજ્ઞાન રૂપી અંધકારને હંમેશ માટે મૂળમાંથી જ દૂર કરે તેમાં નવાઈ નથી. નામ રૂપી સૂર્ય સમય(કાલ)ને કેવી રીતે અધીન હોય?

પ્રથમ પંક્તિમાં, આમ, નામ રૂપી સૂર્યના ઉદયથી અનિષ્ટ-પાપ-દૂર થવાની વાત કરી.

હવે 'વિકસન્તિ' પદથી શરૂ થતી બીજી પંક્તિમાં ઈષ્ટ પ્રાપ્તિની વાત છે.

નામ રૂપી સૂર્યના ઉદયથી-ઉચ્ચારથી-હૃદય રૂપી કમળ ખીલે છે. એમાં એવો ભાવ છે કે સૂર્યોદય થતાં કમળ ખીલે, ત્યારે તેની સુગંધને વશ થઈ ભમરાઓ આપોઆપ ત્યાં પહોંચી જાય, એવી રીતે નામ રૂપી સૂર્યના ઉદયથી સેવામાં પ્રતિબંધ રૂપ અવિદ્યાનો અજ્ઞાન રૂપી અંધકાર દૂર થતાં, ભક્તોનાં હૃદયો-રૂપી કમળો ખીલે છે. તેમાંથી પ્રેમ રૂપી સુગંધ ફેલાય છે. તેને વશ થયેલા ભગવાન શ્રીકૃષ્ણ આપોઆપ તે વિકસિત થયેલા હૃદય કમળમાં પધારી, તેમાં બિરાજે છે. આથી ભક્તને ઈષ્ટની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રમાં ભગવાન પોતે કહે છે : હું કેવળ ભક્તિથી વશ થાઉં છું. મારા ભક્તો મને ભક્તિથી વશ કરે છે. તેનો અર્થ એવો નથી કે ભગવાન સહેજ ભક્તિ-પ્રેમ-કરવાથી વશ થઈ જાય છે. જ્યારે ભક્તની ભક્તિ-પ્રેમ-પરાકાષ્ટાએ પહોંચે, સુદૃઢ અને સર્વતોધિક બને, ત્યારે જ ભગવાન એ ભક્તને વશ થાય છે. ભગવાનને આવી ભક્તિ-પ્રેમથી વશ કરવા એ ભક્તનું પરમ ફળ છે. આ પરમ ફળ પ્રાપ્ત કરવા શ્રીરઘુનાથજી હંમેશાં શ્રીગુસાંઈજીનાં નામોનો જ આશ્રય કરે છે.

આવો આ શ્લોકનો ભાવાર્થ છે.

વિવરણભાષ્ય :

શ્રીરઘુનાથજીને તેમનાં અંતઃકરણમાં ભગવત્ કૃપામાત્રથી જ શ્રીગુસાંઈજીનાં રૂપ, ગુણ અને લીલાઓનો અલૌકિક અનુભવ થયો. એ અલૌકિક સ્વરૂપાનંદના અનુભવે તેમના હૃદયસાગરમાં ભાવતરંગો ઉછળ્યા. તેમાંથી અલૌકિક રત્નો સમાન શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામો પ્રકટ થયાં. આ નામો અલૌકિક સ્વરૂપાત્મક હોવાથી રસાત્મક, ભાવાત્મક અને ફલાત્મક સૂર્યરૂપ છે.

સામાન્ય રીતે મંત્રદૃષ્ટા ઋષિઓ સ્તોત્રના પ્રારંભે મંત્રમાં બિરાજમાન ભગવત્ સ્વરૂપને વંદન કરે છે, ત્યારે આ સ્તોત્રના મંત્રદૃષ્ટા ઋષિ શ્રીરઘુનાથજીને અંતઃકરણમાં સ્ફૂરિત થયેલાં શ્રીગુસાંઈજીનાં લીલાવિશિષ્ટ વિવિધ સ્વરૂપો અને નામોમાં અભેદનો જ અનુભવ થાય છે. શ્રીમહાપ્રભુજીનો શુદ્ધાદ્વૈત સિદ્ધાંત છે કે ભગવાન તેમનાં નામરૂપના અભેદથી જગતમાં ક્રીડા કરે છે. એ જ ક્રીડા ભગવાન તેમનાં નામરૂપના અભેદથી ભક્તોના આંતર જગત-અંતઃકરણ-માં પણ કરે છે. આથી શ્રીરઘુનાથજી શ્રીગુસાંઈજીનાં તે દિવ્ય નામોનો જ આશ્રય કરે છે.

ભગવન્નામમાં આવી શ્રદ્ધા શ્રીગુસાંઈજીના આન્યોરવાસી એક મુગ્ધ વ્રજવાસી સેવકને થઈ હતી. શ્રીગુસાંઈજીએ તેને દૂર રહેવા 'પરે' કહ્યું. વ્રજભાષામાં 'પરે' એટલે દૂર રહેવું. તે મુગ્ધ સેવકે 'પરે' શબ્દને તેના શ્રીઠાકોરજીનું નામ માની લીધું. તેમને નામ અને રૂપની અભેદતાથી શ્રીઠાકોરજીમાં ઉત્કટ શુદ્ધ પ્રેમ થતાં, શ્રીનાથજીને 'પરે' બની, તે સેવકની પાસે પધારવું પડ્યું.

શ્રીરઘુનાથજી સમજાવે છે કે ભક્ત ભગવન્નામનો દૃઢ આશ્રય સેવે તો તેના માટે તે નામ જ સ્વરૂપાત્મક બની જાય છે. આથી છીતસ્વામીજી ગાય છે :

શ્રીવિઠ્ઠલનાથ રસ અમૃત પાન સદા તૂં કર રે રસના ।
જો તૂં અપનો ભલો ચાહે તો યહ બ્રત જિય ધર રે રસના ॥
યા રસ કે પ્રતિબંધક જે તેં, તિન તેં તૂ અતિ ડર રે રસના ।
હરિ કો બિમલ જસ ગાવત નિરંતર,
જાત વિઘ્ન સબ ટર રે રસના ॥
બારબાર કહત હૌં યહ મારગ અનુસર રે રસના ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
આનંદ ઉરમેં ભર રે રસના ॥''

શ્રીરઘુનાથજી આવાં દિવ્ય નામોનો આશ્રય કરવાના બે હેતુ બતાવે છે. (૧) તેમના ઉચ્ચારથી જીવનાં અનિષ્ટોનું નિવારણ થાય છે. (૨) જીવને ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ એટલે પુરુષાર્થ. આથી, ભગવન્નામોચ્ચાર અલૌકિક પુરુષાર્થ રૂપ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે શ્રીઠાકોરજીનાં ચરણકમળનું સ્મરણ અને સેવન મોક્ષ પુરુષાર્થ છે, તે બંને કદાપિ છોડવાં નહીં. સૂરદાસજીએ પણ કહ્યું : ''દુઃખહરની સુખકરની શ્રીયમુનાજી, જો જન પ્રાત ઊઠિ ગાવૈ.''

આ બે હેતુ સૂચવવા શ્રીરઘુનાથજી નામને સૂર્યનું રૂપક આપે છે, તેથી અહીં રૂપક અલંકાર છે. 'વિવરણ'કાર સૂર્ય કરતાં નામની શ્રેષ્ઠતા બતાવે છે, તેથી 'વિવરણ'માં વ્યતિરેક અલંકાર છે.

ચાર બાબતોમાં સૂર્ય અને નામ વચ્ચે સમાન ગુણ છે.

સૂર્ય	**નામ**
(૧) સૂર્ય રાત્રિના અંધકારને દૂર કરે.	(૧) નામ પાપ રૂપી અંધકારને દૂર કરે.
(૨) સૂર્ય બાહ્ય અંધકારને જ દૂર કરે. ઘરની અંદરના અંધકારને દૂર ન કરી શકે.	(૨) નામ જીવનાં અંદર બહારનાં મન, વાણી અને વર્તનનાં સર્વ પાપોને દૂર કરે.
(૩) સૂર્ય આથમતાં ફરી અંધકાર થાય.	(૩) નામોચ્ચારથી પાપો મૂળમાંથી કાયમ માટે નાશ પામે.
(૪) સૂર્યનો ઉદય અને અસ્ત કાલને અધીન છે.	(૪) નામોચ્ચાર કાલને અધીન નથી. કાલનો ભય પણ દૂર કરે.

આ સ્તોત્રનાં ૧૦૮ નામોનાં અહર્નિશ રટણથી પાપ રૂપી પ્રતિબંધો અને અજ્ઞાન રૂપી અંધકાર દૂર થતાં, આપણું અનિષ્ટ નિવૃત્ત થાય છે. અગ્નિ સોનાની અશુદ્ધિઓ બાળી, સોનાને શુદ્ધ કરે, તેમ વિરહતાપરૂપી અગ્નિયુક્ત ભગવન્નામ આપણી આંતરબાહ્ય સર્વ અશુદ્ધિઓ બાળી આપણને શુદ્ધ કરે.

શ્રીગુસાંઈજીએ એક સેવકને આજ્ઞા કરીઃ તું શ્રીગિરિરાજજીની દંડવતી શિલાની સામે બેસી છ મહિના સુધી

શ્રીઅષ્ટાક્ષરમંત્રનો અને પછી બીજા છ મહિના શ્રીપંચાક્ષરમંત્રનો જપ કર - આ પ્રમાણે તે વૈષ્ણવે કરતાં, તેમનું અંતઃકરણ શુદ્ધ થતાં, તેમને શ્રીઠાકોરજીનાં સાક્ષાત્ દર્શન થવા લાગ્યાં.

શ્રીગુસાંઈજીના સેવક ચાચા હરિવંશજી સતત શ્રીઅષ્ટાક્ષર જપતા. તેથી તેમને શ્રીઅષ્ટાક્ષર સિદ્ધ થયેલો. એક વખત મથુરાથી રાતે ગોકુળ પહોંચવા નાવ ન મળવાથી તેઓ શ્રીઅષ્ટાક્ષર જપતા શ્રીયમુનાજીના જળ ઉપર ચાલવા લાગ્યા. તેમની બરોબરી કરવા જતાં બીજા સાધારણ વૈષ્ણવ ડૂબવા લાગ્યા. ભગવન્નામોચ્ચારનો આ પ્રભાવ છે.

આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: સદા ઈર્ષા અને લોભ છોડીને શ્રીઠાકોરજીનું ગુણગાન કરવું.

કૃષ્ણદાસજી તેમનો અનુભવ ગાય છે :

કૃષ્ણ શ્રીકૃષ્ણઃ શરણં મમ ઉચ્ચરૈ ।
રૈન દિન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરૈ ॥

હોત હરિરૂપ બ્રજભૂપ ભાવે સદા,
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરૈ ।
રહત નિસ દિવસ આનંદ ઉરમેં ભયો,
અગમ ભવ સિંધુ કો બિના સાધન તરૈ ॥

રમા સિવ સેસ સનકાદિ સુક
સારદા બ્યાસ નારદ રટૈં પલક મુખ ના ટરૈં ।
નામ ગિરિધરન મહિમા અતુલ, જગમગે સરન,
'કૃષ્ણદાસ' કીર્તન નિગમ નિત્ય કરૈં ॥

બીજી પંક્તિમાં શ્રીરઘુનાથજી નામોચ્ચારનું અધિક ફળ બતાવે છે.

સૂર્ય	**નામ**
૧. સૂર્યોદયથી અંધકાર નાસે.	૧. નામોચ્ચારથી પાપ નાશ પામે.
૨. અંધકાર જતાં કમળ ખીલે	૨. પાપ જતાં હૃદય કમળ ખીલે.
૩. કમળની સુગંધ સર્વત્ર પ્રસરે.	૩. હૃદયકમળની ભક્તિની સુગંધ પ્રસરે.
૪. કમળની સુગંધથી ભ્રમરો ખેંચી આવે છે.	૪. ભક્તિની સુગંધથી ખેંચાઈને શ્રીઠાકોરજી ભક્તના હૃદયમાં પધારે છે.

આપણા ઉત્કટ પ્રેમની અભિવ્યક્તિ રૂપે થતો નામોચ્ચાર પ્રભુને પણ વશ કરે છે. 'વિવરણ'કારના મતે આ જ ભક્તનું પરમ ફળ-ઈષ્ટપ્રાપ્તિ છે.

આગ્રાના વતની ગુલાબદાસ શ્રીગુસાંઈજીના સેવક હતા. સેવકનો ઉદ્ધાર શ્રીગુસાંઈજી કેવી રીતે કરે છે, તે ચકાસવા તેમણે વૈષ્ણવી જીવન જીવવાને બદલે ભોગવિલાસમય જીવન જીવવા માંડ્યું; પરંતુ મનમાં શ્રીગુસાંઈજીના નામનું રટણ કરતા રહ્યા. પરિણામે તેમના અંતકાળે કૃપાનિધાન શ્રીગુસાંઈજીએ એક વૈષ્ણવને તેમની પાસે મોકલ્યા. તે વૈષ્ણવે ગુલાબદાસને કહ્યું: "શ્રીગુસાંઈજી તમને યાદ કરે છે." આ સાંભળતાં જ તેમને ઉત્કટ વિરહતાપ થયો. તેમના પ્રાણ છૂટી ગયા. તેમને નિત્યલીલાની પ્રાપ્તિ થઈ.

'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાલદાસભાઈ ગાય છે :

"શ્રીવિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નરનારી;
દુર્ગતિ સકલ નિવારી, પ્રગટ્યા શ્રીવ્રજપતિ રાસવિહારી."

છીતસ્વામીજી ગાય છે :

શ્રીવલ્લભલાલ કે ગુન ગાઊં ।
માધુરી માધુરી મૂરતિ દેખેં
આનંદસદન મદનમોહન નેન ચેન પાઊં ॥
શ્રીવલ્લભનંદન જગતવંદન સીતલ ચંદન તાપ હરન
યેહી મહાપ્રભુ ઈષ્ટ કરન ચરનન ચિત્ત લાઊં ।
'છીતસ્વામી' મન-વચ-કર્મ પરમ ધર્મ
યેહી મેરે લાડિલે લડાઊં ॥

શ્લોક-૨ :

આનુષ્ટુભમિહચ્છન્દ ઋષિરગ્નિકુમારજઃ ।
સર્વશક્તિસમાયુક્તો દેવઃ શ્રીવલ્લભાત્મજઃ ॥૨॥
વિનિયોગઃ સમસ્તેષ્ટ સિદ્ધ્યર્થે વિનિરૂપિતઃ ॥૨$\frac{૧}{૨}$॥

શબ્દાર્થ :

આનુષ્ટુભમિહચ્છન્દઃ (આનુષ્ટુભમ્ + ઈહ + છંદઃ) = અહીં (આ સ્તોત્રમાં) અનુષ્ટુપ છંદ છે; **ઋષિરગ્નિકુમારજઃ**

(ઋષિઃ + અગ્નિકુમાર + જઃ) = ઋષિ શ્રીઅગ્નિકુમાર (શ્રીગુસાંઈજી)ના પુત્ર (શ્રીરઘુનાથજી) છે; **સર્વશક્તિસમાયુક્તો** (સર્વશક્તિસમાયુક્તઃ) (શક્તિ = લીલા અને લીલાપરિકર) = સર્વ લીલા અને લીલા પરિકર સહિતના; **દેવઃ** = (આ સ્તોત્રના અધિષ્ઠાતા) દેવતા; **શ્રીવલ્લભાત્મજઃ** = (શ્રીવલ્લભ + આત્મજઃ) = શ્રીમહાપ્રભુજીના પુત્ર (શ્રીગુસાંઈજી) છે; **વિનિયોગઃ** = (આ સ્તોત્રનો) ઉપયોગ **સમસ્તેષ્ટ સિદ્ધયર્થે** (સમસ્ત + ઈષ્ટ + સિદ્ધિ + અર્થે) (સમસ્ત = સર્વ ભક્તો) = સર્વ ભક્તોના મનોરથોની સિદ્ધિ માટે; **વિનિરૂપિતઃ** = સારી રીતે કહેવાયો છે.

શ્લોકાર્થ :

અહીં - આ સ્તોત્રમાં - અનુષ્ટુપ છંદ છે. તેના ઋષિ શ્રીઅગ્નિકુમાર (શ્રીગુસાંઈજી)ના પુત્ર શ્રીરઘુનાથજી છે. આ સ્તોત્રના અધિષ્ઠાતા દેવતા સર્વલીલા અને લીલાપરિકર સહિત શ્રીમહાપ્રભુજીના પુત્ર શ્રીગુસાંઈજી છે. આ સ્તોત્રનો ઉપયોગ સર્વ ભક્તોના મનોરથોની સિદ્ધિ માટે સારી રીતે કહેવાયો છે. (૨$\frac{૧}{૨}$)

વિવરણ :

શ્રીગુસાંઈજીનાં આ ૧૦૮ નામો મંત્રરૂપ છે, તેથી તેમનો છંદ વગેરે દોઢ શ્લોકથી કહે છે.

આ મંત્રાત્મક સ્તોત્રમાં અનુષ્ટુપ છંદ છે. આ મંત્રના વક્તા - ઋષિ શ્રીઅગ્નિકુમાર - શ્રીગુસાંઈજીના પુત્ર શ્રીરઘુનાથજી છે.

શક્તિઓ એટલે લીલાઓ. સમાન એટલે પોતાના જેવી. સખ્ય ભક્તિ પ્રાપ્ત કરનાર સર્વ લીલાઓમાં સંમિલિત એવા સર્વ ભક્તો સહિતના શ્રીવલ્લભનંદન શ્રીગુસાંઈજી આ મંત્રના દેવ - અધિષ્ઠાતા અર્થાત્ ફલાત્મક છે. તેમનાં નામોમાં તેમનું સ્વરૂપ, લીલા અને તેમના ભક્તો રહેલા છે, એમ સૂચવવા 'સર્વશક્તિસમાયુક્તઃ' વિશેષણ આપ્યું. બાકી શ્રીવલ્લભનંદન દેવતા છે એમ કહેવું પૂરતું હતું.

સમસ્ત ભક્તોને ઈષ્ટ ભગવત્પ્રાપ્તિ છે. આ સ્તોત્રના વિનિયોગથી - રટણથી - સર્વ ભક્તોને ભગવત્પ્રાપ્તિ અવશ્ય થશે એમ કહ્યું.

'સમસ્ત'નો બીજો અર્થ છે મોક્ષ. પુષ્ટિમાર્ગીય મોક્ષ એટલે આ દેહે અને દેહ છૂટ્યા પછી ભગવલ્લીલાની પ્રાપ્તિ. આ ફળ સિદ્ધ કરવા માટે આ નામમંત્ર છે. તેમ વિશેષ રૂપે કહેવામાં આવ્યું છે.

વિવરણભાષ્ય :

જે આર્ષ - દિવ્ય - દર્શન કરે તે ઋષિ. અષ્ટાંગયોગ સમાધિમાં યોગી-જ્ઞાનીઓને હૃદયમાં અલૌકિક પ્રકાશ થતો. તેમાં ધ્યાનસ્થ સ્વરૂપનો અનુભવ થતો. એ અનુભવ વિના પ્રયાસે તેમની વાણીમાંથી શબ્દરૂપે પ્રકટ થતો. તેઓ વિશેષ ધ્યાન દ્વારા આ હૃદયાત્મક અને શબ્દાત્મક અનુભવનું મનમાં મનન કરતા. તેથી તેઓ 'મુનિ' કહેવાયા.

સમાધિ દ્વારા થયેલ આ રૂપાત્મક અને નામાત્મક અનુભવ તેઓ પોતાના યોગ્ય અધિકારી શિષ્યોને વિશેષ વારસા રૂપે કાનમાં ગુપ્ત રીતે- કહેતા. તે વાણીની ગુપ્તતા અને દિવ્યતાને કારણે તે 'મંત્ર' કહેવાતી. ''મનનાત્ ત્રાયતે રક્ષ્યતે ઈતિ મંત્રઃ।''

આવો ભગવન્નામાત્મક મંત્ર શબ્દબ્રહ્મ છે. તેમાં તે તે દેવનું રૂપ છુપાયેલું છે. મહાનુભાવો દ્વારા તે સિદ્ધ થયેલો હોવાથી ફલાત્મક છે.

વેદમાર્ગ પ્રમાણમાર્ગ-સાધનમાર્ગ છે. તેના અંતર્ગત પુષ્ટિમાર્ગ પ્રમેયમાર્ગ-કૃપામાર્ગ છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપા જ સાધન છે. આથી પુષ્ટિભક્તોને અષ્ટાંગયોગસમાધિની જરૂર નથી. ભગવાન પ્રત્યેનો તેમને નિષ્કામ પ્રેમ જ સહજ સમાધિ રૂપ બની તેમને વિપ્રયોગરસનું દાન કરે છે. વિપ્રયોગની ભાવાત્મક સ્થિતિ પ્રેમયોગની સહજ સમાધિ છે. તે સ્થિતિમાં પુષ્ટિભક્તને વિના આયાસ શ્રીઠાકોરજી, તેમની સર્વ લીલા અને તેમના સર્વ લીલાપરિકરનાં દિવ્ય દર્શન તેમના અંતઃકરણમાં થાય છે. તે અનુભવ તેમની વાણી દ્વારા શબ્દ રૂપે પ્રકટ થાય છે. પુષ્ટિમાર્ગના ભક્તઋષિઓની આ અનુભવી વાણી નામમંત્રાત્મક છે.

શ્રીઠાકોરજી દિવસે વ્રજમાંથી વનમાં ગાયો ચારવા પધારતા, ત્યારે વ્રજગોપિકાઓને શ્રીઠાકોરજીનો ઉત્કટ વિપ્રયોગ થતો. તે ભાવાવસ્થામાં તેમને વનમાં થતી શ્રીઠાકોરજીની લીલાઓનો અનુભવ અંતઃકરણમાં થતો, જે તેમણે 'વેણુગીત', 'યુગલગીત'માં ગાયો છે. ''દિવસે સર્વે શ્યામા મળી, રસરૂપ તવ યશ ગાયે જી.''

આપણી વેદપરંપરામાં મંત્રના અનુષ્ઠાન માટે મંત્રદૃષ્ટા ઋષિ, મંત્રનો છંદ, મંત્રના અધિષ્ઠાતા દેવ, મંત્રથી થનારી ફળપ્રાપ્તિનું જ્ઞાન મંત્રસાધક માટે જરૂરી છે. આ સર્વ બાબતોના ચિંતનપૂર્વક તે મંત્રનું અનુષ્ઠાન કરવું જોઈએ.

કેટલાક મંત્રો નિષ્કામ છે. કેટલાક સકામ છે. કેટલાક વૈદિક છે, કેટલાક સ્માર્ત છે. કેટલાક ઉત્તમ છે, કેટલાક હીન છે. કેટલાક નિર્ગુણ, કેટલાક સાત્ત્વિક, કેટલાક રાજસ અને કેટલાક તામસ છે. કેટલાક મંત્રો માત્ર પ્રભુની સ્તુતિના જ હોવાથી, તેમને 'સ્તોત્ર' કહેવામાં આવે છે. નિષ્કામભાવે આ મંત્રાત્મક સ્તોત્રના જપ પાઠથી પ્રભુ પ્રસન્ન થઈ, વગર માગે સર્વોત્તમ ફળ આપે છે.

'શ્રીનામરત્નસ્તોત્ર આવું વૈદિક, નિર્ગુણ, નિષ્કામ, ઉત્તમ મંત્ર તુલ્ય સ્તોત્રાત્મક નામમંત્ર છે. તેથી તે સ્વરૂપાત્મક અને ફલાત્મક છે. એમ સૂચવવા આ દોઢ શ્લોકમાં શ્રીરઘુનાથજીએ તેનું મંત્ર સ્વરૂપ સમજાવ્યું છે.

મંત્રનો ઉચ્ચાર છંદોબદ્ધ લયથી કરવો જોઈએ. તેથી છંદનું જ્ઞાન જરૂરી છે. આ સ્તોત્રનો છંદ અનુષ્ટુપ છે. તે વૈદિક છંદ છે. મહર્ષિ વાલ્મીકિને પારધી દ્વારા તમસા નદીના ક્રૌંચ પક્ષીયુગલ પૈકીના નરક્રૌંચની હત્યા થતાં, માદા ક્રૌંચના વિલાપના અનુભવે વિષાદ જન્મ્યો. તેની ઉત્કટ સંવેદનામાંથી પારધીને શાપ આપતી ઋષિવાણી આ છંદમાં પ્રકટી, તે છંદમાં તેમણે 'રામાયણ'ની રચના કરી. આમ આ છંદનું પ્રાકટ્ય વાલ્મીકિના મુખમાંથી તો લૌકિક પ્રેમીના વિરહના શોકમાંથી થયું હતું. આ સ્તોત્રમાં તે જ છંદ અલૌકિક વિરહભાવની ઉત્કટતામાંથી પ્રકટેલ ભગવન્નામાત્મક વાણી માટે વપરાયો છે. આ છંદમાં બે ચરણ સોળ સોળ અક્ષરનાં અથવા ચાર ચરણ આઠ આઠ અક્ષરનાં છે. તે રૂપમેળ પ્રકારનો છંદ છે. તેનાં બે ચરણ શ્રીયુગલ સ્વરૂપનાં ભાવનાં છે. અહીં શ્રીયુગલ સ્વરૂપ રૂપે શ્રીગુસાંઈજી અને શ્રીનાથજી, શ્રીગુસાંઈજી અને શ્રીચંદ્રાવલીજી, સેવ્ય અને સેવક સ્વરૂપે શ્રીગુસાંઈજી છે. તેમના ષોડશ શૃંગાર રૂપ સોળ અક્ષર એક એક ચરણમાં છે. આઠ અક્ષરે યતિ - અટકસ્થાન છે. સરળતાથી ગાન કરી શકાય તેવો આ છંદ એમ સૂચવે છે કે સાચા પુષ્ટિભક્તને આ શ્રીયુગલસ્વરૂપની પ્રાપ્તિ સરળ છે.

આ નામમંત્રાત્મક સ્તોત્રના વક્તા-ઋષિ શ્રીરઘુનાથજી છે. તેઓ પોતાના માટે **'અગ્નિકુમારજઃ'** પદ પ્રયોજે છે. તે પદ દ્વારા તેઓ ભગવન્મુખારવિંદ અગ્નિ-વૈશ્વાનર-સ્વરૂપની તેમની સીધી પરંપરાનો નિર્દેશ કરે છે. અગ્નિ = શ્રીમહાપ્રભુજી - અગ્નિકુમાર = શ્રીગુસાંઈજી - અગ્નિકુમરાજ = શ્રીરઘુનાથજી. આ પદ દ્વારા તેમણે તેમનો 'ઋષિ' પદનો ઉત્તમ અધિકાર સિદ્ધ કર્યો છે.

શ્રીદ્વારકેશજી 'મૂલપુરુષ'માં સમર્થન આપે છે :

''મહા અલૌકિક અગ્નિકુલ સબ, અલૌકિક અષ્ટછાપ હૈ ।
અલૌકિક સબ ભક્તજન, જો સરન લીને આપ હૈ ॥''

શ્રીરઘુનાથજીની મતિ, ગતિ અને રતિ સદા શ્રીવિઠ્ઠલેશ જ છે. તેમને શ્રીગુસાંઈજીના દિવ્ય સ્વરૂપનો સવિશેષ અનુભવ છે. તેથી તેમણે શ્રીગુસાંઈજી વિષયક અન્ય સ્તોત્રો ''શ્રીવિઠ્ઠલેશસ્તવઃ'', ''શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્'', ''વહ્નિસૂનુસ્તવઃ'', ''નામચિંતામણિસ્તોત્રમ્'', ''નામકૌસ્તુભાખ્ય સ્તોત્રમ્''ની રચના પણ કરી છે. આ સર્વ સ્તોત્રો શ્રીરઘુનાથજીના 'ઋષિ' પદને યથાર્થ કરાવે છે.

આ મંત્રના દેવતા-અધિષ્ઠાતા શ્રીવલ્લભનંદન-શ્રીગુસાંઈજી છે.

શ્રીરઘુનાથજીએ 'દેવ' પદ પ્રયોજ્યું છે. 'દિવ્' ધાતુ પરથી 'દેવ' શબ્દ બન્યો. 'દિવ્' ધાતુના દસ અર્થ છે :

(૧) ક્રીડા - ધર્મ માર્ગે નિર્દોષ, નિષ્કામ, દિવ્ય ક્રીડા કરવી.
(૨) વ્યવહાર - ભક્તો સાથે કૃપાના સંબંધે વ્યવહાર કરવો.
(૩) વિજિગીષા - અલૌકિક રસાત્મક ક્રીડાઓની ઈચ્છાવાળા અને તેમાં તત્પરતાવાળા.
(૪) યુતિ - ભક્તો સાથે લીલાત્મક સંબંધ જોડતા.
(૫) સ્તુતિ - ભક્તોથી સ્તુતિ કરાતા.
(૬) મોદ - ભક્તોને પૂર્ણાનંદનું દાન કરતા.
(૭) મદ - ભક્તોનો ભાવ વધારતા અને માન તોડતા.
(૮) સ્વ - ભક્તોના ભાવને માણતા.
(૯) કાન્તિ - વિવિધ કટાક્ષો દ્વારા લીલેચ્છા વ્યક્ત કરતા.
(૧૦) ગતિ - ભક્તોની સામે પધારતા.

આ દસ પ્રકારે લીલા કરનાર 'દેવ'. તેથી 'દેવ' એટલે પરબ્રહ્મ, પરમાત્મા, ભગવાન શ્રીકૃષ્ણ. શ્રીગુસાંઈજી શ્રીકૃષ્ણસ્વરૂપ છે એમ સૂચવવા 'દેવ' પદ છે.

શ્રીગુસાંઈજી માટે બીજું વિશેષણ વપરાયું - 'સર્વશક્તિ-સમાયુક્તઃ' 'વિવરણ' કારના મતે શક્તિ શબ્દના બે અર્થ છે. (૧) લીલાઓ (૨) ભક્તો - સ્વામિનીઓ. શ્રીઠાકોરજીએ વ્રજગોપિકાઓને રાસલીલાનું દાન કરતાં પહેલાં તેમનામાં પોતાનું અશેષ સામર્થ્ય સ્થાપ્યું. તેમને પોતાનાં સમાન ધર્મવાળાં- સમાયુક્ત - બનાવ્યાં. શ્રીગુસાંઈજીએ તેમના સેવક ગોવિંદ-સ્વામીને પોતાના સમાન સામર્થ્યવાળા બનાવી, એમને પણ પોતાની સાથે સદેહે નિત્યલીલાપ્રવેશ કરાવ્યો.

શ્રીગુસાંઈજીનાં આ નામોથી ભક્તો સહિત સર્વલીલામાં તત્પર હોવાનું સમજાય છે. શ્રીગુસાંઈજીનાં ત્રણ સ્વરૂપોનું નિરૂપણ છે : (૧) શ્રીસ્વામિની-શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ (૨) શ્રીઠાકોરજી - શ્રીભગવત્ સ્વરૂપ (૩) આચાર્ય-ગુરુ સ્વરૂપ - સેવક સ્વરૂપ આ ત્રણ સ્વરૂપના નિરુપણમાં પ્રથમ ત્રણ નામો તે તે સ્વરૂપના બીજ રૂપે છે. (૧) શ્રીવિઠ્ઠલઃ - શ્રીઠાકોરજી (સેવ્ય) સ્વરૂપ (૨) કૃપાસિંધુઃ - આચાર્ય સ્વરૂપ (૩) ભક્તિ વશ્યઃ - શ્રીસ્વામિની (સેવક) સ્વરૂપ. બાકીનાં ૧૦૫ નામો પૈકી ૩૫, ૩૫, ૩૫ નામો આ ત્રણ સ્વરૂપોનું નિરૂપણ કરનારાં છે.

આ નામોમાં આ ત્રણ સ્વરૂપોથી શ્રીગુસાંઈજીની ભોકતા અને ભોજય રૂપની રસપ્રચુર લીલાઓનો વિલાસ છે. પુષ્ટિ-માર્ગમાં શક્તિ સ્વરૂપ શ્રીસ્વામિનીઓ અને તેમના સંગમાં કરેલી લીલાઓ છે. **'લક્ષ્મી સહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।'**

એક મુગ્ધ બાઈને તેની સાસુ શ્રીગુસાંઈજી પાસે લાવી. તેણે વિનંતી કરીઃ ''મારી વહુને સેવક કરો.'' શ્રીગુસાંઈજીએ તેને નામમંત્ર આપવા, અષ્ટાક્ષર બોલાવવા માંડ્યો. પરંતુ તે મુગ્ધ બાઈની જીભે તે મંત્ર ચડ્યો નહીં. આથી શ્રીગુસાંઈજીએ તેને પૂછ્યું : ''તને મારું નામ આવડે છે?'' તે બાઈ બોલી : ''વિઠ્ઠલ.'' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ''તું તેનું રટણ કરજે. તે નામ તને ફળ આપશે.''

આમ શ્રીગુસાંઈજી આ નામમંત્રોના અધિષ્ઠાતા દેવ છે.

છેલ્લા ચરણમાં નામમંત્રોના રટણનું ફળ બતાવ્યું. સમસ્ત ઈષ્ટની પ્રાપ્તિ.

મર્યાદા માર્ગીય જીવોનું ઈષ્ટ મોક્ષ છે. પુષ્ટિ માર્ગીય જીવોનું ઈષ્ટ મોક્ષ નથી. પુષ્ટિભક્તોએ કહ્યું : ''મુક્તિ લોન સી ખારી.''

શ્રીદયારામભાઈ કહે છે :

''વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહીં આવું.'' ''મુક્તિ મન ન આવે રે.''

બીજા ભગવદીયે ગાયું :

''સેવા મદનગોપાલ કી મુક્તિ હિ તેં મીઠી.''

પુષ્ટિજીવોનું ઈષ્ટ છે શ્રીગોલોકનાથ અને તેમની લીલા-ઓનો સ્વરૂપાનંદ. તેમની આ ઈષ્ટની પ્રાપ્તિ માટે આ નામમંત્રો છે. શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઈજીનાં અન્ય નામો ''નામ ચિંતા મણિસ્તોત્રમ્'' અને ''નામ કૌસ્તુભાખ્ય સ્તોત્રમ્''માં પ્રકટ કર્યાં છે. આ ત્રણે નામસ્તોત્રોને રત્ન, ચિંતામણિરત્ન અને કૌસ્તુભમણિરત્ન રૂપ કહ્યાં છે. આ રત્નો દિવ્ય-દુર્લભ છે. તે લૌકિક કામનાઓ માટે વેડફી ન નંખાય.

શ્રીગોપાલદાસભાઈ, આથી ગાય છે :

''શ્રીવલ્લભકુંવર કોડામણા,
તમારું નામ નિરંતર લીજે જી;
રૂપ સુધારસમાધુરી તે,
લોચન ભરી ભરી પીજે જી.''

■

(૧) શ્રીવિઠ્ઠલઃ



આગ્રાનાં ભોળાં ક્ષત્રાણી, જેઓ શ્રીગુસાંઈજી સિવાય કંઈ જાણતાં ન હતાં, તેઓ શ્રીગુસાંઈજી પાસે નામમંત્રની દીક્ષા લેવા આવ્યાં ત્યારે, પ્રયત્ન કરવા છતાં મંત્ર બોલી ન શકતાં, શ્રીગુસાંઈજી તેમને 'શ્રી વિઠ્ઠલ' નામનું રટણ કરવા આજ્ઞા કરે છે.

(૧) શ્રીવિઠ્ઠલઃ - શ્રીવિઠ્ઠલાય નમઃ
શ્રીવિઠ્ઠલ

વિવરણ :

શ્રીવિઠ્ઠલ નામનો અર્થ છે - ભગવત્‌સ્વરૂપ અને તેમની ભક્તિના જ્ઞાનથી શૂન્ય અને તેમના સંબંધરહિત સર્વ જીવોને કર્મ, જ્ઞાન, ઉપાસના જેવા માર્ગોએ ભટકતા બચાવી, સ્વમાર્ગ પુષ્ટિમાર્ગમાં સ્વીકાર કરે - શરણે લે, તે વિઠ્ઠલ.

શ્રીગુસાંઈજીનાં સર્વ નામો શુભ રૂપ છે, તેમ સૂચવવા આરંભમાં 'શ્રી' પદ છે.

ભગવાનના છ ગુણો શ્રીગુસાંઈજીમાં છે. તે છ ગુણો તેમના 'શ્રીવિઠ્ઠલ' નામમાં પણ છે.

(૧) **ઐશ્વર્ય - અન્ય કોઈ સાધનથી પ્રાપ્ત ન થાય એવા ભગવાનની પ્રાપ્તિ કરાવવી.**

(૨) **વીર્ય - કર્મ, જ્ઞાન, ઉપાસનાના માર્ગે ચાલવાથી થતા દેહદમનના ક્લેશને દૂર કરવો.**

(૩) **યશ - ઉપરના બે ગુણોથી શ્રીગુસાંઈજીનો યશ સર્વત્ર પ્રસિદ્ધ છે. અસાધારણ કાર્ય કરવાથી યશવિસ્તાર થાય.**

(૪) **શ્રી - 'શ્રી' વર્ણમાં શ્રીગુણ છે - 'શ્રી' એટલે શોભા, સુંદરતા, શક્તિ.**

(૫) **જ્ઞાન - 'વિદ્‌' = જાણવું. તેમનામાં જ્ઞાનગુણ પ્રસિદ્ધ છે.**

(૬) **વૈરાગ્ય - 'ઠ' = રાગનો અભાવ. તેમનામાં વૈરાગ્ય ગુણ પણ છે.**

આ છ ગુણોને 'લ' = ધારણ કરનાર માટે 'શ્રીવિઠ્ઠલ.'

ભગવાન શ્રીકૃષ્ણની જેમ શ્રીવિઠ્ઠલ ષડ્‌ગુણસંપન્ન છે, તેથી શ્રીવિઠ્ઠલ શ્રીકૃષ્ણ જ છે. (સરખાવોઃ 'યેહી તેહી, તેહી યેહી કછુ ન સંદેહ.')

નારદજી જેવા જીવકોટિના મહાત્માઓને પણ 'ભગવાન' કહ્યા છે. એ અર્થમાં 'શ્રીવિઠ્ઠલ' ભગવાન નથી. શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ હોવાથી, ભગવાન છે, શ્રીવિઠ્ઠલ સચ્ચિદાનંદરૂપે સાક્ષાત્‌ શ્રીકૃષ્ણ છે.

જગતમાં બધા આનંદનો આશ્રય કરે છે. આનંદ ભગવાનનું સ્વરૂપ છે. રાજામાં ભગવાનનો આનંદ અંશ હોવાથી, પ્રજા રાજાનો આશ્રય કરે છે. ભિખારીમાં ભગવાનનો આનંદ અંશ ન હોવાથી, કોઈ ભિખારીનો આશ્રય કરતું નથી. 'શ્રીવિઠ્ઠલ'માં 'શ્રી' પદનો અર્થ આનંદ છે. શ્રીગુસાંઈજી આનંદરૂપ હોવાથી આનંદના દાતા છે.

''વિદ્‌'' એટલે જ્ઞાન. જ્ઞાન ચૈતન્યરૂપ - ચિત્‌ તત્ત્વવાળું છે. ''ઠ'' એટલે શૂન્ય. ''લ'' એટલે સ્વીકાર.

ઘડો તૈયાર થતાં, ઘડાનો અભાવ રહેતો નથી. તેમ શ્રીગુસાંઈજી સદ્‌ રૂપ - સ્વરૂપાત્મક રૂપે પ્રકટ થયા છે. તેમણે શૂન્યતા દૂર કરી છે.

આમ 'શ્રીવિઠ્ઠલ'માં સત્‌, ચિત્‌, આનંદ તત્ત્વ વિદ્યમાન છે. તેથી તેમનું સચ્ચિદાનંદત્વ - શ્રીકૃષ્ણત્વ સિદ્ધ છે.

ભક્તોના ઉદ્ધાર માટે જ તેમનું પ્રાકટ્ય છે.

વિવરણભાષ્ય :

રાસલીલા પૂર્વે ભગવાને વેણુનાદ કરતાં, ગોપીજનો વૃંદાવનમાં ભગવાન પાસે દોડી આવ્યાં. ભગવાને તેમને પ્રશ્નો પૂછી, તેમના સર્વાત્મભાવની કસોટી કરી. પછી રસદાન કર્યું. આ લીલા સ્વરૂપ તે શ્રીવિઠ્ઠલનાથજી.

એવી રીતે શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજી પણ શરણે આવવા ઉત્સુક જીવની પાત્રતાની કસોટી કરતા. શરણે લીધા પછી તેની કૃતિ જોયા વિના જ તેને ભગવત્‌પ્રાપ્તિ કરાવતા.

આમ 'શ્રીવિઠ્ઠલ' શબ્દમાં ગોવિંદ અને ગુરુ ઉભય સ્વરૂપે તેમનાં નામ અને રૂપની સંગતિ છે.

'શ્રીવિઠ્ઠલ' શબ્દમાં ચાર વર્ણ - અક્ષર છે. શ્રી + વિદ્‌ + ઠ + લ. આ ચાર વર્ણ ચાર સ્વામિનીજીઓના સંકેત રૂપ છે. શ્રી = લક્ષ્મી રૂપા શ્રીરાધિકાજી. વિદ્‌ = જ્ઞાનરૂપા વેદની શ્રુતિસ્વરૂપા શ્રીચંદ્રાવલીજી. ઠ = રાગરહિત શૂન્ય - જેમને સંસારનો રાગ સ્પર્શ્યો નથી તેવાં શ્રીકુમારિકાજી. લ = સ્વીકાર. સર્વ ભક્તોનો શ્રીઠાકોરજી પાસે સ્વીકાર કરાવનારાં શ્રીયમુનાજી ચારે પ્રકારનાં સ્વામિનીઓના ભાવનું સ્વરૂપ તે શ્રીવિઠ્ઠલ.

શ્રીરાધાજી તામસ યૂથનાં સ્વામિની. શ્રીચંદ્રાવલીજી રાજસ યૂથનાં સ્વામિની છે. શ્રીકુમારિકાજી સાત્ત્વિક યૂથનાં સ્વામિની છે. શ્રીયમુનાજી નિર્ગુણ યૂથનાં સ્વામિની છે. ભક્તોનાં આ

ચારે યૂથ સાથે શ્રીગુસાંઈજી પૃથ્વી પર પધાર્યા છે, તેથી પણ શ્રીવિઠ્ઠલ.

બેઠક ચરિત્ર સંગતિ :

પંઢરપુરમાં શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને ગૃહસ્થાશ્રમ સ્વીકારવાની આજ્ઞા કરી.

તેના ફળ સ્વરૂપે સં. ૧૫૭૨માં તેમને ત્યાં દ્વિતીય પુત્રનું ચરણાટમાં પ્રાકટ્ય થયું.

તે સમયે એક બ્રાહ્મણ દ્વારા શ્રીમહાપ્રભુજીને શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુનું સ્વરૂપ પ્રાપ્ત થયું.

આથી શ્રીમહાપ્રભુજીએ તેમના દ્વિતીય પુત્રના નામ સંસ્કાર ચરણાટમાં કરતાં, 'શ્રીવિઠ્ઠલ' નામ પાડ્યું.

શ્રીચરણાટનાં બેઠકજીના ધામમાં શ્રીવિઠ્ઠલનું રૂપાત્મક અને નામાત્મક સ્વરૂપ પ્રગટ થયું.

વાર્તા ચરિત્ર અને ચિત્ર સંગતિ :

૨૫૨ વૈષ્ણવોમાં આગ્રાનાં એક ક્ષત્રાણીની વાર્તા છે. તેઓ સ્વભાવે ખૂબ મુગ્ધ-ભોળા. એક દિવસ તેઓ શ્રીગુસાંઈજી પાસે નામમંત્રની દીક્ષા લેવા આવ્યાં. શ્રીગુસાંઈજીએ તેમને ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' બોલવા આજ્ઞા કરી. બહુ પ્રયત્ન કરવા છતાં તેઓ બોલી ન શક્યાં. આખરે શ્રીગુસાંઈજીએ તેમને પૂછયું : ''તમને મારું નામ આવડે છે?'' ક્ષત્રાણીએ હા પાડી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરીઃ ''તું મારું નામ લીધા કરજે.'' તે ક્ષત્રાણી શ્રીગુસાંઈજી સિવાય બીજું કંઈ જાણતાં ન હતાં. તેમની આવી અનન્યતા જોઈ, શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. તેમની કૃપાથી તે બાઈને શ્રીગોવર્ધનનાથજી દર્શન આપતા.

કીર્તન સંગતિ :

શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ રસના રટ મેરી ।

ગ્રંથન કો યહી સાર, યાહી તે હોત પાર,
તોસોં કહૌં તુવ હિત કેરી ॥

ચાહે જો ભલો તેરો, કહ્યો માન મેરો,
ભજી લેં શ્રીઘોષનાથ, ધન્ય જીવન તેરી ।
જગ કે જનકો સહાય, પ્રેમપૂંજ સુયસ ગાય,
અસત બાત દૂર કરો, વિષયા અરુઝેરી ॥

★ ★ ★ ★

આ નામ ધર્મી સ્વરૂપનું છે.

બ્રહ્મકુલ હરિ અવતર્યા તે ટાળવા ભૂમિભાર;
શ્રીનાથ વિઠ્ઠલ નામ નિરૂપમ વૃંદાવન શૃંગાર.

•

(૨) કૃપાસિંધુઃ - કૃપાસિંધવે નમઃ

કૃપાના સાગર

વિવરણ :

શ્રીગુસાંઈજી ભક્તો માટે જ પ્રકટ થયા. એનું કારણ શું? તેઓ કૃપાના સાગર છે.

સાગરનો એક ગુણ અગાધતાનો છે. શ્રીગુસાંઈજીમાં પણ અગાધતાનો ગુણ છે.

સાગર તેની મર્યાદા ઓળંગતો નથી, તેમ શ્રીગુસાંઈજીની કૃપા પણ મર્યાદાનું ઉલ્લંઘન કરતી ન હોવાથી, તેઓ ક્યારે ય કઠોર બનતા નથી.

અતિવૃષ્ટિથી અન્ય જળાશયો છલકાય અને અનાવૃષ્ટિથી સુકાય. સાગર ન છલકાય કે ન સુકાય. શ્રીગુસાંઈજીની કૃપા સદા એક રસ - એક સરખી જ, હોય છે.

આથી શ્રીગુસાંઈજીને 'કૃપાસિંધુ' કહ્યા છે. બાકી કૃપાળુ કહી શકાત. આમ, તેમના પ્રાકટ્યમાં કૃપા જ કારણ છે.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજી દામોદરલીલાના પ્રસંગનાં 'શ્રીસુબોધિનીજી'માં ભગવત્કૃપાનું સ્વરૂપ સમજાવે છે. કૃપા ભગવાનનો ધર્મ છે. ભગવાનની સર્વ શક્તિઓમાં કૃપાશક્તિ સર્વ શિરોમણિ છે. ભગવાનના સર્વ અલૌકિક ધર્મો અને ધર્મી સ્વરૂપથી પણ વિશેષ બલવત્તર ભગવાનની કૃપા છે. મુગ્ધ ગોપી-યશોદાજી સર્વવ્યાપક, સર્વસામર્થ્યવાન અને સર્વતંત્ર સ્વતંત્ર અખિલ બ્રહ્માંડના નાથ ભગવાનને દોરડાથી બાંધે અને ભગવાન બંધાય એનું કારણ એમની કૃપા જ છે.

(૨) કૃપાસિંધુઃ



ઉપર : ધર્મદાસ નામના અંધ બ્રાહ્મણને ભીખ માગતો જોઈ, દયા આવતાં, શ્રીગુસાંઈજી તેના ઉપર કૃપાદૃષ્ટિ કરી તેને દેખતો કરે છે.

નીચે : ધર્મદાસને નાથદ્વારા લઈ જઈ, શ્રીનાથજીનાં દર્શન કરાવી, આપશ્રી તેને બ્રહ્મસંબંધ આપે છે.

કૃપા કાલ, કર્મ અને સ્વભાવની નિવર્તક છે. તે ભગવાનના પરાક્રમ (વીર્ય) રૂપ વિશેષ ધર્મ છે. ભગવાન નિત્ય છે, તેમ કૃપા પણ નિત્ય છે. સૂર્ય સાથે પ્રકાશનો અભેદ છે, તેમ ભગવાન સાથે કૃપાનો અભેદ છે.

કૃપા છ પ્રકારે અનુભવાય છે.

(૧) રક્ષા - ભગવાનની દૃષ્ટિ જ ભક્તોની અલૌકિક રીતે રક્ષા કરે છે.

(૨) કૃપા - તેના પ્રવેશથી ભક્તનું પોષણ થાય છે. ભક્ત પુષ્ટ થાય છે.

(૩) પ્રવેશ - કાર્ય સિદ્ધિ માટે ભગવાન જગતના પદાર્થોમાં પ્રવેશ કરી કાર્ય સિદ્ધ કરે છે.

(૪) અભિવૃદ્ધિ - ભક્તને જરૂરી પદાર્થોની વૃદ્ધિ થાય છે.

(૫) સ્થિતિ (પાલન) - ભગવાનની પોષણ, ઊતિ અને મન્વંતર - ત્રણ લીલાઓ ત્રણ સ્થિતિ રૂપ છે. આખા જગતનું ભગવાન પાલન કરે છે.

(૬) આશ્રય - ભગવાન સ્વયં ભક્તનો આશ્રય બને છે.

કૃપાનાં આ છ યે સ્વરૂપો શ્રીગુસાંઈજીના ચરિત્રમાં પ્રકટ છે.

બેઠક ચરિત્ર સંગતિ :

અમદાવાદમાં અસારવામાં ભાઈલા' કોઠારીના ઘરમાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે. એક દિવસ ત્યાં શ્રીગુસાંઈજી બપોરે ભોજન કરીને બિરાજતા હતા. તેમણે આંગણામાં અન્ય બાળકો સાથે નવ વર્ષના એક અજાણ્યા બાળકને જોયો. તેમણે ભાઈલા' કોઠારીને પૂછયું : ‘‘પેલો બાળક કોણ છે?'' કોઠારીજીએ કહ્યું : ‘‘ગોમતીનો વર છે.'' ગોમતી તેમની દીકરી થાય. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘‘ગોમતીનો વર સાગર હોય.'' કોઠારીજીએ કહ્યું : ‘‘રાજની કૃપાથી તેમ થશે.'' શ્રીગુસાંઈજીએ કૃપા કરી તે બાળકને બોલાવી, સ્વહસ્તે પોતાના મુખારવિંદનું ચર્વિત તાંબુલનું અધરામૃત તે બાળકના મોંમાં મૂક્યું. નવ વર્ષનો તે બાળક મૂંગો હતો. તે જ ક્ષણે તેના મુખમાંથી ‘‘શ્રીવલ્લભાખ્યાન'' પ્રગટ થયું. એ બાળક એટલે શ્રીગોપાલદાસભાઈ, અધરામૃતથી તેમનાં હૃદયચક્ષુ અને વાણી ખૂલી ગયાં. ‘‘મૂકં કરોતિ વાચાલં.''

કૃપા કાલ, કર્મ અને સ્વભાવની નિવર્તક છે. તે ભગવાનના પરાક્રમ (વીર્ય) રૂપ વિશેષ ધર્મ છે. ભગવાન નિત્ય છે, તેમ કૃપા પણ નિત્ય છે. સૂર્ય સાથે પ્રકાશનો અભેદ છે, તેમ ભગવાન સાથે કૃપાનો અભેદ છે.

વાર્તા ચરિત્ર - ચિત્ર સંગતિ :

એક દિવસ શ્રીગુસાંઈજી ગોકુળથી ગિરિરાજ પધારી રહ્યા હતા. રસ્તામાં અડીંગ ગામ પાસે એક અંધ બ્રાહ્મણને ભીખ માગતો જોયો. તેમને દયા આવી કે બિચારો આંખો વિના દુઃખી છે. તેના પર તેમણે કૃપાદૃષ્ટિ કરી કે તરત તે દેખતો થઈ ગયો.

વિશેષ કૃપા કરવા, તેને સાથે ગિરિરાજ લઈ ગયા. ત્યાં તેને શ્રીનાથજીનાં દર્શન કરાવ્યાં. શ્રીનાથજીએ તેને સેવક બનાવવા આજ્ઞા કરી. શ્રીગુસાંઈજીએ તેને બ્રહ્મસંબંધ કરાવ્યું. ‘શ્રીવલ્લભાષ્ટક' સ્તોત્ર શીખવ્યું. તે બ્રાહ્મણને તત્કાલ લીલાની સ્ફૂર્તિ થઈ. તેમનું નામ ધર્મદાસ.

કીર્તન સંગતિ :

પરમ કૃપાલ શ્રીવલ્લભનંદન
કરત કૃપા નિજ હસ્ત દૈ માથે ।
જે જન સરન જાત અનુસર હિ
ગ્રહી સૌંપત શ્રીગોવર્ધન નાથે ॥
પરમ ઉદાર ચતુર ચિંતામનિ
રાખત ભવધારા બહ જાતે ।
ભજ ‘કૃષ્ણદાસ' કાજ સબ સરહી
જો જાને શ્રીવિઠ્ઠલનાથે ॥

●

(૩) ભક્તવશ્યઃ



ઉપર : શ્રીગુસાંઈજીએ ગુજરાત પધારતાં રસ્તામાં બિરબલને ત્યાં રાત્રિમુકામ કર્યો છે. ■ **નીચે :** બીરબલના અજ્ઞાની વચનો સાંભળી, વહેલી પરોઢે, કોઈને કહ્યા વગર, આપશ્રી પોતાના ઘોડા ઉપર સવાર થઈ, ગુજરાત તરફ પધારવા નીકળી જાય છે.

(૩) ભક્તવશ્યઃ = ભક્તવશ્યાય નમઃ
તેઓ ભક્તોને વશ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી કૃપાના સાગર હોવાથી પોતાના ભક્તોને વશ થઈને રહે છે. સાથે - સાથે ભક્તોને વશ કરવા સમર્થ પણ છે. તેઓ ભક્ત આગળ પોતાના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી. તેમની કૃપાની આ ઉત્તમતા છે.

જ્યારે સમુદ્રમાં નદીનો સંગમ થાય છે, ત્યારે સમુદ્રના મુખથી નદી તરફ કેટલેક દૂર સુધી સમુદ્રનાં ઉછળતાં મોજાંઓનો વેગ જોવામાં આવે છે. આ વેગને જોતાં એમ લાગે છે કે સમુદ્ર તેની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે.

શ્રીગુસાંઈજી કૃપાસાગર છે. ભક્ત નદી સમાન છે. ભક્તને વશ કરવા અથવા ભક્ત દ્વારા વશ થવા માટે શું તેઓ પણ તેમના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરશે ખરા? એવો પ્રશ્ન તેમનું કૃપાસાગર સ્વરૂપ જાણીને થાય? તેનો સ્પષ્ટ જવાબ છે કે ના. કૃપાસાગર હોવા છતાં તેઓ ભક્ત માટે કૃપાથી જ પ્રકટ થાય છે. પૃથ્વી પર તેઓ ગુરુ સ્વરૂપે પ્રકટ થયા છે, તેથી શાસ્ત્રોમાં બતાવેલી ગુરુના સ્વરૂપની મર્યાદાનું તેઓ બરોબર પાલન કરે છે. તેઓ પ્રમેય સ્વરૂપ હોવા છતાં પ્રમાણથી વિચલિત થતા નથી. પ્રમાણપૂર્વક પ્રમેયનું દાન કરનારા છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનું જ પ્રાકટ્ય છે. શ્રી પૂર્ણ પુરુષોત્તમના સર્વ ગુણ અને લીલાઓ તેમનામાં પ્રગટે છે. શ્રીપૂર્ણપુરુષોત્તમ સર્વતંત્ર સ્વતંત્ર છે, છતાં, તેઓ વિરુદ્ધ ધર્માશ્રયી હોઈને કેવળ પોતાના ભક્તોને વશ છે. તેઓ તપસ્વીઓને, કર્મીઓને, યોગીઓને કે જ્ઞાનીઓને વશ નથી. તેઓ કર્મમાર્ગ, યોગમાર્ગ, ઉપાસનામાર્ગ કે જ્ઞાનમાર્ગથી પણ વશ થતા નથી. તેઓ દેવો, દાનવો કે માનવોને પણ વશ નથી. ગોવિંદસ્વામીએ તેમના અનુભવથી બતાવ્યું કે આવા પ્રભુને વશ કરવાનો ભક્ત પાસે એક જ સહજ ઉપાય છે 'પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે!' ભક્તનું હૃદય હંમેશાં ભગવત્ સુખની ભાવનાના રસથી સભર હોય છે. તેના કારણે ભગવાન ભક્તની ભક્તિને આધીન બને છે; એટલે શ્રીગોપીજનવલ્લભ સ્વરૂપે તેઓ ગોપીજનો સામે છાલિયાભર છાશ માટે નાચ્યા છે. બલિરાજાના દ્વારપાળ બનીને શ્રીવામનજી સ્વરૂપે બિરાજ્યા છે. આવા ભક્તવશ્ય ભગવાને રાજા અંબરીષના પ્રસંગમાં દુર્વાસા ઋષિને આજ્ઞા કરી હતી કે હું ભક્તને પરાધીન અને પરતંત્ર છું. ભક્ત પાસે મારું કશું ચાલતું નથી. વિરુદ્ધધર્માશ્રયી પ્રભુ ચતુરશિરોમણિ હોવા છતાં ભક્ત પાસે મુગ્ધ બની જાય છે.

ભગવાન ભક્તને વશ થાય છે, તે ભગવાનની એક લીલા છે. તેને શ્રીભાગવતમાં 'પુષ્ટિલીલા' કહેવામાં આવી છે. ભગવાનની દરેક લીલા સહેતુક હોય છે. ભક્તને વશ થવાની લીલા બતાવી, તેઓ ભક્તને સદાકાળ પોતાને પરવશ બનાવી દે છે. પરિણામે ભગવાન અને ભક્તનો પરસ્પર નિરોધ થાય છે. નિરોધ એ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. નિરોધની અવસ્થામાં ભગવાનને ભક્ત વિના અને ભક્તને ભગવાન વિના ચાલતું નથી. બંને એકબીજાને વશ બની, આનંદનો આસ્વાદ કરે છે.

ભક્તિની આવી પરવશતાનાં દર્શન શ્રીગુસાંઈજીમાં અને તેમના સેવકોમાં પણ થાય છે. શ્રીગુસાંઈજી પણ તેમના સેવકોને વશ થઈ બિરાજે છે. તેમની સન્મુખ પહેલી વાર આવેલા દૈવી જીવો તેમનાં પ્રથમ દર્શને જ તેમને વશ થઈ ગયા છે.

ભક્તિની આવી પરવશતાનું એક માત્ર કારણ તેમની કૃપા છે. તેઓ કેવળ કૃપાળુ નથી, કૃપાના સાગર છે. સાગરને યાદ કરીએ ત્યારે નદી અને સાગરનો સંગમ યાદ આવે. નદી અને સાગરના સંગમનું દૃશ્ય અદ્‌ભુત હોય છે. નદી સાગરને મળવા ઉછાળા મારતી પૂરજોશથી આવતી હોય છે. ત્યારે સાગર પણ નદીને ભેટવા અને તેને પોતાનામાં સમાવી લેવા પૂરજોશથી તેની મર્યાદા તોડી, સામે દોટ મૂકે છે. લૌકિક સાગર અને નદીનો સંગમ આવી રીતે થાય છે.

પરંતુ શ્રીગુસાંઈજી અલૌકિક કૃપાના સાગર છે. તેમના

ભક્તો ભક્તિની સરિતા જેવા છે. તેમની કૃપા વિલક્ષણ છે, ભક્તોના ભાવનું પોષણ કરવા અને ભક્તોનો ઉદ્ધાર કરવા માટે છે. તેઓ પૃથ્વી પર આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા છે. જે પોતે આચરણ કરી, પોતાનાં સેવકોને આચરણ કરવા પ્રેરે તે આચાર્ય કહેવાય. આચાર્ય હંમેશાં શાસ્ત્રની મર્યાદાઓનું પાલન કરે અને પોતાના સેવકો પાસે પણ પાલન કરાવે. શ્રીગુસાંઈજી ક્વચિત્ ક્વચિત્ પોતાના ભક્તો પર કૃપા કરવા, પોતાના આચાર્ય સ્વરૂપની મર્યાદા તોડે છે; પરંતુ તે અપવાદરૂપ છે. સર્વ સામાન્ય જનોની દૃષ્ટિમાં તેઓ વેદમાર્ગની મર્યાદાઓનું પૂર્ણ રીતે પાલન કરનારા છે. તેમની આ વિલક્ષણતા તેમના ભક્તવશ્ય સ્વરૂપમાં પ્રકટ થાય છે. તેઓ તેમના ભક્તવશ્ય સ્વરૂપનાં દર્શન નિજ અંગીકૃત ભક્તોને કરાવે છે, અન્યને આ સ્વરૂપનો અનુભવ થતો નથી.

વાર્તા ચરિત્ર સંગતિ :

અસારવા (અમદાવાદ)માં શ્રીગુસાંઈજીના કૃપા પાત્ર સેવક ભાઈલા કોઠારી રહેતા હતા. કોઠારીજીને શ્રીગુસાંઈજીના દર્શનનો સદૈવ ભારે વિરહતાપ રહેતો. તેવી રીતે શ્રીગુસાંઈજીને પણ કોઠારીને દર્શન આપવાની સદૈવ ઘણી ઉત્કંઠા રહેતી. તેઓ દ્વારકાયાત્રાનું મિષ કરી, છ વખત ગુજરાત પધાર્યા હતા. તેમાં મુખ્યત્વે કોઠારીને દર્શન આપી, તેમનો વિરહતાપ દૂર કરવાનો જ હેતુ હતો. આ છ યાત્રાઓ પૈકી એક વખત ઘણો લાંબો ગાળો વીત્યો. કોઠારીજીને દર્શન આપ્યે ઘણાં વર્ષો થઈ ગયાં હતાં. તેથી કોઠારીજીની યાદ તીવ્ર થતાં શ્રીગુસાંઈજીએ અચાનક દ્વારકાયાત્રાએ પધારવાનું વિચાર્યું. તે વખતે તેમની સાથે ચાંપાભાઈ ભંડારી અને શંકરભાઈ ભંડારી પણ હતા.

રસ્તામાં ફતેપુર (સીક્રિ) આવ્યું. ત્યાં બિરબલ રહે. બિરબલ શ્રીગુસાંઈજીનો સેવક હતો, એટલે તેમણે બિરબલને ત્યાં મુકામ કર્યો. બિરબલે શ્રીગુસાંઈજીના મુકામની સુંદર વ્યવસ્થા કરી. બિરબલે ચાંપાભાઈ ભંડારીને પૂછ્યું : 'ભંડારીજી, શ્રીગુસાંઈજી અચાનક ગુજરાત કેમ પધારે છે?' ચાંપાભાઈએ જવાબ આપ્યો: 'ભંડારમાં દેવું ખૂબ થઈ ગયું છે. માટે તેઓ ગુજરાત સેવા લેવા પધારે છે.' આ સાંભળી બિરબલે કહ્યું : 'જો આવી હકીકત હોય તો તેમના ભંડારનો જે-કંઈ ખર્ચ થશે તે હું આપતો રહીશ. તેમને પ્રવાસનો પરિશ્રમ કરવાની ના પાડો.'

ભગવાન ભક્તને વશ થાય છે, તે ભગવાનની એક લીલા છે. તેને શ્રીભાગવતમાં 'પુષ્ટિલીલા' કહેવામાં આવી છે. ભગવાનની દરેક લીલા સહેતુક હોય છે. ભક્તને વશ થવાની લીલા બતાવી, તેઓ ભક્તને સદાકાળ પોતાને પરવશ બનાવી દે છે. પરિણામે ભગવાન અને ભક્તનો પરસ્પર નિરોધ થાય છે. નિરોધ એ જ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. નિરોધની અવસ્થામાં ભગવાનને ભક્ત વિના અને ભક્તને ભગવાન વિના ચાલતું નથી. બંને એકબીજાને વશ બની, આનંદનો આસ્વાદ કરે છે.

શ્રીગુસાંઈજીએ પોતાના ખંડમાં બિરાજતાં-બિરાજતાં આવાં અહંકારી અને અજ્ઞાની વચનો સાંભળ્યાં. તેમણે વિચાર કર્યો કે આ બિરબલ હવે અમારા કામનો રહ્યો નથી. તે અમારા હૃદયને શું જાણી શકે?

વહેલી પરોઢે કોઈને કહ્યા સિવાય શ્રીગુસાંઈજી એકલા તેમના ઘોડા પર સ્વાર થઈ, ગુજરાત તરફ પધારવા નીકળ્યા. શ્રીગુસાંઈજીએ ભક્તોના મિલન માટે દ્વારકાનું બહાનું કરી, બિરબલ જેવાનો ત્યાગ કર્યો હતો. આમ, આપે પોતાની ભક્તવશ્યતા પ્રકટ કરી.

કીર્તન સંગતિ :

પ્રાત સમય સમરૌં શ્રીવિઠ્ઠલ-નાથ પરમ સુખકારી ।
ભવ દુઃખ હરન ભજન ફલ પાવન
કલિમલ હરન પ્રતાપ મહાની ॥૧॥

સરન આયે છાંડત નહીં કબહું
બાઁહ ગહે કહેકી લાજ વિચારી ।

તજિ અન્યાશ્રય ભજિ પદપંકજ
'દ્વારકેશ' પ્રભુકી બલિહારી ॥૨॥

(૪) અતિસુંદરઃ



આગ્રામાં મુકામ દરમ્યાન, શ્રીગુસાંઇજી એક વૈષ્ણવના ઘરના ઝરૂખામાં બિરાજી, સામેના ઘરમાં રહેતા માણેકચંદ અને તેમની પત્નીને, સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપી રહ્યા છે.

(૪) અતિસુંદરઃ = અતિ સુંદરાય નમઃ
શ્રીગુસાંઈજી અતિ સુંદર છે.

વિવરણ :

જેટલી વસ્તુઓ સુંદર અને મનોહર છે તે સર્વ વસ્તુઓની સુંદરતાથી આપ અનેકગણા વધારે સુંદર છે. આપના કરતાં કોઈ વસ્તુ અધિક સુંદર નથી.

ખારા પાણીવાળા સમુદ્રને મર્યાદાથી બાંધી, વશ કરવાથી કોઈ લાભ નથી. ખારા જળમાંથી કદાપિ આનંદ મળે નહીં. શ્રીગુસાંઈજી આનંદમય છે. સાથે-સાથે અતિ સુંદર - મનોહર પણ છે. માટે વશ કરવાને યોગ્ય છે. તેમને વશ કરવાથી અલૌકિક, દિવ્ય પરમાનંદ મળે છે. સામાન્ય રીતે જે આનંદરહિત હોય તે મનોહર પણ ન હોય. ગરીબાઈ કદી મનોહર લાગતી નથી. શ્રીગુસાંઈજી અગણિતાનંદ છે; તેથી જ અતિ સુંદર છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીના આ અલૌકિક નામરત્નોની માળામાં તેમનાં નામરત્નો પરસ્પર સુંદર રીતે ગૂંથાયેલાં છે, તે વેરવિખેર નામરત્નો નથી; તેથી પ્રત્યેક નામરત્ન અગાઉના નામરત્નનું વિશેષ સ્વરૂપ પ્રગટ કરે છે. ભક્તવશ્ય નામરત્નને સ્પષ્ટ કરવા ટીકાકારે સાગર અને નદીના સંગમનું દૃષ્ટાંત આપ્યું. તે જ દૃષ્ટાંતની સહાયથી 'અતિ સુંદરઃ' એ નામરત્નનો પ્રકાશ કર્યો છે.

નદી સાગરને મળે, તેમાં નદીને શો લાભ? નદી પોતાનું મીઠું જળ સાગરમાં ઠાલવી દે છે અને તે સાગરમય ખારી બની જાય છે. નદી-એ ધસમસતા આવતા સાગરને વશ કર્યો, તેની મર્યાદામાં બાંધ્યો; પણ તેને પોતાને સાગરના ખારા જળમાંથી કોઈ આનંદ મળતો નથી.

શ્રીગુસાંઈજીનું સ્વરૂપ તેથી ઊલટું છે. તેઓ પૂર્ણ પુરુષોત્તમ છે; તેથી પૂર્ણાનંદ છે. વેદની શ્રુતિઓએ તેમને રસો વૈ સઃ કહ્યા છે. આનંદકરપાદમુખોદરાદિ પણ કહ્યા છે. એટલે તેઓ આનંદસ્વરૂપ છે, આનંદમય છે. માટે જ અતિ સુંદર - મનોહર છે. કરોડો કામદેવો કરતાં તેમનું લાવણ્ય વિશેષ છે. તેમનું સ્વરૂપ દિવ્ય રસઘન છે.

જીવ ભગવાનના ચિદ્ ધર્મનો અંશ છે. તેનામાંથી ભગવાનનો આનંદ અંશ તિરોહિત થયો છે. તેથી જીવ આનંદ શૂન્ય છે. આનંદ સ્વરૂપ પ્રભુને વશ કરી, જીવ આનંદની પ્રાપ્તિને ઝંખે છે. આવો જીવ શ્રીગુસાંઈજીના શરણે આવે છે. તેમના પ્રથમ દર્શનથી જ તેને શ્રદ્ધા પાકી થઈ છે કે તેમનું લાવણ્યામૃત લૌકિક નથી પણ અલૌકિક છે. કારણ, તેઓ આનંદવિગ્રહ છે. આવા આનંદમય પ્રભુને વશ કરવાથી જરૂર સદાનંદની પ્રાપ્તિ થશે જ.

ભગવાન સ્વયં આનંદ સ્વરૂપ હોવાથી ભગવાન સર્વથી સુંદર છે. તેમનામાંથી તેમણે પ્રકટ કરેલા જગતના લૌકિક પદાર્થોમાં જે સુંદરતા છે, તે આ જ કારણે છે. કારણ કે જગત ભગવાનનું આધિ ભૌતિક સ્વરૂપ છે. તેમાં ભગવાનનો સદ્ અંશ અને ચિદ્ અંશ રહેલો છે. તેથી જગતમાં આનંદનો આભાસ અનુભવાય છે. જે પદાર્થો સુંદર હોય તે જ આનંદ આપે છે. અસુંદર પદાર્થો કદી આનંદ આપતા નથી. દુનિયાના મનુષ્યોને ગરીબાઈમાં કદી આનંદ આવતો નથી, કારણ કે ગરીબાઈ અસુંદર છે. સ્વરૂપમાં રહેલું આનંદ તત્ત્વ જ તેના સૌંદર્ય સ્વરૂપે પ્રકટ થાય છે.

દુન્યવી સૌંદર્ય નાશવંત અને મોહનાશક છે. તેથી તે શાશ્વત આનંદપ્રદ નથી. જો દુન્યવી સૌંદર્ય આટલું સુંદર હોય તો તે સૌંદર્યને પ્રકટ કરનાર પ્રભુ કેટલા સુંદર હશે? જીવે જ્યાં સુધી ભગવાનના દિવ્ય સૌંદર્યનો અનુભવ નથી કર્યો, ત્યાં સુધી તે ખારા સમુદ્ર જેવા દુન્યવી સૌંદર્યના મોહમાં આસક્ત રહે છે. પરંતુ એક વખત ભગવાનનાં દિવ્ય સૌંદર્યનાં દર્શન થયા પછી તેની દુન્યવી આસક્તિ તે જ ક્ષણે નાશ પામે છે. ભક્તકવિ નંદદાસજી અને રસિકખાનજીનાં ચરિત્રોમાં આ સિદ્ધાંત સુસ્પષ્ટ છે. ભગવાનના અનુભવ પછી ભક્તની એક જ અભિલાષા રહે છે 'પિય તોહિ નૈનન હિ મેં રાખૌં.'

આવો જ અનુભવ ભક્તોને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં પણ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીના આ પ્રમેય સ્વરૂપને

સૈદ્ધાંતિક રીતે પ્રમાણ સ્વરૂપે ‘શ્રીભાગવતાર્થ નિબંધ’ના મંગલાચરણમાં સમજાવ્યું છે. શ્રીકૃષ્ણ પદમાં શ્રી એટલે અનવતાર દશામાં પ્રભુના શ્રીઅંગમાં બિરાજમાન સર્વ આત્મ-સૃષ્ટિ. નિત્યલીલામાંથી પ્રભુ અવતાર કાલમાં સાકાર સ્વરૂપે જગતમાં પધાર્યા. તેમણે જગતમાં ભક્તો સાથે વિવિધ ભાવોથી અનેકવિધ પ્રકારે રસાત્મક ક્રીડા કરી. માટે ભગવદીયોએ ગાયું:

બ્રજ વૃંદાવન ગિરિ નદી પશુ પંછી સબ સખા સંગ ।
તામે કહા દુરાવનો પ્યારી યહ સબ મેરો અંગ ॥

શ્રીગુસાંઈજી આવા પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે નિજ જનોને પોતાની અતિ અલૌકિક સુંદરતાનાં દર્શન કરાવે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજીથી અડેલ પધારતા હતા. માર્ગમાં આગ્રા શહેરમાં એક વૈષ્ણવને ત્યાં મુકામ કર્યો. ત્યારે ઉષ્ણકાલના દિવસો હતા. સાંજના સમયે તેઓ તે વૈષ્ણવના ઘરની મેડીએ ઝરૂખામાં બિરાજતા હતા. તે વૈષ્ણવના ઘરની સામે માણેકચંદ નામના એક શ્રીમંત રહેતા હતા. માણેકચંદનાં પત્ની કોઈક કામવશ તેમના ઘરની અટારીએ ચડ્યાં હતાં. ત્યાંથી તેમણે શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. શ્રીગુસાંઈજીએ તેમના ઉપર એવી કૃપા કરી કે તેમને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં. દર્શન થતાં તેઓ આશ્ચર્ય-ચક્તિ થઈ, શરીરનું ભાન ભૂલી ગયાં. રાતે માણેકચંદ ઘેર આવ્યા, ત્યારે તેમનાં પત્નીએ સર્વ હકીકત કહી. માણેકચંદને પણ શ્રીગુસાંઈજીનાં એવાં જ અલૌકિક દર્શન થયાં. શ્રીગુસાંઈજીએ તે ઝરૂખામાં મોડી રાત સુધી બિરાજી, અતિ સુંદર સ્વરૂપે આ બંનેને દર્શન આપ્યાં. પછી તેઓ પોઢવા પધાર્યા. બંને પતિ-પત્ની આખી રાત શ્રીગુસાંઈજીના આ અલૌકિક સૌંદર્યમાં મુગ્ધ બની, ત્યાં જ બેસી રહ્યાં. બીજા દિવસે બંને શરણે આવ્યાં. શરણે આવતાં જ તેમણે શ્રીગુસાંઈજીને સર્વ સમર્પણ કર્યું.

શરણે આવતાં પહેલાં દૈવી જીવોને શ્રીગુસાંઈજી પોતાની આવી સુંદરતાનાં દર્શન કરાવે, તો તેઓ શરણસ્થ જીવોને અતિ સુંદર સ્વરૂપનાં દર્શન આપે તેમાં શી નવાઈ?

કીર્તન સંગતિ :

હેલિ રસમય શ્રીવલ્લભ સૂત પ્રકટ ભયે આજ ।
અંગ અંગ દ્યુતિ તરંગ મધુરાવલિ કેલિ પ્રસંગ
યુગ વિશાલ ભ્રોંહ ભાલ કમનીય સાજ ॥૧॥
લીલા અમૃત રસાલ પ્રેમ ભક્તિ પ્રતિપાલ
સુમરન કરે નિહાલ ભાવ ન બાંધે પાજ ।
‘પદ્મનાભ’ વાગધીશ કુંવર કેલિ કલ અખિલ
અવગાહત પ્રેમસિંધુ વ્રજજન સિરતાજ ॥૨॥

●

(૫) કૃષ્ણલીલારસાવિષ્ટઃ =
કૃષ્ણલીલારસાવિષ્ટાય નમઃ
તેઓ કૃષ્ણલીલાના રસથી ભરપૂર છે.

વિવરણ :

પૂર્ણાનંદ સ્વરૂપ કૃષ્ણના લીલારસથી શ્રીગુસાંઈજી પૂરેપૂરા વ્યાપ્ત છે. શાસ્ત્રમાં કહ્યું છે કે જે જેનામાં શ્રદ્ધાવાન છે, તે તેનામાં તદ્રુપ બને છે. તે મુજબ આપણી શ્રદ્ધા જ્યાં હોય, ત્યાં શ્રદ્ધામાત્રથી જ તદ્રૂપ બની જવાય છે. ત્યારે જ્યાં સાક્ષાત્ પ્રભુ અને તેમની લીલાનો જ આવેશ હોય, ત્યાં તો કહેવું જ શું? અર્થાત્, શ્રીગુસાંઈજી સાક્ષાત્ ભગવલ્લીલા રસથી ભરપૂર છે.

અગાઉના નામના વિવરણમાં એવો પ્રશ્ન થયેલો કે શ્રીગુસાંઈજીની આનંદમયતા અલૌકિક છે કે લૌકિક છે? તેનો જવાબ અહીં મળે છે. કૃષ્ણ અલૌકિક છે, તેમની લીલા અલૌકિક છે, તે લીલાનો રસ અલૌકિક છે, તેનાથી ભરપૂર શ્રીગુસાંઈજી પણ અલૌકિક છે. રસનું જ બીજું નામ આનંદ છે. માટે, શ્રીગુસાંઈજીની આનંદમયતા અલૌકિક છે.

અહીં પ્રશ્ન થાય કે રસાવેશનો અનુભવ તો અંતઃકરણમાં જ થાય, તે બીજાને કેવી રીતે સમજાય? એના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

(૫) કૃષ્ણલીલારસાવિષ્ટઃ



ઉપર : આત્મનિવેદન કરવા આવેલ ક્ષત્રિય વૈષ્ણવને આત્મનિવેદન કરાવવા શ્રીગુસાંઇજી શ્રીગિરિધરજીને આજ્ઞા કરે છે.
નીચે : શ્રીગિરિધરજી દ્વારા તે વૈષ્ણવને આત્મનિવેદન થતાં એને શ્રીઠાકોરજીની નિત્યલીલાનાં દર્શન થાય છે.

વિવરણભાષ્ય :

કૃષ્ણ પદ અમૂર્ત સુધા સ્વરૂપ - વિપ્રયોગ ધર્મી સ્વરૂપનું સૂચન કરે છે. 'એકોડહમ્' વિપ્રયોગ ધર્મી સ્વરૂપની મૂળ લીલા છે. તે સ્વરૂપ 'બહુ સ્યામ્' થયું, ત્યારે સમગ્ર નિત્યલીલા પ્રકટ થઈ. નિત્યલીલાના જીવો પૃથ્વી પર આવ્યા. તેમનો ઉદ્ધાર કરવા, તે જ પ્રભુ સમગ્ર લીલા પરિકર સાથે સારસ્વત કલ્પમાં વ્રજમાં પ્રકટ થયા અને તેમણે ગોલોકધામની નિત્યલીલા જ વ્રજમાં કરી.

શ્રીઠાકોરજીના સર્વ અલૌકિક લીલારસનો સાગર શ્રીમહાપ્રભુજીના હૃદયમાં અને રોમરોમમાં હંમેશ માટે પ્રગટ છે; તેથી તેમનું એક નામ 'પરમાનંદઃ' છે, બીજું નામ 'રાસલીલૈકતાત્પર્યઃ' છે, ત્રીજું નામ 'રાસસ્ત્રીભાવપૂરિત વિગ્રહ' છે, ચોથું નામ 'પ્રતિક્ષણ નિકુંજસ્થ લીલારસ સુપૂરિતઃ' છે, પાંચમું નામ 'સ્વાનંદપ્રરિતઃ' છે.

આવા શ્રીમહાપ્રભુજીએ પોતાનું અશેષ માહાત્મ્ય શ્રીગુસાંઈજી દ્વારા સ્વ વંશમાં સ્થાપિત કર્યું છે. તેથી શ્રીમહાપ્રભુજીનું લીલા રસાનુભવનું સામર્થ્ય શ્રીગુસાંઈજીમાં પણ બિરાજે છે. શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજીનું સંયોગ ધર્મીસ્વરૂપ છે; પરંતુ શ્રીમહાપ્રભુજીના સંબંધથી તેઓ કૃષ્ણલીલા રસથી રોમરોમ પૂરિત છે, એટલે 'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાળદાસભાઈ ગાય છે : 'અંગો અંગ રસભર્યાં લોચન ચાર.' જે પૂર્ણ હોય તે બીજાને પણ પૂર્ણ કરે. શ્રીગુસાંઈજી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે. તેથી પોતાની અલૌકિક લીલાઓથી તેઓ પરિપૂર્ણ છે. માટે તેઓ તેમના ભક્તોને પણ પૂર્ણતા પ્રદાન કરનાર, લીલારસનું દાન કરવા સમર્થ છે. આપના સ્વરૂપમાં કીટ ભ્રમર ન્યાય નથી. આપ સદૈવ લીલાસાગરમાં મગ્ન નથી. માટે, આપની આનંદમયતા અલૌકિક છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી ભગવત્કથામાં વૈષ્ણવોને આત્મનિવેદનનો પ્રસંગ સમજાવતા હતા. તે વખતે તેમણે આજ્ઞા કરી : 'આત્મનિવેદનથી શ્રીમહાપ્રભુજીની કૃપા દ્વારા શ્રીઠાકોરજીમાં તત્કાલ દઢ આશ્રય થાય છે. તેમ થતાં અલૌકિકતા દઢ થાય છે. તે જીવને તત્કાલ પુષ્ટિમાર્ગની લીલાનું દાન થાય છે, તેને પુષ્ટિમાર્ગનો પૂરો અનુભવ થાય છે. તે ભક્તને નિત્યલીલાનાં દર્શન માટેની અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.'

શ્રીગુસાંઈજીનાં આ વચનો સાંભળી, એક ક્ષત્રિય વૈષ્ણવે વિનંતી કરીઃ 'કૃપાનાથ! મને પુષ્ટિમાર્ગની લીલા સંબંધી દાન કરો. આપે મને નામ મંત્ર આપ્યો છે. કૃપા કરી, આત્મનિવેદન કરાવો.'

તે વખતે શ્રીગુસાંઈજીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને બોલાવીને આજ્ઞા કરીઃ 'ગોવર્ધન! આ ક્ષત્રિય વૈષ્ણવને આત્મનિવેદન કરાવો.' શ્રીગિરિધરજી દ્વારા આત્મનિવેદન થતાં તે ક્ષત્રિય વૈષ્ણવને પુષ્ટિમાર્ગની સર્વ નિત્યલીલાનાં વ્રજભક્તો સહિત શ્રીઠાકોરજીનાં સાક્ષાત્ દર્શન થયાં; તેથી તે વૈષ્ણવ દેહાનુસંધાન ભૂલી ગયા અને ત્રણ દિવસ લીલાના આવેશમાં મગ્ન રહ્યા. ત્યારબાદ શ્રીગુસાંઈજીએ તેમને અષ્ટાક્ષરમંત્ર સંભળાવી, સાવધાન કર્યા. આમ, આ વૈષ્ણવને શ્રીગુસાંઈજીની કૃપાથી અલૌકિક લીલાજ્ઞાન થયું. તેઓ હંમેશાં ભગવદ્રસમાં રચ્યાપચ્યા રહેતા.

શ્રીગુસાંઈજીએ પોતાનું આવું કૃષ્ણલીલારસાવિષ્ટ સ્વરૂપ પોતાના સ્વવંશમાં સ્થાપિત કર્યું છે. પરિણામે દૈવી જીવો લીલારસનો અનુભવ આજે પણ તેમની કૃપાથી કરે છે.

બેઠક-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી શ્રીવૃંદાવનમાં બંસીબટમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકની પાસે બિરાજતા હતા. ત્યારે વૃંદાવનના મહંતો શ્રીહરિવંશજી વગેરે તેમની પાસે આવ્યા. તે વખતે એક વેપારી અનેક ભગવત્ સ્વરૂપો લઈને શ્રીગુસાંઈજી પાસે આવ્યો. આપે તે સ્વરૂપો સામે દૃષ્ટિ કરતાંની સાથે જ તે બધાં સ્વરૂપો સાક્ષાત્ બની, વિવિધ લીલાઓ કરવા લાગ્યાં.

આ ચરિત્રનું રહસ્ય બતાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે અન્ય સંત-મહંતો ભગવત્ પ્રતિમામાં પ્રાણપ્રતિષ્ઠા કરે ત્યારે તેમાં પુરુષોત્તમત્વ પ્રકટ થાય છે, જ્યારે શ્રીગુસાંઈજી તો કેવળ દૃષ્ટિ કરે અને તત્કાલ તેમાં પુરુષોત્તમત્વ પ્રકટ થાય છે; કારણ કે આપ સદા કૃષ્ણલીલારસાવિષ્ટ છે.

(૬) શ્રીમાન



ઉપર : પ્રવાસ દરમ્યાન ભૂલા પડેલા ચાચાજી અને અન્ય વૈષ્ણવોને એક ભીલ બાઈ પોતાના ઘેર આવવા આમંત્રણ આપે છે.
નીચે : એ ભીલ બાઈ પોતાનું જૂઠણ મને ભોગ ધરે છે, એવી ફરિયાદ શ્રીઠાકોરજી, શ્રીગુસાંઈજીને કરે છે.

કીર્તન સંગતિ :

શ્રીવલ્લભગૃહ સદા બધાઈ ।
જબતેં પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલ,
દાસ પરમનિધિ પાઈ ॥૧॥

ભક્તિ ભાગવત કથા કીર્તન,
મહા મહોત્સવ પ્રકટ ગુસાંઈ ।
કલ્પવૃક્ષ પ્રફુલ્લિત સુખદાઈ,
નંદ સુવન વૃંદાવન રાઈ ॥૨॥

પરમ ભજન પુરુષોત્તમ લીલા,
પ્રમુદિત દેવ મુનિજન ગાઈ ।
લાલ ગોવર્ધનધારી પદરજ,
'લાલદાસ' બલિ જાઈ ॥૩॥

(૬) શ્રીમાન = શ્રીમતે નમઃ
તેઓ શોભાયુક્ત છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી શ્રીકૃષ્ણલીલારસથી સંપૂર્ણ સભર છે. તેથી તેમના શ્રીઅંગ પરની રોમાવલી પુલકિત છે, એવી શોભાને તેમણે ધારણ કરી છે. માટે તેમનું નામ 'શ્રીમાન્' છે.

જેવી રીતે પૂરા ભરેલા ઘડાની અંદર પડેલી વસ્તુ તરીને ઉપર આવતાં બહાર નીકળી શકે; પરંતુ અધૂરા ઘડામાં ભરેલી વસ્તુ બહાર નીકળી શકતી નથી; તેમ પૂર્ણાનંદનો અનુભવ અંતઃકરણમાં થતાં શરીરના રોમરોમમાં રોમાંચ પ્રકટ થાય છે. તે દ્વારા પૂર્ણાનંદનો બહાર પણ અનુભવ સારી રીતે થાય છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રીગુસાંઈજી આવા પૂર્ણાનંદ હોય તો તેમનું બાહ્ય પ્રાકટ્ય ક્યાં થયું? તેના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

વિવરણભાષ્ય :

જ્યારે અંતઃકરણમાં પૂર્ણાનંદનો અનુભવ થાય ત્યારે પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે. પૂર્ણાનંદ પ્રાપ્ત થતાં તે જીવ કેવળ હૃદય દ્વારા જ તેનો રસાસ્વાદ કરતો નથી, પરંતુ તેના દેહ અને ઇંદ્રિયો પણ એ અલૌકિક આનંદ રસમાં ડૂબી જઈ, તેનો અનુભવ કરે છે; પરિણામે તેના શરીર પર રહેલી રોમાવલી ઉત્તેજિત થઈ, ખડી થઈ જાય છે. પૂર્ણાનંદના અનુભવની પ્રસન્નતા બાહ્ય રીતે બીજાઓને જોવા મળે છે.

શ્રીગુસાંઈજી તેમના હૃદયમાં અહર્નિશ ભગવલ્લીલા-રસનો અનુભવ કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીએ પણ આજ્ઞા કરી કે મારા હૃદયરૂપી ક્ષીરસાગરમાં સહસ્ર આધિદૈવિક લક્ષ્મીરૂપા વ્રજભક્તો સાથે પ્રભુ લીલાવિહાર કરી રહ્યા છે. તેમના એ લીલાવિહારનો હું રસાસ્વાદ લઈ રહ્યો છું.

શ્રીઠાકોરજીના આવા લીલામય આનંદ સ્વરૂપને માણતાં શ્રીગુસાંઈજી અત્યંત શોભાયુક્ત સ્વરૂપે દર્શન આપી રહ્યા છે.

પ્રભુની સર્વ લીલા સામગ્રી પ્રભુની જેમ પરિપૂર્ણ અને પૂર્ણ આનંદમય છે. શ્રીગુસાંઈજી એ લીલાસામગ્રીથી પરિપૂર્ણ છે; તેથી 'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાળદાસભાઈ ગાય છે કે 'પોષ મધ્યાહ્ને નોમે શ્રીનાથજી આ ચંદ શ્રીવૃંદાવન તણો પ્રકટિયો.' અહીં શ્રીઠાકોરજીને 'શ્રીવૃંદાવનચંદ્ર' કહ્યા છે. શ્રી એટલે શ્રીસ્વામિનીજી, વૃંદ એટલે સકલ વ્રજભક્તોનાં યૂથ અને અવન એટલે રક્ષણ. શ્રીસ્વામિનીજી સહિત સકલ વ્રજભક્તોનાં યૂથોનું રક્ષણ કરનાર આધિદૈવિક ચંદ્ર તે શ્રીઠાકોરજી.

આવા વ્રજભક્તોનું નિરૂપણ કરતાં 'વલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈએ કહ્યું 'શ્યામા શતદલ નયનસુંદરી યૂથ તણો નહીં પાર.' વ્રજભક્તોનાં યૂથોના વિવિધ ભાવોને પ્રતિક્ષણે વધારી, તેનું રક્ષણ કરનાર આધિદૈવિક ચંદ્ર શ્રીઠાકોરજી છે. જેમ ચંદ્ર તેનાં કિરણોથી વનની સકલ વનસ્પતિનું રક્ષણ અને પોષણ કરે છે; તેમ પ્રભુ પોતાના ભક્તોના ભાવનું પોષણ કરે છે. આવા ભાવાત્મક શ્રીનાથજી શ્રીગુસાંઈજી રૂપે પ્રકટ થયા છે; માટે તેમની શોભાનો કોઈ પાર નથી.

આ નામમાં શ્રીગુસાંઈજીનો ઈશ્વર ધર્મ પ્રગટ થયો છે. વેણુગીતની કારિકામાં શ્રીઠાકોરજીના શ્રીધર્મની વ્યાખ્યા કરતાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પોતાનાં ભક્તોમાં પણ ભગવત્

સામર્થ્યનો ધર્મપ્રવેશ કરાવી, તેમને પોતાના જેવા બનાવે છે. તે ભગવાનનો શ્રીધર્મ છે. એ મુજબ શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી પોતાનું સામર્થ્ય ભક્તોમાં મૂકી, પોતાનાં ભક્તોને પોતાના જેવા બનાવે છે. શ્રીગુસાંઈજીનો આ શ્રીધર્મ છે; માટે તેમનું નામ 'શ્રીમાન્' છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક ચાચા હરિવંશજી ગુજરાતનો પ્રવાસ કરતાં એક વખત ભૂલા પડ્યા. ત્રણ દિવસ ફર્યા, પછી તેમને એક ગામ દેખાયું. તે ભીલ લોકોનું હતું. તે ગામની એક બાઈએ ચાચાજી અને તેમની સાથેના ચાર વૈષ્ણવોને પોતાને ઘેર લઈ જઈ, મુકામ કરાવ્યો. ભોજન માટે પૂછયું. ચાચાજીએ કહ્યું: 'તમે વૈષ્ણવ નથી, એટલે તમારી કોઈપણ વસ્તુ અમારા કામમાં આવે નહીં.' પેલી ભીલ બાઈએ પોતાને વૈષ્ણવ કરવા વિનંતી કરી. તેની અત્યંત આતુરતા જોઈ, ચાચાજીએ તેને અપરસમાં સ્નાન કરાવી, શ્રીગુસાંઈજીનું સ્મરણ કરી, શ્રીઅષ્ટાક્ષર મહામંત્ર આપ્યો અને વૈષ્ણવી જીવન જીવવાની રીત સમજાવી, નિત્ય શ્રીઅષ્ટાક્ષર મંત્ર જપવા કહ્યું. તે ભીલ બાઈના ઘરનાં સર્વે લોકો પણ વૈષ્ણવ બન્યાં.

આ ભીલ બાઈ રોજ શ્રીઠાકોરજીને ભોગ ધરીને લેતી, પરંતુ તેને આચારવિચારનું જ્ઞાન ન હતું. તેથી શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી: 'ચાચાજીએ એક ભીલ બાઈને શરણે લીધી છે. તે મને તેનું જૂઠણ ભોગ ધરે છે.'

ચાચાજી ગોકુળ આવ્યા, ત્યારે શ્રીગુસાંઈજીએ આ હકીકત ચાચાજીને કહી. તેઓ તે ભીલ બાઈના ગામમાં પાછા ગયા. તે બાઈને આચાર વિચાર સમજાવ્યો. તે બાઈ રસોઈ કરી, ભોગ ધરવા લાગી. તેથી શ્રીનાથજી પ્રસન્નતાથી આરોગવા લાગ્યા. આમ, શ્રીગુસાંઈજીએ પોતાના સેવકોને પણ પોતાના સર્વ સામર્થ્યનું દાન કર્યું છે.

કીર્તન સંગતિ :

ચતુરાઈ તાકી સાચી,
જો શ્રીવલ્લભ નંદનકો સ્મરણ કરે ।
સો જન નિકટ રહે કે દૂર રહે,
પર રસના શ્રીવિઠ્ઠલેશ ધરે ॥૧॥
સેવા કરે ન કરે,
પર મનસા ઈનહી કે ચરણકમલ અનુસરે ।
'ચતુરબિહારી' ગિરિધારી એસો કહે,
મેરે હૃદય તે કબહુ ન ટરે ॥૨॥

(૭) શ્રીવલ્લભનંદનઃ =
શ્રીવલ્લભનંદનાય નમઃ
તેઓ શ્રીવલ્લભના પુત્ર છે.

વિવરણ :

શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજી સ્વરૂપે, શ્રીમહાપ્રભુજીને ત્યાં, પુત્રરૂપે પ્રકટ થઈને નિજ ભક્તોને આનંદનું દાન કરે છે. ભક્તોના સકલ મનોરથ સિદ્ધ થવાથી ભક્તોને આનંદ થાય છે. શ્રીમહાપ્રભુજીના ઘેર પુત્ર રૂપે પ્રકટ થવાથી તેઓ શ્રીવલ્લભનંદન છે.

એવો પ્રશ્ન થાય કે તેમનું આ સ્વરૂપ પ્રગટ છે, તો તે જાણીને સર્વ લોકો તેમની સેવા કેમ કરતાં નથી? તેના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

વિવરણભાષ્ય :

સંસ્કૃતમાં 'નંદન' શબ્દનો એક અર્થ પુત્ર છે. તો બીજો અર્થ આનંદ આપનાર છે. માતાપિતાને પુત્ર આનંદ આપે છે; માટે પુત્રને નંદન કહે છે. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીને ઘેર પુત્ર રૂપે પ્રકટ થઈ, શ્રીમહાપ્રભુજીને આનંદ આપે છે; માટે તેમનું નામ શ્રીવલ્લભનંદન છે.

શ્રીમહાપ્રભુજી સ્વયં પૂર્ણાનંદ સ્વરૂપ છે; તેથી 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં તેમને 'આનંદઃ', 'પરમાનંદઃ', 'પૂર્ણાનંદઃ' અને 'સ્વાનંદતુંદિલઃ' કહ્યા છે. વળી, શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું નિરૂપણ કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે 'સ્વામિની ભાવ સંયુક્ત ભગવદ્ભાવભાવિકઃ'; અર્થાત્ શ્રીમહાપ્રભુજી

(૭) શ્રીવલ્લભનંદનઃ



ઉપર : આસુરવ્યામોહ લીલા પછી, દામોદરદાસજીને દર્શન આપી, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તું શ્રીગુસાંઈજીને મારું જ સ્વરૂપ જાણજે.
નીચે : શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા જાણીને, શ્રીગુસાંઈજી દામોદરદાસજીને, પોતાના ચરણસ્પર્શ અને દંડવત્ પ્રણામ કરવા દે છે.

શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીના યુગલ સ્વરૂપના ભાવાત્મા સ્વરૂપે બિરાજે છે. આવા પૂર્ણાનંદ શ્રીમહાપ્રભુજીને પણ શ્રીગુસાંઈજી અલૌકિક આનંદ આપે છે; માટે તેમનું નામ શ્રીવલ્લભનંદન છે.

શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક'માં શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું કારણ સમજાવતાં આજ્ઞા કરી કે ભગવાનના અંતઃકરણમાં બિરાજેલાં વ્રજાંગનાઓની નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિ શ્રીવલ્લભે ભૂતલ પર પ્રકટ કરી છે. તે દ્વારા દૈવી જીવોને સ્વરૂપાનંદનું દાન કરવાની કૃપા કરી છે. પુષ્ટિમાર્ગના પ્રકાશન વિના આ મહાદાન સંભવે નહીં; તેથી તેઓ તેમના નિત્યલીલાના સ્વરૂપે જ ભૂતલ ઉપર પધાર્યા. તેમના નિર્ગુણ સ્વરૂપ દ્વારા તેમણે નિર્ગુણ ભક્તોને અલૌકિક રસદાન કરાવ્યું.

આમ, શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો, પરંતુ તેનો વિશેષ પ્રકાશ અને પ્રચાર કરવા તેઓ પોતાના જ અપ્રાકૃત સગુણ સ્વરૂપે પોતાના પુત્રરૂપે ફરી પ્રગટ થયા. એનું સુંદર નિરૂપણ ગો. શ્રીદ્વારકેશજી 'મૂલપુરુષ'માં કરે છે :

'આનંદ બાઢ્યો ચહું દિશ છબિ દેખ શ્રીવલ્લભ હસે ।
વેહુ કછુ મુસ્કાય ચિત્તમેં દોઉ હસે મેરે મન બસે ॥'

આમ, શ્રીગુસાંઈજીના પ્રાકટ્યમાં શ્રીમહાપ્રભુજીનો જ અલૌકિક સ્વરૂપરસ પ્રકટ થયો છે. તેનાં દર્શન કરી, શ્રીમહાપ્રભુજીને આનંદ થયો; માટે શ્રીગુસાંઈજીનું નામ શ્રીવલ્લભનંદન છે.

શાસ્ત્ર કહે છે કે, 'આત્મા વૈ જાયતે પુત્રઃ' એ ન્યાયે શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીને આનંદ આપે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીમહાપ્રભુજીના પરમ કૃપાપાત્ર સેવક દામોદરદાસ હરસાનીજી હતા. શ્રીગુસાંઈજી તેમને દંડવત્ કરવા દેતા નહીં અને પોતાના ચરણસ્પર્શ પણ કરવા દેતા નહીં; કારણ કે શ્રીગુસાંઈજીને એવો દૃઢ અનુભવ હતો કે દામોદરદાસજીના હૃદયમાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ બિરાજે છે.

શ્રીમહાપ્રભુજીએ કાશીમાં આસુરવ્યોમોહલીલા કરી, ત્યારબાદ શ્રીમહાપ્રભુજી દર ત્રીજા દિવસે દામોદરદાસજીને પોતાના અલૌકિક સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન આપતા અને તેમનો વિરહતાપ શમાવતા. એક દિવસ શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસજીને પૂછ્યું : 'દમલા, તું શ્રીગુસાંઈજીને શું કરીને જાણે છે?' જવાબમાં દામોદરદાસજીએ કહ્યું : 'હું તેમને આપના પુત્ર રૂપે જાણું છું.' ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'ના, એમને મારું જ સ્વરૂપ જાણ. આજથી તું તેમને દંડવત્ કરજે અને તેમનાં ચરણસ્પર્શ પણ કરજે.'

શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક'માં શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું કારણ સમજાવતાં આજ્ઞા કરી કે ભગવાનના અંતઃકરણમાં બિરાજેલાં વ્રજાંગનાઓની નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિ શ્રીવલ્લભે ભૂતલ પર પ્રકટ કરી છે. તે દ્વારા દૈવી જીવોને સ્વરૂપાનંદનું દાન કરવાની કૃપા કરી છે. પુષ્ટિમાર્ગના પ્રકાશન વિના આ મહાદાન સંભવે નહીં; તેથી તેઓ તેમના નિત્યલીલાના સ્વરૂપે જ ભૂતલ ઉપર પધાર્યા. તેમના નિર્ગુણ સ્વરૂપ દ્વારા તેમણે નિર્ગુણ ભક્તોને અલૌકિક રસદાન કરાવ્યું.

દામોદરદાસજીએ શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા શ્રીગુસાંઈજીને કહી. ત્યારથી શ્રીગુસાંઈજી તેમને દંડવત્ કરવા દેતા અને ચરણસ્પર્શ પણ કરવા દેતા.

કીર્તન સંગતિ :

શ્રીવલ્લભનંદન રૂપ અનુપ,
સ્વરૂપ કહ્યો નહીં જાઈ ।
પ્રકટ પરમાનંદ ગોકુલ બસત હૈ
સબ જગત કો જો સુખદાઈ ॥૧॥
ભક્તિ મુક્તિ દેત સબન કોં,
કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખમય સુખરૂપ સુખદ એક (ગોવિંદ) રસના,
કહોં લૌં બરનો (ગોવિંદ) બલિ જાઈ ॥૨॥

●

(૮) દુર્દૃશ્યઃ



ઉપર : ભગવદ્‌વાર્તામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજી વ્રજમાં નિત્ય લીલા કરે છે.
નીચે : આ આજ્ઞા સાંભળી વ્રજમાં શ્રીઠાકોરજીની લીલાનાં દર્શન કરવા ગયેલા એક છોકરાને શ્રીઠાકોરજી ગોચારણલીલાનાં દર્શન કરાવી રહ્યા છે.

(૮) દુર્દૃશ્યઃ = દુર્દૃશ્યાય નમઃ

તેઓ ભક્ત વિનાના ઈતર લોકોને દુઃખ વેઠ્યા પછી પણ દર્શન આપતા નથી.

વિવરણ :

શ્રીગુસાંઈજી કેવળ ભક્તો માટે જ પ્રકટ થયા છે, ઈતર લોકો માટે પ્રકટ થયા નથી. તેથી ભક્તો સિવાયના લોકોને તેઓ દર્શન આપતા નથી. તેમની ઈચ્છા વિના તેમનાં દર્શન કરવા કોઈ સમર્થ નથી; કારણ કે તેઓ ઈંદ્રિયોથી પર છે. જે ઈંદ્રિયોથી પર હોય તે ઈંદ્રિયોનો વિષય બની શકે નહીં. શ્રીગુસાંઈજીને ઈચ્છા થાય કે આ જીવ મારું દર્શન કરે; તો જ તે જીવને તેમનું દર્શન થઈ શકે છે. આસુરી જીવો તેમનું દર્શન કરે તેવું તેઓ ચાહતા નથી. તેથી આસુરી ભાવવાળા જીવોને તેમનાં દર્શન થતાં નથી.

અહીં એવી શંકા થાય કે તેઓ ઈંદ્રિયોથી પર છે, માટે તેમને ઈંદ્રિયો જોઈ શકતી નથી; તો ભક્તોની ઈંદ્રિયો તેમને કેવી રીતે જોઈ શકે? એના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

વિવરણભાષ્ય :

ભગવાન કોને પ્રાપ્ત થાય, તે સંબંધમાં વેદની શ્રુતિ કહે છે કે, પરમાત્મા પ્રવચનો દ્વારા, ધ્યાન દ્વારા કે બીજાં સાધનો દ્વારા મેળવી શકતા નથી; પરંતુ પરમાત્મા પોતે જ જે જીવને મળવાની ઈચ્છા કરે છે તેને જ મળે છે. શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી આ સિદ્ધાંત તેમના માટે પણ સત્ય છે. ભક્ત સિવાયના અન્ય લોકો ગમે તેટલું કષ્ટ કરે, છતાં તેમનાં દર્શન થતાં નથી. તેમની ઈચ્છા વિના તેમનાં દર્શન કરવા કોઈ સમર્થ નથી. અનેક સાધનો કરવા છતાં સાધનબળથી તેમનાં દર્શન થતાં નથી. તેમનાં દર્શન કેવળ તેમના કૃપાબળથી જ થાય છે.

શ્રીગુસાંઈજીએ આ સિદ્ધાંત મોગલ બાદશાહ અકબરને સમજાવ્યો હતો. અકબરને પ્રશ્ન હતો કે ભગવાન કેવી રીતે મળે? અકબર પ્રશ્ન લઈને શ્રીગુસાંઈજી પાસે આવ્યો. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે : 'આ પ્રશ્નનો જવાબ જોઈતો હોય તો ગોકુળ આવો. ત્યાં તમને જવાબ મળશે.' નક્કી કરેલા સમયે અકબર ગોકુળ આવ્યો. શ્રીગુસાંઈજીએ અકબરના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું : 'જેવી રીતે તમે અમને મળ્યા, તેવી રીતે ભગવાન મળે છે.' અકબરને સમજણ ન પડી. શ્રીગુસાંઈજીએ સમજાવ્યું કે : 'રાજા પ્રજાને મળવાની ઈચ્છા કરે તો તે મુલાકાત તરત જ શક્ય બને છે; પરંતુ જો કોઈ પ્રજાજન રાજાને મળવાની ઈચ્છા કરે તો કેટલીકવાર અનેક પ્રયત્નો કરવા છતાં પણ તે મુલાકાત થતી નથી. એ જ પ્રમાણે ભગવાન જે જીવને મળવા ઈચ્છા કરે તેને તરત જ દર્શન આપે છે; પરંતુ જીવ ભગવાનને મળવા ઈચ્છા રાખી, ગમે તેટલાં સાધનો કરે તો પણ તેનું પરિણામ આવતું નથી.'

અનેક જીવોને શરણે લેવા શ્રીગુસાંઈજી સામે પધાર્યા હતા. જ્યારે કેટલાક જીવો તેમની પાસે આવવા છતાં શ્રીગુસાંઈજીએ તેમનો અંગીકાર કર્યો ન હતો.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી દક્ષિણમાં પધાર્યા. ત્યાં એક દિવસ તેઓ ભગવદ્વાર્તા કરી રહ્યા હતા. તે એક છોકરાએ સાંભળી. ભગવદ્વાર્તામાં શ્રીગુસાંઈજીએ કહ્યું કે : 'શ્રીઠાકોરજી વ્રજમાં નિત્યલીલા કરે છે. તેઓ શ્રીનટવર ભેખ ધારણ કરી, ગ્વાલબાલ સાથે ગૌચારણલીલા કરવા પધારે છે અને ત્યાં મુરલી વગાડે છે.'

આ સાંભળી તે છોકરાએ પૂછ્યું : 'શું શ્રીઠાકોરજી આ લીલા આજે પણ કરે છે?'

શ્રીગુસાંઈજીએ કહ્યું : 'હા, પ્રભુની લીલા નિત્ય છે.'

આ સાંભળી તે છોકરાને શ્રીઠાકોરજીની લીલાનાં દર્શન કરવાની ઉત્કંઠા જાગી. તે તેનાં માતાપિતાને કહ્યા સિવાય વ્રજમાં ગયો. તે શ્રીગિરિરાજજીની દંડવતી શિલા પાસે આવાં દર્શન કરવાની આતુરતાપૂર્વક બેઠો. સાંજનો સમય હતો. ગૌચારણ કરીને વનમાંથી વ્રજમાં પધારવાનો સમય થયો; પરંતુ તેવાં દર્શન થયાં નહીં. કારણ, તાપક્લેશના દુઃખ વિના નિત્યલીલાનાં દર્શન થતાં નથી. જેમ શ્રીગુસાંઈજી દુર્દૃશ્ય છે,

ભગવાન કોને પ્રાપ્ત થાય, તે સંબંધમાં વેદની શ્રુતિ કહે છે કે, પરમાત્મા પ્રવચનો દ્વારા, ધ્યાન દ્વારા કે બીજાં સાધનો દ્વારા મેળવી શકતા નથી; પરંતુ પરમાત્મા પોતે જ જે જીવને મળવાની ઈચ્છા કરે છે તેને જ મળે છે. શ્રીગુસાંઈજી પૂર્ણ પુરૂષોત્તમ હોવાથી આ સિદ્ધાંત તેમના માટે પણ સત્ય છે.

તેમ શ્રીઠાકોરજી પણ દુર્દશ્ય છે. તે છોકરો ત્રણ દિવસ અને રાત ખાનપાન કર્યા વિના ત્યાં જ બેસી રહ્યો.

શ્રીગુસાંઈજી પુરુષોત્તમ હોવાથી સત્યપ્રતિજ્ઞ છે. તેમનાં વચન સદા સત્ય છે. તે છોકરાને તેમનાં વચનમાં અવિચળ શ્રદ્ધા હતી. તેણે વિચાર કર્યો : 'મારો આ દેહ બીજા કોઈ કામ માટે નથી. જો નિત્યલીલાનાં દર્શન ન થાય તો દેહનો ત્યાગ કરવો. તેને મહા વિરહ-ક્લેશ થયો. તે શ્રીનાથજી સહન કરી શક્યા નહીં. તેમણે તે છોકરાને ગૌચારણલીલાનાં દર્શન કરાવ્યાં. શ્રીગુસાંઈજીએ શ્રીમુખથી જેવી કથા કહી હતી, તેવાં જ દર્શન થયાં. સોનારૂપાના શિંગડાંવાળી, મોટી-મોટી આંખોવાળી મનોહર ગાયોનાં દર્શન થયાં. તે બધી ભાંભરતી-ભાંભરતી વ્રજ તરફ જઈ રહી હતી. તેમની ખૂરરજથી આકાશ છવાઈ ગયું હતું. પાછળ ગ્વાલબાલ ચાલતા હતા. તેમની સાથે બલદેવજી હતા. શ્રીઠાકોરજી શ્રીદામાસખાના ખભા ઉપર શ્રીહસ્ત ધરી પધારતા હતા. મસ્તકે મોરમુકુટ ધારણ કર્યો હતો. કાનમાં અનેક પ્રકારનાં ફૂલના ગૂચ્છ હતા. પીતાંબર ધારણ કર્યું હતું. અલકાવલી ગોરજથી છવાયેલી હતી. શ્રીહસ્તમાં મુરલી હતી. મંદ-મંદ હાસ્ય કરી રહ્યા હતા.

તે છોકરાને આવાં દર્શન થયાં. શ્રીઠાકોરજીએ તે છોકરાને શ્રીહસ્તથી ખેંચી, પોતાની મંડળીમાં લીધો. અને નંદાલય તરફ ચાલ્યા. પોતાની સાથે તેને ત્રણ દિવસ રાખ્યો અને અનેક પ્રકારનું સુખ આપ્યું. આમ, શ્રીગુસાંઈજીની કૃપાથી જ શ્રીઠાકોરજી જીવને પ્રાપ્ત થાય છે. દુર્દશ્ય પ્રભુ આ છોકરાને સંદશ્ય બન્યા.

બેઠક ચરિત્ર સંગતિ :

કામવનમાં શ્રીકુંડ ઉપર શ્રીમહાપ્રભુજીની બેઠકે મધુસૂદનદાસ નામના એક વૈષ્ણવ રહેતા હતા. તેમના મનમાં એવો મનોરથ હતો કે જ્યારે શ્રીમહાપ્રભુજી મને સાક્ષાત્ દર્શન આપશે, ત્યારે જ હું અહીંથી ઊઠીશ. તેઓ ત્યાં દરરોજ શ્રીમહાપ્રભુજીની સેવા કરતા. સતત શ્રીસર્વોત્તમજીનો જપ કરતા. એમ કરતાં એક માસ વીત્યો.

એક વખત શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા. ત્યાં ત્રણ દિવસ બિરાજ્યા. પછી તેઓ ગોકુલ પધાર્યા. ત્યારબાદ બીજા છ મહિના વીત્યા. એક દિવસ શ્રીમહાપ્રભુજીએ મધુસૂદનદાસને પોતાના અલૌકિક સ્વરૂપે દર્શન આપી, આજ્ઞા કરી : 'મધુસૂદનદાસ, શ્રીગુસાંઈજીએ અહીં પધારી તમને દર્શન આપ્યાં, પરંતુ તમે મારામાં અને શ્રીગુસાંઈજીમાં ભેદબુદ્ધિ રાખી તે ઠીક કર્યું નથી; માટે તમને આટલો વિલંબ થયો છે. તમને જ્યારે પણ વિરહ થાય ત્યારે મારા વંશના બાળક જ્યાં બિરાજતા હોય ત્યાં જઈને દર્શન કરજો.'

આ ચરિત્ર આપણને શીખવે છે કે મધુસૂદનદાસ જેવા શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવકે પણ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપમાં ભેદબુદ્ધિ રાખી તો તેમને દર્શનમાં વિલંબ થયો. માટે, શ્રીવલ્લભવંશમાં કદી પણ ભેદબુદ્ધિ રાખવી નહીં.

કીર્તન સંગતિ :

ફિર બ્રજ બસો શ્રીવિઠ્ઠલેશ ।
કૃપા કરિ દરસન દિખાવો,
વહ લીલા વહ વેશ ॥૧॥
ગાય બછરા લાય
ગોકુલ ગામ કરો પ્રવેશ ।
નંદનંદન આય પ્રગટે
અતિ ઉદાર નરેશ ॥૨॥
ભક્તિ મારગ કો પ્રગટ કરિ
જુ કિયો જનન ઉપદેશ ।
રચ્યો રાસ વિલાસ
સુખનિધિ ગિરિ ગોવર્ધનેશ ॥૩॥

•

(૯) ભક્તસંદૃશ્યઃ



ઉપર : ચાચા હરિવંશજી અને તેમની સાથેના વૈષ્ણવોને રાત્રે પંખો કરવાની સેવા કરી રહેલાં એક દેવી.
નીચે : દેવીના કહેવાથી આગ્રાના બ્રાહ્મણ દંપતી શ્રીગુસાંઈજીને શરણે જાય છે.

(૯) ભક્તસંદૃશ્યઃ = ભક્ત સંદૃશ્યાય નમઃ

ભક્તોને તેમનાં દર્શન સરળતાથી, સારી રીતે થાય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીનાં દર્શન ભક્તોની ઈચ્છાને આધીન છે. ભક્ત જ્યારે ઈચ્છા કરે ત્યારે તેઓ દર્શન આપે છે; કારણ કે તેમની ઈચ્છા હંમેશાં ભક્તોની ઈચ્છાને અનુકૂળ હોય છે. તેથી ભક્તોને તેમનાં દર્શન સરળતાથી અને સારી રીતે થાય છે.

દર્શન આંખની ઈંદ્રિયોથી થાય છે. પરંતુ આંખની ઈંદ્રિય ભૌતિક છે, તેથી તે અલૌકિક સ્વરૂપનું દર્શન કરવા અસમર્થ છે. એટલે લૌકિક આંખથી અલૌકિક સ્વરૂપનું દર્શન થાય નહીં. ભક્તનું શરીર લૌકિક છે. તેથી આંખ પણ લૌકિક છે; તો એ ભક્તને લૌકિક આંખથી શ્રીગુસાંઈજીનાં અલૌકિક સ્વરૂપનાં દર્શન કેવી રીતે થાય? એના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

વિવરણભાષ્ય :

જે-જે દૈવી જીવો કોઈપણ પ્રકારે શ્રીગુસાંઈજીની સન્મુખ પહેલી વાર આવ્યા, ત્યારે શ્રીગુસાંઈજીએ તે સૌને પોતાના અલૌકિક કોટિકંદર્પ લાવણ્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે. તે દર્શનથી તે સૌ જીવોને ખાત્રી થઈ છે કે શ્રીગુસાંઈજી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ આનંદ સ્વરૂપ છે. તેઓ જ શ્રીગોવર્ધનધર છે. આવાં અલૌકિક દર્શન કરીને એ જીવોએ શ્રીગુસાંઈજીનું શરણ સ્વીકાર્યું છે.

શ્રીગુસાંઈજી ભક્તપક્ષપાતી છે. ભક્તોનું મન તેમનામાં હંમેશાં લાગેલું રહે તે માટે તેઓ હંમેશાં ભક્તોની ઈચ્છાને આધીન બની, ભક્તોને તેમના અલૌકિક સ્વરૂપે દર્શન આપે છે. અન્ય જીવોને જ્યારે તેમનાં દર્શન દુર્લભ છે, ત્યારે ભક્તોને તેમનાં દર્શન અત્યંત સુલભ છે.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે તેમના ભક્ત અને સખા અર્જુન પર કૃપા કરી, પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવવા દિવ્ય દૃષ્ટિનું દાન કર્યું હતું. તેથી અર્જુને ભગવાનના વિરાટ સ્વરૂપનાં દર્શન કર્યાં. જે સ્વરૂપ અનેક યોગીઓ અને જ્ઞાનીઓને દુર્લભ હતું. તે સ્વરૂપ ભક્ત અર્જુનને સુલભ થયું હતું.

શ્રીગુસાંઈજી પણ શ્રીકૃષ્ણરૂપ હોવાથી તેમનામાં પણ આ સામર્થ્ય છે. તેઓ ભક્તોની લૌકિક ઈંદ્રિયોને પોતાના સામર્થ્ય બળથી અલૌકિક કરી, તે ઈંદ્રિયો દ્વારા પોતાના અલૌકિક રસાત્મક સ્વરૂપનો અનુભવ કરાવે છે. આથી તેમણે ચાચા હરિવંશજીને આજ્ઞા કરી હતી કે : 'ચાચાજી, અમે તમારા માટે જ ભૂતળ પર આવ્યા છીએ. માટે, તમે કોઈપણ બાબતની ચિંતા કરશો નહીં.'

શ્રીગુસાંઈજીના આ વચનોથી સ્પષ્ટ સમજાય છે કે શ્રીગુસાંઈજી તેમના ભક્તોને દર્શન આપી, તેમનો ઉદ્ધાર કરવા જ પ્રકટ થયા છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના એક સેવક લક્ષ્મીદાસ હતા. તેઓ શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા આવ્યા હતા. શ્રીગુસાંઈજીએ તેમને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપ્યા હતાં.

એક વખત ચાચા હરિવંશજી મથુરાથી આગ્રા ગયા. આગ્રા પહોંચતા મોડી રાત થઈ ગઈ. તેથી સાથેના ચાર વૈષ્ણવો સહિત તેમણે એક ઘરના ચોતરા ઉપર મુકામ કર્યો. ગરમીના દિવસો હતા. થાકેલા ચારેય વૈષ્ણવો ઘસઘસાટ ઊંઘી ગયા; પરંતુ ચાચાજી જાગતા હતા. તે ચોતરા ઉપર દેવીનું મંદિર હતું. દેવીએ પોતાનું ભાગ્ય માન્યું. પોતાનાં બીજાં ચાર શક્તિ સ્વરૂપો પ્રકટ કરી, પાંચે ય સ્વરૂપે વૈષ્ણવોને પંખો નાખવાની સેવા કરી. ચાચાજીએ દેવીને પૂછ્યું : 'તમે કોણ છો?' દેવીએ કહ્યું : 'હું એક દેવી છું. ઘણા વખતથી મારા મનમાં એક મનોરથ હતો કે એક વખત મને શ્રીગુસાંઈજીની સેવા મળે. પરંતુ હું શ્રીગુસાંઈજીની સેવક ન હોવાથી શ્રીગુસાંઈજીની સેવામાં મારો અધિકાર નથી. આજ શ્રીગુસાંઈજીના અનન્ય ભક્તોની મને સેવા મળવાથી મારો જન્મ સફળ માનું છું.

'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાળદાસભાઈ ગાય છે કે 'વિબુધ વાંચ્છે વાસ વસુમતિ ઉપરે શ્રીવલ્લભ કુંવરની ટહેલ કરવા.'

આગ્રાના એક બ્રાહ્મણને આ દેવીનો સાક્ષાત્કાર હતો, તેથી દેવીએ આ હકીકત તે બ્રાહ્મણને કહી. દેવીએ તે બ્રાહ્મણને

કહ્યું: 'આ યુગમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ પ્રકટ થઈ, પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો છે. બંને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે. હું તેમના દાસની પણ દાસી બનું એવી અભિલાષા રાખું છું. માટે, તમે બંને પતિપત્ની મને છોડી, શ્રીગુસાંઈજીના શરણે જાવ.'

તે બ્રાહ્મણ અને બ્રાહ્મણી પોતાની પાસે બિરાજતા શાલિગ્રામ તથા દેવીની મૂર્તિ લઈ, શ્રીગુસાંઈજી પાસે આવ્યાં. સેવક કરવા વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું. શ્રીગુસાંઈજીએ શાલિગ્રામજીને સ્પર્શ કરતાં તેઓ શ્રીમદનમોહનજી બની ગયા અને દેવીને સ્પર્શ કરતાં તે શ્રીસ્વામિનીજીરૂપ થઈ ગયાં. આવાં અલૌકિક સ્વરૂપનાં દર્શન કરી, ચાચાજીએ આવું કેવી રીતે બન્યું, તે પૂછ્યું. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'શાલિગ્રામજી અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મ લોકવેદ પ્રસિદ્ધ છે. લોકવેદપ્રસિદ્ધ પુરુષોત્તમની અંદર લૌકિક વેદાતીત પુષ્ટિ પુરુષોત્તમ બિરાજે છે.' શ્રીગુસાંઈજીના સંબંધથી તે બહાર પ્રકટ થયું. શક્તિરૂપા દેવી શ્રીસ્વામિનીજીનો અંશ છે, માટે શ્રીગુસાંઈજીના સ્પર્શથી શ્રીસ્વામિનીજી પ્રકટ થયાં. આમ, શ્રીગુસાંઈજી ભક્તસંદશ્ય હોવાથી, તેમની ઈચ્છાથી ભક્તોને આવા અલૌકિક સ્વરૂપનાં દર્શન કરાવે છે.

બેઠક ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી વ્રજમાં બરસાના પાસે પ્રેમ સરોવર પધાર્યા. ત્યારે તેમના સેવક ગોવિંદસ્વામી સાથે હતા. તેમણે ગોવિંદસ્વામીને પ્રેમ સરોવરના સ્થાનમાં યુગલ સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કરાવ્યાં હતાં.

આ જ પ્રમાણે સંકેતવનમાં તેમના કૃપાપાત્ર સેવક કપડવંજના ગુજરાતી બ્રાહ્મણ રેંડાને દિવ્ય ચક્ષુ આપી, યુગલ સ્વરૂપના વિવાહખેલનાં અલૌકિક દર્શન કરાવ્યાં હતાં.

કોટવનમાં શ્રીગુસાંઈજીએ ગોવિંદસ્વામીને યુગલસ્વરૂપના વિવાહખેલનાં દર્શન કરાવ્યાં હતાં.

બેલવનમાં ભગવાનદાસ નામના સેવકને અલૌકિક રાસનાં દર્શન કરાવ્યાં હતાં. આ સર્વ સ્થળે શ્રીગુસાંઈજીનાં બેઠકજી બિરાજે છે.

કીર્તન સંગતિ :

શ્રીવિઠ્ઠલકો જનમ ભયો સુનિ
બ્રજ જન અતિ સુખ પાયેરી ।
નાનાબિધ સિંગાર સાજકે
અતિ સુખમેં ઉઠ ધાયેરી ॥૧॥

નિરખ મુખારવિંદ કી શોભા
કોટિક કામ લજાયેરી ।
નયન ચકોર પિબત રસ અમૃત
તનકી તપન મિટાયેરી ॥૨॥

સૂરજન મુનિજન થકે
વિમાનન કુસુમન વૃષ્ટિ કરાયેરી ।
'છિતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
ભક્તન હિત ભુવિ આયેરી ॥૩॥

•

(૧૦) ભક્તિગમ્યઃ =
ભક્તિગમ્યાય નમઃ
તેઓ ભક્તિથી ગમ્ય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ભક્તિથી ગમ્ય છે; અર્થાત્ ભક્તિ વડે જ તેમનાં દર્શન થઈ શકે છે અને તેમને જાણી શકાય છે. ભગવાને અર્જુનને આજ્ઞા કરી હતી કે તું મને આ ચક્ષુઓથી જોઈ શકીશ નહીં. ભગવાનનાં દર્શન દિવ્ય દૃષ્ટિથી જ થઈ શકે. જે જીવ ભગવાનની ભક્તિ કરે છે, તેને તેની ભક્તિ દ્વારા ભગવાન દિવ્ય દૃષ્ટિનું દાન કરે છે; ત્યારે જ તે ભગવાનને જોઈ શકે છે અને જાણી શકે છે. તેથી ભગવાને કહ્યું કે ભક્તિથી મને લોકો જાણી શકે છે. હું જેવો અને જેટલો છું, તેવો અને તેટલો યથાર્થ રીતે ભક્તિથી જ જાણી શકાઉં છું. શ્રીગુસાંઈજી પણ ભગવદ્રૂપ છે, માટે તેઓ ભક્તિગમ્ય છે.

(૧૦) ભક્તિગમ્યઃ



ઉપર : વેણીદાસ છીપા શ્રીગુસાંઇજીને ઉત્તમ વસ્ત્રોના તાકા ભેટ કરે છે, ત્યારે શ્રીગુસાંઇજી તે વસ્ત્રોની સરાહના કરે છે.
નીચે : શ્રીગુસાંઇજીની કૃપાથી વેણીદાસના ઘેર બિરાજતા શ્રીઠાકોરજી તેમને નિત્ય શ્રીનાથજી સ્વરૂપે દર્શન આપે છે.

આંખ કાલને આધીન હોવાથી ભગવદ્ દર્શનમાં આંખને અંધકાર વગેરેનો પ્રતિબંધ નડે છે. તેવી રીતે ભક્તને કાલ વગેરેનો પ્રતિબંધ નડે તે સ્થિતિમાં ભક્ત કેવી રીતે દર્શન કરી શકે? આ શંકાના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

વિવરણભાષ્ય :

ભગવાન સ્વતંત્ર છે અને સર્વતંત્ર પણ છે. સમગ્ર જગતના કર્તા અને કારયિતા હોવા છતાં ભગવાન ભક્તને અને ભક્તિને આધીન છે. ભક્તિના અનેક પ્રકારો શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યા છે. તેમાં સર્વશ્રેષ્ઠ પ્રકાર નિર્ગુણ ભક્તિનો છે. નિર્ગુણ ભક્તિને સ્વતંત્ર ભક્તિ અથવા અહૈતુકી ભક્તિ કહે છે. તેને નિષ્કામ ભક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિ પણ કહેવામાં આવે છે. નિર્ગુણ ભક્તિ શુદ્ધ ભક્તિ છે. તેમાં કેવળ ભગવત્ સુખનો જ વિચાર રહેલો છે. જીવનો પોતાનો કોઈપણ હેતુ હોતો નથી. તેમાં સંપૂર્ણ રીતે જીવનો નિરપેક્ષ ભાવ હોય છે. સારસ્વત કલ્પમાં વ્રજનાં ગોપીજનોએ ભગવાનની આવી શુદ્ધ ભક્તિ કરી હતી. તેથી ભગવાન તેમની શુદ્ધ ભક્તિને આધીન બની, મહારાસમાં તેમને આજ્ઞા કરે છે કે 'ન પારયેડહં નિરવદ્યસંયુજાં સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ ।' ભગવાને પોતાના ભક્તો પાસે પોતાની અનીશ્વરતા છૂપાવી છે.

આવી શુદ્ધ ભક્તિ હોય તો અત્યારે પણ ભક્તોને પ્રભુ દર્શન આપે છે અને પ્રાપ્ત થાય છે. માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ ભગવાનની પ્રાપ્તિ માટે બીજાં બધાં સાધનો કરવાનું છોડી દઈ, કેવળ નિર્ગુણ ભક્તિ કરવાની જ આજ્ઞા કરી છે. ગોવિંદસ્વામીએ ગાયું કે 'પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે.' જેમ પ્રભુ ભક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે, તેમ શ્રીગુસાંઈજી પણ જીવોને ભક્તિ દ્વારા જ પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરાવી, સ્વરૂપાનંદનો આનંદ આપે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી સહજાદપુર નામના ગામમાં પધાર્યા. ત્યાં વેણીદાસ નામના એક છીપા રહેતા હતા. વેણીદાસ શ્રીગુસાંઈજીના શરણે આવ્યા. તેમણે પોતાની પાસેના ઉત્તમ વસ્ત્રોના બે તાકા શ્રીગુસાંઈજીને ભેટ કર્યા. ત્યારે શ્રીગુસાંઈજીએ તે વસ્ત્રોની તથા વેણીદાસના સરળ સ્વભાવની ઘણી પ્રશંસા કરી; તેથી વેણીદાસ રોમાંચિત થઈ ગયા. તેમના સરળ હૃદયની આવી પ્રેમાર્દ્ર દશા જોઈ, શ્રીગુસાંઈજી ઘણા દિવસ સહજાદપુર બિરાજ્યા અને વેણીદાસને દર્શનનું સુખ આપ્યું.

શ્રીગુસાંઈજી સાથે વેણીદાસ ગોકુળ આવ્યા. તેઓ ત્યાંથી શ્રીગિરિરાજ ગયા. ત્યાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કર્યાં. દર્શન કરતાં જ દેહાનુસંધાન ભૂલી ગયા. મંદિરમાં જ મૂર્ચ્છાવશ થયા. શ્રીગુસાંઈજીએ તેમનું નામ લેતાં તેઓ સચેત થયા અને વિનંતી કરી: 'મહારાજ! મને આ આનંદમાંથી શા માટે બહાર કાઢ્યો?' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'હજી તો તમારે ઘણાં કાર્યો કરવાનાં છે.'

વેણીદાસે દેશમાં પાછા જવા રજા માગી. તેમણે કહ્યું : 'મારા ઘરમાં શ્રીઠાકોરજી બિરાજે છે. તેઓ મને શ્રીનાથજીના સ્વરૂપે દર્શન આપે તેવી કૃપા કરો.' ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'શ્રીઠાકોરજી પુષ્ટિમાર્ગીય જીવોના બધા મનોરથ પૂર્ણ કરે છે. તમારો મનોરથ પણ પૂર્ણ કરશે.'

સહજાદપુરમાં વેણીદાસને માથે બિરાજતા શ્રીઠાકોરજી વેણીદાસને નિત્ય શ્રીનાથજી સ્વરૂપે દર્શન આપતા. તેઓ જેવો મનોરથ કરતા તેવાં દર્શન થતાં. આમ, શ્રીગુસાંઈજીએ કૃપા કરી, વેણીદાસને ભક્તિનું દાન કર્યું; માટે આપ ભક્તિગમ્ય છે.

૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં વેશ્યાની વાત આવે છે. તેમાં પણ શ્રીગુસાંઈજીના અલૌકિક પ્રેમબળના પ્રતાપનું જ નિરૂપણ છે.

બેઠક ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી જતિપુરામાં શ્રીમથુરેશજીના મંદિરમાં તેમની બેઠકમાં બિરાજતા હતા, ત્યારે શ્રીગોકુલનાથજીએ વિનંતી કરી : 'કાકાજી! શ્રીમહાપ્રભુજીએ સવા શેર સખડીનો અન્નકૂટ કર્યો હતો, તે વાત સાચી છે?' જવાબમાં શ્રીગુસાંઈજીએ કહ્યું: 'હા, શ્રીમહાપ્રભુજીની લીલા નિત્ય અને અખંડ છે.' એમ કહી તેમણે શ્રીગોકુલનાથજી અને શ્રીશોભાબેટીજીને શ્રીમહાપ્રભુજીએ આરોગાવેલ સવા શેર સખડીના અન્નકૂટનાં અલૌકિક દર્શન ત્યાં જ કરાવ્યાં હતાં.

કીર્તન સંગતિ :

શ્રીવિઠ્ઠલેશ ચરણ કમલ પાવન ત્રૈલોક કરન,
દરસપરસ સુંદર વર વાર વાર વંદે ।
સમરથ ગિરિરાજધરણ લીલા નિજ
પ્રકટ કરન સંતન હિત મનુષ્યતનુ વૃંદાવન ચંદે ॥૧॥

ચરણોદક લેત પ્રેત તત ક્ષન છિન
મુક્ત ભયે કરુણામય નાથ સદા આનંદનિધિ કંદે ।
વારણે 'ભગવાનદાસ' વિહરત હોં રાસ જસ
જય જય બોલ બોલ ગાવત શ્રુતિ છંદે ॥૨॥

•

(૧૧) ભયાપહઃ = ભયાપહાય નમઃ

તેઓ ભક્તોના સર્વ ભયને દૂર કરનારા છે.

વિવરણ :

ભક્તોને કાળ વગેરેનો ભય રહે છે. શ્રીગુસાંઈજી ભક્તોના સર્વ પ્રકારના ભયને દૂર કરે છે. આંખ વગેરે ઇંદ્રિયો કાળને આધીન છે, તેથી કાળ તેમને પ્રતિબંધ કરી શકે; પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે કે મૃત્યુરૂપી સર્પથી ભય પામેલો જે જીવ ભગવાનને શરણે જાય છે, તે ભયને તરી જાય છે. આ શાસ્ત્રવચનથી એમ સિદ્ધ થાય છે કે કાળ ભગવાનને આધીન છે; તેથી કાળ ભગવાનના ભક્તને ભય પમાડી શકતો નથી. ભક્તને તો ભગવાનનાં યથાર્થ દર્શન થાય છે.

અહીં પ્રશ્ન થાય કે બહારનો ભય તો દૂર કરી શકાય, કારણ કે ભય થયો છે તે જાણી શકાય; પરંતુ અંતઃ કરણનો ભય બીજાથી સમજી શકાય નહીં; જો તે સમજી ન શકાય તો તેને દૂર કેવી રીતે કરી શકાય? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીભાગવતના અગિયારમા સ્કંધમાં ભગવાન ઉદ્ધવજીને આજ્ઞા કરે છે કે : 'હે ઉદ્ધવ, જે મનુષ્યો મારા એકલાના શરણે સર્વાત્મભાવપૂર્વક આવે છે, તેમને કોઈપણ પ્રકારનો ભય ક્યાંથી હોય?' એનો અર્થ એ થયો કે સર્વાત્મભાવથી એક માત્ર ભગવાનનું જ શરણ સ્વીકારનાર ભક્ત ભગવાનની કૃપાથી અભય બને છે. ભગવાન તેને અભય બનાવે છે. માણસને સૌથી વધારે ભય કાળનો લાગતો હોય છે. કાળ બહુ જ શક્તિમાન છે. બ્રહ્માજી, શિવજી વગેરે મોટા-મોટા દેવો પણ કાળને આધીન છે. ત્યારે પુષ્ટિભક્તો કાળથી ડરતા નથી; કેમ કે તેઓ કાળને આધીન નથી. તેઓ કાળના પણ કાળ એવા ભગવાનના ચરણારવિંદમાં દૃઢ અને અનન્ય આશ્રય રાખી રહેતા હોય છે.

'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાળદાસભાઈ કહે છે કે :

'તેને કાળ કર્મ નવ બાંધે રે,
યમ તે શિર ધનુષ ન સાંધે રે,
એવો મારગ શ્રીવલ્લભવરનો રે;
જ્યાં નહીં પ્રવેશ વિધિ હરનો રે.'

અનન્ય શરણાગત ભક્તોને કોઈનો ડર હોતો નથી. પ્રભુ તેમના સર્વ ડર દૂર કરે છે; માટે શ્રીગુસાંઈજીને 'ભયાપહઃ' કહ્યા છે. શ્રીગુસાંઈજીના શરણે જનાર સૌ જીવો કાળના ભયથી મુક્ત બને છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક નાના ગામમાં એક પટેલ વૈષ્ણવ રહેતા હતા. તે ગામમાં બીજા કોઈ વૈષ્ણવ ન હતા. તેથી તે વૈષ્ણવ સાંજે પોતાને ઘેર સેવા પહોંચી, બાજુના મોટા ગામમાં સત્સંગ માટે જતા.

એક વખત એકાદશીનો દિવસ હતો. અંધારી રાત હતી. વરસાદનું તોફાન હતું, તેમાં તેઓ રસ્તો ભૂલી ગયા. બીજા રસ્તે ચડી ગયા. ત્યાં એક તળાવ આવ્યું. પાસે વૃક્ષ ઉપર એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો. તેણે નીચે આવી, આ વૈષ્ણવનો માર્ગ રોક્યો અને કહ્યું: 'હું બહુ દિવસથી ભૂખ્યો છું. આજે તને ખાઈ જઈશ.' વૈષ્ણવે કહ્યું: 'આજે એકાદશીનું જાગરણ છે.

(૧૧) ભયાપહ:



એકાદશીના સત્સંગમાં જઈ રહેલા પટેલ વૈષ્ણવને રસ્તામાં બ્રહ્મરાક્ષસ મળે છે. તેને પાછા આવવાની ખાત્રી આપી, સત્સંગમાં જઈ, પાછા આવી, એ બ્રહ્મરાક્ષસને કીર્તનના પાંચ તાલનું ફળ આપે છે, જેનાથી બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર થાય છે.

સત્સંગમાં કથા-કીર્તન થશે. તે કરી, હું આ જ રસ્તે પાછો આવીશ; ત્યારે મને ખાઈ જજે.' બ્રહ્મરાક્ષસે કહ્યું : 'એક વખત કાળના મોંમાંથી છટક્યા પછી કોઈ પાછો આવે ખરો? તું પાછો આવીશ, તેની ખાત્રી શું?' વૈષ્ણવે કહ્યું : 'હું વચન આપું છું. મારા શબ્દોમાં વિશ્વાસ રાખ.' બ્રહ્મરાક્ષસને વૈષ્ણવના શબ્દોમાં વિશ્વાસ બેઠો; કારણ કે ભક્તો સત્ય બોલનારા હોય છે.

બીજા દિવસે સવારે આ વૈષ્ણવ ઘેર જવા પાછા ફર્યા. તે તળાવ પાસે આવ્યા. તેમણે બ્રહ્મરાક્ષસને બૂમ પાડી કહ્યું : 'હું આવ્યો છું, મને ખાઈ જા.' તેમણે આ પ્રમાણે પાંચ વખત બૂમ પાડી. ત્યારે બ્રહ્મરાક્ષસે વિચાર કર્યો : આ માણસ ભગવાનનો સાચો ભક્ત છે, તેને કાળનો પણ ડર નથી; માટે હું તેને ખાઈશ નહીં. બ્રહ્મરાક્ષસે વૈષ્ણવની પાસે આવીને કહ્યું : 'વૈષ્ણવ, મારો ઉદ્ધાર થાય તે માટે તમે ગઈ કાલે રાતે જે સત્સંગ કર્યો તેનું ફળ મને આપો.' વૈષ્ણવે તે આપવાની ના પાડી. બ્રહ્મરાક્ષસે ઘણી વિનંતી કરી. વૈષ્ણવને દયા આવી. તેમણે કહ્યું : 'સત્સંગમાં કીર્તન થતાં હતાં, ત્યારે હું તાલ આપતો હતો. તેમાંથી પાંચ તાલનું ફળ તને આપું છું.' આટલું કહેતાં તે બ્રહ્મરાક્ષસની પ્રેતયોનિ છૂટી. તે દિવ્ય દેહ ધારણ કરી, સ્વર્ગમાં ચાલ્યો ગયો.

શ્રીગુસાંઈજીએ પોતાના ભક્તોમાં આવું અલૌકિક સામર્થ્ય મૂક્યું છે. તેથી ભક્તોને કાળ વગેરેનો ભય લાગતો નથી.

શ્રીગુસાંઈજીનાં સેવક એક માજી હતાં. ખૂબ વૃદ્ધ થયાં હતાં. ઘરમાં એકલાં જ હતાં. શ્રીઠાકોરજીની સારી રીતે સેવા કરતાં. એક દિવસ તેમને લેવા કાળ આવ્યો. માજીએ કહ્યું : 'હમણાં નહીં આવું, બે-ચાર દિવસ પછી મોટો ઉત્સવ આવે છે.' કાળ પાછો ગયો. ફરી આવ્યો. ફરી માજીએ ના પાડી. આમ, આઠ વખત માજીએ કાળને પાછો કાઢ્યો. તે માજી શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા ગયાં. શ્રીગુસાંઈજીએ તેમને 'અષ્ટપદી' કહીને બોલાવ્યાં અને આજ્ઞા કરી : 'હવે કાળને પાછો કાઢીશ નહીં.'

તે માજીએ શ્રીગુસાંઈજીની આજ્ઞા માથે ચડાવી. આમ, કાળ ભગવદ્ભક્તોનો વાળ વાંકો કરી શકતો નથી.

કીર્તન સંગતિ :

તુમ્હારે ચરણ કમલ કે સરન ।
રાખો સદા સર્વદા જનકો વિઠ્ઠલેશ ગિરિધરન ॥૧॥
તુમ બિન ઓર નહીં અવલંબન ભવસાગર દુસ્તરન ।
'ભગવાનદાસ' જાય બલિહારી
ત્રિવિધ તાપ તનહરન ॥૨॥

•

(૧૨) અનન્યભક્તહૃદયઃ = અનન્યભક્તહૃદયાય નમઃ

અનન્ય ભક્તો જ શ્રીગુસાંઈજીનું હૃદય છે.

વિવરણ :

ભગવાન સિવાય અન્યને નહીં ભજનાર ભક્તો અનન્ય ભક્તો છે. આવા ભક્તો શ્રીગુસાંઈજીના હૃદયનો ભાવ વગર કહ્યે સમજી જાય છે; તેથી તેમને શ્રીગુસાંઈજીનું હૃદય કહ્યા છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સાધુ પુરુષો મારું હૃદય છે અને હું સાધુ પુરુષોનું હૃદય છું. ભગવાનની આ આજ્ઞા સૂચવે છે કે ભગવદીયો શ્રીગુસાંઈજીનું હૃદય છે અને તેથી ભગવદીયો શ્રીગુસાંઈજીના હૃદયના ભાવોને સારી રીતે સમજી લે છે.

શ્રીગુસાંઈજી તો ઈશ્વર છે. છતાં જીવો સાથે આવી સમાનતા કેમ રાખતા હશે? એવા પ્રશ્નના જવાબમાં બીજું નામ કહેશે.

વિવરણભાષ્ય :

હૃદય જ અંદરની વાત સમજી શકે છે અને અનુભવી શકે છે. માટે ભગવાન આજ્ઞા કરે છે કે ભક્તો મારું હૃદય છે. એટલે ભક્તો મારા અંતઃકરણને સારી રીતે જાણે છે. તેવી જ રીતે હું ભક્તોનું હૃદય છું; અર્થાત્ હું ભક્તોના હૃદયના મનોરથોને સારી રીતે જાણું છું. આમ, ભગવાન અને ભક્તના

(૧૨) અનન્યભક્તહૃદયઃ



ગોધરાથી ગોકુળ જવા નીકળેલા નાગજીભાઈ ભટ્ટના હૃદયની વાત જાણી શ્રીગુસાંઈજીએ પોતાની પાસે બેઠેલા વૈષ્ણવોને આજ્ઞા કરી :
'મારો નાગજી હમણાં આવવો જોઈએ.' થોડી જ વારમાં નાગજીભાઈએ આવીને આપશ્રીને દંડવત્ કર્યા.

હૃદયનું ઐક્ય જોવા મળે છે. તે દ્વારા ભગવાન અને ભક્તની પરસ્પર માટેની આત્મીયતાનાં દર્શન થાય છે. એથી સમજાય છે કે ભગવાન દરેક ભક્તના હૃદયમાં હંમેશાં બિરાજે છે. ભક્તનું હૃદય ભગવાનનું સિંહાસન છે - બેઠક છે. તેથી શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવો ૮૪ બેઠક સ્વરૂપે વિદ્યમાન હોવાની ભાવના આપણે ત્યાં છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક શ્રીનાગજીભાઈ ભટ્ટ થઈ ગયા. તેઓ પંચમહાલ જિલ્લાના ગોધરાના વતની હતા. તેમને શ્રીનાથજીની સેવાનો અધિકાર મળ્યો હતો; છતાં તેઓ શ્રીગુસાંઈજીનાં દર્શનની તીવ્ર ઈચ્છા રાખતા. તેથી તેમણે શ્રીગુસાંઈજીને એક વિનંતીપત્ર લખી, અડેલ મોકલ્યો હતો. તેમાં લખ્યું હતું કે જળમાં ઊગતા કમળનો સ્વાદ લેવા હું ભ્રમર બનીને આવ્યો હતો, પરંતુ રસ્તામાં સોનાનું કમળ મળતાં તેમાં અટવાઈ ગયો છું. સોનાના કમળમાં જળના કમળનો આસ્વાદ આવતો નથી.

શ્રીગુસાંઈજી નાગજીભાઈ ભટ્ટના હૃદયની ભાવનાને સમજતા હતા. તેથી આ પત્ર વાંચી તેઓ ઘણા પ્રસન્ન થયા.

જળનું કમળ એટલે શ્રીગુસાંઈજી, સોનાનું કમળ એટલે શ્રીનાથજી.

એક વખત નાગજીભાઈ ગોકુળ જવા નીકળેલા. તેઓ ગોકુળ પહોંચે, તે પહેલાં શ્રીગુસાંઈજીએ તેમની પાસે બેઠેલા વૈષ્ણવોને આજ્ઞા કરી : 'મારો નાગજી હમણાં આવવો જોઈએ.' એટલામાં જ નાગજીભાઈ ત્યાં પહોંચ્યા. તેમણે શ્રીગુસાંઈજીને દંડવત્ પ્રણામ કર્યાં. શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા.

એક વખત નાગજીભાઈ અમદાવાદથી ૨૦૦ રૂપિયાનાં વસ્ત્રો ખરીદી, ગોકુળ જવા નીકળેલા ત્યારે પણ શ્રીગુસાંઈજીએ તેમની પાસે બેઠેલા વૈષ્ણવોને આ જ પ્રમાણે આજ્ઞા કરી હતી. ત્યારબાદ શ્રીગુસાંઈજી સ્નાન કરી, તિલકમુદ્રા ધારણ કરતા હતા ત્યારે નાગજીભાઈ ત્યાં જઈ પહોંચ્યા.

આ પ્રસંગ સૂચવે છે કે શ્રીગુસાંઈજી ભક્તોનું હૃદય છે અને ભક્તો શ્રીગુસાંઈજીનું હૃદય છે. માટે, શ્રીગુસાંઈજી અને ભક્તો પરસ્પરના ભાવથી ભાવિત છે.

કીર્તન સંગતિ :

જયતિ રુકિમણી નાથ પદ્માવતી
પ્રાણપતિ વિપ્રકુલ છત્ર આનંદકારી ।
દીપ વલ્લભવંશ જગત વિસ્તાર કરન
કોટિ ઉડુરાજ સમ તાપહારી ॥૧॥

જયતિ ભક્ત જનપતિ પતિત પાવન કરન
કામીજન કામના પૂરન ચારી ।
મુક્તિકાંક્ષિય જન ભક્તિદાયક પ્રભુ
સકલ સામર્થ્ય ગુન ગનન ભારી ॥૨॥

જયતિ સકલ તીરથ ફલિત નામ સ્મરણ
માત્ર વાસ વ્રજ નિત્ય ગોકુલ વિહારી ।
'નંદદાસનિ' નાથ પિતા ગિરિધર આદિ
પ્રકટ અવતાર ગિરિરાજધારી ॥૩॥

●

(૧૩) દીનાનાથૈકસંશ્રયઃ =
દીનાનાથૈકસંશ્રયાય નમઃ

તેઓ દીનતાવાળા અનન્ય ભક્તોના આશ્રયરૂપ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી દીનતાવાળા અને અન્યાશ્રય નહીં કરનારા ભક્તોના આશ્રયરૂપ છે. જે જીવોને તેઓ શરણે લે છે, તેમનો તેઓ કદી ત્યાગ કરતા નથી. જે બીજાના આશ્રયરૂપ બને, તેણે આશ્રિતની સાથે રહેવું જ પડે; તો જ આશ્રય થઈ શકે. નહીં તો આશ્રય થઈ શકે નહીં. તેઓ શરણાગત જીવોના આશ્રયરૂપ બની, તેમની સાથે સહવાસ કરે છે અને તેમના સમાન બનીને રહે છે.

અહીં પ્રશ્ન થાય કે ભક્ત સંસારી હોવાથી તેના તાપને કેવી રીતે દૂર કરી શકાય? એના જવાબમાં હવે પછીનું નામ કહેશે.

(૧૩) દીનાનાથૈકસંશ્રયઃ



શ્રીગુસાંઇજીના સેવક બલાઈ જાતિનાં સ્ત્રીપુરુષ, શ્રીગુસાંઈજીના પાદુકાજીની સેવા કરે છે ત્યારે, તેમનો વિરહ દૂર કરવા શ્રીગુસાંઈજી
તેમને સાક્ષાત્ દર્શન આપી શ્રીમુખથી કથા કહે છે.

વિવરણભાષ્ય :

જે જીવો શ્રીગુસાંઈજીના શરણે આવવા ચાહે છે તેમની પાસે શ્રીગુસાંઈજી બે બાબતોની અપેક્ષા રાખે છે : (૧) દીનતા (૨) અનન્યતા. પ્રેમલક્ષણા ભક્તિમાર્ગમાં આ બંને પાયાની બાબત છે. દીનતા વિના દાસભાવ સિદ્ધ ન થાય. દાસભાવ સિદ્ધ ન થાય ત્યાં સુધી અનન્યતા સિદ્ધ ન થાય. અનન્યતા ન હોય તો ભક્તની ભક્તિ વ્યભિચારિણી બને; તેથી તેઓ જ્યારે જીવને શરણે લઈ, પોતાનો કરે છે ત્યારે જીવ પાસે દીનતા અને અનન્યતાની અપેક્ષા રાખે છે. દીનતા અને અનન્યતાવાળા જીવને તેઓ પ્રતિજ્ઞાપૂર્વક આશ્વાસન આપે છે કે હું કદાપિ તારો ત્યાગ કરીશ નહીં.

આશ્રયરૂપ બનનાર અને આશ્રિતે એકમેકની સાથે રહેવું જોઈએ, એવું લૌકિકમાં પણ જોવા મળે છે; તો જ આશ્રયરૂપ બનનાર આશ્રિતના સર્વ યોગક્ષેમનું વહન કરી શકે, તો જ આશ્રિતને પોતાના આશ્રયદાતામાં અનન્યતા બની રહે, દૃઢ વિશ્વાસ થાય અને ટકે. શ્રીગુસાંઈજી તેમના સેવકોના આશ્રયદાતા છે, તેથી સેવકોમાં અનન્યતા અને દૃઢ વિશ્વાસ બની રહે તે માટે તેઓ હંમેશાં સેવકોની સાથે જ બિરાજે છે. સેવકોના આશ્રયરૂપ બનીને સેવકોને સર્વ પ્રકારના સુખનું દાન કરે છે. શ્રીગુસાંઈજી અલૌકિક ભાવાત્મા હોવાથી જ્યાં-જ્યાં તેમના સેવક હોય છે, ત્યાં-ત્યાં તેઓ તે સેવકના હૃદયમાં બિરાજી, પોતાનો અનુભવ કરાવે છે. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે ભક્તિમાર્ગમાં અન્ય સંબંધની ગંધ પણ ગળું કપાવા બરોબર છે. ભક્તિ અને અન્યાશ્રય સાથે રહી શકતાં નથી.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીનાં સેવક બલાઈ જાતિનાં સ્ત્રી-પુરુષ હતાં. તેઓ શૂદ્ર વર્ણનાં હતાં. શ્રીગુસાંઈજીએ તેમના ઉપર કૃપા કરી, તેમને શરણે લીધેલાં. સેવા માટે પોતાનાં પાદુકાજી તેમને પધરાવી આપ્યાં હતાં. શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી હતી કે : 'તમને જ્યારે મારો વિરહતાપ થાય ત્યારે તમે આ પાદુકાજીનાં દર્શન કરજો, તમને મારાં દર્શન થશે. તમે જ્યાં હશો ત્યાં હું તમને દરરોજ દર્શન આપીશ.'

આ બંને સ્ત્રી-પુરુષને જ્યારે-જ્યારે શ્રીગુસાંઈજીનો વિરહ થતો, ત્યારે-ત્યારે તેઓ મંદિર ખોલીને શ્રીપાદુકાજીનાં દર્શન કરતાં. તેમને ત્યાં ગાદીતકિયે બિરાજેલા અને ગ્રંથનું વાચન કરતા શ્રીગુસાંઈજીનાં દર્શન થતાં. શ્રીગુસાંઈજી શ્રીમુખથી કથા કહેતા, તે બંને સાંભળતાં. આમ, શ્રીગુસાંઈજી પોતાના અનન્ય આશ્રિત દીન ભક્તોના એકમાત્ર આશ્રયરૂપ બની, સદૈવ તેમની પાસે જ રહે છે.

કીર્તન સંગતિ :

હૌં તો વિઠ્ઠલનાથ ઉપાસી ।
સદા સેઉં શ્રીવલ્લભનંદન
કહા કરૌં જાય કાશી ॥૧॥

ઈને છાંડ જો ઓરે ધ્યાવે,
સો કહિયે અસુરાસી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
બાની નિગમ પ્રકાશી ॥૨॥

●

(૧૪) રાજીવલોચનઃ = રાજીવ લોચનાય નમઃ

તેમનાં નેત્રો કમળ જેવાં છે.

વિવરણ :

કમળ જ્યાં સુધી જળમાં રહે છે, ત્યાં સુધી પ્રફુલ્લિત હોય છે. ત્યાં સુધી તે ઠંડક આપી, તાપ હરે છે. કમળને જળમાંથી બહાર કાઢવામાં આવે એટલે થોડા સમયમાં વિલાઈ જાય છે, પછી તે તાપ હરી શકતું નથી. નેત્રકમળનું પણ એવું જ. એટલે નેત્રકમળ પણ હંમેશાં કેવી રીતે તાપ હરી શકે? એ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈએ શ્રીગુસાંઈજીના કમલદલ લોચનનાં દર્શન કરી ગાયું છે કે :

(૧૪) રાજીવલોચનઃ



આગ્રામાં માણેકચંદ અને તેમનાં પત્નીને શ્રીગુસાંઈજીનાં દર્શન સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે થઈ રહ્યાં છે. આ અલૌકિક પ્રભાવ શ્રીગુસાંઈજીના કમલ સમાન નેત્રોનો છે.

‘કમલ લોચન કરુણાભર્યાં,
શ્રીવિઠ્ઠલ સુખની રાશ રે રસના ।
દીઠડે તાપ ત્રિવિધ ટળે,
સ્મરણ માત્ર અઘનાશ રે રસના ॥’

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું ત્યારે તેમનું શ્રીઅંગ નવઘનશ્યામ હતું. તેમના તેજસ્વી ભવ્ય લલાટમાં કસ્તુરીનું તિલક હતું. તેમના કેશ શ્યામ અને ભરાવદાર હતા. તેમનાં નેત્રો કમળ જેવાં લાંબાં, અણિયાળાં અને લાલાશયુક્ત અનુરાગથી ભરેલાં હતાં.

કમળ લૌકિક છે. શ્રીગુસાંઈજીનાં નેત્ર અલૌકિક છે. અલૌકિક પદાર્થની સરખામણી લૌકિક પદાર્થ સાથે કેવી રીતે થઈ શકે? એ પ્રશ્નનો જવાબ એ છે કે અહીં જે કમળ સાથે સરખામણી થઈ છે તે લૌકિક કમળ નથી, ભગવાનના નાભિમાંથી પ્રકટ થયેલું લોકાત્મક દિવ્ય કમળ છે.

આ દિવ્ય કમળમાં સદૈવ પ્રફુલ્લિત રહેવાનો ગુણ છે. તેમાં શીતળતા, સુગંધ અને સુંદરતાના ગુણ પણ છે. તેનું દર્શન સૌને આકર્ષે છે. એવી જ રીતે શ્રીગુસાંઈજીનાં નેત્રો પણ ભક્તોને શીતળતા, કૃપાની સુગંધ અને અલૌકિક સુંદરતાનો અનુભવ કરાવી, સૌને આકર્ષે છે. ભ્રમર કમળથી આકર્ષાય; તેમ દૈવી જીવો શ્રીગુસાંઈજીનાં નેત્રકમળથી આકર્ષાઈ, દૂર-દૂરથી તેમના ચરણારવિંદમાં આવે છે.

શ્રીગુસાંઈજીના સેવક ચતુરબિહારી થઈ ગયા. તેમને શ્રીગુસાંઈજીએ અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો. તે સાથે જ તેમને શ્રીગુસાંઈજીનાં અલૌકિક સ્વરૂપનાં દર્શન થયાં. પોતાનો અનુભવ તેમણે નીચેના પદમાં ગાયો :

‘શ્રીવિઠ્ઠલ ચરણ શરણ શુભ કરન હરત ।
દુઃખ સૌભગ વૈભવ વિમલ ઉદ્યોતે ॥
સુધા સમુદ્ર અંતરંગ અંગ છબિ રાજત ।
નેન રસાલ રસમસે ચિતવન હી સુહાતે ॥’

સામાન્ય રીતે કમળ સરોવરમાં પ્રગટે છે, જળમાં જ ખીલે છે. તેને જળમાંથી બહાર કાઢતાં સૂર્યના તાપથી સુકાઈ જાય છે, વિલાઈ જઈ નીરસ બને છે; પરંતુ શ્રીગુસાંઈજીના નેત્રરૂપી કમળ અલૌકિક છે. શ્રીગુસાંઈજી સ્વયં અલૌકિક લીલારસના રસથી ભરેલાં છે; એટલે કદાપિ નીરસ થતાં નથી. ભક્તોના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એમ ત્રણેય પ્રકારના તાપ પોતાના નેત્રકમળના એક સંકેતથી એક ક્ષણમાં દૂર કરે છે.

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું ત્યારે તેમનું શ્રીઅંગ નવઘનશ્યામ હતું. તેમના તેજસ્વી ભવ્ય લલાટમાં કસ્તુરીનું તિલક હતું. તેમના કેશ શ્યામ અને ભરાવદાર હતા. તેમનાં નેત્રો કમળ જેવાં લાંબાં, અણિયાળાં અને લાલાશયુક્ત અનુરાગથી ભરેલાં હતાં.

વાર્તા ચરિત્ર સંગતિ :

આગ્રામાં માણેકચંદ અને તેમનાં પત્ની રહેતાં હતાં. એક વખત શ્રીગુસાંઈજી આગ્રા પધાર્યા. ઉનાળાનો સમય હતો. એક વૈષ્ણવને ત્યાં તેમનો મુકામ હતો. સાંજના સમયે તેઓ વૈષ્ણવના ઘરની અટારીમાં બિરાજતા હતા. તે વૈષ્ણવના ઘરની સામે માણેકચંદનું ઘર હતું. માણેકચંદનાં પત્ની કોઈક કામવશ તેમના ઘરની અગાશીમાં ગયાં. ત્યાંથી તેમણે શ્રીગુસાંઈજીનાં દર્શન અનાયાસ કર્યાં. તેમને શ્રીગુસાંઈજીનાં દર્શન સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે થયાં. તેથી તેઓ તેમના દેહનું અનુસંધાન ભૂલી ગયાં. એ જ રીતે માણેકચંદને પણ શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં. આ અલૌકિક પ્રભાવ શ્રીગુસાંઈજીના કમલસમાન નેત્રોનો છે; તેથી ભગવદીયોએ ગાયું કે ‘નેનન મેં ઝલકત ગિરિધારી.’

કીર્તન સંગતિ :

શ્રીવલ્લભ લાલકે ગુણ ગાઉં ।
માધુરી માધુરી મૂરતિ દેખ આનંદ સદન
મદન મોહન નૈન ચૈન પાવું ॥૧॥
વલ્લભનંદન જગત વંદન શીતલ ચંદન
તાપ હરન યે હી મહાપ્રભુ ઈષ્ટ
કરન ચરન ચિત લાઉં ।
‘છીતસ્વામી’ ગિરિધરન શ્રીવિઠ્ઠલ
મન વચ કર્મ પરમધર્મ
યેહી મેરે લાડિલો લડાઉં ॥૨॥

(૧૫) રાસલીલારસમહોદધિઃ



શ્રીગુસાંઈજીની આજ્ઞાથી ચતુર્ભુજદાસ વહેલી સવારે માળાજી માટે ફૂલ વીણવા ગયા ત્યારે, શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને ગિરિકંદરામાંથી બહાર પધારતાં શ્રીયુગલસ્વરૂપનાં અલૌકિક દર્શન થાય છે.

(૧૫) રાસલીલારસમહોદધિઃ = રાસલીલારસમહોદધયે નમઃ

તેઓ રાસલીલાના રસના મહાસાગર છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી રાસલીલાના રસના મહાસાગર છે. ભૌતિક સાગરનું માપ નીકળી શકે, પરંતુ આ અલૌકિક રસસાગરનું માપ નીકળી શકે તેવું નથી; એવો તે મહાન રસસાગર છે.

સરોવરમાં ઊગેલું કમળ ક્યારેક ગરમીથી સુકાઈને વિલાઈ જતાં નીરસ બને એ સંભવિત છે, પરંતુ અલૌકિક રાસલીલા-રસના મહાસાગરરૂપ શ્રીગુસાંઈજીના શ્રીઅંગમાં બિરાજમાન નેત્રકમળો તે અલૌકિક રસથી સદા ભરપૂર હોવાથી કદી નીરસ થતાં નથી; તેથી તેમનાં કમળ સમાન નેત્રો ભક્તોના ત્રણેય પ્રકારના તાપ દૂર કરે છે.

સમુદ્ર જો ઉભરાય તો સર્વ સ્થળે તેનો રસ વ્યાપી જાય. ત્યારે આ રાસલીલારૂપી રસસમુદ્ર સર્વત્ર પોતાનો રસ કેમ ફેલાવતો નથી? એ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી હંમેશાં શ્રીઠાકોરજીના અલૌકિક લીલારસમાં મગ્ન હોય છે. શ્રીઠાકોરજીના લીલારસ સિવાય બીજા કોઈ રસનું એમને આકર્ષણ નથી. સમુદ્રમાં ગમે તેટલી ગરમી પડે, છતાં સમુદ્ર સુકાતો નથી; તેમ શ્રીગુસાંઈજીનું હૃદય સાક્ષાત્ લીલારસના રસસાગરરૂપ છે. આ રસસાગર કદી સુકાતો નથી.

લૌકિક કમળ જળમાં હોય ત્યાં સુધી લીલુંછમ, તાજું અને ઠંડક આપનારું રહે છે. જળમાંથી બહાર આવતાં તે સુકાઈ જાય છે. શ્રીગુસાંઈજીના મન, હૃદય અને ઈંદ્રિયોરૂપી કમળ સદા અલૌકિક રસસાગરમાં રહે છે. આ રસસાગર કદી સુકાતો નથી; તેથી તેમનાં નેત્રકમળ પણ કદી વિલાતાં નથી. તેઓ હંમેશાં પ્રસન્ન નેત્રકમળથી ભક્તોના સર્વ તાપ દૂર કરે છે. આપનાં નેત્રકમળમાંથી હંમેશાં રાસલીલાનો રસ ભક્તો પર વરસે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક એક બ્રાહ્મણ પતિપત્ની હતાં. તેઓ એક વખત શ્રીનાથજીનાં દર્શને ગયાં. તે બ્રાહ્મણ સ્ત્રીને શ્રીનાથજીનો અતિશય વિરહ થયો. શ્રીનાથજી તે વિરહતાપ સહન કરી શક્યા નહીં. તેથી શ્રીનાથજી નિજ મંદિરમાંથી સાક્ષાત્ બહાર પધાર્યા. તે સ્ત્રીનો હાથ પકડી, તેને પોતાની સાથે નિજ મંદિરમાં લઈ ગયા.

શ્રીગુસાંઈજી પણ શ્રીનાથજીનું જ સ્વરૂપ હોવાથી તેમણે આ વાત જાણી. પત્નીના અંતર્ધાન થવાથી તેનો પતિ ઘણો દુઃખી થયો હતો. શ્રીગુસાંઈજી તેનો હાથ પકડી, તેને ચંદ્રસરોવર પરાસોલી તરફ લઈ ગયા. ત્યાં એકાંત સ્થળમાં શ્રીગુસાંઈજીએ તે બ્રાહ્મણ વૈષ્ણવને શ્રીઠાકોરજીની અલૌકિક લીલાનાં દર્શન કરાવ્યાં. તે સ્થળે વ્રજભક્તોનાં યૂથ બિરાજ્યાં હતાં. તેમાં શ્રીસ્વામિનીજી પાસે તે બ્રાહ્મણની સ્ત્રી અલૌકિક સખી સ્વરૂપે ઊભી હતી. તેને જોઈને બ્રાહ્મણને પણ શ્રીઠાકોરજીનો અત્યંત વિરહ થઈ આવ્યો. તેના પ્રાણ પણ છૂટી ગયા. તે પણ શ્રીઠાકોરજીની અલૌકિક લીલાને પ્રાપ્ત થયો.

એક વખત શ્રીગુસાંઈજીએ ચતુર્ભુજદાસજીને આજ્ઞા કરીઃ ‘ચતુર્ભુજદાસ, શ્રીઠાકોરજીની માળા માટે વનમાંથી ફૂલ વીણી લાવો.’ ચતુર્ભુજદાસ વહેલી સવારે શ્રીગિરિરાજજીની તળેટીમાં પૂછરી બાજુ વનમાં ફૂલ વીણવા ગયા. ત્યાં તેમને શ્રીગુસાંઈજીની કૃપાથી ગિરિકંદરામાંથી બહાર પધારતાં શ્રીયુગલ-સ્વરૂપનાં અલૌકિક દર્શન થયાં. દર્શન કરી, ચતુર્ભુજદાસે કીર્તન ગાયું : ‘ગોવર્ધન ગિરિ સઘન કંદરા રેન નિવાસ કિયો પિય પિયારી.’

આમ, શ્રીગુસાંઈજીએ પોતાના અલૌકિક નેત્રકટાક્ષથી અનેક ભક્તોને શ્રીઠાકોરજીની અલૌકિક લીલાની ઝાંખી કરાવી છે. તે લીલારસનું દાન કરી, ભક્તોના ત્રિવિધ તાપ દૂર કર્યા છે.

બેઠક ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજી તેમની બાલ્યાવસ્થામાં અડેલ બિરાજતા હતા. ત્યાં શ્રીમહાદેવજી બ્રાહ્મણના રૂપે સુંદર ખિલોના લઈ, નિત્ય તેમને ખેલાવવા માટે આવતા. તેઓ શૃંગીનાદ કરતા અને નૃત્ય કરતા; તેથી બાલ સ્વરૂપે શ્રીગુસાંઈજી ખૂબ પ્રસન્ન થઈ,

હાવભાવ અને કૃપાકટાક્ષ દ્વારા શ્રીમહાદેવજીને રસદાન કરતા હતા. આ ચરિત્ર શ્રીગુસાંઈજીના અડેલનાં બેઠકજીનું છે.

કીર્તન-સંગતિ :

સદા બ્રજ હી મેં કરત વિહાર ।
તબકે ગોપ ભેખ વપુ ધાર્યો
અબ દ્વિજ વર અવતાર ॥૧॥

તબ ગોકુલ મેં નંદ સુવન
અબ વલ્લભ રાજકુમાર ।
આપુન ચરિત્ર શિખાવત ઔરન
નિજ મત સેવા સાર ॥૨॥

યુગલ રૂપ ગિરિધરન શ્રીવિઠ્ઠલ
લીલા ઈક અનુસાર ।
'ચત્રભુજ' પ્રભુ સુખ શૈલ નિવાસી
ભક્તન કૃપા ઉદાર ॥૩॥

•

(૧૬) ધર્મસેતુઃ = ધર્મસેતવે નમઃ
તેઓ ધર્મના સેતુ (પુલ)રૂપ હોવાથી ધર્મના પાલક છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ધર્મપ્રવર્તક છે, તેથી જીવને ધર્મ સુધી પહોંચાડનાર સેતુરૂપ છે. ચાર પુરુષાર્થમાં ધર્મ પુરુષાર્થ પહેલો છે. એટલે 'ધર્મ' શબ્દ દ્વારા અહીં ચારેય પુરુષાર્થોનો નિર્દેશ છે. શ્રીગુસાંઈજી ચારે પુરુષાર્થના પાલક છે. જીવના ચારેય પુરુષાર્થ જે સાધન દ્વારા સિદ્ધ થવા અશક્ય છે, તે તેઓ કૃપા દ્વારા સિદ્ધ કરે છે. જો જગતમાં બધી જગ્યાએ ભક્તિરસ પ્રગટ થઈ જાય તો જગતના લોકો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનું આચરણ કરે જ નહીં. તો આ પુરુષાર્થ નિષ્પ્રયોજન બની જાય. તેથી શ્રીગુસાંઈજી સર્વત્ર ભક્તિરસ પ્રગટ કરતા નથી. એમ કરીને તેઓ ચાર પુરુષાર્થોનું રક્ષણ કરે છે. જીવોને ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રાખે છે.

ભક્તોને ધર્મ વગેરે ચાર પુરુષાર્થની જરૂર ન હોવાથી તેમણે આ પુરુષાર્થો શા માટે કરવા જોઈએ? એ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી ભગવત્સ્વરૂપ હોવાથી વિવિધ પ્રકારના જીવોનું સ્વરૂપ અને તેમના અધિકારભેદને જાણે છે. પૃથ્વી પરના જીવો મુખ્યત્વે પ્રવાહી, મર્યાદા અને પુષ્ટિ એમ ત્રણ પ્રકારના છે. તેમના પણ પેટા ભેદ છે; તે પ્રમાણે સૌના જુદા-જુદા અધિકાર છે. શ્રીગુસાંઈજી પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવા પ્રગટ થયા છે. પુષ્ટિજીવો નિત્યલીલામાંથી વિખુટા પડેલ ભગવાનના અંતરંગ જીવો છે. હજારો વર્ષોથી વિખુટા પડવાથી તેઓ અનાથ બન્યા છે. તેમને સનાથ કરવા શ્રીગુસાંઈજી આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા છે. પુષ્ટિમાર્ગ વેદ ધર્મની એક શાખા છે, તેથી તેઓ આચાર્ય સ્વરૂપે વેદ પ્રતિપાદિત ધર્મનું રક્ષણ કરવાની પોતાની જવાબદારી નિભાવે છે.

મર્યાદા જીવોનો અધિકાર પુષ્ટિભક્તિમાં ન હોવાથી તેઓ કર્મ અને ઉપાસનાના માર્ગે ચાલે છે. તેવા જીવો માટે શાસ્ત્રોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ બતાવ્યા છે. યજ્ઞયાગ જેવાં અનેક કર્મો અને વૈદિક ધર્મો દ્વારા મર્યાદા જીવો ધર્મ પુરુષાર્થ સિદ્ધ કરે છે અને તેની મદદથી અર્થ, કામ અને મોક્ષ સુધી પહોંચે છે. શ્રીગુસાંઈજી વેદ ધર્મના પાલક અને રક્ષક છે; તેથી ચારેય પુરુષાર્થોનું રક્ષણ કરે છે. કેવળ પોતાના અંતરંગ કૃપાપાત્ર જીવોને જ આ ચાર પુરુષાર્થનાં સાધન કરવામાંથી મુક્ત રાખે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક અષ્ટછાપ વૈષ્ણવોમાંના એક - ભક્તકવિ નંદદાસજી થઈ ગયા. તેમણે શ્રીમદ્ ભાગવતને વ્રજભાષામાં પદ્ય સ્વરૂપે રચ્યું હતું. તેની જાણ મથુરાના પંડિતોને થઈ. તે પંડિતોએ વિચાર કર્યો કે લોકોને પોતાની ભાષામાં શ્રીભાગવતનું જ્ઞાન મળશે, એટલે લોકો હવે અમારી કથા સાંભળવા આવશે નહીં. જાતે જ શ્રીભાગવત સમજી લેશે,

(૧૬) ધર્મસેતુઃ



ઉપર : શ્રીગુસાંઈજી ભક્તકવિ નંદદાસજીને, તેમણે વ્રજભાષામાં પદ્યસ્વરૂપે રચેલા ભાગવતજીમાંથી રાસપંચાધ્યાયી રાખીને, બાકીના ભાગને શ્રીયમુનાજીમાં પધરાવી દેવા આજ્ઞા કરે છે. ■ **નીચે** : નંદદાસજી તે પ્રમાણે કરે છે.

તેથી અમારી આજીવિકા ચાલશે નહીં. આજીવિકાની ચિંતા રાખીને તે પંડિતો શ્રીગુસાંઈજી પાસે આવ્યા. તેમણે શ્રીગુસાંઈજીને કહ્યું : 'મહારાજ! હવે લોકો તેમની ભાષામાં રચાયેલ ભાગવત વાંચશે, અમારી આજીવિકા ચાલશે નહીં. તમે ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલક છો, અમારા પર દયા કરો.'

શ્રીગુસાંઈજીએ નંદદાસજીને બોલાવીને આજ્ઞા કરી : 'વ્રજભાષામાં તમે રચેલ શ્રીભાગવતમાંથી રાસપંચાધ્યાયી રાખીને બાકીની રચના શ્રીયમુનાજીમાં પધરાવી દો, જેથી આ બ્રાહ્મણોની આજીવિકા ચાલે.' નંદદાસજીએ તે પ્રમાણે કર્યું. આમ, શ્રીગુસાંઈજી ગૌ-બ્રાહ્મણોના પ્રતિપાલક રહ્યા છે.

શ્રીગુસાંઈજી અને શ્રીગોપીનાથજીની આજ્ઞાથી શ્રીનાથજીના અધિકારી કૃષ્ણદાસજીએ શ્રીનાથજીની સેવામાંથી બંગાળીઓને દૂર કર્યા, ત્યારે તે બંગાળીઓની વિનંતીથી તેમને શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. જેમની સેવા તેઓ વૃંદાવનમાં રહી કરી શકે. આમ, શ્રીગુસાંઈજીએ ધર્મ પુરુષાર્થ જીવો પોતાના અધિકાર પ્રમાણે સિદ્ધ કરે એ માટે તત્પરતા દાખવી છે.

બેઠક ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજી તેમના જીવનકાળમાં છ વખત દ્વારકા પધાર્યા. ત્યાં ઘણો સમય બિરાજતા. દ્વારકામાં શ્રીદ્વારકાધીશનું મંદિર, જે 'જગતમંદિર'ના નામે પ્રસિદ્ધ છે, તેની બાજુમાં શ્રીદાઉજીનું મંદિર છે. ત્યાં બિરાજીને શ્રીગુસાંઈજીએ શ્રીદ્વારકાધીશની સેવાનો ક્રમ વ્યવસ્થિત કરી આપ્યો હતો. તે દ્વારા તેમણે તેમનું 'ધર્મસેતુ' નામ સિદ્ધ કર્યું છે. આ ચરિત્ર તેમની દ્વારકાની બેઠકનું ચરિત્ર છે.

કીર્તન સંગતિ :

અબકે દ્વિજ વર વ્હૈ સુખ દીનો
તબકે નંદ યશોદાનંદન વ્હૈ હરિ આનંદ કીનો ॥૧॥

તબ કીનો ગોપાલરુપ અબ વેદ સ્મૃતિ દ્રઢ પીનો
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
ભક્તિ સુધારસ ભીનો ॥૨॥

●

(૧૭) ભક્તિસેતુઃ =
ભક્તિસેતવે નમઃ
તેઓ ભક્તિના સેતુરૂપ - પાલક છે.

વિવરણ :

પુષ્ટિમાર્ગીય ભક્તિ ફલરૂપા છે. તેના તેઓ પાલક છે. ભક્તિના અનેક પ્રકારોમાં મુખ્ય બે પ્રકાર છે : (૧) સાધનરૂપા ભક્તિ (૨) ફલરૂપા ભક્તિ. સાધનરૂપા ભક્તિમાં ઈતર સર્વનો ત્યાગ કરવાની જરૂર નથી; તેથી જીવ તે ભક્તિના માર્ગે ચાલતાં સર્વ પુરુષાર્થો આચરી શકે છે. જે ભક્તોનો મર્યાદામાં અંગીકાર છે, તેવા ભક્તો દ્વારા શ્રીગુસાંઈજી ચારેય પુરુષાર્થોની મર્યાદાનું રક્ષણ કરે છે. જે ભક્તોનો પુષ્ટિભક્તિમાં અંગીકાર છે, તેમના માટે તેઓ પુષ્ટિભક્તિરૂપી મુખ્ય પુરુષાર્થનું પાલન કરાવનારા બને છે.

ભક્તિમાર્ગમાં ધર્મ વગેરે મર્યાદામાર્ગીય પુરુષાર્થોનો ત્યાગ કરવાનું કારણ શું? તેના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

ભક્તિના અનેક પ્રકારો છે. તેમાં મુખ્ય બે પ્રકાર - સાધનરૂપા ભક્તિ અને ફલરૂપા ભક્તિ. સાધનરૂપા ભક્તિને 'ગૌણી' ભક્તિ કહેવામાં આવે છે, ફલરૂપા ભક્તિને 'મુખ્યા' ભક્તિ કહેવામાં આવે છે. સાધનરૂપા ભક્તિ મર્યાદામાર્ગીય ભક્તિ છે. ફલરૂપા ભક્તિ પુષ્ટિમાર્ગીય ભક્તિ છે. સાધનરૂપા ભક્તિમાં અનેક સાધનોનું મહત્ત્વ સ્વીકારાયું છે. તેમાં ભક્તે તે સાધનો કરવાં જરૂરી છે. તેથી તે ભક્તિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનું આચરણ પણ જરૂરી છે; કારણ કે તે પુરુષાર્થો સાધનરૂપા ભક્તિનાં સાધન છે. આવી ભક્તિ કરનાર ભક્તનો મર્યાદામાં અંગીકાર થાય છે. તેને વધુમાં વધુ અક્ષરબ્રહ્મમાં મોક્ષરૂપી ફળ મળે છે. આવા મર્યાદા ભક્તને જે પુરુષાર્થ કરવાના હોય છે, તે કરવાનું બળ શ્રીગુસાંઈજી આપે છે અને તે પુરુષાર્થોની મર્યાદાનું તેઓ રક્ષણ પણ કરે છે; માટે તેમનું નામ 'ભક્તિસેતુઃ' કહ્યું.

(૧૭) ભક્તિસેતુઃ



શ્રીગુસાંઈજીના અતિ લાવણ્યયુક્ત શ્રીઅંગનાં દર્શન કરી એક ક્ષત્રાણીએ આપશ્રીને પોતાનો કામભાવ નિવેદન કર્યો
ત્યારે શ્રીગુસાંઈજી સ્વપ્ન દ્વારા તેનો મનોરથ પૂર્ણ કરે છે.

પુષ્ટિમાર્ગીય ફલરૂપા ભક્તિ નિષ્કામ અને અહૈતુકી છે. તેમાં શ્રીઠાકોરજીની કૃપા સિવાય બીજું કોઈ સાધન કે પુરુષાર્થનો વિચાર કરવામાં આવ્યો નથી. તેમાં નિઃસાધનતા મુખ્ય છે. તેથી શ્રીગુસાંઈજી જે પુષ્ટિજીવોનો અંગીકાર પુષ્ટિમાર્ગમાં કરે છે, તેમને પુષ્ટિભક્તિના માર્ગ ઉપર ચાલવાનું બળ તેઓ આપે છે, તેમના ઉપર કૃપા કરે છે અને તે દ્વારા તેઓ તેમની પાસે પુષ્ટિભક્તિરૂપી મુખ્ય પુરુષાર્થ કરાવે છે. આમ, તેઓ પુષ્ટિભક્તિરૂપી મુખ્ય પુરુષાર્થના પાલક અને રક્ષક છે.

આ 'શ્રીનામરત્નાખ્ય' સ્તોત્ર પર વિવરણ રચનાર શ્રીગુસાંઈજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીદેવકીનંદનજીએ 'શ્રીપ્રભુ ચરિત્ર ચિંતામણિ' નામનો ગ્રંથ રચ્યો છે. તેમાં તેમણે શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનો પ્રસંગ નિરૂપણ કરતાં આ જ ભાવાર્થ પ્રકટ કર્યો છે.

તે જ ભાવાર્થ 'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈએ પણ રજૂ કર્યો છે : 'મારી સેવા અને કથારસ નિરૂપવા તનુ ધરિયે.' શ્રીગોલોકધામમાં બિરાજતા શ્રીપૂર્ણ પુરુષોત્તમને નિત્યલીલાના જીવોના ઉદ્ધારનો વિચાર આવ્યો. તેમણે વિચાર કર્યો કે મારા સાક્ષાત્ આનંદમય મુખારવિંદને જગતમાં પ્રકટ કરી, બ્રહ્મવાદ અને તેને અનુરૂપ પુષ્ટિભક્તિ દૃઢ કરું. કલિયુગમાં ગૂઢ બ્રહ્મવાદ સમજાવા છતાં પુષ્ટિભક્તિની આગ્રહપૂર્વકની, પુષ્ટિમાર્ગીય શરણાગતિથી શ્રીકૃષ્ણની સેવા જ સકળ પુરુષાર્થરૂપ છે, એવો ભાવ સ્થાપિત કરવા તેમણે શ્રીગુસાંઈજી સ્વરૂપે ફરી પ્રાકટ્ય લીધું, શ્રીમહાપ્રભુજી સ્વરૂપે કથારસનો વિસ્તાર કર્યો; જ્યારે શ્રીગુસાંઈજી સ્વરૂપે સેવારસનો વિસ્તાર કર્યો. બાલ્યાવસ્થામાં શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક દામોદરદાસ હરસાનીજી પાસેથી પુષ્ટિમાર્ગીય રહસ્ય જાણ્યાં. તેના પરિણામે તેમણે સાક્ષાત્ વિપ્રયોગ ભક્તિરસ પ્રાપ્ત કર્યો. તેમના દ્વારા તે ભક્તિરસ સ્વતંત્ર પુષ્ટિજીવોને પ્રાપ્ત થાય છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

મહાવનનાં એક ક્ષત્રાણી શ્રીગુસાંઈજીનાં સેવક હતાં. તેઓ વિધવા હતાં. તેઓ શ્રીગુસાંઈજીનાં દર્શને નિત્ય ગોકુળ આવતાં. શ્રીગુસાંઈજીના અત્યંત સુંદર લાવણ્યયુક્ત સ્વરૂપનાં દર્શન કરી, તેમનામાં કામભાવ જાગૃત થયો. તેમણે તેમનો કામભાવ શ્રીગુસાંઈજીને નિવેદન કર્યો. શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી એક કાલમાં અનેક લીલાઓ કરે છે. તેઓ ભક્તોના પૂર્ણકામ છે, તેથી ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. સાથે-સાથે આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા હોવાથી ધર્મરક્ષા પણ કરે છે. આથી તેમણે તે ક્ષત્રાણીની વિનંતીનો અસ્વીકાર કર્યો. તે ક્ષત્રાણીનો અતિ આગ્રહ થવાથી તેમણે સ્વપ્ન દ્વારા માનસિક સંબંધ કરાવી, તેનો મનોરથ પૂર્ણ કર્યો. તેના ફળ સ્વરૂપે તે ક્ષત્રાણીને ત્યાં એક પુત્રી જન્મી; જેનું નામ ગંગાબાઈ પાડવામાં આવ્યું. આ ગંગાબાઈ શ્રીગુસાંઈજી અને શ્રીનાથજીનાં અત્યંત કૃપાપાત્ર સેવક થયાં. શ્રીનાથજી વ્રજમાંથી મેવાડ પધાર્યા ત્યારે તેમણે અતિ આગ્રહપૂર્વક ગંગાબાઈને પણ પોતાની સાથે રથમાં બેસાડ્યાં. માર્ગમાં ગંગાબાઈએ અલૌકિક સામર્થ્ય બતાવ્યું. આમ, શ્રીગુસાંઈજી ધર્મ અને ભક્તિના સેતુરુપ છે.

કીર્તન સંગતિ :

જયતિ રુક્મિણિ નાથ પદ્માવતી
પ્રાણપતિ વિપ્રકુલ આનંદકારી ।
દીપ વલ્લભ વંશ જગત વિસ્તાર
કરન કોટિ ઉડુરાજ સમ તાપહારી ॥૧॥

જયતિ ભક્ત જન પતિ પતિત પાવન
કરન કામી જન કામના પૂરન ચાહી ।
મુક્તિકાંક્ષિય જન ભક્તિદાયક પ્રભુ
સકલ સામર્થ્ય ગુન ગનન ભારી ॥૨॥

જયતિ તીરથ સકલ ફલિત નામસ્મરણ માત્ર
વાસ વ્રજ નિત્ય ગોકુલવિહારી ।
'નંદદાસનિ' નાથ પિતા ગિરિધર આદિ
પ્રકટ અવતાર ગિરિરાજધારી ॥૩॥

●

(૧૮) સુખસેવ્યઃ



ઉપર : એક વૈષ્ણવ, બુહારીની દોરી તૂટી જતાં, પોતાની જનોઇ ઉતારી, તેનાથી સાવરણી બાંધી, બુહારી કરે છે. ■ **નીચે :** ગરીબ મા-દીકરીના પલાળેલા બાજરીના દાણા શ્રીઠાકોરજી પ્રસન્નતાથી આરોગે છે, તેવાં દર્શન કરી શ્રીગુસાંઇજી પણ પ્રસન્ન થઇ, તે અધરામૃત પોતે આરોગે છે.

(૧૮) સુખસેવ્યઃ = સુખસેવ્યાય નમઃ

તેઓ ભક્તો દ્વારા સુખપૂર્વક સેવાય છે.

વિવરણ :

પુષ્ટિભક્તો શ્રીગુસાંઈજીને સુખ થાય તે પ્રકારે તેમની સેવા કરે છે; કારણે પુષ્ટિમાર્ગ ભગવત્‌સુખનો માર્ગ છે. પુષ્ટિમાર્ગમાં ભગવદીયોનો સર્વ સમય ભગવત્ સેવા માટે જ હોય છે. આ ભગવત્ સેવામાં શાસ્ત્રોમાં બતાવેલ મર્યાદામાર્ગીય ધર્મો અંતરાયરૂપ થતા હોવાથી તે ન કરવા, એ જ પુષ્ટિભક્તો માટે ઉચિત છે.

ઉપર બતાવેલાં સર્વ નામોનું તાત્પર્ય સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં જ સંભવે છે. શ્રીકૃષ્ણ અંશ, કલા વગેરે અવતાર નથી, પરંતુ સાક્ષાત્ ભગવાન છે. આ વચન પ્રમાણે શ્રીગુસાંઈજીનો શ્રીવિઠ્ઠલેશાવતાર પણ અંશ, કલારૂપ નથી. તેઓ પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ છે. છતાં કોઈ તેમના અવતારમાં અંશ કલારૂપ હોવાની શંકા કરે અને કહે કે ઉપરનાં બધાં નામો પરમાત્માવિષયક છે, તે શ્રીગુસાંઈજીમાં કેવી રીતે સંભવે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણ ભાષ્ય :

શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ પ્રગટ કર્યાં છે. તેમાં એક નામ 'સુખસેવ્ય' છે. તે નામનું રહસ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીએ ખૂબ સુંદર રીતે સમજાવ્યું છે. શ્રીમહાપ્રભુજી તેમના ભક્તોને અતિશય પ્રિય છે; તેથી આ ભક્તો તેમના હૃદયનો પ્રેમ સેવાની વિવિધ ક્રિયાઓ દ્વારા તેમને અંગીકાર કરાવે છે. ભક્તો જે વિવિધ સામગ્રીઓ અંગીકાર કરાવે છે તેમાં ભક્તોના હૃદયનો નિષ્કામ શુદ્ધ ભાવ જ છે, તેને શ્રીમહાપ્રભુજી પ્રસન્નતા પૂર્વક અંગીકાર કરે છે. ભક્તોની સેવાને તેઓ હંમેશાં સુખરૂપ માને છે. ભક્તોની સેવા અંગીકાર કરી, ભક્તોને પણ સુખનો અનુભવ કરાવે છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી વગેરે સ્વરૂપોનાં બેઠકજીમાં ઘણી વખત વૈષ્ણવો મોટા સમૂહમાં ઝારી ચરણસ્પર્શ કરવા જાય છે. ઘણાં વૈષ્ણવોના મનમાં એવો પ્રશ્ન થાય છે કે શું આ સ્વરૂપો આટલા મોટા પ્રમાણમાં કેવળ જળ અને મિસરી જ આરોગ્યા કરે? તેથી શું તેમને સુખ થાય? આ પ્રશ્નોનો જવાબ અહીં મળે છે. આ વૈષ્ણવો જળ અને મિસરી દ્વારા તેમના હૃદયનો શુદ્ધ પ્રેમભાવ દીનતા અને નિઃસાધનતાપૂર્વક અંગીકાર કરાવે છે. તેથી આ સ્વરૂપો પ્રસન્નતાથી ભક્તોનો ભાવ અંગીકાર કરે છે. એમાં તેમને કોઈ પરિશ્રમ થતો નથી; બલ્કે સુખ થાય છે.

ભક્તિમાર્ગમાં ભાવની પ્રધાનતા છે, સાધનસામગ્રીની પ્રધાનતા નથી. એ સિદ્ધાંતનાં અહીં સ્પષ્ટ રીતે દર્શન થાય છે.

ભગવદીયો તેમના જીવનનો બધો જ સમય ભગવત્‌સેવામાં ગાળે છે, તેથી તેમની પાસે વર્ણ અને આશ્રમના દેહ ધર્મોનું આચરણ કરવાનો ફાજલ સમય રહેતો નથી. દેહ ધર્મથી આત્મધર્મ ઉત્તમ છે. ભગવદ્‌સેવા આત્મધર્મ છે. ભગવત્‌સેવામાં જો વર્ણ આશ્રમના દેહધર્મ બાધક બનતા હોય તો તે આચરવાની જરૂર નથી. તે ન આચરવાનો દોષ પણ લાગતો નથી; તેથી પુષ્ટિમાર્ગમાં ભગવત્‌સેવાના સમય બાદ સંધ્યાવંદન જેવાં વૈદિક કર્મો કરવામાં આવે છે, પરંતુ સેવાને લઈને કોઈક વખત સંધ્યાવંદન વગેરે કર્મ ન થઈ શકે તો તેની ચિંતા ન કરવી. પ્રભુને પરિશ્રમ થાય તે રીતે દેહધર્મો માટે આગ્રહ રાખવો નહીં.

ભગવત્‌સેવામાં કાળ નિયામક નથી, ભાવ નિયામક છે એ વાત પણ યાદ રાખવી.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના સેવક બે કણબી વૈષ્ણવ હતા. ગુજરાતના વતની હતા. તેઓ ગોકુલવાસ કરીને રહેતા હતા. સવારથી સાંજ સુધી મજૂરી કરવા મથુરા જતા. ત્યાં તેમની વૈષ્ણવતા છુપાવીને મજૂરી કરતા. સાંજે ઘેર આવી, એક વૈષ્ણવ અપરસમાં સ્નાન કરી, સેવા પહોંચે. બીજા વૈષ્ણવ બહારથી સેવામાં મદદ કરે. બંને હળીમળીને સેવા કરે. મોડી રાતે પ્રસાદ લે.

એક દિવસ મજૂરી આપનાર મુકાદમે તેમને વૈષ્ણવ જાણી, વધારે મજૂરી આપી. તેમણે વિચાર કર્યો કે વૈષ્ણવતાના નામે

વગર હક્કનું લેવાય નહીં. બીજા દિવસથી તેમણે ગળાની તુલસીની કંઠી ધોતીની ઓટમાં સંતાડી, તિલક લૂછી મજૂરીએ જવાનું શરૂ કર્યું.

શ્રીગુસાંઈજીના બીજા સેવક અમદાવાદનાં મા-દીકરી હતા. જ્ઞાતિએ પટેલ હતાં. બંને ખૂબ જ ગરીબ અને વિધવા હતાં. શ્રીગુસાંઈજીએ તેમને સેવાની આજ્ઞા કરી. તેમણે કહ્યું : 'અમારી પાસે સેવા કરવા પૈસા નથી, સારું ઘર નથી, સાધન નથી.' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે મજૂરી કરી જે બાજરી લાવો છો, તેમાંથી એક મુઠ્ઠી બાજરી ભીંજવી રાખજો. તે બધા ભોગમાં ધરજો.' મા-દીકરી રાજી થઈ, સેવા કરવા લાગ્યાં. એક વખત શ્રીગુસાંઈજી તેમની ઝૂંપડીએ પધાર્યા, ત્યારે તેમને અનુભવ થયો કે શ્રીઠાકોરજી બે શ્રીહસ્તથી ભીંજવેલ બાજરીના દાણા આરોગે છે! શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈ, પોતાના આચાર્ય સ્વરૂપને ગૌણ કરી, પોતાનું પુરુષોત્તમ સ્વરૂપ પ્રકટ કર્યું. શ્રીઠાકોરજીનું આરોગેલું અધરામૃત તેમણે લીધું.

એક વૈષ્ણવ શ્રીઠાકોરજીની સેવા માટે ન્હાયા, પણ થોડું મોડું થયું હતું. તેઓ મંદિરમાં બુહારી કરવા ગયા ત્યારે બુહારીની દોરી તૂટી ગઈ. તેમણે વિચાર કર્યો : 'બીજી દોરી શોધવા જઈશ તો પ્રભુને જગાવવામાં મોડું થશે. તેમણે તેમના ખભા પર લટકતી જનોઈ ઉતારી, બુહારી બાંધી, મંદિરમાં બુહારી કરી. આથી શ્રીઠાકોરજી ઘણા પ્રસન્ન થયા.

કીર્તન સંગતિ :

હૌં તો વિઠ્ઠલનાથ ઉપાસી ।
સદા સેવું શ્રીવલ્લભનંદન
કહા કરૌં જાય કાશી ॥૧॥
ઈનેં છાંડ જો ઔર ધ્યાવે,
સો કહિયે અસુરારી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
બાની નિગમ પ્રકાશી ॥૨॥

•

(૧૯) વ્રજેશ્વરઃ = વ્રજેશ્વરાય નમઃ
તેઓ વ્રજના ઈશ્વર છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીને વ્રજના ઈશ્વર કહ્યા. વ્રજના ઈશ્વર શ્રીકૃષ્ણ સાક્ષાત્ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ છે. તેથી શ્રીગુસાંઈજી પણ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું જ સ્વરૂપ છે, એમ સિદ્ધ થાય છે.

દશમ સ્કંધના પાંચમા અધ્યાયના 'નંદસ્ત્વાત્મજ' શ્લોકના શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે સાક્ષાત્ ધર્મી સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ વ્રજમાં થયો છે. મથુરામાં ધર્મ સ્વરૂપ લોકવેદ પ્રસિદ્ધ પુરુષોત્તમનો પ્રાદુર્ભાવ છે. તેથી શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ વ્રજેશ્વર છે; તેમ શ્રીગુસાંઈજી પણ વ્રજેશ્વર એટલે સાક્ષાત્ ધર્મી લોકવેદાતીત પૂર્ણ પુરુષોત્તમ છે; એટલે આગળ કહેલાં બધાં નામ યથાર્થ છે.

શ્રીકૃષ્ણ ભક્તોનો ભય દૂર કરવા અને સકલ તાપ શમાવવા વ્રજમાં પધાર્યા હતા, તેમ શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનું પ્રયોજન છે? એ પ્રશ્નના જવાબમાં કહે છે કે આવી શંકા કરવી નહીં, કારણ કે તેનો જવાબ હવે પછીના નામમાં મળે છે.

વિવરણભાષ્ય :

અનેક શરણાગત જીવો શ્રીગુસાંઈજીના અલૌકિક પ્રભાવથી તેમના ચરણકમળમાં ખેંચાઈ આવતા હતા. તેમાંના અનેકને શરણે આવતાં પહેલાં શ્રીગુસાંઈજીએ સાક્ષાત્ નંદનંદન સ્વરૂપે દર્શન આપ્યાં હતાં. કેટલાકને કોટિકંદર્પ લાવણ્ય સ્વરૂપે, તો કેટલાકને પુરુષોત્તમ સ્વરૂપે, તો કેટલાકને શ્રીગોવર્ધનધર સ્વરૂપે દર્શન આપ્યાં હતાં. તેથી આપના સેવકો આપના વ્રજેશ્વર સ્વરૂપને ખૂબ સારી રીતે જાણે છે.

'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈએ શ્રીગુસાંઈજીના સ્વરૂપ, ગુણ અને લીલાનું વર્ણન કરતાં વ્રજેશ્વર સ્વરૂપનું જ વર્ણન કર્યું છે :

(૧૯) વ્રજેશ્વરઃ



શ્રીગુસાંઈજીને ઠગવા આવેલા છિતુ ચોબાનાં ખોટાં નાળિયેર અને રૂપિયો, આપશ્રીની દૃષ્ટિ પડતાં સાચાં થઈ ગયાં અને તેમને શ્રીગુસાંઈજીનાં સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં, તેથી તેઓ શ્રીગુસાંઈજીના શરણે આવ્યા.

‘શ્રીવિઠ્ઠલ દ્વિજ રૂપ તમારી લીલા
એણી પેરે ઝાઝી જી ।
ઓળવે કેમ ચાલશે,
જે પ્રીત અમસું બાઝી જી ॥’

ગોપાલભાઈ ‘શ્રીવલ્લભાખ્યાન’માં અન્યત્ર ગાય છે કે :

‘પૂરણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ ।
શ્રીગોકુળમાં પ્રકટ પધાર્યા સ્વજન કીધા સનાથ ॥’

આવો અનુભવ છીતસ્વામીએ પણ ગાયો છે : **‘છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ એહિ તેહિ તેહિ એહિ કછુ ન સંદેહ.’** ‘બ્રહ્માંડપુરાણ’માં કહેવામાં આવ્યું કે કૃષ્ણ અને વિઠ્ઠલેશ પૂર્ણાવતાર છે. બુદ્ધ, કલ્કિ વગેરે અંશાવતાર છે. આમ, વ્રજેશ્વર નામ પ્રમાણિત થાય છે.

વ્રજેશ્વરનો બીજો અર્થ વ્રજના રાજા-સ્વામી પણ થાય. શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલ વસાવ્યું. શ્રીગુસાંઈજીએ ગોકુળમાં સ્થિરવાસ કરી, સમગ્ર વ્રજમંડળની શોભા વધારી, વ્રજમંડળનો પુનરુદ્ધાર કર્યો. વ્રજ ફરી સચેતન બન્યું. વૃંદાવનમાં અન્ય વૈષ્ણવ સંપ્રદાયો હતા, તેમના આચાર્યો અને સેવકો સાથે પણ શ્રીગુસાંઈજીએ ખૂબ જ સ્નેહપૂર્ણ સંબંધ બાંધ્યા. સૌએ શ્રીગુસાંઈજીની શ્રેષ્ઠતા સ્વીકારી. બાદશાહ અકબરે શ્રીગુસાંઈજીને વ્રજની ઘણી સત્તાઓના લેખિત પરવાના પણ આપ્યા. આ રીતે પણ શ્રીગુસાંઈજી વ્રજેશ્વર છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

મથુરાના છીતુ ચોબા લોકોને ઠગવામાં નિપુણ ગણાતા. તેમના સાગરિતોને સાથે લઈ, એક દિવસ શ્રીગુસાંઈજીને ઠગવા તેઓ ગોકુળ ગયા. તેમણે શ્રીગુસાંઈજીને ખોટું નાળિયેર અને ખોટો રૂપિયો ભેટ કર્યાં. તે પર શ્રીગુસાંઈજીની દૃષ્ટિ પડતાં જ તે નાળિયેર અને રૂપિયો સાચાં થઈ ગયાં. સાથે સાથે છીતસ્વામીને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં; તેથી તેમણે તરત જ પદ ગાયું : ‘અબ ભયી ગિરિધર સો પહેચાન.’

છીતસ્વામી બિરબલના પુરોહિત હતા. એક વખત વર્ષાસન લેવા તેઓ બિરબલને ત્યાં ગયા. ત્યાં સવારે ઊઠી, શ્રીગુસાંઈજીનું સ્મરણ કરતાં તેઓ શ્રીગુસાંઈજીનાં પદ ગાતા હતા. તે સાંભળી બિરબલે કહ્યું : ‘તમે શ્રીગુસાંઈજીને શ્રીકૃષ્ણ સ્વરૂપે વર્ણવો છો, એવું બાદશાહ અકબર સાંભળશે, તો તે માનશે નહીં. તમે તેને શો જવાબ આપશો?’ છીતસ્વામીએ કહ્યું : ‘મને શ્રીગુસાંઈજીનો જે અનુભવ છે તે ગાઉં છું. બાદશાહ પૂછશે ત્યારે તેમને જવાબ આપીશ; પરંતુ તમે શ્રીગુસાંઈજીના સેવક થઈ, તેમના સ્વરૂપમાં શંકા કરો છો એટલે મારે મન તમે મ્લેચ્છ છો. મને તમારું વર્ષાસન ન ખપે.’ આમ કહી, છીતસ્વામી ત્યાંથી પાછા ફર્યા.

એક વખત નંદમહોત્સવના દિવસે શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયજીને પલને ઝૂલાવતા હતા. છીતસ્વામી કીર્તન કરતા હતા. બિરબલની સાથે ગુપ્ત વેશે બાદશાહ અકબર પણ દર્શન કરવા આવ્યા. શ્રીગુસાંઈજીની કૃપાથી છીતસ્વામી અને અકબર બંનેને શ્રીગુસાંઈજી અને શ્રીનવનીતપ્રિયજી અભિન્ન છે એવાં દર્શન થયાં. છીતસ્વામીએ ગાયું : ‘છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નિગમ એક કરી ગાવે હો.’

આમ, શ્રીગુસાંઈજીએ પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનાં દર્શન અનેકને કરાવ્યાં છે.

કીર્તન સંગતિ :

બોહોરી કૃષ્ણ શ્રીગોકુલ પ્રગટે
શ્રીવિઠ્ઠલનાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો
હરિ કલિયુગ જીવ ઉદ્ધારે ॥૧॥

તબ વસુદેવ ગૃહ પ્રગટ હોય કે
કંસાદિક રિપુ મારે ।
અબ વલ્લભગૃહ પ્રગટ હોય કે
માયાવાદ નિવારે ॥૨॥

ઐસો કવિ કો હૈ જગ મહિયાં
બરને ગુન જો તિહારે ।
‘માનિકચંદ’ પ્રભુકો શિવ ખોજત
ગાવત વેદ પ્રકારે ॥૩॥

(૨૦) ભક્તશોકાપહઃ



શ્રીગુસાંઈજીના સેવક હરિદાસની દીકરી, શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા, ઉન્મત્ત દશામાં આવી રહી હતી ત્યારે શ્રીગુસાંઈજી પણ તેને દર્શન આપવા સામે પધારે છે અને ખેદ ન કરવા જણાવે છે.

(૨૦) ભક્તશોકાપહઃ =
ભક્તશોકાપહાય નમઃ
તેઓ ભક્તોના શોકને દૂર કરે છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય જ ભક્તોનાં દુઃખ દૂર કરવા માટે છે, એટલે તેઓ ભક્તોના શોકને હરનારા છે; કારણ કે તેઓ હરિ છે. ભગવાન સંકર્ષણ વ્યૂહ દ્વારા ભક્તોનાં અનિષ્ટોનું નિવારણ કરે છે, જ્યારે શ્રીગુસાંઈજી તો સ્વયં ભક્તોનું ઈષ્ટ કરે છે, એટલે શંકા થાય કે શું શ્રીગુસાંઈજી સંકર્ષણ વ્યૂહ સ્વરૂપે હશે? એના જવાબમાં તેમનું હવે પછીનું નામ કહેશે.

વિવરણભાષ્ય :

ભગવાનના ચાર વ્યૂહ પૈકી સંકર્ષણ વ્યૂહનું કાર્ય ભક્તોનાં અનિષ્ટનું નિવારણ કરવાનું છે. ભગવાન સંકર્ષણ વ્યૂહ દ્વારા આ કાર્ય કરાવે છે. શ્રીગુસાંઈજી તો ભગવાનના પણ ભગવાન છે. તેઓ એવા કૃપાસાગર છે કે ભક્તોનું ઈષ્ટ પોતે જ સિદ્ધ કરે છે. તે સાથે ભક્તોનાં હૃદયનાં અનેક પ્રકારનાં દુઃખ પણ તેઓ દૂર કરે છે. શ્રીભાગવતમાં રાસ પંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં ગોપીજનો કહે છે, ભગવાનનું પ્રાકટ્ય ભક્તોનું દુઃખ દૂર કરવા માટે છે. શ્રીગુસાંઈજી પણ હંમેશાં ભક્તોનું દુઃખ દૂર કરવામાં તત્પર છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીએ ચાર વૈષ્ણવોને આગ્રા મોકલ્યા અને આજ્ઞા કરી : 'ત્યાં અમારા સેવક બ્રાહ્મણ પતિપત્ની રહે છે. તમે તેમનો થોડા દિવસ સત્સંગ કરજો.'

વૈષ્ણવો આગ્રા ગયા. તે બ્રાહ્મણ દંપતીના ઘેર મુકામ કર્યો. તેમનો બાહ્ય આચાર જોતાં તે વૈષ્ણવોને આ દંપતીમાં દોષબુદ્ધિ થઈ. આથી તે દંપતીના માથે બિરાજતા શ્રીઠાકોરજીએ અપ્રસન્ન થઈ, ચારેય વૈષ્ણવોને દર્શન ન આપ્યાં. વૈષ્ણવોએ કામનું ખોટું બહાનું બતાવી, આગ્રા છોડ્યું. તેઓ ગોકુળ ગયા. અંતર્યામી શ્રીગુસાંઈજીએ આ વાત જાણી. તેઓ ચારેય વૈષ્ણવો ઉપર અપ્રસન્ન થયા. વૈષ્ણવો તેમની પાસે આવ્યા, ત્યારે તેઓ વૈષ્ણવો સામે પીઠ કરીને બિરાજ્યા. શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રભુની પીઠિકામાં બહિર્મુખતા રહેલી છે. ચારેય વૈષ્ણવોએ વૈષ્ણવ દંપતીના દોષ જોયા હોવાથી તેઓ બહિર્મુખ હતા, એટલે શ્રીગુસાંઈજીએ તેમને પોતાની પીઠનાં દર્શન કરાવ્યાં, મુખારવિંદનાં દર્શન ન કરાવ્યાં. વૈષ્ણવોએ ઘણી વિનંતી કરી, ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'મેં તમને વૈષ્ણવોના બાહ્ય આચાર જોવા મોકલ્યા નહોતા, તમે તેમને ત્યાં બે-ચાર દિવસ રહી, તેમના હૃદયનો ભાવ જો જોયો હોત તો તમને જરૂર લાભ થાત; પરંતુ તમે વૈષ્ણવોનો અપરાધ કર્યો, તેથી તે વૈષ્ણવોના ઠાકોરજીએ પણ તમને દર્શન આપ્યાં નથી. તમે ત્યાંથી ખોટું બોલી નીકળી ગયા, એટલે તે દંપતીએ હજી સુધી પ્રસાદ લીધો નથી. તેઓ ઘણો ખેદ કરે છે, તેથી મારા હૃદયમાં પણ ખેદ થઈ રહ્યો છે; માટે તમે પાછા જાવ.' આમ, શ્રીગુસાંઈજીએ આગ્રામાં રહેલ વૈષ્ણવ દંપતીનું દુઃખ દૂર કર્યું અને ચારેય વૈષ્ણવોનો થયેલ અપરાધ પણ ક્ષમા કરાવ્યો.

શ્રીગુસાંઈજીના સેવક હરિદાસની દીકરી હતી. એક વખત તેમને શ્રીગુસાંઈજીનાં દર્શનનો ભારે વિરહતાપ થયો. તેઓ તેમના ગામથી ઉન્મત્ત દશામાં શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા નીકળ્યાં. શ્રીગુસાંઈજી પણ તેમને દર્શન આપવાની આતુરતાથી દ્વારકાની યાત્રાએ નીકળ્યા હતા. સવારનો સમય હતો. શ્રીગુસાંઈજી તેમના મુકામે સ્નાનચોકી ઉપર ઊભા રહી, સ્નાન કરતા હતા. તેટલામાં હરિદાસની બેટી વ્યાકુળ દશામાં પવનવેગે આવતી દેખાઈ. તેમનું મન કેવળ શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદમાં લાગેલું હતું. કાગળનું પૂતળું પવનને વશ થઈ ઊડે, તેમ તેમનો દેહ મનને વશ થઈ, દોડતો હતો! શ્રીગુસાંઈજીએ સ્નાન અધૂરું મૂકી, ચાખડીઓ પહેરી, ઝડપથી તેની સામે ચાલવા માંડ્યું. તેની પાસે પહોંચી, હાથ પકડી, તેને ઊભી કરી અને આજ્ઞા કરી : 'હું તારા માટે જ અહીં મુકામ કરીને રહ્યો છું. મુકામ પણ છોડીને હું તારા માટે સામે આવ્યો છું. સ્નાન કરતાં-કરતાં હું તને દર્શન આપવા આવ્યો છું. તું આવો ખેદ કેમ કરે છે? મને તારી ઘણી ચિંતા હતી; એટલે તો હું તારા માટે દ્વારકા જવા આવ્યો છું.

શ્રીગુસાંઈજી આવી રીતે ભક્તોના શોકનું નિવારણ કરે છે.

કીર્તન સંગતિ :

શ્રીવિઠ્ઠલપ્રભુ જગત ઉદ્ધારન
દેખો ભૂતલ આયે રી ।
નખ શિખ સુંદર રૂપ કહા કહોં
કોટિક કામ લજાયે રી ॥૧॥

જીવ અનેક કૃતારથ કિયે
સ્રવન સુનત ઉઠ ધાયેરી ।
સરન મંત્ર સ્રવન સુનાય સ્તવન હિ
પુરુષોત્તમ કરજુ ગહાયે રી॥૨॥

શેષ સહસ્ર મુખ નિસ દિન ગાવે
તોઉ પાર ન પાવે રી ।
‘છીતસ્વામી’ ગિરિધરન શ્રીવિઠ્ઠલ
પ્રેમ પતિત સબ ધ્યાવે રી ॥૩॥

●

(૨૧) શાન્તઃ = શાન્તાય નમઃ

તેઓ શાન્ત છે.

વિવરણ :

તેઓ શાન્ત છે, એટલે ક્રોધ, લોભ, મોહ, મદ વગેરે દોષોથી રહિત, નિર્દોષ છે. તેઓ ભગવાનના સંકર્ષણ વ્યૂહનો અવતાર નથી, સાક્ષાત્ પરબ્રહ્મનો અવતાર છે. વિવિધ ભાવવાળા ભક્ત વિવિધ ઈચ્છાઓ લઈ, તેમની પાસે આવે છે. તે-તે ભક્તની તે-તે ઈચ્છા તેઓ પૂર્ણ કરે છે. શાન્ત હોવાને કારણે ભક્તમનોરથપૂરક છે.

ઈચ્છા તો માણસના મનમાં જાગે છે. ભક્તના મનની વાત તેઓ શી રીતે જાણી શકે? આ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી તેમના ભક્તો ઉપર ક્યારેય ક્રોધ કરતા નથી. ભક્ત અપરાધ કરે તો પણ તેઓ શાન્ત રહી, ઉદાર ભાવે ક્ષમા કરે છે. તેઓ સદા શાન્ત સ્વરૂપે બિરાજે છે. તેથી તેમનું મુખારવિંદ સદા પ્રફુલ્લિત હોય છે. શ્રીમહાપ્રભુજી ‘પુષ્ટિ-પ્રવાહમર્યાદા’ ગ્રંથમાં સમજાવે છે કે પ્રભુ પોતાના ભક્ત ઉપર અનુગ્રહ કરવા માટે જ ક્યારેક ઉગ્ર સ્વરૂપ બતાવી, શાપ આપે છે. તે શાપ વાસ્તવમાં ભક્તને માટે વરદાનરૂપ હોય છે. શ્રીગુસાંઈજી તો ક્યારેય ઉગ્ર સ્વરૂપ બતાવતા નથી, સદા ચંદ્ર જેવા શીતળ છે. તેઓ પૂર્ણ રૂપે શાન્ત સ્વરૂપ હોવાથી તેમના ભક્તો મનમાં જરાય સંકોચ રાખ્યા વિના તેમની પાસે આવે છે. ભક્તોને તેમની ઈચ્છા વ્યક્ત કરવી પણ પડતી નથી, તેઓ અંતર્યામી હોવાથી ભક્તોની ઈચ્છાને જાણીને પૂરી કરે છે. આમ, તેઓ ભક્તમનોરથપૂરક છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના એક સેવક માધવદાસ ક્ષત્રિય કાબુલમાં રહેતા હતા. તેઓ એક વખત હરિદ્વાર આવેલા. ત્યાં તેમને શ્રીગુસાંઈજીનાં દર્શન થતાં તેઓ શરણે આવ્યા હતા. તે વખતે શ્રીગુસાંઈજીએ તેમને સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપ્યાં હતાં, તેથી તેઓ મૂર્ચ્છિત થયા હતા. શ્રીગુસાંઈજીએ વેદમંત્ર ભણી, જલ છિરકી, તેમને સાવધાન કર્યા હતા. ત્યાંથી તેઓ શ્રીગુસાંઈજી સાથે વ્રજમાં ગયા. ત્યાં તેમણે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. તેમનું મન શ્રીનાથજીમાં લાગી ગયું. શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી : ‘તમે તમારા ઘેર પાછા જાવ. તમને કાલ કે દેશ બાધક બનશે નહીં. તમને તમારા ઘેર બેઠાં, શ્રીનાથજી નિત્ય દર્શન આપશે.’ માધવદાસ કાબુલ પાછા ગયા. ત્યાં દરરોજ સાંજે તેઓ તેમની દુકાને બેઠા હોય ત્યારે ગૌચારણ કરીને પાછા પધારતા શ્રીનાથજીનાં તેમને સાક્ષાત્ દર્શન થતાં. પોતાના ઉપરણાથી તેઓ શ્રીનાથજીનું ગોરજ આચ્છાદિત મુખારવિંદ લૂછતા. તેમની પોથીમાં શ્રીનાથજીના તે દિવસના વસ્ત્રાભૂષણની નોંધ લખી રાખતા. શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીનાથજી તેમને આવાં અલૌકિક દર્શન નિત્ય આપતા.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને દેશ કે કાલ બાધા કરી શકતા નથી. જ્યાં પ્રભુ સુખથી બિરાજે, એ દેશ વૈષ્ણવ માટે ઉત્તમ છે.

(૨૧) શાન્તઃ



માધવદાસ ક્ષત્રિયને, શ્રીગુસાંઈજીની કૃપાથી, કાબુલમાં પોતાની દુકાનમાં બેઠા હોય ત્યારે દરરોજ સાંજે ગૌચારણ કરીને પાછા પધારતા શ્રીનાથજીનાં દર્શન થાય છે.

જ્યાં પ્રભુનાં સેવા-સ્મરણ થાય, તે કાલ વૈષ્ણવ માટે ઉત્તમ છે. શ્રીગુસાંઈજીની કાનિથી મ્લેચ્છ દેશમાં પણ શ્રીનાથજી ભક્તોને આવો અનુભવ કરાવે છે; કારણ કે શ્રીગુસાંઈજી શાન્ત સ્વરૂપ હોવાથી ભક્તમનોરથપૂરક છે.

કીર્તન સંગતિ :

શ્રીવિઠ્ઠલ સુખ સાગર આગર
જગત ઉજાગર પાયેરી ।
ભક્તનકે હિત કારન આલી
અતિ આતુર ઉઠ ધાયેરી ॥૧॥
તાકો ભાગ્ય કહાં લૌ બરનૌ
જો વલ્લભગુન ગાવેરી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
આનંદરસ બરખાવેરી ॥૨॥

●

(૨૨) સર્વજ્ઞઃ = સર્વજ્ઞાય નમઃ
તેઓ સર્વ કંઈ જાણનારા છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી મનની અંદરની અને બહારની સર્વ વાતોને જાણે છે. તેઓ ભગવાન હોવાથી સર્વજ્ઞ હોય એ સ્વાભાવિક છે.

તેઓ સર્વજ્ઞ છે, એ વાત સાચી; પરંતુ બીજાની ઈચ્છા પૂરી કરવી અતિ કષ્ટસાધ્ય હોય છે. તો તેઓ કેવી રીતે ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરી શકે?

વિવરણભાષ્ય :

આગળનાં નામોમાં શ્રીગુસાંઈજીના સ્વરૂપનું પૂર્ણ પુરુષોત્તમત્વ સ્પષ્ટ રીતે બતાવ્યું છે; તેથી તેમના પુરુષોત્તમ સ્વરૂપમાં આપણી પ્રતીતિ દૃઢ થઈ છે. ભગવાનના અનેક દિવ્ય ધર્મો પૈકીનો એક ધર્મ સર્વજ્ઞતાનો છે. જે સર્વજ્ઞ હોય તે જ ભગવાન કહેવાય. શ્રીગુસાંઈજી સર્વજ્ઞ છે, તેથી ભગવાન છે. જીવના હૃદયની અને કૃતિની સર્વ વાતોને દૂર રહ્યે રહ્યે જાણે છે. તેમનાથી કશું અજાણ્યું કે છૂપું રહેતું નથી.

વાર્તા ચરિત્ર સંગતિ :

જાડા કૃષ્ણદાસ નામના શ્રીગુસાંઈજીના એક સેવકે, શ્રીગુસાંઈજીની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. તેઓ ગોકુળ આવ્યા. ત્યારે શ્રીનવનીતપ્રિયજી પલને ઝૂલતા હતા. જાડા કૃષ્ણદાસને એવાં દર્શન થયાં કે કોઈક વખત શ્રીનવનીતપ્રિયજી ઝૂલે છે અને શ્રીગુસાંઈજી ઝુલાવે છે, તો કોઈક વખત શ્રીગુસાંઈજી ઝૂલે છે અને શ્રીનવનીતપ્રિયજી ઝુલાવે છે! શ્રીગુસાંઈજી સર્વજ્ઞ હોવાથી જાડા કૃષ્ણદાસના હૃદયનો સંશય જાણી, તેમણે આવાં અલૌકિક દર્શન આપી, તે સંશય દૂર કર્યો.

નંદદાસજી ગોકુળ આવવા શ્રીયમુનાજીના સામા કિનારે બેઠા હતા. કોઈ નાવિક તેમને નાવમાં ગોકુલ લઈ જવા તૈયાર ન હતો. સર્વજ્ઞ એવા શ્રીગુસાંઈજીએ આ વાત જાણી. તેમણે એક વ્રજવાસીને નાવ લઈ, નંદદાસજીને લેવા મોકલ્યા. દરમ્યાન, બીજા વૈષ્ણવોની પાતળ કરાવી ત્યારે નંદદાસજીની પાતળ પણ કરાવી હતી.

ગુજરાતથી વૈષ્ણવોનો એક સંઘ ગોકુળ આવતો હતો. સાથે એક અત્યંત ગરીબ પટેલ વૈષ્ણવ હતા. તેમની પાસે શ્રીગુસાંઈજીને ભેટ ધરવા દ્રવ્ય ન હતું; તેથી તેમણે રસ્તામાં ઊગેલાં શંખાવલીનાં કોમળ પુષ્પો વીણી, તેની માળા સિદ્ધ કરી; જે તેઓ શ્રીગુસાંઈજીને ધરવા ઈચ્છતા હતા. પરંતુ તેમને ચિંતા થઈ કે ગોકુળ હજી દૂર છે, ત્યાં પહોંચતાં સુધી આ માળા કરમાઈ જશે, શ્રીગુસાંઈજીને ધરાવવા લાયક રહેશે નહીં. અંતર્યામી શ્રીગુસાંઈજીએ આ વૈષ્ણવના હૃદયનો મનોરથ જાણ્યો. તેઓ તત્કાલ ઘોડેસ્વાર થઈ, સામે પધાર્યા. તે વૈષ્ણવની માળા અંગીકાર કરી.

બેઠક ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીએ ગોકુલવાસ કર્યો, ત્યાં પોતાનું મંદિર બન્યું ન હતું. તેથી તેઓ શ્રીમહાપ્રભુજીની બડી બેઠકના સ્થાનમાં બિરાજતા હતા. તેઓ સર્વજ્ઞ હોવાથી એક દિવસ વૈષ્ણવોને

(૨૨) સર્વજ્ઞઃ



નંદદાસજી ગોકુળ આવવા શ્રીયમુનાજીના સામા કિનારે બેઠા છે. કોઈ નાવિક તેમને ગોકુલ લઈ જવા તૈયાર ન હતા, ત્યારે સર્વજ્ઞ એવા શ્રીગુસાંઈજીએ આ વાત જાણી, એક વ્રજવાસીને નાવ લઈ તેમને લેવા મોકલ્યા.

ભગવાનના અનેક દિવ્ય ધર્મો પૈકીનો એક ધર્મ સર્વજ્ઞતાનો છે. જે સર્વજ્ઞ હોય તે જ ભગવાન કહેવાય. શ્રીગુસાંઈજી સર્વજ્ઞ છે, તેથી ભગવાન છે. જીવના હૃદયની અને કૃતિની સર્વ વાતોને દૂર રહ્યે રહ્યે જાણે છે. તેમનાથી કશું અજાણ્યું કે છૂપું રહેતું નથી.

આજ્ઞા કરી : 'જો અત્યારે મંદિરનો પાયો ખોદાય, તો મુહૂર્ત ખૂબ સુંદર છે. મંદિર અવિચલ થશે.' આમ આજ્ઞા કરી, તેઓ પોઢવા પધાર્યા. વૈષ્ણવોની વચ્ચે બેઠેલા યાદવેંદ્રદાસ નામના વૈષ્ણવે શ્રીગુસાંઈજીની આજ્ઞાનું પાલન કર્યું. આખી રાત મથી, વિશાળ મંદિરનો પાયો ખોદી નાખ્યો. સવારે શ્રીગુસાંઈજીએ તે જોયું. તેઓ ઘણા પ્રસન્ન થયા. ત્યાં મંદિર બન્યું. આજે પણ આ મંદિર અવિચલ છે. તે રાજાઠાકોરના મંદિર તરીકે જાણીતું છે.

કીર્તન સંગતિ :

આજ બધાઈ શ્રીવલ્લભ દ્વાર ।
પૌષ માસ વદિ નવમી શુભ દિન
શ્રીવિઠ્ઠલ અવતાર ॥૧॥

જ્ઞાન રહિત જીવન હિત કારન
નામ વિવેક વિચાર ।
યહી જાન સુંદર મધુરાકૃતિ
મૂરતિ પરમ ઉદાર ॥૨॥

ભૂતલ ભાગ્ય હમારે ઉઘરે
માયિક મત નિસ્તાર ।
બ્રહ્મવાદ કલિ કલ્પવૃક્ષકી
ફીર ઉલહી સબ ડાર ॥૩॥

પ્રેમ સમુદ્ર ભક્તિ મારગ કો
ઉમગ્યો તાહી વાર ।
યાહી તે દ્વિજરાજ કહાવે
શ્રીગિરિરાજ સાકાર ॥૪॥

●

(૨૩) સર્વકામદઃ = સર્વ કામદાય નમઃ
તેઓ ભક્તોની સર્વ ઈચ્છાઓને પૂરી કરનારા છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ભક્તોને તેમના સર્વ ઈચ્છિત અર્થ આપે છે. બ્રહ્મા વગેરે દેવો પણ તેમની કૃપાથી વરદાન આપવાનું સામર્થ્ય ધરાવે છે; એવા તેઓ પોતાના ભક્તોના મનોરથ પૂરા કરે, તેમાં શું આશ્ચર્ય છે! તેઓ સહજ રીતે, અનાયાસ, ભક્તોની ઈચ્છાઓ પૂરી કરે છે.

શ્રીપુરુષોત્તમ રસાત્મક છે અને રસનો આધાર સ્ત્રી છે. સ્ત્રીના સંબંધ વિના શ્રીકૃષ્ણત્વ કેવી રીતે સંભવે? એના જવાબમાં હવે બીજું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી ભક્તોના હૃદયને બરોબર જાણે છે; કારણ કે તેઓ અંતર્યામી છે. ભક્તોના હૃદયમાં જાગતી ઈચ્છાઓને જાણીને તે પ્રત્યે તેઓ ઉદાસીન રહેતા નથી; પરંતુ કૃપાસાગર હોવાથી પોતાના ભક્તોની સર્વ ઈચ્છાઓ સહજ રીતે સિદ્ધ કરી આપે છે. માટે તેમને ભક્તમનોરથપૂરક કહ્યા છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

અમદાવાદમાં એક વણિક દલાલ શ્રીગુસાંઈજીના સેવક થયા. તેઓ સ્વભાવે ખૂબ જ કંજૂસ અને લોભી હતા. કંજૂસાઈ કરી-કરીને તેમણે રૂપિયા નેવું હજાર બચાવ્યા હતા. તેમની ઈચ્છા લક્ષાધિપતિ બનવાની હતી. શ્રીગુસાંઈજી અમદાવાદ પધાર્યા ત્યારે તેઓ શ્રીગુસાંઈજીના સેવક તો થયા; પરંતુ તેમણે વિનંતી કરીઃ 'મહારાજ! મારાથી સેવા બની શકશે નહીં; કારણ કે પૈસા ખર્ચવાનો મારો સ્વભાવ નથી. સેવામાં ખૂબ ખર્ચ થાય, તેની મને ખબર છે.'

શ્રીગુસાંઈજીએ કૃપા કરી, તેમને માનસી સેવાની રીત શીખવી. તે પ્રમાણે તેઓ દરરોજ સવારે ઘરના એકાંતમાં બેસીને માનસી સેવા કરતા. એક વખત જન્માષ્ટમીનો ઉત્સવ

(૨૩) સર્વકામદઃ



લોભી સ્વભાવના એક વણિક માનસીમાં સેવા કરતા. એક દિવસ ખીરની સામગ્રીમાં ખાંડ વધારે પડી ગઈ છે તેમ લાગતાં,
ખોબો ભરીને કાઢવા ગયા ત્યારે શ્રીઠાકોરજી સાક્ષાત્ પધારી, તેમનો હાથ પકડી રોકે છે.

આવ્યો. તેઓ માનસીમાં ખીરની સામગ્રી સિદ્ધ કરતા હતા, ત્યારે દૂધમાં વધારે પડતી ખાંડ પડી ગઈ. તેમનો કંજૂસ સ્વભાવ આગળ આવ્યો તેઓ ઉપર-ઉપરથી ખાંડ કાઢવા ગયા. તે વખતે શ્રીનાથજીએ પ્રકટ થઈ, તેમનો હાથ પકડી લીધો. શ્રીનાથજીનો સાક્ષાત્ અનુભવ થતાં તેમનો લોભ અને કંજૂસાઈ જતાં રહ્યાં. તેમણે બચાવેલું બધું દ્રવ્ય શ્રીઠાકોરજીની સેવામાં વાપર્યું. આમ, શ્રીગુસાંઈજીએ તે વણિક વૈષ્ણવની ઈચ્છા પ્રમાણે તેને સેવાની રીત બતાવી, તેનો મનોરથ પૂર્ણ કર્યો.

બેઠક ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી અસારવામાં ભાઈલા કોઠારીને ત્યાં બિરાજતા હતા. તેમનો પ્રભાવ જાણીને અમદાવાદનો સૂબો તેમની પાસે આવ્યો. તેણે વિનંતી કરી : 'મહારાજ! આ પ્રદેશમાં સાત વર્ષથી વરસાદ થયો નથી. અસહ્ય દુકાળ છે. લોકો ઘણા દુ:ખી છે. અહીંના લોકો ઉપર કૃપા કરો.' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે તમારા મહેલમાં પાછા પહોંચશો ત્યારે મહેલના દરવાજામાં ભીંજાઈને જ અંદર જશો.' સૂબો દંડવત્ કરી, ઘોડેસ્વાર થઈ, પાછો ગયો. આકાશમાં વાદળો ચડી આવ્યાં. પુષ્કળ વરસાદ થયો. સૂબો ભીંજાતો-ભીંજાતો મહેલમાં ગયો.

કીર્તન સંગતિ :

શ્રીવલ્લભનંદન રૂપઅનુપ સ્વરૂપ
કહ્યો નહીં જાઈ ।
પ્રગટ પરમાનંદ ગોકુલ બસત હૈ
સબ જગતકો જો સુખદાઈ ॥૧॥

ભક્તિ મુક્તિ દેત સબન કો
નિજ જનકો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખમય સુખરૂપ સુખદ
એક રસના કહાં લૌ બરનો
ગોવિંદ બલિ જાઈ ॥૨॥

◆

(૨૪) રુક્મિણીરમણઃ = રુક્મિણીરમણાય નમઃ

તેઓ શ્રીરુક્મિણીજીના પતિ છે.

વિવરણ :

તેઓ શ્રીરુક્મિણીજીના પતિ હોવાથી શ્રીરુક્મિણીજીને પોતાના સ્વરૂપાનંદનું દાન કરનારા છે; માટે તેમને રુક્મિણી રમણ કહ્યા છે.

અહીં કોઈ શંકા કરે કે તેઓ એક જ સ્વામિની સાથે રમણ કરનારા હોવાથી એકપત્નીવ્રતધારી શ્રીરામચંદ્રજીની જેમ મર્યાદા પુરુષોત્તમ હશે, પ્રમેય સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ ન હોય; કારણ કે એક પ્રિયારમણ રસશાસ્ત્ર વિરુદ્ધ છે. તેથી એક સ્વામિનીથી આપની રસાત્મકતાનો અભાવ જ સિદ્ધ થાય. તેના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

વેદોએ ભગવાનનું સ્વરૂપ બતાવતાં ભગવાનને રસસ્વરૂપ કહ્યા છે. ભગવાન પૂર્ણ રસાત્મક છે. સર્વ રસમાં શૃંગારરસ શ્રેષ્ઠ છે, તેથી ભગવાન અલૌકિક શૃંગારરસનું સાક્ષાત્ સ્વરૂપ છે. અલૌકિક શૃંગારરસનાં બે દળ - પૂર્વદળ અને ઉત્તરદળ છે. પૂર્વદળ સંયોગાત્મક છે, ઉત્તરદળ વિપ્રયોગાત્મક છે. માટે, બંને દળથી શ્રીઠાકોરજી યુગલ ભાવે બિરાજે છે.

શ્રીગુસાંઈજી પણ સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે. તેથી તેમનાં વહુજી શ્રીરુક્મિણીજી સ્વામિની સ્વરૂપે તેમની સાથે બિરાજે છે. સ્વામિની સ્વરૂપે તેઓ શ્રીગુસાંઈજીથી અલગ કે ભિન્ન નથી. શ્રીસ્વામિનીસ્વરૂપ પણ તેમનું જ સ્ત્રી ભાવાત્મક સ્વરૂપ છે. પોતે જે, પોતાના સ્વરૂપમાંથી, પોતાની ક્રીડા માટે પ્રકટ કર્યું છે. આથી શ્રીગુસાંઈજી શ્રીરુક્મિણીજીને સ્વરૂપાનંદનું દાન કરે છે; એટલે શ્રીગુસાંઈજીને રુક્મિણીરમણ કહ્યા છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત નાગજીભાઈ સુંદર વસ્ત્રોના તાકા લઈ, ગોકુળ આવ્યા. તેમણે તે વસ્ત્રોના તાકા શ્રીગુસાંઈજીને ભેટ ધર્યા.

(૨૪) રુક્મિણીરમણઃ



નાગજીભાઈનો મનોરથ પૂર્ણ કરવા, તેમણે લાવેલા તાકામાંથી વસ્ત્રો સિદ્ધ કરાવી, તે ધારણ કરી, શ્રીગુસાંઈજીએ શ્રીરુક્મિણીજી સાથે બિરાજી, નાગજીભાઈને દર્શન આપ્યાં.

વેદોએ ભગવાનનું સ્વરૂપ બતાવતાં ભગવાનને રસસ્વરૂપ કહ્યા છે. ભગવાન પૂર્ણ રસાત્મક છે. સર્વ રસમાં શૃંગારરસ શ્રેષ્ઠ છે, તેથી ભગવાન અલૌકિક શૃંગારરસનું સાક્ષાત્ સ્વરૂપ છે. અલૌકિક શૃંગારરસનાં બે દળ – પૂર્વદળ અને ઉત્તરદળ છે. પૂર્વદળ સંયોગાત્મક છે, ઉત્તરદળ વિપ્રયોગાત્મક છે. માટે, બંને દળથી શ્રીઠાકોરજી યુગલ ભાવે બિરાજે છે.

શ્રીગુસાંઈજીએ તે વસ્ત્રો જોઈ, પ્રસન્ન થઈને આજ્ઞા કરી : ‘આ વસ્ત્રો શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજીને લાયક છે.’ નાગજીભાઈએ વિનંતી કરી : ‘મહારાજ! મારો મનોરથ એવો છે કે આમાંથી આપના યુગલ સ્વરૂપનાં વસ્ત્રો સિદ્ધ થાય, તે ધારણ કરી આપ યુગલ સ્વરૂપે બિરાજો અને આપનાં દર્શન કરી, મારાં નેત્રો શીતળ બને.’

શ્રીગુસાંઈજીએ નાગજીભાઈનો મનોરથ પૂર્ણ કર્યો. તેઓ શ્રીરુક્મિણીજી સાથે નાગજીભાઈનાં લાવેલાં વસ્ત્રો ધરી, સુખરૂપથી બિરાજ્યા.

કીર્તન-સંગતિ :

જયતિ રુક્મિણી નાથ પદ્માવતી
પ્રાણપતિ વિપ્રકુલ છત્ર આનંદકારી ।
દીપ વલ્લભવંશ જગત નિસ્તાર કરન
કોટિ ઉડુરાજ સમ તાપ હારી ॥૧॥

જયતિ ભક્તજન પતિ પતિત પાવન કરન
કામી જન કામના પૂરન ચારી ।
મુક્તિકાંક્ષીય જન ભક્તિદાયક પ્રભુ
સકલ સામર્થ્ય ગુન ગનન ભારી ॥૨॥

જયતિ તીરથ ફલિત નામ સ્મરન માત્ર
વાસ વ્રજ નિત્ય ગોકુલવિહારી ।
‘નંદદાસનિ’ નાથ પિતા ગિરિધર આદિ
પ્રકટ અવતાર ગિરિરાજધારી ॥૩॥

•

(૨૫) શ્રીશઃ = શ્રીશાય નમઃ
તેઓ શ્રીના ઈશ એટલે પતિ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી શ્રીના ઈશ એટલે પતિ છે. શ્રી એટલે લક્ષ્મીજી. શ્રીગુસાંઈજી લક્ષ્મીજીના પતિ છે, એટલે લક્ષ્મીરૂપા શ્રીપદ્માવતીજીના પતિ છે. આમ, શ્રી એટલે લક્ષ્મીજી અને શ્રી એટલે પદ્માવતીજી. શ્રીગુસાંઈજી બંનેના સ્વામી છે. શ્રી શબ્દનો એક ત્રીજો અર્થ છે. શ્રી એટલે સર્વાત્મભાવવાળી અનેક ભક્ત સ્ત્રીઓ. શ્રીગુસાંઈજી તેમના પણ સ્વામી છે; અર્થાત સર્વાત્મભાવરૂપી ઉત્તમ ફળ જેમને પ્રાપ્ત થયું છે, એવાં ભક્તોના તેઓ સ્વામી છે. મર્યાદામાં જેમ લક્ષ્મીજીથી જ રમણનો અધિકાર છે, તેમ પુષ્ટિમાં સર્વાત્મભાવથી જ રમણનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે તે ભાવવાળા ભક્તો માટે અહીં શ્રી શબ્દ વપરાયો છે.

સર્વાત્મભાવ મનમાં છે. સર્વાત્મભાવવાળા ભક્તો અને સર્વાત્મભાવ વિનાના ભક્તો વચ્ચેનો ફરક બાહ્ય દેખાવ ઉપરથી તો જણાતો નથી, તો સર્વાત્મભાવવાળા ભક્તોને અન્ય ભક્તોથી કેવી રીતે જુદા તારવી શકાય? આ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શાસ્ત્રોમાં અને શ્રીસુબોધિનીજીમાં શ્રી શબ્દના અનેક અર્થ બતાવવામાં આવ્યા છે. તે પૈકી ખૂબ જ પ્રચલિત અર્થ લક્ષ્મીજી છે. શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી તેઓ લક્ષ્મીપતિ છે. શ્રીગુસાંઈજીનાં બીજાં વહુજીનું નામ શ્રીપદ્માવતી વહુજી છે. પદ્માવતી શબ્દનો અર્થ પણ લક્ષ્મી થાય. એટલે અહીં શ્રી શબ્દ પદ્માવતી વહુજીને પણ લાગુ પડે છે. શ્રીમહાપ્રભુજી ‘સુબોધિનીજી’માં શ્રી શબ્દનો ત્રીજો અર્થ બતાવે છે. શ્રી એટલે સર્વાત્મભાવવાળા વ્રજભક્તો. આ અર્થ લઈને તો શ્રીગુસાંઈજી સર્વાત્મભાવવાળા ભક્તોના પણ સ્વામી છે.

(૨૫) શ્રીશઃ



ગઢાનાં રાણી દુર્ગાવતીના મનોરથ સ્વરૂપે શ્રીગુસાંઈજીએ પદ્માવતીજી સાથે લગ્ન કરી, રાણીને યુગલ સ્વરૂપે દર્શન આપ્યાં અને શ્રીપદ્માવતી વહુજીને પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું.

જ્યારે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ શ્રીનંદનંદન સ્વરૂપે સારસ્વત કલ્પમાં શ્રીનંદરાયજીને ત્યાં પ્રકટ થયા, ત્યારે લક્ષ્મીજીને દાસી બની, વૈકુંઠમાંથી વ્રજમાં આવવું પડ્યું હતું. પ્રભુના પ્રાકટ્ય સમયે તેમણે ઘેર-ઘેર તોરણ બાંધવાની સેવા સ્વીકારી હતી. આમ, લક્ષ્મીજી પ્રભુનાં સ્વામિની છે. પ્રભુએ તેમને પોતાના હૃદયકમળ પર સ્થાન આપ્યું છે, પરંતુ તેઓ સદા પ્રભુના ચરણ કમળમાં દાસી બનીને બિરાજે છે. શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી તેઓ શ્રીપતિ છે.

સર્વાત્મભાવવાળા ભક્તો મન, વાણી અને કર્મથી પ્રભુ સિવાય બીજા કોઈનો વિચાર કરતા નથી. આવા ભક્તોએ તેમનાં હૃદય પ્રભુને જ સોંપી દીધાં હોય છે. એવા જ ભક્તોના હૃદયમાં પ્રભુ હંમેશાં રમણ કરે છે. એ અર્થમાં પણ શ્રીગુસાંઈજી શ્રીપતિ એટલે સર્વાત્મભાવવાળા ભક્તોના સ્વામી છે.

શ્રીગુસાંઈજીનાં પ્રથમ વહુજી શ્રીરુક્મિણીજીના લીલાપ્રવેશ બાદ, તેમના પુત્રોના અતિ આગ્રહથી તેમણે શ્રીપદ્માવતીજી સાથે લગ્ન કર્યું હતું. લક્ષ્મીજી કમળ પર બિરાજતાં હોવાથી તેમનું નામ પદ્માવતી છે. શ્રીગુસાંઈજીનાં વહુજી પદ્માવતીજી હોવાથી શ્રીગુસાંઈજી શ્રીપતિ છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના સેવક મધ્ય પ્રદેશના ગઢા રાજ્યનાં રાણી દુર્ગાવતી થઈ ગયાં. શ્રીગુસાંઈજી રાણી દુર્ગાવતીની વિનંતીથી ઘણો સમય સપરિવાર ગઢામાં બિરાજ્યા હતા. તે વખતે શ્રીગુસાંઈજીનાં વહુજી શ્રીરુક્મિણીજી લીલામાં પધાર્યાં હતાં. શ્રીગુસાંઈજીએ ફરી લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો હતો; કારણ કે શ્રીરુક્મિણીજીથી તેમને છ પુત્રો અને ચાર પુત્રીઓ હતાં. રાણી દુર્ગાવતીનો મનોરથ હતો કે શ્રીગુસાંઈજી ફરી લગ્ન કરે; જેથી તેમના પુત્ર-પુત્રીઓને માતા મળે. રાણી દુર્ગાવતીએ શ્રીગોકુલનાથજી આદિ શ્રીગુસાંઈજીનાં બાળકોને વિનંતી કરી. શ્રીગોકુલનાથજી અને શ્રીરઘુનાથજીએ શ્રીગુસાંઈજીને બીજીવાર લગ્ન કરવા અતિ આગ્રહ કર્યો. બંને બાળકોએ એમ કહ્યું કે : 'જ્યાં સુધી આપ લગ્ન નહીં કરો, ત્યાં સુધી અમે પણ લગ્ન નહીં કરીએ.' ભગવદિચ્છા સમજી, શ્રીગુસાંઈજીએ પદ્માવતીજી સાથે લગ્ન કર્યાં. 'સંપ્રદાય કલ્પદ્રુમ'ના રચયિતા મહાનુભાવ ભક્તકવિના મત મુજબ શ્રીરુક્મિણીજીવહુજી જ શ્રીપદ્માવતીજી સ્વરૂપે ફરીથી પધાર્યાં હતાં. શ્રીગુસાંઈજીએ જેવી રીતે શ્રીરુક્મિણીજીને પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું હતું, તેવી જ રીતે તેમણે શ્રીપદ્માવતીજીને પણ પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું. માટે, શ્રીગુસાંઈજીને 'પદ્માવતી પ્રાણપતિ' કહ્યા છે.

બેઠક ચરિત્ર સંગતિ :

આ ચરિત્ર શ્રીગુસાંઈજીનાં ગઢાનાં બેઠકમાં સંપન્ન થયું છે. આજે પણ જબલપુર પાસે ગઢામાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી પ્રકટ બિરાજે છે.

કીર્તન સંગતિ :

ચોવીસમા નામ - 'શ્રીરુક્મિણીરમણ:'ના વિવરણ ભાષ્યમાં જે કીર્તન સંગતિ રજૂ થઈ છે, તે જ કીર્તન આ નામ સાથે પણ વિચારવું; કારણ કે શ્રીરુક્મિણીજી અને શ્રીપદ્માવતીજી - બંનેના સ્વામી તરીકે તેમાં શ્રીગુસાંઈજીનું નિરૂપણ છે.

●

(૨૬) ભક્તરત્નપરીક્ષક: =
ભક્તરત્નપરીક્ષકાય નમ:
તેઓ ભક્તોરૂપી રત્નોના પરીક્ષક છે.

વિવરણ :

તેઓ ભક્તોરૂપી રત્નોના પરીક્ષક છે. રત્ન અતિ દુર્લભ અને કિંમતી હોવાથી તેને ગુપ્ત રાખવામાં આવે છે. તેવી રીતે ભક્તિનો સર્વોચ્ચ ભાવ સર્વાત્મભાવ પણ રત્ન જેવો અતિ દુર્લભ અને કિંમતી છે. તેથી તેને અતિ ગુપ્ત રાખવાનો હોય છે. શ્રીગુસાંઈજી સર્વાત્મભાવવાળાં ભક્તોની પરીક્ષા કરીને તેમને સર્વાત્મભાવ વિનાના ભક્તોથી જુદા તારવે છે. માટે તેઓ સર્વાત્મભાવવાળા ભક્તો રૂપી રત્નોના પરીક્ષક છે.

સાચાં રત્ન અને બનાવટી રત્નમાં તફાવત હોય છે. બનાવટી રત્નોની શોભા કૃત્રિમ હોય છે. તેમના રંગો પણ

(૨૬) ભક્તરત્નપરીક્ષકઃ



આગ્રામાં રૂપચંદ નંદા, પોતાના ઘેર બિરાજતા શ્રીગુસાંઈજીના મનની વાત જાણી, આપશ્રીની ઈચ્છા પ્રમાણેનો ઘોડો અને તેનો સાજ લાવી, આપશ્રીને ભેટ ધરે છે.

કૃત્રિમ હોય છે. વાસ્તવમાં, તેઓ કાચના ટુકડા હોય છે; પરંતુ રત્ન હોય તેવો ભ્રમ કરે છે. સાચાં અને ખોટાં રત્નોને સામાન્ય માણસ અલગ તારવી શકતો નથી. ઉત્તમ કક્ષાનો ઝવેરી સાચાં રત્નોની પરીક્ષા કરી, ખોટાં રત્નોથી તેમને અલગ તારવે છે.

શ્રીગુસાંઈજીના સેવકોમાં પણ બે પ્રકારના સેવકો છે - સર્વાત્મભાવવાળા અને સર્વાત્મભાવ વિનાના. જે સર્વાત્મભાવ વિનાના છે તેમને મુખ્ય ફળ પ્રાપ્ત થતું નથી; એટલે આ બંને પ્રકારના સેવકોની શ્રીગુસાંઈજી પરીક્ષા કરી, જુદા તારવે છે અને સર્વાત્મભાવવાળા સેવકોને મુખ્ય ફળનું દાન કરે છે.

જેમના હાથમાં રત્ન હોય છે, તે હંમેશાં રત્નની રક્ષા કરવા તત્પર હોય છે. તેવી રીતે શ્રીગુસાંઈજી તેમના સર્વાત્મભાવવાળા ભક્તની રક્ષા કરવામાં તત્પર હોય છે કે કેમ? આ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી સર્વજ્ઞ છે. સૌનાં હૃદયને જાણનાર છે. ભક્તિના વિવિધ ભાવ અને અધિકારવાળા અનેક જીવો તેમના શરણે આવે છે. તે જીવોની યોગ્યતા પ્રમાણે તેમના વિવિધ સ્વભાવ અને ભાવ હોય છે. બધા ભક્તો સમાન ભાવવાળા હોતા નથી.

એક ઝવેરી સાચાં અને ખોટાં રત્નોની પરીક્ષા કરી, તેમને અલગ તારવે છે; તેમ શ્રીગુસાંઈજી પણ શરણે આવેલા જીવોની પરીક્ષા કરી, સર્વાત્મભાવવાળા અને સર્વાત્મભાવ વિનાના સેવકોને અલગ તારવે છે. સર્વાત્મભાવવાળા સેવકોને ભગવત્પ્રાપ્તિરૂપી મુખ્ય ફળનું દાન કરતા નથી, તેમને ગૌણ ફળનું દાન કરે છે.

શ્રીગુસાંઈજીના એક-એક સેવક રત્ન સમાન છે. જેમ દરેક રત્નની ગુણવત્તા અલગ-અલગ છે; તેમ દરેક ભક્તનું સ્વરૂપ પણ અલગ-અલગ છે. શ્રીગુસાંઈજી દરેકના સ્વરૂપને જાણીને તેના અધિકાર પ્રમાણે તેને ફલનું દાન કરે છે; માટે તેઓ ભક્તરત્ન પરીક્ષક છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી આગ્રા શહેરમાં રૂપચંદ નંદા નામના તેમના સેવકને ઘેર પધાર્યા. તે વખતે રૂપચંદ નંદા ઘેર ન હતા. તેથી શ્રીગુસાંઈજી કપુર નામના બીજા વૈષ્ણવને ત્યાં પધાર્યા અને ત્યાં મુકામ કર્યો. શ્રીગુસાંઈજી સ્નાન કરવા માટે કેડ પર વસ્ત્ર લપેટી, જનોઈ કાને ચડાવી, હાથ-પગ ધોવા ચોકમાં પધાર્યા. તે વખતે એક વૈષ્ણવે આવીને સમાચાર આપ્યા કે રૂપચંદ નંદા તેમને ઘેર આવી ગયા છે; એટલે શ્રીગુસાંઈજી તે જ અવસ્થામાં સીધા રૂપચંદ નંદાને ઘેર પધાર્યા. ત્યાં હાથપગ ધોઈ, સ્નાન કરી, ભોગ ધરી, પ્રસાદ લઈ વિશ્રામ કર્યો.

શ્રીગુસાંઈજીના મનમાં વિચાર આવ્યો કે ગોકુળથી ગિરિરાજ જવા માટે અમુક રંગનો ઉત્તમ ઘોડો હોય, તેના ઉપર અમુક રંગનો મખમલનો સાજ હોય તો સારું. તે ઘોડા પર બેસી, રોજ ગિરિરાજ જઉં. શ્રીગુસાંઈજીના હૃદયની આ વાત રૂપચંદ નંદાએ જાણી, કારણ કે રૂપચંદ નંદાને સર્વાત્મભાવ સિદ્ધ થયો હતો. તેઓ તત્કાલ બજારમાં ગયા. તેવો ઘોડો અને સાજ ખરીદી, ઘોડાને શણગારી સાથે લઈ આવ્યા. તેમણે તે ઘોડો શ્રીગુસાંઈજીને ભેટ ધર્યો. શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા.

શ્રીગુસાંઈજીના હૃદયની વાત કેવળ સર્વાત્મભાવવાળા ભક્તો જ જાણી શકે છે; તેથી એવા ભક્તરત્નોના પરીક્ષણ બની, શ્રીગુસાંઈજી તેમની સેવા અંગીકાર કરે છે.

કીર્તન સંગતિ :

સેવકકી સુખ રાશિ
સદા શ્રીવલ્લભ રાજકુમાર ।
દરસન હી પ્રસન્ન હોત મન
પુરુષોત્તમ અવતાર ॥૧॥

સુદૃષ્ટિ ચિત્તે સિદ્ધાંત બતાયો
લીલા જગ વિસ્તાર ।
યહ તજિ અન્ય જ્ઞાન કો ધાવત
ભૂલ્યો કુમતિ વિચાર ॥૨॥

'છિતસ્વામી' ઉદ્ધરે પતિત
શ્રીવિટ્ઠલ ભૂપ ઉદાર ।
ઈનકે કહે ગહી ભુજ દૃઢ કરિ
ગિરિધર નંદદુલાર ॥૩॥

(૨૭) ભક્તરક્ષૈકદક્ષઃ



ઉપર : શ્રીગુસાંઈજી ચાચાજીને લાહોર જવા આજ્ઞા કરે છે. ■ **નીચે :** ચાચાજી લાહોર જઈ શેઠની દીકરીને આશ્વાસન આપે છે કે તું ચિંતા કરીશ નહિ. પ્રભુ બધું સારું કરશે. ચાચાજીના સત્સંગથી દીકરીનાં સાસરિયાં વૈષ્ણવ થયાં.

(૨૭) ભક્તરક્ષૈકદક્ષઃ =
ભક્તરક્ષૈકદક્ષાય નમઃ
તેઓ ભક્તોનું રક્ષણ કરવામાં પ્રવીણ છે.

વિવરણ :

તેઓ ભક્તોની રક્ષા કરવામાં પ્રવીણ છે. તેઓ જે-કંઈ કરે છે તે ભક્તોની રક્ષા માટે જ કરે છે.

આમ કરવાનું કારણ શું? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીને મન તેમનાં ભક્તો કિંમતી રત્નો છે. તેઓ ભક્તોરૂપી રત્નોની પરીક્ષા કરીને અટકી જતા નથી. માણસને કિંમતી રત્ન મળે અને તે અતિ કિંમતી છે, એવી માહિતી મળે પછી તેમને સાચવવા માટે તે માણસ તત્પર બને છે. તેવી રીતે શ્રીગુસાંઈજી પણ રત્નો સમાન તેમના ભક્તોની રક્ષા કરવામાં હંમેશાં તત્પર રહે છે. તેમનાં બધાં જ કાર્ય ભક્તોની રક્ષા માટે હોય છે; તેથી તેમને 'કૃપાસાગર' કહેવામાં આવે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના સેવક એક શેઠની દીકરી લાહોરમાં રહેતી હતી. તેનાં સાસરિયાં બધાં બહિર્મુખ હતાં. તેઓ આચારવિચારમાં કંઈ સમજતાં ન હતાં. ઘરમાં શ્રીઠાકોરજીની સેવા ન હતી. સૌ અસમર્પિત ખાનપાન કરનારાં હતાં; તેથી આ વૈષ્ણવ દીકરી અતિ દુઃખી હતી. પોતાનો વૈષ્ણવ ધર્મ સાચવવા આ ટેકીલી દીકરી એક વર્ષ સુધી કાચા ચણા ખાઈ રહી. આવા ટેકીલા ભક્તનું દુઃખ શ્રીગુસાંઈજી સહન કરી શક્યા નહીં. લાહોર સુધી જવું શ્રીગુસાંઈજી માટે સરળ ન હતું; તેથી તેમણે પોતાના કૃપાપાત્ર સેવક ચાચા હરિવંશજીને તે દીકરી પાસે લાહોર મોકલ્યા. ચાચાજીનાં દર્શન કરી, તે દીકરી રડવા લાગી. ચાચાજીએ કહ્યું : 'તું રડીશ નહીં. તારે માટે જ મને શ્રીગુસાંઈજીએ અહીં સુધી મોકલ્યો છે. તેઓ ઘણા દયાળુ છે. તેઓ પોતાના બધા ભક્તોની રક્ષા કરે છે; તો તારી રક્ષા કેમ નહીં કરે?

શ્રીગુસાંઈજીની કૃપાથી અને ચાચાજીના સત્સંગથી તે દીકરીનાં સાસરિયાં બધાં મનુષ્યો શ્રીગુસાંઈજીનાં સેવક થયાં, આચાર વિચાર પાળવા લાગ્યાં. સેવા કરી, સમર્પિત જીવન જીવવા લાગ્યાં. તે દીકરીનું જીવન આનંદમય બન્યું. શ્રીગુસાંઈજીએ તેની રક્ષા કરી.

કીર્તન સંગતિ :

જોપેં શ્રીવિઠ્ઠલરૂપ ન ધરતે ।
તો કૈસે ઘોર કલિયુગ કે
મહા પતિત નિસ્તરતે ॥૧॥

સેવા રીતિ પ્રીતિ બ્રજજનકી
શ્રીમુખ તે વિસ્તરતે ।
શ્રીવિઠ્ઠલનાથ અમૃત રસ લીનો
રસના સરસ સુફલતે ॥૨॥

કીરતિ વિશદ સુની જીન શ્રવનન
વિષય વિષજુ પરિહરતે ।
'ગોવિંદ' બલિ દરસન જીન પાયો
ઉમગ ઉમગ રસ ભરતે ॥૩॥

●

(૨૮) શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તકઃ =
શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તકાય નમઃ
તેઓ શ્રીકૃષ્ણની ભક્તિ ફેલાવનાર છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી શરણે આવેલા ભક્તોને શ્રીકૃષ્ણમાં સર્વાત્મભાવરૂપી ભક્તિથી જોડનારા છે. એક વાર ભક્તને ફલરૂપા ભક્તિ પ્રાપ્ત થાય, પછી તેને કોઈનો ભય રહેતો નથી. શ્રીગુસાંઈજી પોતાનાં ભક્તોને આવી ફલરૂપા ભક્તિનું દાન કરી, તેમનું સર્વથી રક્ષણ કરે છે. તેઓ પોતે શ્રીકૃષ્ણ સ્વરૂપ

(૨૮) શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તકઃ



રામાનંદી પતિને અને વૈષ્ણવ પત્નીને, બંનેનો ભાવ સ્વીકારી,
પ્રભુ તેમને બંનને પોતાના ઈષ્ટ સ્વરૂપે - રામ અને કૃષ્ણ બંને સ્વરૂપે - દર્શન આપી, તે બંનેને ઝગડો ન કરવા આજ્ઞા કરે છે.

છે. પોતાની ભક્તિ ફેલાવવા માટે ગુરુ સ્વરૂપે પ્રગટ થયા છે. શ્રીભાગવતમાં કુંતીજીએ ભગવાનને કહ્યું કે ભક્તિયોગનો વિસ્તાર કરવા આપ પધાર્યા છો. જેમ ભગવાન શ્રીકૃષ્ણ ભક્તિયોગનો વિસ્તાર કરવા પૃથ્વી પર પધાર્યા અને તેમણે ગીતાજી દ્વારા અર્જુનને અને ભાગવતજીના અગિયારમા સ્કંધમાં ઉદ્ધવજીને ભક્તિયોગ શીખવ્યો તેમજ ગોપીજનોને ભક્તિયોગનું દાન કર્યું; તેમ શ્રીગુસાંઈજી પણ જગતમાં ભક્તિયોગનો વિસ્તાર કરવા પધાર્યા છે. શ્રીકૃષ્ણ અને શ્રીગુસાંઈજી બંનેનું સ્વરૂપ એક છે; તેમ બંનેના પ્રાકટ્યનું પ્રયોજન પણ એક છે.

અહીં કોઈ એવી શંકા કરે કે ઈતર માર્ગના અનેક વિદ્વાનોના ઉપદેશથી પૃથ્વી પરના મનુષ્યોનાં ચિત્ત ભ્રમિત થાય છે. આવા જીવોમાં શ્રીગુસાંઈજી નિર્ગુણ ભક્તિનો પ્રચાર કેવી રીતે કરે? તેના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજીએ ષોડશ ગ્રંથોમાં ખૂબ સ્પષ્ટતાથી સમજાવ્યું કે કલિયુગમાં કર્મ, જ્ઞાન વગેરે બધા માર્ગો દુરારાધ્ય છે, કેવળ પ્રભુનું શરણ જ પ્રભુની કૃપાથી સુસાધ્ય છે. જીવ પ્રભુનો અંશ હોવાથી સહજ રીતે પ્રભુનો દાસ છે. તેથી પ્રભુની સેવા કરવી એ જીવનો સહજ સ્વભાવ અને ધર્મ છે. સેવાને જ શાસ્ત્રોમાં 'ભક્તિ'ના નામથી કહેવામાં આવી છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે સર્વાત્મભાવપૂર્વક સર્વદા શ્રીનંદનંદન કૃષ્ણની સેવા કરવી, એ જ પુષ્ટિભક્તોનો એક માત્ર ધર્મ છે. આ સેવા જેમ સાધન છે, તેમ ફળ પણ છે. આવો સેવા માર્ગ શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કર્યો. શ્રીગુસાંઈજીએ તેનો વિકાસ અને વિસ્તાર કર્યો. શરણે આવેલા અનેક જીવોને સેવા માર્ગે ચાલવાનો ઉપદેશ આપ્યો. જે-જે જીવોનો જેવો અધિકાર હતો, તે-તે જીવોને તેમના અધિકાર પ્રમાણે સેવા કરવાની રીત અને પ્રીત બતાવી. ભક્તોની સર્વ પરિસ્થિતિ વિચારીને ભક્તોને સેવાનો પ્રકાર બતાવ્યો.

શ્રીગુસાંઈજી ગુજરાતમાં છ વખત પધાર્યા. તેમના સમયમાં અને પૂર્વે ગુજરાતમાં જૈન ધર્મ પાળતી અનેક વણિક જ્ઞાતિઓ હતી; જે શ્રીગુસાંઈજીની સેવક બની હતી. શ્રીગુસાંઈજીના ઉપદેશથી તે સૌ શ્રીકૃષ્ણની ભક્તિમાં તત્પર બન્યાં હતાં. આવા ભક્તિતત્પર સેવકોનું સર્વ પ્રકારે રક્ષણ કરી, શ્રીગુસાંઈજી તેમને નિર્ભય બનાવે છે. શ્રીકૃષ્ણ અને શ્રીગુસાંઈજી એક જ સ્વરૂપ છે. બંનેનું પૃથ્વી પર પ્રાકટ્ય ભક્તિયોગનો વિસ્તાર કરવા માટે છે; તેથી શ્રીગુસાંઈજી શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તક છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

ગુજરાતમાં એક વણિકની દીકરી શ્રીગુસાંઈજીની સેવક હતી. તેનાં લગ્ન તેની જ્ઞાતિના એક યુવાન સાથે થયાં. તે યુવાન રામાનંદી ધર્મ પાળતો હતો. બંને પતિ-પત્ની પોતપોતાના અલગ ભાવથી ઘરમાં એક જ સ્વરૂપની સેવા કરતાં. જ્યારે રામાનંદી પતિ સેવા કરે ત્યારે શ્રીરામચંદ્રજીના ભાવથી કરે, તેની વૈષ્ણવ પત્ની સેવા કરે ત્યારે શ્રીકૃષ્ણચંદ્રના ભાવથી કરે. બંને પોતપોતાના ઈષ્ટ પ્રભુની પ્રશંસા કરે. આને લઈને બંને વચ્ચે દરરોજ ઝઘડો ચાલ્યા કરે. પરિણામે, બંનેને પોતપોતાના ઈષ્ટ સ્વરૂપમાં ભાવ વધતો ગયો. વિરહતાપ પણ વધ્યો.

એક દિવસ તેમનો વિરહતાપ જોઈ, તે સ્વરૂપમાંથી સાક્ષાત્ પ્રભુ પ્રગટ થયા. તેમણે બંનેનો ઝઘડો મિટાવ્યો અને આજ્ઞા કરીઃ 'હું તમારા ઉપર પ્રસન્ન છું. તમે લડશો નહીં, તમે કંઈક માગો.' બંને જણે હાથ જોડી, વિનંતી કરી.' 'આપ અમારા ઉપર પ્રસન્ન છો, તો અમે એક જ વસ્તુ માગીએ છીએ કે આપ અમને દર્શન આપ્યા કરો; જેથી અમારો નિર્વાહ સારી રીતે થાય.' શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીઠાકોરજીએ આવી કૃપા કરી.

ગીતાજીમાં ભગવાને પ્રતિજ્ઞા કરી છે કે કોઈપણ જીવ અનન્ય બનીને, જે ભાવથી મારી ભક્તિ કરે છે, તેને હું તે ભાવથી ભજું છું. ભક્ત જે લીલાનો અધિકારી હોય છે, તે લીલાના સ્વરૂપમાં તેની આસક્તિ થાય છે.

શ્રીગુસાંઈજીના શરણે આવેલા ઘણા જીવો પૂર્વે શિવભક્ત અને દેવીભક્ત હતા. તેઓ શ્રીગુસાંઈજીના ઉપદેશથી કૃષ્ણભક્તિ તરફ વળ્યા હતા.

કીર્તન સંગતિ :

શ્રીમદ્ વલ્લભકે ઘર પ્રભુ જો
ફિર અવતાર ન ધરતે ।
તો હમ સરીખે મૂઢ પતિત જન
કહો કૈસે નિસ્તરતે ॥૧॥

બિન પાયે બ્રજપતિ પદપંકજ
કાકી સેવા કરતે ।
શ્રીગિરિધરન રાધિકા વર બિન
રસના કહા ઉચ્ચરતે ॥૨॥

શિવ સુરેશ દીન મનિ ગનેશ કે
હોય કનોડે ડરતે ।
અતિ આતુર પુનિ અર્ક તુલસે
સબનકે પાયન પરતે ॥૩॥

તબ હમહુ લોગન કી ન્યાયી
ઘર ઘર ભટકત ફિરતે ।
કર્મયોગ પુનિ જ્ઞાન ઉપાસન
ઈનહી મેં પચી મરતે ॥૪॥

કહા ભયો નિજ બિરદ જાનકે
પતિત જાન ઉદ્ધરતે ।
રુચિર રૂપ બલિ 'દાસનારાયણ'
તૃષિત નયન કયોં ઠરતે ॥૫॥

•

(૨૯) મહાસુરતિરસ્કર્તા = મહાસુરતિરસ્કર્ત્રે નમઃ
મોટા આસુરી લોકોનો તેઓ તિરસ્કાર કરનારા છે.

વિવરણ :

શાસ્ત્ર કહે છે કે વેદનિંદા, ધર્મનિંદા અને ભગવદ્‌નિંદા કરનાર લોકો આસુરી-મ્લેચ્છ છે. તદ્‌ઉપરાંત વેદ, બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવત - આ ચાર પ્રમાણશાસ્ત્રોના સિદ્ધાંતથી વિરુદ્ધ ઈતર માર્ગનો ઉપદેશ કરવો, તે પણ આસુરીપણું છે. આ આસુરી લોકોમાં ભક્તિમાર્ગનો વિરોધ કરનાર મહા આસુરી છે. આવા મહા આસુરી લોકોનો શ્રીગુસાંઈજી તિરસ્કાર કરે છે.

ઉપરોક્ત ચાર પ્રમાણોથી ઈતર વિચારો દ્વારા જે વિદ્વાનો અન્ય માર્ગનું પ્રતિપાદન કરે છે, તેઓ આ ચાર શાસ્ત્રોનું અપ્રમાણિક રીતે, ખોટું અર્થઘટન કરનારા હોય છે; તેથી તેમને આસુરી કહ્યા છે. આવા આસુરી જનો સાથે શાસ્ત્રાર્થ કરીને શ્રીગુસાંઈજી તેમને પરાજીત કરી, લજ્જિત કરે છે.

આપણને પ્રશ્ન થાય કે ઈતર માર્ગીય પંડિતો શાસ્ત્ર ભણેલ વિદ્વાન હોવા છતાં શ્રીગુસાંઈજીની સામે કેમ નિરુત્તર થઈ જતા હશે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણ ભાષ્ય :

શ્રીમહાપ્રભુજી 'તત્ત્વાર્થદીપ નિબંધ' વગેરે ગ્રંથોમાં સ્પષ્ટ રીતે સમજાવે છે કે વેદ શાસ્ત્રના સિદ્ધાંતો સનાતન સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતોનો જે પ્રકારે વેદશાસ્ત્રોમાં અર્થ કરવામાં આવ્યો છે, તેનો જ સ્વીકાર કરવો. તે શાસ્ત્રોનું મનમાની રીતે અર્થઘટન ન કરવું. તે શાસ્ત્રોના અર્થ લક્ષણા વગેરે પ્રકારે પણ ન કરવા. વેદ શાસ્ત્ર સાથે બીજાં અન્ય શાસ્ત્રો જ્યાં-જ્યાં સુસંગત અર્થ ધરાવતાં હોય, ત્યાં-ત્યાં, તે-તે શાસ્ત્રોને પણ પ્રમાણરૂપ ગણવાં. આ રીતે પુરાણો, હરિવંશ, રામાયણ, મહાભારત, નારદ પાંચરાત્ર વગેરે શાસ્ત્રો વેદ સાથે જેટલા પ્રમાણમાં સુસંગત છે, તેટલા પ્રમાણમાં તે પ્રમાણરૂપ છે; અને તેથી તે પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્ય છે. શાસ્ત્ર ગમે તેટલાં પ્રાચીન હોય, પરંતુ તે જો વેદ સાથે સુસંગત ન હોય તો તે શાસ્ત્રનો મત સ્વીકાર્ય નથી. શ્રીભાગવતજીમાં બુદ્ધને ભગવાનનો અવતાર માનવામાં આવ્યા છે; પરંતુ તેમનો મત વેદ સાથે સુસંગત ન હોવાથી બૌદ્ધધર્મને નાસ્તિક ધર્મ કહ્યો છે.

વેદનો પ્રામાણિક અર્થ કરી, પોતાના વિચારને પ્રમાણરૂપ બનાવવા મથનારા પંડિતો અને વિદ્વાનો આસુરાવેશી છે. આસુરીપણું એટલે ભગવત્‌સ્વરૂપ, ભગવદ્‌ધર્મ, અને ભગવત્‌-શાસ્ત્રથી વિમુખપણું. આવા પંડિતો જ્યારે ભક્તિમાર્ગનો વિરોધ કરે છે, ત્યારે તેઓ મહા આસુરી છે; કારણ કે વેદમાં બતાવેલ ભગવત્‌પ્રાપ્તિના સર્વ માર્ગોમાં ભક્તિમાર્ગ ઉત્તમોત્તમ છે. ભક્તિમાર્ગ અને પુષ્ટિમાર્ગ અભિન્ન છે. તે વેદપ્રતિપાદ્ય છે. આસુરી પંડિતો તેમના મતનું પ્રતિપાદન કરવા શાસ્ત્રનાં વચનોનો મનઘડંત અર્થ કરે છે અને શ્રીગુસાંઈજી વગેરે ભક્તિમાર્ગના આચાર્યો સાથે વાદવિવાદ કરવા આવે છે, ત્યારે

(૨૯) મહાસુરતિરસ્કર્તા



શ્રીગુસાંઈજી સાથે શાસ્ત્રાર્થ કરવા આવતા પંડિતો સાથે, તેમના દ્વારપાળ વિષ્ણુદાસ છીપા શાસ્ત્રાર્થ કરી, સૌને નિરુત્તર કરી દે છે.

શ્રીગુસાંઈજી એ જ શાસ્ત્રોનાં પ્રામાણિક પ્રમાણો આપી, તેમનો સાચો અર્થ બતાવી, આ પંડિતોના મતની અપ્રામાણિકતા સિદ્ધ કરે છે; પરિણામે પંડિત નિરુત્તર થઈ, ચૂપ થાય છે. શ્રીગુસાંઈજી અત્યંત કૃપાળુ હોવા છતાં, ઉદાર દિલના હોવા છતાં, શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સિદ્ધાંતોની વિરુદ્ધમાં ગમે તેવા મહા પંડિત પણ જો કંઈ કહે તો તે સહન કરી લેતા નથી. તે પંડિતને શાસ્ત્રસંગત પ્રમાણોથી ચૂપ કરે છે.

શ્રીગુસાંઈજીએ કેવળ પોતાનામાં જ આવું સામર્થ્ય પ્રકટ કર્યું નથી, તેમના સેવકોને પણ આવા સામર્થ્યનું દાન કર્યું છે.

વાર્તા ચરિત્ર સંગતિ (બેઠક ચરિત્ર સંગતિ) :

શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક વિષ્ણુદાસ છીપા હતા. જન્મથી અને જાતિથી શૂદ્ર હતા; પરંતુ શ્રીમહાપ્રભુજીની કૃપાથી, વિના અભ્યાસે સર્વ શાસ્ત્રો હૃદયારુઢ થઈ ગયાં હતાં. તેમની પાછલી વયમાં તેમણે શ્રીગુસાંઈજી પાસે ગોકુળમાં શ્રીગુસાંઈજીના મંદિરના દ્વારપાળની સેવા માગીને લીધી હતી.

શ્રીગુસાંઈજી સાથે શાસ્ત્રચર્ચા કરવા આસુરી મત ધરાવતા અનેક બ્રાહ્મણો આવતા. વિષ્ણુદાસ છીપા તેમને કહેતા : 'પહેલાં તમે મારી સાથે શાસ્ત્રાર્થ કરો. તેમાં મને જીતો તો અમારા ગુરુદેવ સાથે શાસ્ત્રાર્થ કરજો.'

બધા પંડિતોને લાગતું કે આ વૃદ્ધ દ્વારપાળ શું જાણતો હશે? તેઓ વિષ્ણુદાસ છીપા સાથે શાસ્ત્રાર્થ કરવા બેસતા. તેમાં નિરુત્તર થતા; લજ્જિત થઈ, દરવાજેથી જ પાછા ફરી જતા. તેમને વિચાર થતો કે શૂદ્ર જાતિનો તેમનો દ્વારપાળ આવો પ્રખર વિદ્વાન હોય, તો શ્રીગુસાંઈજી કેટલા વિદ્વાન હશે?

આ વાત શ્રીગુસાંઈજીએ જાણી. તેમણે વિષ્ણુદાસ છીપાને આજ્ઞા કરી : 'બ્રાહ્મણોનું રક્ષણ કરવું અને સન્માન કરવું, એ પણ અમારું કર્તવ્ય છે. અમારા દ્વારે આવેલા બ્રાહ્મણ સન્માન પામ્યા વિના પાછા જાય તે યોગ્ય નથી. તેમને અમારી પાસે આવવા દેજો.'

ત્યારથી આવનારા વિદ્વાનો શ્રીગુસાંઈજીને મળતા, શાસ્ત્રચર્ચા કરતા, હારી જઈ પાછા જતા.

આ ઘટના શ્રીગોકુળમાં આવેલા શ્રીરાજા ઠાકોરના મંદિરમાં બની છે. શ્રીગુસાંઈજીના સમયમાં શ્રીરાજાઠાકોરનું મંદિર અને શ્રીગોકુલનાથજીનું મંદિર એક જ વિશાળ ભવન હોવું જોઈએ; કારણ કે શ્રીગુસાંઈજીનાં બેઠકજી શ્રીગોકુલનાથજીના મંદિરમાં છે. બંને મંદિર વચ્ચે એક જ કરો છે.

શ્રીમહાપ્રભુજી 'તત્વાર્થદીપ નિબંધ' વગેરે ગ્રંથોમાં સ્પષ્ટ રીતે સમજાવે છે કે વેદ શાસ્ત્રના સિદ્ધાંતો સનાતન સિદ્ધાંતો છે. આ સિદ્ધાંતોનો જે પ્રકારે વેદશાસ્ત્રોમાં અર્થ કરવામાં આવ્યો છે, તેનો જ સ્વીકાર કરવો. તે શાસ્ત્રોનું મનમાની રીતે અર્થઘટન ન કરવું. તે શાસ્ત્રોના અર્થ લક્ષણા વગેરે પ્રકારે પણ ન કરવા. વેદ શાસ્ત્ર સાથે બીજાં અન્ય શાસ્ત્રો જ્યાં-જ્યાં સુસંગત અર્થ ધરાવતાં હોય, ત્યાં-ત્યાં, તે-તે શાસ્ત્રોને પણ પ્રમાણરૂપ ગણવાં.

કીર્તન-સંગતિ :

ચહું યુગ વેદ વચન પ્રતિપાર્યો ।
ધર્મ ગ્લાનિ ભયી જબ હી જબ
તબ તબ તુમ વપુ ધાર્યો ॥૧॥

સતયુગ શ્વેત વરાહ રૂપ ધરી
હરિ હિરણ્યાક્ષ ઉર ફાર્યો ।
ત્રેતા રામ રૂપ દસરથગૃહ
રાવન કુલ જુ સંહાર્યો ॥૨॥

દ્વાપર બ્રજ બૂડત તેં રાખ્યો
સૂરપતિ પાયન પાર્યો ।
કંસાદિક દાનવ સબ મારે
વસુધા ભાર ઉતાર્યો ॥૩॥

કલિયુગ શ્રીવલ્લભ ગૃહ પ્રકટે
માયાવાદ નિવાર્યો ।
'માનિકચંદ' પ્રભુ શ્રવિઠ્ઠલ
પુરુષોત્તમ રૂપ નિહાર્યો ॥૪॥

(૩૦) સર્વશાસ્ત્રવિદ્ગ્રણીઃ



ઉપર : સર્વ શાસ્ત્રો જાણનારા વિદ્વાનોના અગ્રણી એવા શ્રીગુસાંઈજી શ્રીવલ્લભાષ્ટક રચી દામોદરદાસજીને સંભળાવે છે.
નીચે : વૃંદાવનના મહંત શ્રીગુસાંઈજીને મળવા આવ્યા છે. તેઓ આપશ્રીને પૂછે છે : 'આપ સંધ્યાવંદન કરો છો?'

(૩૦) સર્વશાસ્ત્રવિદગ્રણીઃ = સર્વશાસ્ત્રવિદગ્રણ્યે નમઃ

તેઓ સર્વ શાસ્ત્રો જાણનારાઓમાં અગ્રણી છે.

વિવરણ :

બધાં શાસ્ત્રોનો જાણનાર વિદ્વાન કહેવાય છે. આવા વિદ્વાન કરતાં પણ શ્રીગુસાંઈજી અધિક જ્ઞાનવાન છે. કઈ બાબત પ્રમાણસિદ્ધ છે અને કઈ બાબત પ્રમાણસિદ્ધ નથી, એનો નિર્ણય શાસ્ત્રચર્ચા દરમ્યાન કરવામાં આવે છે. તે દરમ્યાન અધિક જ્ઞાની આગળ અલ્પજ્ઞ મૂગા બની જાય છે. શ્રીગુસાંઈજી સામે બધા જ વિદ્વાનો નિરુત્તર થઈ જતા હતા.

શ્રીગુસાંઈજીમાં અધિક જ્ઞાન છે, તેવું કઈ રીતે કહી શકાય? એવી શંકાના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીએ 'શ્રીવલ્લભાષ્ટક'ની રચના કરી છે. તેમાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું વર્ણન કર્યું છે. તેમાં કહ્યું છે કે 'જગતમાં ક્યાંક-ક્યાંક પાંડિત્યનાં દર્શન થાય છે. એવા પંડિતોમાંય વેદશાસ્ત્રને પૂરેપૂરા જાણનાર ઓછા હોય છે. વેદ શાસ્ત્રોને પૂરેપૂરાં જાણી, તે પ્રમાણે વર્તન કરનાર એનાથી પણ ઓછા હોય છે. તે પૈકીના પણ બહુ થોડાનો ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય છે. ભક્તિમાર્ગમાં પ્રવેશ થયા પછી પણ બહુ જ અલ્પ જનોને પ્રભુમાં સ્નેહભાવ થાય છે.' આ સર્વ ગુણ જેમ શ્રીમહાપ્રભુજીમાં પ્રકટ છે, તેમ શ્રીગુસાંઈજીમાં પણ પ્રકટ છે; તેથી શ્રીગુસાંઈજીને સર્વ શાસ્ત્રોના જાણકાર પંડિતોથી પણ અધિક જ્ઞાનવાન કહ્યા છે.

બેઠક ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી વૃંદાવનમાં બંસીબટમાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી પાસે બિરાજતા હતા. વૃંદાવનના હરિદાસ સ્વામી, હરિવંશ વગેરે મહંત આચાર્યો શ્રીગુસાંઈજીને મળવા આવ્યા. હરિવંશજીએ પૂછ્યું : 'આપ સંધ્યાવંદન કરો છો?'

શ્રીગુસાંઈજીએ જવાબ આપ્યો : 'અમારા માર્ગમાં સંધ્યા ઉપાસના મુખ્ય છે. અમારા ભક્તો સંધ્યાની ઘણી ઉપાસના કરે છે; કારણ કે સંધ્યા કાળે શ્રીકૃષ્ણ ગૌચારણ કરી, નંદાલયમાં પાછા પધારે છે. શ્રીકૃષ્ણ સવારે ગૌચારણ કરવા વનમાં પધાર્યા હોવાથી, તેમના ભક્તોને તેમનો અસહ્ય વિયોગ હોય છે. સાંજે શ્રીકૃષ્ણ પાછા પધારે છે, ત્યારે ભક્તોને સંયોગરસનું દાન કરે છે; એ જ અમારી સંધ્યા ઉપાસના છે.'

શ્રીગુસાંઈજીએ એમ સમજાવ્યું કે અમારો માર્ગ વ્રજભક્તોનો ભાવાત્મક માર્ગ છે. આ ભાવાત્મક પ્રમેયમાર્ગની વાત તેઓ અન્ય પંડિતોને શાસ્ત્રપ્રમાણોથી સમજાવી, ચૂપ કરી દેતા.

કીર્તન સંગતિ :

અબકે દ્વિજવર વ્હૈ સુખ દીનો ।
તબકે નંદ યશોદા વ્હૈ હરિ આનંદ કીનો ॥૧॥
તબ કીનો ગોપાલરૂપ અબ વેદ સ્મૃતિ દૃઢ ચીનો ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
ભક્તિ સુધારસ લીનો ॥૨॥

●

(૩૧) કર્મજાડયભિદુષ્ણાંશુઃ = કર્મજાડયભિદુષ્ણાંશવે નમઃ

તેઓ કર્મ વગેરે માર્ગોની જડતા દૂર કરનારા સૂર્યરૂપ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી કર્મ વગેરે માર્ગોમાં રહેલી જડતાને દૂર કરનારા સૂર્યરૂપ છે. જીવ કર્મ વગેરે માર્ગ પર મચ્યો રહે, તે તેની જડતા છે. જે દૈવી જીવ આવા માર્ગે ભટકી ગયો છે, તેમની જડતા શ્રીગુસાંઈજી દૂર કરે છે. સૂર્યની ગેરહાજરીમાં રાતના સમયે અગ્નિ અંધકાર અને ઠંડીરૂપી જડતા દૂર કરી શકે છે; પરંતુ સૂર્ય તેમના કરતાં વધારે તેજસ્વી હોવાથી સૂર્યની જેમ અગ્નિ રાત્રિની જડતા દૂર કરી શકતો નથી.

(૩૧) કર્મજાડ્યભિદુષ્ણાંશુઃ



નીચે : વડનગરમાં દામોદરદાસ જણ અને બીજા માયાવાદી પંડિતો શ્રીગુસાંઇજીના મુકામે આપશ્રીની સાથે શાસ્ત્રાર્થ કરે છે. શાસ્ત્રાર્થમાં બધા નિરુત્તર થઇ જાય છે. ■ **ઉપર :** બીજા દિવસે દામોદરદાસ શ્રીગુસાંઇજીને પોતાને શરણે લેવા વિનંતી કરે છે.

એવી રીતે શ્રીગુસાંઈજી અધિક જ્ઞાની હોવાથી અજ્ઞાનમૂલક કર્મજડતાને દૂર કરી શકે છે. બીજા વિદ્વાનો શ્રીગુસાંઈજી કરતાં ઓછા જ્ઞાની હોવાથી તેઓ શ્રીગુસાંઈજીની જેમ કર્મજડતાને દૂર કરી શકતા નથી, એ વાત અનુભવસિદ્ધ છે, તેમાં પ્રમાણની જરૂર નથી; તેથી શ્રીગુસાંઈજીને જડતા દૂર કરનાર સૂર્ય કહ્યા છે.

જોકે વિભૂતિરૂપ સૂર્ય કર્મમાર્ગમાં જડતા વધારે છે, જ્યારે શ્રીગુસાંઈજી કર્મમાર્ગની જડતા દૂર કરે છે; તેથી વિભૂતિરૂપ સૂર્ય કરતાં તેઓ વિલક્ષણ અને શ્રેષ્ઠ છે. દરરોજ ઊગતા સૂર્યથી ઠંડી દૂર થાય છે, તે સનાતન સત્યને પ્રમાણની અપેક્ષા હોતી નથી, તેમ કર્મજડતા દૂર કરવામાં શ્રીગુસાંઈજીને પ્રમાણની અપેક્ષા નથી.

શ્રીગુસાંઈજી સૂર્યરૂપ હોવાથી શું ભક્તોને તેમનો તાપ દઝાડે નહીં? એ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

ઘણાં દૈવી જીવો પણ અન્ય મર્યાદા અને પ્રવાહી જીવોના સંગથી કર્મ વગેરે માર્ગો તરફ આકર્ષાઈ, કર્મજડ અને જ્ઞાનજડ બને છે. તેઓ તેમની જિંદગીનાં ઉત્તમ વર્ષો કર્મજડતામાં વેડફી નાખે છે, તેથી શ્રીહરિરાયજીએ કહ્યું કે 'કાહેકો દેહદમત સાધન કરિ મુરખ જન, વિદ્યમાન આનંદ તજ ચલત ક્યોં કુપાથે?' હે મૂર્ખ મનુષ્ય, ભક્તિનો વિદ્યમાન આનંદ છોડી, કર્મજડતાના ખોટા રસ્તે દેહદમન શા માટે કરે છે? કર્મજડતાની ખોટી દિશામાં જનારા અજ્ઞાની પુષ્ટિજીવોને શ્રીગુસાંઈજી પાછા ભક્તિમાર્ગે વાળે છે. માટે તેમને સૂર્ય સાથે સરખાવ્યા છે.

જેવી રીતે સૂર્ય રાતનું અંધારું અને ઠંડી દૂર કરી, પ્રકાશ અને ગરમી આપે છે; તેવી રીતે શ્રીગુસાંઈજી પણ પુષ્ટિજીવોમાં અજ્ઞાનવશ પ્રકટ થયેલી કર્મજડતાને દૂર કરી, ભક્તિનો પ્રકાશ અને આનંદ આપે છે, દેહદમનરૂપી ઠંડીથી દુઃખી થતા જીવોને ભક્તિની ઉષ્માનો અનુભવ કરાવે છે.

સૂર્યની અવેજીમાં રાતે અગ્નિ કે દીવાબત્તી થોડો પ્રકાશ આપે અને થોડી ઠંડી પણ દૂર કરે; પરંતુ તે અગ્નિ કે દીવાબત્તીમાં સૂર્ય જેટલી શક્તિ નથી; તેમ અન્ય વિદ્વાનો મનુષ્યોના અજ્ઞાન અને દુઃખને દૂર કરવા પ્રયત્ન તો કરે છે; પરંતુ તેઓ શ્રીગુસાંઈજીની તોલે આવી શકતા નથી.

અહીં શ્રીગુસાંઈજીની સરખામણી સૂર્ય સાથે કરતાં વિવરણકારે વ્યતિરેક અલંકારનો ઉપયોગ કર્યો છે. સૂર્ય ઉપમાન છે, શ્રીગુસાંઈજી ઉપમેય છે. સૂર્ય કરતાં પણ શ્રીગુસાંઈજી ઉત્તમ છે. જ્યારે ઉપમાન કરતાં ઉપમેય ઉત્તમ હોય ત્યારે તેને વ્યતિરેક અલંકાર કહેવામાં આવે છે.

સૂર્ય ભગવાનની એક વિભૂતિ છે. તેથી સૂર્યમાં જગતની ઠંડી અને અંધકાર દૂર કરવાનું પ્રભુએ આપેલું સામર્થ્ય છે. આ સૂર્ય ભૌતિક અંધકાર અને ઠંડી દૂર કરી શકે, પરંતુ લોકોનાં હૃદયમાં રહેલી કર્મજડતાને દૂર કરી શકતો નથી; બલ્કે, લોકો પાસે પોતાની ઉપાસના કરાવી, તેમની કર્મજડતા વધારે છે.

શ્રીગુસાંઈજી લોકોનાં હૃદયમાં રહેલ અજ્ઞાન અને કર્મજડતાને દૂર કરી, ભક્તિનો પ્રકાશ આપનાર અલૌકિક સૂર્ય છે; કારણ કે તેઓ સાક્ષાત્ ભગવાન છે; એટલે વિભૂતિ સ્વરૂપ સૂર્ય કરતાં શ્રેષ્ઠ છે. આ વાત અનુભવસિદ્ધ અને પ્રમાણસિદ્ધ છે, તેથી તેને પ્રમાણની જરૂર નથી.

વાર્તા ચરિત્ર સંગતિ :

મહેસાણા જિલ્લામાં આવેલા વડનગરમાં દામોદરદાસ જણ નામે એક નાગર બ્રાહ્મણ રહેતા હતા. તેઓ વૈષ્ણવોને 'ટીલવા' કહી, હંમેશાં ધૂત્કારતા. તેઓ તેમની પંડિતાઈના મદમાં છકેલા રહેતા. તેઓ વૈષ્ણવોને કહેતા કે તમારો સંપ્રદાય વેદમૂલક નથી. જ્યાં-જ્યાં વૈષ્ણવો કીર્તન કે ભગવદ્વાર્તા કરવા ભેગા થાય, ત્યાં-ત્યાં તેઓ પહોંચી જતા અને માયાવાદના સિદ્ધાંતોની વાતો કરતા. આથી વૈષ્ણવો ઘણા દુઃખી થતા.

એક વખત શ્રીગુસાંઈજી વડનગર પધાર્યા. વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને દામોદરદાસ જણ વિષે ફરિયાદ કરી. તે સાંભળી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'કોણ કહે છે કે આપણો માર્ગ વેદમૂલક નથી? પુષ્ટિમાર્ગ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે; તેથી તે સર્વોપરી છે.'

શ્રીગુસાંઈજીએ દામોદરદાસ જણને અને વડનગરના બીજા માયાવાદી પંડિતોને શાસ્ત્રચર્ચા કરવા માટે પોતાના મુકામે બોલાવ્યા. શાસ્ત્રચર્ચામાં બધા પંડિતો નિરુત્તર થઈ ગયા. તેઓ શરમાઈને પોતપોતાના ઘેર ચાલ્યા ગયા.

બીજા દિવસે દામોદરદાસ જણ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. તેમણે વિનંતી કરી : 'મહારાજ! મને કૃપા કરીને શરણે લો

અને મારો ઉદ્ધાર કરો.' આપે તેમને સેવક કર્યા અને ભક્તિનું દાન કર્યું. અન્ય પંડિતોને દામોદરદાસ જણે કહ્યું : 'અત્યાર સુધી હું કંઈ જ જાણતો નહોતો, કેવળ છિલકાં કૂટતો હતો. શ્રીગુસાંઈજી સાક્ષાત્ સૂર્ય છે. તેઓ કેવળ અંધકારને દૂર કરતા નથી પણ પ્રકાશ ફેલાવે છે. તેમણે મારી કર્મજડતા દૂર કરી છે. મને સમજાયું છે કે સર્વ કંઈ ઉત્તમ આ પુષ્ટિમાર્ગમાં જ છે.

કીર્તન સંગતિ :

ગયે પાપ તાપ દૂર દેખત દરસ પરસ ચરન ।
હૌં તો એક પતિત તિહારો પતિત પાવન
બિરદહો તુમ જગતકે ઉદ્ધારન ॥૧॥
સ્તુતિ શેષ કરી ન સકે સકલ કલા ગુણ
વિધાન જાવત હૌં તિહારી સબ વિધિ અનુસરન ।
'છીતસ્વામી' ગિરિવરધર તૈસે ઈ શ્રીવિઠ્ઠલેશ
હૌં તો તિહારી જનમ જનમ સરન ॥૨॥

●

(૩૨) ભક્તનેત્રસુધાકરઃ =
ભક્તનેત્રસુધાકરાય નમઃ
તેઓ ભક્તોનાં નેત્રો માટે ચંદ્રરૂપ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ભક્તોનાં નેત્રોને પોતાના અલૌકિક સ્વરૂપામૃતનું દાન કરી, તેમનો તાપ હરે છે અને શીતળતા આપે છે; તેથી તેઓ ભક્તો માટે અલૌકિક ચંદ્રરૂપ છે. ભક્તોની કર્મજડતા દૂર કરવામાં તેઓ સૂર્યરૂપ છે. ત્યારબાદ તે ભક્તોનાં નેત્રોમાં અમૃત વરસાવનાર ચંદ્રરૂપ છે. ભગવાનમાં આ બંને વિરુદ્ધ ધર્મો આભૂષણ રૂપે રહેલા છે.

શ્રીમહાપ્રભુજીને ત્યાં શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું. તે શ્રીદેવકીજીને ત્યાં શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયેલું તેવી રીતે થયું કે શ્રીનૃસિંહજીની જેમ અકસ્માત થયો? આ પ્રશ્નનો જવાબ હવે પછીના નામમાં આપે છે.

વિવરણભાષ્ય :

ભગવાનમાં વિરુદ્ધ ધર્મો રહ્યા છે. શ્રીગુસાંઈજી સાક્ષાત્ ભગવાન હોવાથી તેમનામાં પણ વિરુદ્ધ ધર્મો રહેલા છે. ઉષ્મા આપવાનો અને ઠંડક આપવાનો વિરોધી ધર્મ તેમનામાં એક સાથે જણાય છે; તેથી તેઓ ભક્તોના હૃદયમાં રહેલી કર્મજડતાને સૂર્ય રૂપે કાપે છે. કર્મજડતાથી ભક્તોને મુક્ત કરી, ભક્તિમાં લીન કરે છે. ભક્તિમાં લીન બનેલા ભક્તો પર તેઓ ચંદ્રની જેમ અમૃત વરસાવે છે. ભક્તો તેમનાં નેત્રોથી ભક્તિપૂર્વક શ્રીગુસાંઈજીનાં દર્શન કરે છે, ત્યારે શ્રીગુસાંઈજી પણ ભક્તોનાં નેત્રો સાથે પોતાનાં નેત્રો જોડી, તે ભક્તોને પોતાના સ્વરૂપામૃતનું દાન કરે છે, તેમના ત્રિવિધ તાપ દૂર કરે છે, હૃદયને શીતળ બનાવે છે. આ બંને વિરોધી ગુણો શ્રીગુસાંઈજી માટે આભૂષણરૂપ છે. શ્રીગુસાંઈજીનો ઉગ્ર પ્રતાપ આગળના અને આ એમ બંને નામમાં પ્રગટ થયો છે. શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું કે શ્રીમહાપ્રભુજી માયાવાદીઓ તરફ ઉષ્ણ સ્વભાવવાળા છે; પરંતુ ભક્તો પર શીતળ વચનોની વૃષ્ટિ કરનારા છે. એવાં જ દર્શન શ્રીગુસાંઈજીમાં પણ થાય છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી અડેલ બિરાજતા હતા. તેમણે ચાચા હરિવંશજીને આજ્ઞા કરી : 'તમે અમદાવાદ જાવ.' ચાચાજીએ કહ્યું : 'મહારાજ! આપનાં ચરણારવિંદ છોડી, હું ક્યાં જાઉં? હું આપના વિના રહી શકીશ નહીં.' ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે અસારવામાં ભાઈલા કોઠારીને ત્યાં રહેજો. હું તમને ત્યાં નિત્ય દર્શન આપીશ.'

ચાચા હરિવંશજી અમદાવાદ ગયા. અસારવામાં ભાઈલા કોઠારીને ત્યાં શ્રીગુસાંઈજી ચાચા હરિવંશજીને નિત્ય દર્શન આપતા હતા.

શ્રીગુસાંઈજીના બીજા એક સેવક માણેકચંદ હતા. તેઓ શરણે આવતાં જ તેમણે પોતાનું સર્વ સમર્પણ કર્યું. તેમનો અંગીકાર કરી, શ્રીગુસાંઈજી આગ્રાથી ગોકુળ પધારવા લાગ્યા, ત્યારે માણેકચંદ અને તેમનાં પત્ની પણ સાથે ચાલ્યાં. થોડે દૂર ગયા પછી શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'હવે તમે પાછાં ફરો.' માણેકચંદ ચૂપ રહ્યા. તેમનાં પત્નીએ વિનંતી કરી : 'મહારાજ!

(૩૨) ભક્તનેત્રસુધાકરઃ



ઉપર : શ્રીગુસાંઇજી અસારવામાં ભાઇલા કોઠારીને ત્યાં ચાચાજીને નિત્ય દર્શન આપે છે.
નીચે : શ્રીગુસાંઇજી આગ્રાથી ગોકુળ પધારે છે ત્યારે, માણેકચંદ અને તેમનાં પત્ની, આપશ્રીની સાથે જવા તૈયાર થાય છે.

હવે અમે ક્યાં જઈએ? આપનાં ચરણકમળ સિવાય અમારું બીજું કોઈ સ્થાન નથી.' શ્રીગુસાંઈજીએ તેમને બહુ સમજાવ્યાં છતાં તેઓ માન્યાં નહીં. તેમણે કહ્યું : 'મને આપના ઘરની જે સેવા સોંપશો તે કરીશ. છાણાં થાપવા આપશો તો છાણાં થાપીશ. જો અમને તમારી સાથે લઈ જવા ન હોય તો અમને કોઈને ત્યાં વેચી દો. જે પૈસા આવે તે લઈને તમે પધારો. જેને ત્યાં અમને વેચશો, તેના ઘરની અમે સારી રીતે ચાકરી કરીશું. તમારા ચરણકમળ સિવાય અમારે બીજો કોઈ આશ્રય નથી.'

શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી : 'તમે બંને ઘેર જઈ, શ્રીઠાકોરજીની સેવા કરો. હું વ્રજમાં પાંચ મહિના રહું છું, તે હવેથી ચાર મહિના રહીશ. ત્યાંથી આવતાં-જતાં એક મહિનો તમારે ત્યાં રહીશ.' શ્રીગુસાંઈજીએ આવું વચન આપ્યું અને તેમને પાછાં મોકલ્યાં. આવી રીતે શ્રીગુસાંઈજી ભક્તોને પોતાના સ્વરૂપાનંદનું દાન કરનાર, ચંદ્રરૂપ છે.

કીર્તન સંગતિ :

સુનોરી આજ નવલ વધાયો હૈ ।
શ્રીવલ્લભગૃહ પ્રગટ ભયે, પુરુષોત્તમ જાયો હૈ ॥૧॥

નૈનન કો ફલ લેઉં સખી ભયો, મનકો ભાયો હૈ ।
ગિરિધરલાલ ફેર પ્રગટે હૈ, ભાગ્ય તે પાયો હૈ ॥૨॥

દ્વાર દ્વાર મોતિન મનિમાલા, બંદનવાર બંધાયો હૈ ।
શ્રીગોકુલ મેં ઘરન ઘરન, પ્રતિ આનંદ છાયો હૈ ॥૩॥

દ્વિજકુલ ચંદ ઉદ્યોત વિશ્વ કો, તિમિર નસાયો હૈ ।
ભક્ત ચકોર મગન આનંદિત, હિયો સિરાયો હૈ ॥૪॥

મહારાજ શ્રીવલ્લભ દેત બહુ દાન, મન ભાયો હૈ ।
જો જાકે મન હુતિ કામના સો તીન પાયો હૈ ॥૫॥

જાકે ભાગ્ય ફલે યા કલિમેં તીન દરસન પાયો હૈ ।
કરિ કરુના શ્રીગોકુલ પ્રગટે સુખ દાન દીવાયો હૈ ॥૬॥

પુષ્ટિ પથ મરજાદા થાપન આપુ તે આયો હૈ ।
સબ આનંદ વધાયો હૈ રી દુઃખ દૂર બહાયો હૈ ॥૭॥

રાની ધનિ ધનિ ભાગ સુહાગ ભરી જિન ગોદ ખિલાયો હૈ।
'રસિક' ભાગ્ય તે પ્રગટ ભયે આનંદ દરસાયો હૈ ॥૮॥

●

(૩૩) મહાલક્ષ્મીગર્ભરત્નમ્ =
મહાલક્ષ્મીગર્ભરત્નાય નમઃ
માતા શ્રીમહાલક્ષ્મીજીના ગર્ભમાંથી પ્રકટ થયેલા રત્નરૂપ તેઓ છે.

વિવરણ :

શ્રીમહાપ્રભુજીનાં વહુજીનું નામ શ્રીમહાલક્ષ્મીજી છે. તેઓ શ્રીગુસાંઈજીનાં માતા છે. શ્રીગુસાંઈજી તેમના ગર્ભમાંથી પ્રકટ થયેલા રત્નરૂપ છે. ખાણમાં રહેલ રત્ન કોઈ ભાગ્યશાળી માટે પ્રકટ થાય અને બહાર આવે; તેવી રીતે શ્રીગુસાંઈજી નિત્યલીલામાં સદા બિરાજમાન હોવા છતાં, પોતાના ભક્તોના ભાગ્યોદય માટે ભૂતળ ઉપર પ્રકટ થયા છે. તેઓ કેવળ પ્રાકૃત સ્વરૂપે પ્રકટ થયા નથી. તેમનું સ્વરૂપ અપ્રાકૃત છે.

દેવકીજી દ્વારા પ્રકટ થઈ, શ્રીકૃષ્ણે પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય કર્યું; તેવી રીતે શ્રીમહાલક્ષ્મીજી દ્વારા પ્રકટ થઈ શ્રીગુસાંઈજીએ શું કર્યું? તેના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

ભગવાનનું પૃથ્વી ઉપર પ્રાકટ્ય લોકિક બાળકની જેમ થતું નથી. તેઓ નિત્યલીલામાંથી પૃથ્વી પર અવતરણ કરે છે; તેથી તેને 'અવતાર' કે 'પ્રાકટ્ય' કહેવામાં આવે છે, 'જન્મ' કહેવામાં આવતો નથી.

શ્રીમહાપ્રભુજી પંઢરપુર પધાર્યા ત્યારે મિત્ર ભાવે શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા કરી હતી. તે જ વખતે ત્યાં પ્રકટ થઈ, શ્રીનાથજીએ પણ આજ્ઞા કરી કે : 'મારે આપને ત્યાં પ્રકટ થવું છે. માટે, આપ લગ્ન કરો.' બંને ભગવત્સ્વરૂપ દ્વારા થયેલી આજ્ઞા સ્વીકારી, શ્રીમહાપ્રભુજીએ શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન કર્યાં હતાં.

શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય પૂર્વે ભારત પરિક્રમા કરતાં શ્રીમહાપ્રભુજી વૃંદાવન પધાર્યા, ત્યારે તેમણે પોતાની સામે શ્રીકૃષ્ણ-બળદેવને ખેલતા જોયા. તેમણે નિશ્ચય કર્યો કે શ્રીઠાકોરજીના પ્રાકટ્યનો સમય હવે નજીક આવ્યો છે. બીજી ભારત પરિક્રમા પૂરી કરી, તેઓ અડેલ પધાર્યા. ફાગણ વદ-

(૩૩) મહાલક્ષ્મીગર્ભરત્નમ્



શ્રીમહાલક્ષ્મીજીના ગર્ભ દ્વારા, જેમ સમુદ્રના પેટાળમાંથી રત્ન બહાર આવે તેમ, અલૌકિક રીતે પ્રગટેલા શ્રીગુસાંઈજીને
શ્રીવલ્લભ અને શ્રીમહાલક્ષ્મીજી પલને ઝૂલાવી રહ્યા છે.

૯ની રાત્રિએ અડેલમાં તેમણે પોતાના સેવક પદ્મનાભદાસજીને આજ્ઞા કરી કે : 'શ્રીમહાલક્ષ્મીજી પ્રયાગમાં બિરાજે છે. તેમને અત્યારે જ પધરાવી લાવો. અત્યારે ઉત્તમ મુહૂર્ત છે.'

પદ્મનાભદાસજી શ્રીયમુનાજીના કિનારે ગયા. ત્યારે ત્યાં કોઈ નાવ અને નાવિક ન હતાં. તે જ વખતે સ્વયં શ્રીનાથજી નાવ લઈને પધાર્યા. પદ્મનાભદાસજી શ્રીમહાલક્ષ્મીજીને અડેલ પધરાવી લાવ્યા. ત્યારથી બરોબર નવમા માસે માગશર વદ-૯ના દિવસે શ્રીગુસાંઈજીનું ચરણાટમાં પ્રાકટ્ય થયું. તેથી પુષ્ટિમાર્ગના સેવાપ્રકારમાં ફાગણ વદ-૯નો દિવસ 'ગુપ્ત ઉત્સવ' તરીકે મનાવાય છે.

શ્રીકૃષ્ણના પ્રાકટ્યનું વર્ણન કરતાં શ્રીભાગવતજીએ કહ્યું કે પૂર્વ દિશામાં જેમ ચંદ્રનો ઉદય થાય; તેમ દેવકીજીના ગર્ભમાંથી પ્રભુ પ્રકટ થયા. પૂર્વ દિશાથી ચંદ્ર આકાશમાં ઉપર આવે છે, પૂર્વ દિશામાં ચંદ્ર ઉત્પન્ન થતો નથી; તેવી રીતે શ્રીમહાલક્ષ્મીજીના ગર્ભ દ્વારા શ્રીગુસાંઈજી બહાર પધાર્યા, લૌકિક બાળકની જેમ તેમનો જન્મ થયો નથી. જેમ સમુદ્રના પેટાળમાંથી રત્ન બહાર આવે, તેમ અલૌકિક રત્નરૂપ શ્રીગુસાંઈજી પ્રકટ થયા. તેમના આવા અલૌકિક પ્રાકટ્ય-ચરિત્રને લૌકિક લોકો સમજી શકતાં નથી.

બેઠક ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીમહાલક્ષ્મીજીએ શ્રીમહાપ્રભુજીને કહ્યું : 'હમણાં-હમણાંથી હું શ્રીનવનીતપ્રિયજીની સામે સેવામાં બેસું છું, ત્યારે તેઓ મારી સામે જોઈ, મંદ-મંદ મુસ્કાય છે અને પછી શરમાઈ જાય છે. તેનું કારણ શું હશે?' શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે : 'શ્રીઠાકોરજી; જે આપણા સ્વામી છે, તે તમારા પુત્ર બનીને પ્રકટ થવાના છે; તેથી તેઓ મંદ-મંદ મુસ્કાઈને શરમાઈ જાય છે.

કીર્તન સંગતિ :

પૌષ કૃષ્ણ નવમીકો શુભ દિન
પુત્રત અક્કાજુ જાયે હો ।
સુન સુન નિજજન સબ આનંદે
હરખત કરત વધાયે હો ॥૧॥
નારદાદિક બ્રહ્માદિક હરખે શુક મુનિ
અતિ સચુ પાયે હો ।
શ્રીભાગવત વિવેચન કરકે
ગૂઢ અર્થ પ્રકટાયે હો ॥૨॥
કલિ કે જીવ ઉદ્ધારન કારન દ્વિજવપુ
ધર ભુવ આયે હો ।
અતિ ઉદાર શ્રીલક્ષ્મણનંદન
દેત દાન મન ભાયે હો ॥૩॥
કરત વેદ ધ્વનિ વિપ્ર મહામુનિ
જાત કર્મ કરવાયે હો ।
'માનિકચંદ' શ્રીવિઠ્ઠલ પ્રભુ કે
વિમલ વિમલ યશ ગાયે હો ॥૪॥

•

(૩૪) કૃષ્ણવર્ત્મસમુદ્ભવઃ = કૃષ્ણવર્ત્મસમુદ્ભવાય નમઃ

તેમના દ્વારા શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાના માર્ગનું સુંદર રીતે પ્રાકટ્ય થયું છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીએ શ્રીકૃષ્ણ સંબંધી શ્રીકૃષ્ણરૂપી ફળ આપનાર માર્ગ; અર્થાત્ પુષ્ટિમાર્ગ સુંદર રીતે નિજ ભક્તોને બતાવ્યો છે. 'કૃષ્ણવર્ત્મ' શબ્દનો બીજો અર્થ અગ્નિ થાય છે. અગ્નિ એટલે વૈશ્વાનર. શ્રીમહાપ્રભુજી વૈશ્વાનર છે એવું પોતે જણાવે છે. વૈશ્વાનર શ્રીમહાપ્રભુજીથી શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું છે, માટે તેઓ અગ્નિકુમાર છે.

પુષ્ટિમાર્ગીય ભક્તોએ ભગવાન સંબંધી મોટા મોટા મનોરથો સેવ્યા છે, તેને શ્રીગુસાંઈજી કેવી રીતે પૂર્ણ કરશે? તેના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

આ નામના બે અર્થ બતાવ્યા છે. 'કૃષ્ણવર્ત્મ' એટલે કૃષ્ણ સંબંધી માર્ગ; અર્થાત્ પુષ્ટિમાર્ગ. શ્રીગુસાંઈજી દ્વારા પુષ્ટિમાર્ગનો વિશેષ પ્રચાર-પ્રસાર થયો છે. શ્રીગુસાંઈજીએ નિજ

(૩૪) કૃષ્ણવર્ત્મસમુદ્‌ભવઃ



શ્રીગુસાંઈજી પાસે સેવક થવા આવેલા ત્રણ વૈષ્ણવોમાંથી એક વૈષ્ણવ કહે છેઃ 'મને કોઈ શોખ નથી'. ત્યારે શ્રીગુસાંઈજી
તેને સેવક કરવાની ના પાડતાં આજ્ઞા કરે છે કે તમારું હૃદય વૈરાગી હશે તો તમે શ્રીઠાકોરજીને શું લાડ લડાવશો?

સેવકોને પુષ્ટિમાર્ગ બતાવ્યો છે. તેમણે પુષ્ટિમાર્ગનો વિસ્તાર કર્યો છે, તેથી તેમને પુષ્ટિમાર્ગના પ્રવર્તક કહેવામાં આવે છે. જેવી રીતે દેવકીજીને ત્યાં પ્રકટ થઈ કૃષ્ણે અર્જુનને ગીતા દ્વારા બોધ આપ્યો, અને તેમાં ભક્તિમાર્ગરૂપી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો સમજાવ્યા, તેવી રીતે શ્રીગુસાંઈજીએ પણ પ્રકટ થઈ, પુષ્ટિમાર્ગનું સ્વરૂપ વિશેષ પ્રમાણમાં પ્રકાશમાન કર્યું છે.

'વર્ત્મ' શબ્દનો બીજો અર્થ છે અગ્નિ. કૃષ્ણવર્ત્મ એટલે અલૌકિક અગ્નિ. અલૌકિક અગ્નિ ભગવાનનું મુખારવિંદ સ્વરૂપ છે. તેને 'વૈશ્વાનર'ના નામથી ઓળખવામાં આવે છે. શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી'ના પ્રારંભમાં પોતાના અલૌકિક સ્વરૂપનો પરિચય આપતાં પોતાને વૈશ્વાનર કહ્યા છે. આથી શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં પણ શ્રીમહાપ્રભુજીનું એક નામ વૈશ્વાનર છે.

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય શ્રીમહાપ્રભુજીથી થયું છે. શ્રીમહાપ્રભુજી તેમના પિતા છે. અલૌકિક અગ્નિમાંથી તેમનું પ્રાકટ્ય થયું, માટે તેઓ 'અગ્નિકુમાર' કહેવાય છે. શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં પણ શ્રીગુસાંઈજી પોતાને અગ્નિકુમાર કહે છે. આવો બીજો અર્થ પણ અહીં નીકળે છે.

અગાઉના નામમાં શ્રીગુસાંઈજીનાં માતાનું સ્મરણ થયું, તો આ નામમાં તેમના પિતાનું સ્મરણ થાય છે.

'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈ ગાય છે કે :

આપ સેવા કરી શીખવે શ્રીહરિ,
ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો ।
આપની લીલા તે વદન પોતે કહી,
ઉચ્ચાર આનંદ અધિક દીધો ॥

સેવકભાવથી શ્રીગુસાંઈજીએ શ્રીઠાકોરજીની સેવા કરી. સાથે-સાથે 'વેણુગીત', 'યુગલગીત' વગેરે પોતાની લીલાઓનું રહસ્ય ભક્તોને સંભળાવી, કથારસનું દાન કર્યું. આમ, શ્રીગુસાંઈજીએ પુષ્ટિજીવોને ભગવત્પ્રાપ્તિનો સુગમ માર્ગ બતાવ્યો.

શાસ્ત્રો કહે છે કે પુત્ર રૂપે પિતાનો ફરી જન્મ થાય છે. એ સિદ્ધાંત પ્રમાણે શ્રીમહાપ્રભુજી જ શ્રીગુસાંઈજી રૂપે પ્રકટ થયા છે; માટે તેમને 'અગ્નિકુમાર' કહ્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી એક જ સ્વરૂપ છે, એવો બોધ આ નામથી થાય છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી પાસે ત્રણ મનુષ્યો આવ્યા. તેમણે શ્રીગુસાંઈજીને સેવક કરવા વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ પૂછ્યું: 'તમને શાનો શોખ છે?' એકે કહ્યું : 'મને વસ્ત્રોનો શોખ છે.' બીજાએ કહ્યું : 'મને અત્તરનો શોખ છે.' ત્રીજાએ કહ્યું : 'મને કોઈપણ વસ્તુનો શોખ નથી.' શ્રીગુસાંઈજીએ પહેલા અને બીજા મનુષ્યને સેવક કર્યા, ત્રીજાને સેવક કરવાની ના પાડતાં આજ્ઞા કરી : 'તમને જેનો શોખ હોય તે તમે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી, લાડ લડાવો; પરંતુ જો તમારું હૃદય નીરસ અને વૈરાગી હોય તો તમે શ્રીઠાકોરજીને શું લાડ લડાવી શકશો?' આમ, શ્રીગુસાંઈજીએ કૃષ્ણભક્તિનો રસમય માર્ગ બતાવ્યો.

બેઠક ચરિત્ર સંગતિ :

કામવનના શ્રીકુંડ પરનાં બેઠકજીમાં માધવદાસ નામના તેમના સેવક શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શન કરવાની ઈચ્છાથી છ મહિના સુધી રહ્યા હતા. તેમણે કેવળ દૂધપાન કરી, સતત શ્રીસર્વોત્તમજીનું રટણ કર્યું હતું. શ્રીગુસાંઈજીએ ત્યાં પધારી, તેમને દર્શન આપ્યાં અને હઠ છોડી દેવા કહ્યું; પરંતુ તેઓ માન્યા નહીં. થોડા સમય પછી શ્રીમહાપ્રભુજીએ તેમને દર્શન આપ્યાં અને આજ્ઞા કરી : 'શ્રીગુસાંઈજી સ્વરૂપે મેં તને દર્શન આપ્યાં હતાં, પણ તું મને ઓળખી શક્યો ન હતો.'

દામોદરદાસ હરસાનીજીને પણ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી હતી કે શ્રીગુસાંઈજીને તમે મારું જ સ્વરૂપ જાણો.'

કીર્તન સંગતિ :

શ્રીવલ્લભગૃહ સદા વધાઈ ।
જબ તે પ્રગટ ભયે શ્રીવિઠ્ઠલ
તબતે દાસ પરમ નિધિ પાઈ ॥૧॥
ભક્તિ ભાગવત કથા કીર્તન
મહા મહોત્સવ પ્રકટ ગુસાંઈ ।
કલ્પવૃક્ષ પ્રફુલ્લિત સુખદાઈ
નંદ સુવન વૃંદાવન રાઈ ॥૨॥
પરમ ભજન પુરુષોત્તમ લીલા
પ્રમુદિત દેવ મુનિજન ગાઈ ।
લાલ ગોવર્ધનધારી પદરજ
'લાલદાસ' બલિ જાઈ ॥૩॥

(૩૫) ભક્તચિંતામણિઃ



કૃષ્ણ ભટ્ટે શ્રીનાથજીને વિનંતી કરી કે પોતાને વ્રજભક્તો સાથે શ્રીનાથજીની લીલાનાં દર્શન કરાવે. શ્રીજીબાવાએ ના પાડી.
ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને શ્રીઠાકોરજીની શય્યાજીની સેવા કરવા જઈ રહેલા વ્રજભક્તોનાં યૂથોનાં દર્શન કરાવ્યાં.

(૩૫) ભક્તચિંતામણિઃ =
ભક્ત ચિંતામણયે નમઃ
તેઓ ભક્તો માટે ચિંતામણિરૂપ છે.

વિવરણ :

તેઓ ભક્તોના મનોરથ પૂર્ણ કરનાર ચિંતામણિરૂપ છે. જેમ ચિંતામણિ ઈચ્છિત વસ્તુને આપે છે; તેમ શ્રીગુસાંઈજી પણ ભક્તોની ઈચ્છિત વસ્તુઓને આપે છે, તેથી ભક્તોને તે મેળવવા પ્રાર્થના કરવાની જરૂર રહેતી નથી.

શું શ્રીગુસાંઈજી ભક્તોનું ચિંતિત જ આપે? ભક્તોએ પ્રાર્થના કરેલું ન આપે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

ચિંતામણિ એક દિવ્ય રત્ન છે. તે ભૌતિક રત્ન નથી. તેના માટે એમ કહેવાય છે કે જેની પાસે ચિંતામણિ હોય તે માણસ તેના મનમાં જે-કોઈ વસ્તુ મેળવવાનો વિચાર કરે તે વસ્તુ તેને તરત જ મળી જાય. તે માટે તેણે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. તે રીતે શ્રીગુસાંઈજી તેમના ભક્તો માટે ચિંતામણિરૂપ છે. ભક્તો તેમના મનમાં શ્રીઠાકોરજી અંગે જે કંઈ મનોરથ કરે છે, તે શ્રીગુસાંઈજી તરત જ પૂરા કરવાની કૃપા કરે છે.

ચિંતામણિ અત્યંત દિવ્ય અને કિંમતી રત્ન છે. તે પ્રયત્નથી મળતું નથી, ઈશ્વરની કૃપાથી મળે છે; તેમ શ્રીગુસાંઈજીરૂપી ચિંતામણિ પણ જેના પર શ્રીઠાકોરજી કૃપા કરે તેને જ મળે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજીના સેવક કૃષ્ણ ભટ્ટે શ્રીનાથજીને વિનંતી કરી : 'મહારાજ! મને વ્રજભક્તો સાથે આપની લીલાનાં દર્શન કરાવો.' ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'આવાં દર્શન લૌકિક શરીરથી થઈ શકતાં નથી, તે માટે અલૌકિક દેહ હોવો જરૂરી છે.'

કૃષ્ણ ભટ્ટને શ્રીનાથજી દર્શન આપતા, તેમની સાથે વાતો કરતા. પોતાના ચરણારવિંદ ઊંચા કરી, કૃષ્ણ ભટ્ટને ચરણસ્પર્શ પણ કરાવતા. આવા અનેક અલૌકિક સુખોનો શ્રીનાથજીએ કૃષ્ણ ભટ્ટને અનુભવ કરાવ્યો હોવા છતાં કૃષ્ણ ભટ્ટને વ્રજભક્તો સાથે શ્રીનાથજીની લીલાનાં દર્શનની ઈચ્છા થઈ. શ્રીનાથજીએ ના પાડી. આથી કૃષ્ણ ભટ્ટે શ્રીગુસાંઈજીને વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'શ્રીનાથજી તો બાળક છે. તમે વ્રજમાં અમુક ઠેકાણે જાઓ.' કૃષ્ણ ભટ્ટ ત્યાં ગયા. તેમણે જોયું તો કરોડો વ્રજભક્તોનાં યૂથો શ્રીનાથજીના શય્યા મંદિરની સેવા કરવા જઈ રહ્યાં છે. આવાં અલૌકિક દર્શન કરતાં કૃષ્ણ ભટ્ટ ચક્તિ થઈ ગયા. તેમનું દેહાનુસંધાન ભૂલી ગયા. શ્રીગુસાંઈજીએ શ્રીઠાકોરજીની આ લીલાને ગુપ્ત કરી, કૃષ્ણ ભટ્ટને સાવધાન કર્યા. આમ, શ્રીગુસાંઈજી ભક્ત ચિંતામણિ છે.

કીર્તન સંગતિ :

શ્રીગોકુલપતિ નમો નમો ।
ભક્ત હેત પ્રગટે વ્રજમંડન
નંદ નંદન જય નમો નમો ॥૧॥

તન ઘનશ્યામ લાલ વર સુંદર
બકી વિદારણ નમો નમો ।
શકટ વિભંજન વચ્છ વિમોચન
નિજ જન પોષણ નમો નમો ॥૨॥

તૃણ ખલ મારન અસુર સંહારન
વિશ્વરૂપ દર્શન નમો નમો ।
કાલિયમર્દન દાવાનલ અર્દન
યમલાર્જુન તારન નમો નમો ॥૩॥

વ્રજ ફલદાયક સબ જગનાયક
વરુણ વિમોચક નમો નમો ।
સુરપતિ માન હરન વ્રજરક્ષક
ગોવર્ધનધર નમો નમો ॥૪॥

વ્રજવનિતા મનરંજનકારક
રાસવિલાસી નમો નમો ।
સુદર્શનધારક સબ સુખદાયક
કોટિ મદન દ્યુતિ નમો નમો ॥૫॥

બંસીધારી કંસ પ્રહારી
જય દુઃખહારી નમો નમો ।
સબ ગુન જય જય શ્રીવલ્લભસુત
બલિ 'ગોવિંદ' પ્રભુ નમો નમો ॥૬॥

(૩૬) ભક્તિકલ્પદ્રુમનવાંકુરઃ



શ્રીગુસાંઈજી ભક્તિરૂપી કલ્પવૃક્ષના નવા અંકુર સ્વરૂપે પ્રગટ થયા છે. અંકુર સ્વરૂપે હોવા છતાં ભક્તોએ માગેલી સર્વ બાબતો આપનારા કલ્પવૃક્ષ જેવા છે. તેમની શાખાઓ રૂપે તેમના પુત્ર પૌત્રાદિક દૈવી જીવોને પુષ્ટિભક્તિનું દાન આપે છે.

(૩૬) ભક્તિકલ્પદ્રુમનવાંકુરઃ = ભક્તિકલ્પદ્રુમનવાંકુરાયનમઃ તેઓ ભક્તિરૂપી કલ્પવૃક્ષના નવા અંકુરરૂપ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ભક્તિરૂપી કલ્પવૃક્ષના નવા અંકુરરૂપ છે. અત્યાર સુધી ભક્તિનું માત્ર બીજ હતું, તેમાંથી અંકુર પ્રકટ થયો ન હતો. અંકુર વિના વૃક્ષની આશા કેવી રીતે રખાય? અંકુર પછી જ વૃક્ષ બને. ભક્તિરૂપી કલ્પવૃક્ષને અંકુર પ્રકટ થતામાં ભક્તિની સર્વ ઈચ્છાઓ પૂરી થઈ જાય છે. તો પછી ભક્તિરૂપી સંપૂર્ણ વૃક્ષનું પ્રાકટ્ય થાય, ત્યાં કહેવું જ શું? ભક્તોએ માગેલું આપવામાં શ્રીગુસાંઈજી કલ્પવૃક્ષ સમાન છે. ત્યારે ભક્તોએ વિચારેલું આપવામાં તેઓ ચિંતામણિરૂપ છે. આમ, શ્રીગુસાંઈજીનાં બંને રૂપ-ગુણનું નિરૂપણ કરવામાં આવ્યું.

આવા શ્રીગુસાંઈજી ક્યાં બિરાજે છે? એ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

અત્યાર સુધી પ્રથમ ભક્તિરૂપી બીજ વિદ્યમાન હતું. પરંતુ તે બીજમાંથી અંકુર ફૂટ્યો ન હતો. જ્યાં સુધી બીજમાંથી અંકુર ફૂટે નહીં, ત્યાં સુધી તે બીજ વૃક્ષ રૂપે વિકાસ પામશે એમ નિશ્ચિત રીતે કહી શકાય નહીં. જ્યારે બીજમાંથી અંકુર ફૂટે ત્યારે જ તે અંકુર વૃક્ષ બનશે, તેમ નિશ્ચિત રીતે કહી શકાય.

શ્રીગુસાંઈજી ભક્તિરૂપી કલ્પવૃક્ષના નવા અંકુર સ્વરૂપે પ્રકટ થયા છે. તેઓ અંકુર રૂપે હોવા છતાં ભક્તોએ માગેલ સર્વ બાબતો કલ્પવૃક્ષની જેમ આપનારા છે. તો તેઓ ભક્તિરૂપી કલ્પવૃક્ષનું પૂર્ણ સ્વરૂપ પ્રકટ કરે ત્યારે તો કહેવું જ શું?

શ્રીગોપાલદાસભાઈ 'શ્રીવલ્લભાખ્યાન'માં ગાય છે :

'પુત્ર પૌત્રાદિક સુખ શું કહું,
જો તું મુખમાંહી એક રે રસના,
શ્રીવિઠ્ઠલ કલ્પદ્રુમ ફૂલ્યો,
જેની શાખા પ્રસરી અનેક રે રસના.'

'સંપ્રદાય કલ્પદ્રુમ' નામના ગ્રંથમાં કહ્યું છે કે :

'શ્રીવલ્લભકુલ કલ્પતરુ
ફૂલે હી ફૂલે જો અગ્ર,
ભૂવિશ્વ મેં પદપદ્મ લોં
વસત અનેક નગ્ર.'

આમ, આ કલ્પદ્રુમ કલિયુગમાં સર્વ કલા સહિત, અર્થાત્ અંકુર, દલ, શાખા, પત્ર, પુષ્પ, ફળ સહિત, સ્વતંત્ર ભક્તિરૂપે પ્રકટ થયા છે. તેમની શાખાઓ રૂપે તેમના પુત્ર પૌત્રાદિક અને તેમના વિદ્યમાન વંશજો દૈવી જીવોને પુષ્ટિભક્તિનું દાન આપી રહ્યા છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીના સેવક એક વિરક્ત વૈષ્ણવ હતા. તેઓ વ્રજમાં રહેતા. શ્રીનાથજીની સેવા કરતા. એક વખત તેમને કોઢ થયો. સેવા છૂટી. ઘણી દવા કરી; પણ ફાયદો ન થયો. આખરે થાકીને તેમણે શ્રીનાથજીને વિનંતી કરી : 'મહારાજ! મારો કોઢ મટાડો.' શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી : 'તમારો આ વૈષ્ણવ મને કોઢ મટાડવા વારંવાર કહે છે. હું વૈદ નથી.' શ્રીગુસાંઈજીએ તે વૈષ્ણવને બોલાવ્યા અને આજ્ઞા કરી: 'કોઢ મટાડવા શ્રીનાથજીને શ્રમ ન આપશો. તમે અમુક ગામમાં જાઓ. તે વૈષ્ણવનો બાહ્ય આચાર વિચાર જોશો નહીં. તેમને ભગવદ્સ્મરણ કરજો. તમારો કોઢ મટી જશે.' તે વિરક્ત વૈષ્ણવ ત્યાં ગયા. તે વૈષ્ણવને ભગવત્ સ્મરણ કરતાં જ તેમનો કોઢ મટી ગયો.

કીર્તન સંગતિ :

શ્રીવલ્લભ સુ પ્રતાપ, ફલિત લીલા ગુણ ભાવ
લલિત પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલ ગોકુળ સુખરાશિ ।
નખશિખ શોભા અનુપ કલિયુગ ઉદ્ધરણ
ભૂપ રૂપ સુધાપાન કરત નેનન વ્રજવાસી ॥૧॥

દીનબંધુ કૃપાકરણ ચિતવન ત્રૈતાપહરન
છિનુ છિનુ આનંદકંદ અંબુજ મુખ હાંસી ।
'ચતુર્ભુજ' પ્રભુ યુગલ રૂપ નંદનંદન
ઘોષનારી વિહરત એક સાથ
સદા ગિરિ ગોવર્ધનવાસી ॥૨॥

(૩૭) શ્રીગોકુલકૃતાવાસઃ



ઉપર : એક વૈષ્ણવે શ્રીગુસાંઈજી રચિત ‘શ્રીગોકુલાષ્ટક’ની ટીકા બીજા વૈષ્ણવ પાસેથી સાંભળી.
નીચે : ટીકા સાંભળી ગોકુળનાં અલૌકિક દર્શન કરવા તેઓ ગોકુલ આવ્યા. ગોકુળનું જેવું સ્વરૂપ સાંભળ્યું હતું તેવાં જ દર્શન થયાં.

(૩૭) શ્રીગોકુલકૃતાવાસઃ = શ્રીગોકુલકૃતાવાસાય નમઃ તેમણે શ્રીગોકુળમાં વાસ કર્યો છે.

વિવરણ :

શ્રીગોપીજનો કહે છે કે શ્રીઠાકોરજીએ લક્ષ્મીજી સાથે ગોકુળમાં વાસ કર્યો છે. તેથી તેમના પ્રાકટ્યથી જ વ્રજ અધિક જય પામે છે અને શ્રીલક્ષ્મીજી પણ વ્રજમાં સદૈવ વાસ કરીને રહે છે. એવી રીતે શ્રીગુસાંઈજીએ પણ અલૌકિક લક્ષ્મીજી સહિત ગોકુળમાં વાસ કર્યો છે.

અહીં 'શ્રી' શબ્દનો બીજો અર્થ છે શોભાયુક્ત. આપે ગોકુળમાં વાસ કર્યો છે, તેથી ગોકુળની શોભા બની છે અથવા આપે શોભાયુક્ત એવા ગોકુળમાં વાસ કર્યો છે, એમ પણ કહી શકાય.

તેઓ ગોકુળમાં જ શા માટે રહ્યા? તે પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

'વલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈ ગાય છે કે :

'પૂરણ બ્રહ્મ શ્રીલક્ષ્મણ સુત, પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથ,
શ્રીગોકુળમાં પ્રકટ પધાર્યા, સ્વજન કીધા સનાથ.'

શ્રીભાગવતમાં પણ કહ્યું છે કે શ્રીલક્ષ્મીજી સહિત ભગવાન પ્રત્યક્ષ બિરાજે છે. તેવી રીતે શ્રીગુસાંઈજીએ પણ અડેલ છોડી, હંમેશ માટે શ્રીગોકુળમાં બિરાજવાનું પસંદ કર્યું. તેઓ દરરોજ સવારે શ્રીનાથજીની સેવા માટે ગોકુળમાં જતિપુરા પધારતા, પરંતુ બિરાજ્યા તો શ્રીગોકુળમાં જ. કોઈક વૈષ્ણવે તેમને વિનંતી કરી : 'કૃપાનાથ! આપ દરરોજ જતિપુરા પધારવાનો શ્રમ લો છો, તેના કરતાં શ્રીનવનીતપ્રિયજીને શ્રીનાથજીની સાથે પધરાવો અને આપ પણ ત્યાં બિરાજો તો કેવું?' ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'જ્યાં મન હોય, ત્યાં તન પણ હોય અને જ્યાં તન હોય, ત્યાં મન પણ હોય. હું જતિપુરા જઉં છું, ત્યારે મારું મન ગોકુળમાં રહે છે.' શ્રીગુસાંઈજીએ શ્રીગોકુળનું અલૌકિક સ્વરૂપાત્મક દર્શન કરીને 'શ્રીગોકુલાષ્ટક' સ્તોત્રની રચના કરી છે. તેમાં કહ્યું કે :

'શ્રીમદ્ ગોકુલ સર્વસ્વમ્ શ્રીમદ્ ગોકુલ મંડનમ,
શ્રીમદ્ ગોકુલ દક્તારા શ્રીમદ્ ગોકુલ જીવનમ્.'

અહીં શ્રીમદ્ ગોકુલનો એક બીજો અર્થ પણ વિચારવા જેવો છે. ગો એટલે ઈંદ્રિય અને કુળ એટલે સમૂહ. ઈંદ્રિયોનો સમૂહ એટલે શરીર. શ્રીગુસાંઈજી પ્રત્યેક ભક્તના શરીરમાં રહેલા હૃદયમાં બિરાજમાન. તેથી ભક્તોના પ્રાણ આધાર છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક ક્ષત્રિય વૈષ્ણવે એક દિવસ કોઈ એક વૈષ્ણવના મુખથી શ્રીગુસાંઈજી રચિત 'શ્રીગોકુલાષ્ટક'ની ટીકા સાંભળી. તેમણે નિશ્ચય કર્યો કે એક વખત અવશ્ય શ્રીગોકુળ જવું જોઈએ. તેઓ શ્રીગોકુળ આવ્યા. શ્રીગોકુળનાં અલૌકિક દર્શન કરતાં તેમને દેહાનુસંધાન રહ્યું નહીં. 'શ્રીગોકુલાષ્ટક'માં શ્રીમદ્ ગોકુલનું જેવું સ્વરૂપ સાંભળ્યું હતું, તેવાં જ સાક્ષાત્ દર્શન તેમને થયાં. તેમને નિશ્ચય થયો કે શ્રીગુસાંઈજી શ્રીગોકુળમાં નિત્ય નિવાસ કરીને, અવશ્ય બિરાજે છે.

બેઠક-ચરિત્ર-સંગતિ :

શ્રીગોકુળમાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી છે. ત્યાં શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીને શ્રીગુસાંઈજીનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં. તેથી શ્રીગિરિધરજી શ્રીગુસાંઈજીનાં બેઠકજીમાં ગાદીજીની સામે બિરાજીને સંધ્યા વંદન કરતા હતા. તેઓ કદાપિ ગાદી ઉપર બિરાજતા ન હતા. એક દિવસ શ્રીગોકુલનાથજીએ શ્રીગિરિધરજીને વિનંતી કરી : 'દાદાજી! આપને ગાદી ઉપર બિરાજવાનો અધિકાર છે, તો આપ કેમ બિરાજતા નથી?' શ્રીગિરિધરજીએ આજ્ઞા કરી : 'મને આ બેઠકમાં હંમેશાં ગાદી પર બિરાજેલા શ્રીગુસાંઈજીનાં દર્શન થાય છે. તમે પણ દર્શન કરો.' ત્યારે શ્રીગોકુલનાથજીને પણ શ્રીગુસાંઈજી સંધ્યા વંદન કરતા હતા એવાં સાક્ષાત્ દર્શન થયાં. આમ, શ્રીગુસાંઈજી સદા અલૌકિક સ્વરૂપે શ્રીગોકુલમાં બિરાજમાન છે.

કીર્તન સંગતિ :

ફીર બ્રજ બસો શ્રીવિઠ્ઠલેશ ।
કૃપા કર દર્શન દિખાવો,
વહ લીલા વહ વેશ ॥૧॥

ગાય બછરા લાય,
ગોકુલ ગામ કરો પ્રવેશ ।
નંદનંદન આપ પ્રકટ
અતિ ઉદાર નરેશ ॥૨॥

ભક્તિ મારગ પ્રગટ
કિયો જનન કો ઉપદેશ ।
રચ્યો રાસ વિલાસ સુખનિધિ
ગિરિ ગોવર્ધનેશ ॥૩॥

શ્રીવલ્લભ નંદન અસુર નિકંદન
વિદિત શ્રુતિ સુરેશ ।
'ચતુર્ભુજ' પ્રભુ ઘોષ કુલ કો
હર્યો સકલ કલેશ ॥૪॥

●

(૩૮) કાલિંદીપુલિનપ્રિયઃ = કાલિંદીપુલિનપ્રિયાય નમઃ

તેમને કાલિંદી - શ્રીયમુનાજીનો તટ પ્રિય છે.

વિવરણ :

શ્રીયમુનાજીનો તટ શ્રીગુસાંઈજીને ખૂબ જ પ્રિય છે; કારણ કે શ્રીયમુનાજીના તટ ઉપર તેમને ઈચ્છિત શ્રીઠાકોરજીના લીલા સુખની પ્રાપ્તિ થાય છે; તેથી જ તેઓ શ્રીગોકુળમાં વાસ કરે છે.

તેઓ હંમેશાં ત્યાં જ વાસ કરે છે કે બીજે પણ પધારે છે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીને શ્રીયમુનાજીનો કિનારો ઘણો પ્રિય છે. લીલામાં શ્રીગુસાંઈજીનું બીજું સ્વરૂપ શ્રુતિરૂપા વ્રજભક્તોનાં સ્વામિની અન્યપૂર્વા શ્રીચંદ્રાવલીજીનું છે. સારસ્વત કલ્પની લીલામાં મહારાસમાં આત્મારામપ્રભુએ પોતાના દ્વાદશ અંગોથી વ્રજભક્તો સાથે રમણ કરેલું, ત્યારે વ્રજભક્તોને સૌભાગ્યમદ થવાથી પ્રભુ અંતર્ધાન થયા હતા. વ્રજભક્તોએ પ્રભુને ઘણા શોધ્યા. પ્રભુની લીલાનું અનુકરણ પણ કર્યું, છતાં, પ્રભુનાં દર્શન થયાં નહીં. આખરે તેઓ શ્રીયમુનાજીના કિનારે પધાર્યાં. ત્યાં કૃષ્ણદર્શનની લાલસાથી રુદન કરતાં 'ગોપીગીત' ગાયું, ત્યારે તેમના હૃદયમાંથી સાક્ષાત્ ભાવાત્મક પ્રભુ હાસ્યભર્યા મુખારવિંદે પ્રકટ થયા અને વ્રજભક્તોને મહારાસના સુખનું દાન કર્યું.

શ્રીગુસાંઈજી પોતાના શ્રીચંદ્રાવલીજીના લીલાસ્વરૂપનું ચિંતન કરીને હંમેશાં શ્રીયમુનાજીના તટ પર બિરાજવું પસંદ કરે છે. તેઓ દિવસમાં ત્રણ વખત સંધ્યા વંદન કરવા ઠકુરાણી ઘાટ ઉપર પધારતા હતા. તેમણે શ્રીયમુનાષ્ટપદી દ્વારા શ્રીયમુનાજીની સ્તુતિ કરી છે. આ અષ્ટપદીની રચના તેઓ અડેલમાં બિરાજતા ત્યારે થઈ હતી. ત્યાં પણ તેમને શ્રીયમુનાજીનાં દર્શન નિત્ય થતાં હતાં. શ્રીગુસાંઈજીએ રાણી દુર્ગાવતીએ બનાવેલા મથુરાના સતઘરા ભવનમાં કાયમ માટે બિરાજવાને બદલે શ્રીગોકુલવાસ કર્યો; કારણ તેમને શ્રીયમુનાજીનો તટ ખૂબ જ પ્રિય છે.

કીર્તન સંગતિ :

જુરિ ચલીહે વધાયે શ્રીવલ્લભગૃહ
પ્રકટે શ્રીવિઠ્ઠલરાય ।
પૂરન પુરુષોત્તમ આનંદનિધિ
શ્રીગોકુલ સુખદાય ॥૧॥

ચંદન શીતલ દ્વાર ધરત
ગજમૌતિન ચૌક પુરાયે ।
આંગન ભવન આવાસ અવનિપર
ગોમદ હરદ લિપાઈ ॥૨॥

ચિત્રવિચિત્ર રુચિર રુચિ મંદિર
બંદનવાર બંધાઈ ।
ભેરિ મૃદંગ તાલ ધુનિ વાજત
શ્રવન સુનત સહેનાઈ ॥૩॥

માગધ સૂત ભીર બંદિજન
આંગન ભવન ભરાઈ ।

(૩૮) કાલિંદીપુલિનપ્રિયઃ



શ્રીગુસાંઇજીને શ્રીયમુનાજીનો કિનારો ઘણો પ્રિય છે,
તેથી દિવસમાં ત્રણવાર સંધ્યાવંદન કરવા આપશ્રી ગોકુળમાં ઠકુરાણીઘાટ ઉપર પધારે છે.

ગોપી ગ્વાલ બાલ સબ વ્રજજન
ઝુંડન ઝુંડન આઈ ॥૪॥
મંગલ કલશ લિયે વ્રજસુંદરી
આરતી સાજ બનાઈ ।
નાચત ગાવત આનંદ બઢાવત
દેત અશીષ મનભાઈ ॥૫॥
મગન ભઈ તન મન ધન વારત
નિજ પુર સુધિ ન રહાઈ ।
હરદ દૂબ અક્ષત દધિ કુંકુમ
સબન કે શીશ ધરાઈ ॥૬॥
સબ મિલિ છિરકત રંગ પરસ્પર
ગોરસ કીચ મચાઈ ।
ધન્ય દિવસ ધન્ય રેન વાર તિથિ
લગ્ન નક્ષત્ર નિકરાઈ ॥૭॥
ધન્ય શ્રીગોકુલ ગામ ઠામ વ્રજ
યમુના પુલિન બસાઈ ।
પૌષ માસ કૃષ્ણ નૌમી તિથિ
પ્રગટે શ્રીગોકુલરાઈ ॥૮॥
પંદરસેં બહતર સંવત્સર
પત્રી જન્મ લિખાઈ ।
શ્રીવલ્લભકુલ ધનિ પ્રગટ ભયે
શ્રીવિટ્ઠલનાથ ગુસાંઈ ॥૯॥
ધન્ય સુહાય ભાગ્ય પરિપૂરન
કુખિજૂ શુભ અકકાઈ ।
જિન જાયો શ્રીગોકુલકે પતિ
વ્રજકી તપત બુઝાઈ ॥૧૦॥
વહેજાત વસુધા ભવસાગર
કરગહિ પાર લગાઈ ।
દ્વાપર વસુધા ભાર હર્યો
હરિ મિલ માનો સુરરાઈ ॥૧૧॥
દ્વિજ કુલ પ્રકટે કલિમલ ખંડન
નાના વાદ મિટાઈ ।
વિષ્ણુસ્વામીપથ પ્રગટે અલિકર
પુષ્ટિ મર્યાદા ચલાઈ ॥૧૨॥
તિલક ભાલ ઉરમાલ પાલ
પ્રતિ ભગવત ભાવ દ્રઢાઈ ।
ગોપીજન હરખત આનંદ
પુરન પ્રીતિ જનાઈ ॥૧૩॥
રાસ વિલાસ યહ સુખસો રચિકે
ચિત હિત રુચિ ઉપજાઈ ।
પુરુષોત્તમ પુરન નવવપુ ધરિ
લીલા લલિત દિખાઈ ॥૧૪॥
રસિક શિરોમણિ શ્રીવલ્લભસુત
જન્મ જન્મ જસ ગાઈ ॥૧૫॥

•

(૩૯) ગોવર્ધનાગમરતઃ = ગોવર્ધનાગમરતાય નમઃ

તેઓ શ્રીગોવર્ધનમાં આવવા ઉત્સુક હોય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી હંમેશાં શ્રીગોવર્ધન ગિરિરાજ પધારવા માટે બહુ જ ઉત્સુક હોય છે. ગોકુળથી શ્રીગોવર્ધન પધારવાનું કારણ શું? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી નિત્ય શ્રીગિરિરાજજી પધારવા માટે એટલા બધા આતુર હોય છે કે તેઓ ઘોડેસ્વાર થઈ, વાયુ વેગે શ્રીગિરિરાજ પધારે છે. તેનું વર્ણન કરતાં 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાળદાસભાઈ ગાય છે કે : 'તુરંગ ચાલ્યો વાયુ વેગે ઉતાવળો, જાણે નૌકા ચાલી સિંધુ તરવા.'

શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજીનું રસાત્મક સ્વરૂપ અને તેમાં રહેલ સકલ ગોલોકધામને જાણે છે; તેથી તેના નિત્ય દર્શને

(૩૯) ગોવર્ધનાગમરતઃ



ઉપર : શ્રીગુસાંઈજી એક વૈષ્ણવને શ્રીગિરિરાજજી રત્નખચિત હોય તેવાં અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો હોય તેવાં દર્શન કરાવે છે.
નીચે : શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે એક વૈષ્ણવ શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવે છે.

આતુરતાથી પધારે છે. તેઓ કૃપા કરીને પોતાના ભક્તોને શ્રીગિરિરાજજીના લીલાત્મક સ્વરૂપનાં દર્શન સદેહે કરાવે છે.

વાર્તા ચરિત્ર સંગતિ :

એક વખત કૃષ્ણ ભટ્ટે એક કણબી વૈષ્ણવને કહ્યું : 'શ્રીગિરિરાજજી રત્નમય છે અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો છે.' ત્યારે કણબી વૈષ્ણવે કહ્યું : 'મને તો આવાં દર્શન ક્યારે ય થયાં નથી!' આ કણબી વૈષ્ણવ પછી વ્રજમાં આવ્યા. તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'મહારાજ! મને કૃષ્ણ ભટ્ટે શ્રીગિરિરાજજી અને ગોવિંદ કુંડના અલૌકિક સ્વરૂપની વાત કરી છે; પરંતુ તેવાં દર્શન મને થયાં નથી.' ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તું શ્રીગિરિરાજજી સામે જો.' કણબી વૈષ્ણવે જોયું તો તેમને શ્રીગિરિરાજજી રત્નખચિત હોય તેવાં દર્શન થયાં અને ગોવિંદકુંડ દૂધથી ભરેલો હોય એવાં દર્શન થયાં.'

વડનગરના એક નાગર બ્રાહ્મણ શ્રીગુસાંઈજીના શરણે આવ્યા. તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'મહારાજ! મારી જ્ઞાતિના બધા માણસો બહિર્મુખ છે. મને વૈષ્ણવ જાણી તેઓ મને દુઃખ આપશે.' ત્યારે શ્રીગુસાંઈજીએ તે વૈષ્ણવને શ્રીગિરિરાજજીની એક શિલા પધરાવી આપીને કહ્યું : 'તને કંઈપણ સંકટ પડે ત્યારે તું શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવી, અભ્યંગ કરી, યથાશક્તિ સામગ્રીનો ભોગ ધરજે.'

તે પ્રસંગનાં ભાવપ્રકાશમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે, દૂધ ઉજ્જવળ ભક્તિરસનું સ્વરૂપ છે. શ્રીગિરિરાજજી હરિદાસવર્ય છે. તેથી સદૈવ ભક્તિરસમાં સ્નાન કરે છે; તેથી શ્રીઠાકોરજીને અત્યંત પ્રિય છે.

શ્રીગિરિરાજજી સ્વયં પણ ભગવત્‌સ્વરૂપ છે. સારસ્વત કલ્પમાં આપે સહસ્ર ભુજા ધારણ કરી, વ્રજભક્તોનો અન્નકૂટ આરોગ્યો હતો.

એક વૈષ્ણવ શ્રીગિરિરાજજી ઉપર ચડતા હતા, તે જોઈ, શ્રીગુસાંઈજીએ પોતાનું મસ્તક હલાવ્યું. બીજા વૈષ્ણવે તેનું કારણ પૂછયું. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'શ્રીગોવર્ધન મણિમય સાક્ષાત્ ભગવત્‌સ્વરૂપ છે. આ મૂર્ખને ખબર નથી તેથી તે આવી રીતે શ્રીગિરિરાજજી ઉપર ચડે છે.' શ્રીગુસાંઈજીએ બ્રહ્મવૈવર્ત પુરાણનો પ્રસંગ કહી, શ્રીગિરિરાજજીના સ્વરૂપનો મહિમા સમજાવ્યોઃ 'શ્રીગિરિરાજજી મહા અલૌકિક છે. તેમાં સકલ લીલા વિદ્યમાન છે. માટે તેઓ આનંદમય ભગવત્‌સ્વરૂપ છે.' તેથી શ્રીગુસાંઈજી નિત્ય શ્રીગોવર્ધન પધારવામાં ઘણા ઉત્સુક છે.

કીર્તન સંગતિ :

ગાયન સોં રતિ ગોકુલ સોં રતિ
ગોવર્ધન સોં પ્રીતિ નિવાહી ।
શ્રીગોપાલ ચરણ સેવા રતિ
ગોપ સખા સબ અમિત યથાઈ ॥૧॥

ગોવાણી જો વેદ કી કહિયત
શ્રીભાગવત ભલે અવગાહી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિટ્ઠલ
નંદનંદન કી સબ પરછાઈ ॥૨॥

•

(૪૦) પ્રિયવૃંદાવનાચલઃ =
પ્રિયવૃંદાવનાચલાય નમઃ
તેમને શ્રીવૃંદાવન અને શ્રીગિરિરાજજી પ્રિય છે.

વિવરણ :

તેમને શ્રીવૃંદાવન પ્રિય છે તેમજ અચલ એવા શ્રીગિરિરાજજી પણ પ્રિય છે. આ નામનો એક બીજો અર્થ પણ છે : તેમને પ્રિય વૃંદાવનમાં તેઓ અચલ રૂપે બિરાજે છે; અર્થાત્ તેઓ પ્રિય વૃંદાવન છોડી, બીજે પધારતા નથી.

ત્યાં તેઓ પધારીને શું કરે છે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગિરિરાજજીની તળેટીમાં આવેલું ચંદ્રસરોવર આદિ વૃંદાવન છે. તે પ્રભુની નિત્ય પરમ રાસસ્થલી છે. ત્યાં પ્રભુ વ્રજભક્તો સહિત એક કાલમાં અનેક લીલાઓ કરે છે. વૃંદાવન શબ્દ બે શબ્દોનો બનેલો છે - વૃંદ+અવન. વૃંદ એટલે

(૪૦) પ્રિયવૃંદાવનાચલઃ



શ્રીગુસાંઈજીને વૃંદાવનમાં બિરાજવાનું પ્રિય હોવાથી જ્યારે તેમને શ્રીનાથજીનો છ માસનો વિરહ થયો ત્યારે અન્ય કોઈ સ્થળે ન પધારતાં ચંદ્રસરોવર (આદિ વૃંદાવન) ઉપર છ માસ વિરહમાં બિરાજ્યા છે.

ગોપીજનોનાં યૂથ, અવન એટલે રક્ષણ કરવું. ગોપીજનોના યૂથોના ભાવનું રક્ષણ અને પોષણ કરનાર, ચંદ્રરૂપ તેઓ ત્યાં બિરાજે છે. વૃંદાવન શબ્દનો બીજો અર્થ છે : વૃંદા+વન. વૃંદા એટલે તુલસીજી. પ્રભુના ચરણકમળમાં સદા રહેનાર તુલસીજી જેવાં અનન્ય ભક્તોનાં સમૂહ તે વૃંદાવન. એવા અનન્ય ભક્તોના સમૂહમાં શ્રીગુસાંઈજી સદા બિરાજે છે.

શ્રીભાગવતજીમાં કહ્યું કે ગોકુળમાં થતા ઉપદ્રવોથી કંટાળી, શ્રીકૃષ્ણના સુખ માટે અન્ય સ્થળે રહેવા જવા નંદરાયજી અને ઉપનંદજીએ વિચાર કર્યો. બધાંને વૃંદાવન પસંદ આવ્યું. શ્રીવૃંદાવન, શ્રીગોવર્ધન અને શ્રીયમુનાજી - ત્રણેય નિત્ય લીલાસ્થળ છે. ત્રણેય એક સાથે બિરાજમાન છે; તેથી શ્રીગુસાંઈજીને આ સ્થળ અત્યંત પ્રિય છે. તેઓ ભાવાત્મક સ્વરૂપે ત્યાં જ બિરાજે છે. જ્યારે તેમને શ્રીનાથજીનો છ માસનો વિયોગ થયો, ત્યારે અન્ય કોઈ સ્થળે ન પધારતાં, તેઓ ચંદ્રસરોવર પર છ માસ વિરહમાં બિરાજયા હતા.

બેઠક ચરિત્ર સંગતિ :

શ્રીચંદ્રસરોવર ઉપર શ્રીગુસાંઈજીનાં બે બેઠકજી બિરાજે છે. એક બેઠકજીમાં તેમણે શ્રીભાગવતજીનું પારાયણ કર્યું છે, બીજાં બેઠકજી વિપ્રયોગનાં બેઠકજી છે. ત્યાં બિરાજી તેમણે શ્રીનાથજીનો વિરહ કર્યો છે. શ્રીનાથજીના મુખિયાજી રામદાસજીને રોજ વિજ્ઞપ્તિનો એક શ્લોક લખી, શ્રીનાથજીને મોકલાવતા. શ્રીનાથજી માટે ત્યાં બિરાજી, પુષ્પની માળા સિદ્ધ કરતા. શ્રીનાથજી તેમનાં બીડાંનો પાન ઉપર શ્લોકનો જવાબ લખી મોકલતા. તે વાંચી, તે પાન જળમાં ઘોળી, શ્રીગુસાંઈજી આરોગી જતા.

કીર્તન સંગતિ :

જગ મેં શ્રીવિઠ્ઠલનાથ બિરાજે ।
જિન કો પરમ મનોહર શ્રીમુખ દેખત
હી અઘ ભાજે ॥૧॥
જિન કે પદ પ્રતાપ તેજ તેં
સેવક જન સબ ગાજે ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
પ્રગટ ભક્ત હિત કાજે ॥૨॥

(૪૧) ગોવર્ધનાદ્રિમખકૃદ્ =
ગોવર્ધનાદ્રિમખકૃતે નમઃ
શ્રીગોવર્ધન સંબંધી યજ્ઞ કરનારા છે.

વિવરણ :

જે દિવસે, જે પ્રકારે સારસ્વત કલ્પમાં ભગવાન શ્રીકૃષ્ણે વ્રજવાસીઓ દ્વારા શ્રીગોવર્ધન ગિરિરાજ સંબંધી ગોસવ નામનો યજ્ઞ કર્યો હતો, તે પ્રમાણે શ્રીગુસાંઈજી પણ પ્રતિ વર્ષ તે યજ્ઞ કરે છે.

ભગવાને કરેલા યજ્ઞમાં સાક્ષાત્ શ્રીગોવર્ધને સામગ્રી અંગીકાર કરી હતી; તેવી રીતે શ્રીગુસાંઈજીએ કરેલા યજ્ઞમાં શ્રીગોવર્ધન સાક્ષાત્ આરોગે છે કે નહીં? એ પ્રશ્નના જવાબમાં બીજું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીભાગવતમાં દશમ સ્કંધના ૧૯ થી ૨૩ અધ્યાયમાં શ્રીગોવર્ધનયજ્ઞના પ્રસંગમાં ભગવાન આજ્ઞા કરે છે કે આ વ્રજ મારું છે, હું તેનો નાથ છું; તેથી હું ગોપોની રક્ષા આત્મયોગથી કરીશ. આ મારું વચન છે. એમ કહી શ્રીકૃષ્ણે સાત દિવસ સુધી શ્રીગિરિરાજજીને ધારણ કરી, સમગ્ર વ્રજની રક્ષા કરી હતી. તે પૂર્વે તેમણે વૈદિક પદ્ધતિ અનુસાર ગોસવ નામનો યજ્ઞ પણ કર્યો હતો.

આ લીલાનું નિરૂપણ શ્રીગોપાલદાસભાઈ 'શ્રીવલ્લભાખ્યાન'માં નીચે પ્રમાણે કરે છે :

'શ્રીપુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા લીલા અચલ વિહાર,
સાત દિવસ ગિરિવર કર ધાર્યો વાસવ વૃષ્ટિ નિવાર.'

શ્રીગુસાંઈજી અને સારસ્વત કલ્પમાં પ્રકટ થયેલ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એક જ સ્વરૂપ હોવાથી તેઓ પોતાનાં ભક્તોને સારસ્વત કલ્પની લીલાનાં દર્શન અને અનુભવ કરાવે છે. એ જ રીતે તેમનું અવર સ્વરૂપ શ્રીગોવર્ધનનાથજી પણ પૃથ્વી પર દૈવી જીવો માટે પ્રકટ થયા છે. બંને સ્વરૂપ મળીને સારસ્વત કલ્પની લીલાનો અનુભવ કરાવે છે. તેનાથી ભક્તોને

(૪૧) ગોવર્ધનાદ્રિમખકૃદ્



શ્રીગુસાંઈજીએ સંવત ૧૬૪૧ના કારતક સુદ એકમના રોજ,
સાતેય બાળકોના માથે બિરાજતાં નિધિ સ્વરૂપોને પધરાવીને આરોગાવેલો અન્નકૂટ.

એવી પ્રતીતિ કરાવે છે કે સારસ્વત કલ્પની લીલા અને સાંપ્રત સમયની લીલા એક જ છે. તેથી સારસ્વત કલ્પમાં જે-જે ઉત્સવો વ્રજમાં થયા, તે જ ઉત્સવો આપણા સેવા પ્રકારમાં છે. તે મુજબ દર વર્ષે શ્રીગોવર્ધનપૂજન થાય છે અને શ્રીઠાકોરજી અન્નકૂટ આરોગે છે.

શ્રીગુસાંઈજીએ સંવત ૧૬૪૧ના કારતક સુદ-૧ના રોજ શ્રીનાથજીની પાસે તેમના સાતેય બાળકોના માથે બિરાજતાં નિધિ સ્વરૂપોને પધરાવી, અન્નકૂટ આરોગાવ્યો હતો. તે પરંપરા પ્રતિ વર્ષ આજે પણ ચાલુ છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીએ શ્રીગિરિધરજીની વિનંતીથી શ્રીનવનીતપ્રિયજી સહિત, પોતાનાં સાતેય બાળકોનાં સાત નિધિ સ્વરૂપોને શ્રીનાથજી પાસે પધરાવી, અન્નકૂટ આરોગાવ્યો હતો. અન્નકૂટના ભોગ ધરી, પોતે શ્રીગિરિરાજ પરથી નીચે પધારી રહ્યા હતા ત્યારે તેમનાં બેટીજી - શોભાજી સામે મળ્યાં. શ્રીગુસાંઈજીએ પૂછ્યું : 'શોભા! ક્યાં જાવ છો?' શોભાબેટીજીએ કહ્યું : 'કાકાજી! અન્નકૂટનાં દર્શન કરવા જાઉં છું.' શ્રીગુસાંઈજીએ કહ્યું : 'શોભા! તમારા ઘેર કોણ બિરાજે છે? પાછાં જાવ.' શ્રીગુસાંઈજીની આજ્ઞા માની, શોભાબેટીજી તેમના ત્યાં પાછાં ગયાં. ઘેર જઈ, રાજભોગ સરાવ્યા. ત્યારે શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને સર્વ નિધિ સ્વરૂપ સહિત અન્નકૂટ આરોગતા શ્રીગોવર્ધનનાથજીનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં.

બેઠક ચરિત્ર સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજીની તળેટીમાં એમની બેઠકમાં બિરાજતા હતા. ત્યાં શ્રીગિરિધરજી અને શોભાબેટીજી પણ બિરાજતાં હતાં. બંનેએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પહેલો અન્નકૂટ આરોગાવ્યો. આપ આજ્ઞા કરો છો કે શ્રીઠાકોરજીની સર્વ લીલા નિત્ય છે. તો અમને એ પહેલા અન્નકૂટની લીલાનાં દર્શન ન કરાવો?'

શ્રીગુસાંઈજીએ બંનેના પર કૃપા કરી. પરિણામે બંનેને શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને પહેલવહેલો જે અન્નકૂટ આરોગાવ્યો, તેનાં સાક્ષાત્ દર્શન થયાં.

કીર્તન સંગતિ :

ગો વલ્લભ ગોવર્ધન વલ્લભ
શ્રીવલ્લભ ગુણ ગિને ન જાઈ ।
ભૂકી રેણુ તરૈયા નભકી ઘન કી બુંદ
પરત લખાઈ ॥૧॥

જિનકે ચરણકમલ રજ વંદિત સંતત
હોત સદા ચિત્તચાઈ ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નંદનંદન કી સબ પરછાંઈ ॥૨॥

•

(૪૨) મહેન્દ્રમદભિત્‌પ્રિયઃ = મહેન્દ્ર મદભિત્‌પ્રિયાય નમઃ

દેવરાજ ઈંદ્રના ગર્વને તોડનાર શ્રીકૃષ્ણ શ્રીગુસાંઈજીને પ્રિય છે.

વિવરણ :

દેવોના રાજા ઈંદ્રને ગર્વ હતો કે તે ત્રણેય લોકનો સ્વામી છે, બધું તેને આધીન છે. તેના આવા મિથ્યા મદને શ્રીકૃષ્ણે તોડ્યો. એવા શ્રીકૃષ્ણ શ્રીગુસાંઈજીને પ્રિય છે. શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે ઈંદ્રને ઈંદ્રાસન આપનાર હું છું. તેનું ઈંદ્રાસન કાયમ રાખી, તેના મદનું ખંડન કરવું જોઈએ. તે પ્રમાણે શ્રીકૃષ્ણે કર્યું. નિયમ છે કે જે જેને પ્રિય હોય, તે પોતે કરેલાં કાર્ય કરતાં પોતાના પ્રિયતમે કરેલા કાર્યને વધારે સારું માને છે. આથી શ્રીગુસાંઈજીએ કરેલાં કાર્યને શ્રીકૃષ્ણ વધારે સારું માની, અંગીકાર કરે છે.

વાણીથી વર્ણન ન કરી શકાય, એવું ભગવાનનું વહાલ છે, તે બીજા કેવી રીતે સમજી શકે? તેના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

(૪૨) મહેન્દ્રમદભિત્પ્રિયઃ



દેવરાજ ઈન્દ્રના ગર્વને તોડનારા શ્રીકૃષ્ણ શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે પ્રગટ થયા છે. શ્રીગુસાંઈજીને તેઓ અત્યંત પ્રિય છે. તેવી જ રીતે શ્રીગોવર્ધનનાથજીને પણ શ્રીગુસાંઈજી ઘણા પ્રિય છે. તેથી જ શ્રીજીબાવાએ શ્રીગુસાંઈજીનો જન્મદિવસ ધામધૂમથી મનાવ્યો છે.

વિવરણભાષ્ય :

શ્રીગોવર્ધનયાગ પૂર્વે શ્રીકૃષ્ણે વ્રજવાસીઓ દ્વારા થતો ઇંદ્રયાગ બંધ કરાવ્યો; કારણ કે તે અવૈદિક અને સકામ હતો. અન્યાશ્રય કરાવનારો પણ હતો. આથી ભારે અભિમાની ઇંદ્રને ગુસ્સો આવ્યો. તે એમ માનતો કે હું ત્રણેય લોકનો સ્વામી છું, સર્વ કંઈ મારી સત્તામાં છે, મારાથી શ્રેષ્ઠ કોઈ નથી! એના આ મિથ્યા અજ્ઞાનને કારણે અને તેમાંથી જન્મેલા અભિમાનને કારણે ભાન ભૂલી, તે શ્રીકૃષ્ણના ભગવત્સ્વરૂપને સમજી શક્યો નહીં. તેથી તેણે શ્રીકૃષ્ણના નિજધામ - વ્રજનો પ્રલય કરવાની તૈયારી કરી. ત્યારે શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજ ધારણ કરી, વ્રજનું રક્ષણ કર્યું, ઇંદ્રને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. ભગવાને વિચાર કર્યો કે ઇંદ્રને ઇંદ્રાસન આપનાર હું છું; પરંતુ તેને અભિમાન આવ્યું છે તો મારે તેનું અભિમાન દૂર કરી, તેને સત્યનું જ્ઞાન કરાવવું જોઈએ. આથી શ્રીગોવર્ધનધારણની લીલા દ્વારા ભગવાને ઇંદ્રને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને ઇંદ્રની મર્યાદાનું પણ જ્ઞાન કરાવ્યું. ઇંદ્રને તેની ભૂલ સમજાવી. ઇંદ્ર શરમિંદો બની, ભગવાનના શરણે આવ્યો. ભગવાને તેનું ઇંદ્રાસન ખૂંચવી ન લીધું. ભગવાને ઉદારતા બતાવી તેનો અપરાધ ક્ષમા કર્યો.

આવા શ્રીગોવર્ધનધર શ્રીકૃષ્ણ શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે પ્રગટ થયા છે. શ્રીગુસાંઈજીને શ્રીગોવર્ધનનાથજી અત્યંત પ્રિય છે. તેવી રીતે શ્રીગોવર્ધનનાથજીને પણ શ્રીગુસાંઈજી અત્યંત પ્રિય છે. આખરે તો બંને એક જ સ્વરૂપ છે, તેથી બંને સ્વરૂપોએ એકબીજાનો મહિમા જગતમાં પ્રકટ કરી, વિસ્તાર્યો છે. સ્નેહનો નિયમ છે કે જે વ્યક્તિ આપણને પ્રિય હોય તે વ્યક્તિનું બધું જ આપણને સારું લાગે છે; તેમ શ્રીગુસાંઈજીને શ્રીનાથજીની લીલા ઉત્તમ લાગે છે, ત્યારે શ્રીનાથજીને શ્રીગુસાંઈજીની ભૂતલ પરની લીલા ઉત્તમ લાગે છે. તેથી શ્રીગુસાંઈજી શ્રીનાથજીનો જન્મ દિવસ - બહુ ધામધૂમથી મનાવતા, તેવી રીતે શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીનો જન્મ દિવસ પણ ધામધૂમથી મનાવવાની આજ્ઞા પોતાના અંતરંગ સેવકોને કરી હતી.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીગુસાંઈજીનો જન્મ દિવસ માગશર વદ-૯નો છે. તેના આગલા દિવસે શ્રીનાથજીએ તેમના મુખિયાજી રામદાસજીને આજ્ઞા કરી : 'તમે સૌ વ્રજવાસીઓ સાથે મળી, આવતી કાલના શ્રીગુસાંઈજીના જન્મ દિવસ માટેની તૈયારી કરો. તે ઉત્સવ ધામધૂમથી મનાવવો છે.' શ્રીનાથજીની આજ્ઞાથી જલેબીની સામગ્રી સિદ્ધ કરવાનું નક્કી થયું. સૌ વ્રજવાસીઓએ યથાશક્તિ રૂપિયા આપ્યા. સદુ પાંડેજીએ તેમને ઘેરથી જોઈતો મેંદો અને ઘી આપ્યાં. કુંભનદાસજીએ તેમનાં ઢોર વેચી રૂપિયા પાંચ આપ્યા. કુલ રૂા. ૨૧/- ભેગા થયા. આ તે જમાનાના રૂપિયા હતા; જે જમાનામાં એક રૂપિયામાં શ્રીમહાપ્રભુજીએ અન્નકૂટ કર્યો હતો.

ઉત્સવના આગલા દિવસની આખી રાત સામગ્રી સિદ્ધ થઈ. શ્રીગુસાંઈજીએ ગોકુળથી શ્રીનાથજી માટે સિદ્ધ કરેલાં કેસરી વસ્ત્રો મોકલ્યાં હતાં. રામદાસજીએ તે વસ્ત્રો શ્રીનાથજીને ધર્યાં. રાજભોગમાં ટોપલો ભરીને જલેબીની સામગ્રી ધરવામાં આવી. શ્રીગુસાંઈજી રાજભોગ વખતે શ્રીનાથજી પાસે પધાર્યા. તેમણે રામદાસજીને પૂછ્યું : 'આજે કોઈ ઉત્સવ નથી, તો આ સામગ્રી કેમ?' રામદાસજીએ શ્રીનાથજીની આજ્ઞા જણાવી. આમ, શ્રીનાથજી દ્વારા શ્રીગુસાંઈજીનો જન્મ દિવસ મનાવવાનો ક્રમ શરૂ થયો.

મહાવન પરગણાના સૂબા અલીખાન હતા. તેમની દીકરીનું નામ પીરજાદી હતું. પીરજાદીને સાક્ષાત્ શ્રીનાથજીનો અનુભવ હતો. દરરોજ શ્રીનાથજી તેમની સાથે અલૌકિક રાસવિલાસ કરવા પધારતા. એક દિવસ અલીખાનને પીરજાદી પર શંકા પડી. તેઓ રાતે છાનામાના તપાસ કરવા ગયા. પીરજાદીના ખંડમાંથી પખાવજ અને નૂપુરના ઝંકારના અવાજ આવ્યા. કમાડની ફાટમાંથી નૃત્ય કરતા શ્રીનાથજીનાં દર્શન થયાં. અલીખાનજી મૂર્છિત થયા. અલીખાને દીકરીને વિનંતી કરી : 'મને શ્રીઠાકોરજીનાં નિત્ય દર્શન કરાવો.' પીરજાદીએ શ્રીનાથજીને વિનંતી કરી. શ્રીનાથજીએ આજ્ઞા કરી : 'તમે બંને સવારે શ્રીગુસાંઈજી પાસે જઈ, તેમનાં સેવક થાવ. પછી તમને નિત્ય દર્શન આપીશ.'

શ્રીનાથજીને શ્રીગુસાંઈજી અત્યંત પ્રિય છે, તેથી શ્રીગુસાંઈજી જે જીવનો અંગીકાર ન કરે, તેમને કોઈ દિવસ પોતાની લીલાનું દાન કરતા નથી. શ્રીગુસાંઈજી દ્વારા સેવક થયા વિના પ્રભુ તે જીવ સાથે પુષ્ટિ રીતથી બંધાતા નથી.

કીર્તન-સંગતિ :

યહ કલિ પરમ સુભગ જન
ધન્ય શ્રીવિઠ્ઠલનાથ ઉપાસી ।
જો પ્રગટે વ્રજપતિ તો
સેવક વ્રજવાસી ॥૧॥

વ્રજ લીલા ભૂલ્યો ચતુરાનન
વ્રત ટાર્યો બલ રાશિ ।
અબનોં શઠ નહીં ગીનત અભાગે
કરત પરસ્પર હાંસી ॥૨॥

આત્મા સહિત આપ ભયે હિત
અંતર દીયો પ્રકાશી ।
દેખિયત લોક સમજ અલૌકિક
જ્યોં ગંગા સરિતાસી ॥૩॥

ઘર હરિ સદન સદા યશ ગાવત
ભક્તિ મુક્તિ સી દાસી ।
વદન ન કછૂ 'ભીમ' સબ વૈભવ
ભજનાનંદ ઉપાસી ॥૪॥

•

(૪૩) કૃષ્ણલીલૈકસર્વસ્વઃ = કૃષ્ણલીલૈકસર્વસ્વાય નમઃ શ્રીકૃષ્ણની લીલા જ તેમનું સર્વસ્વ છે.

વિવરણ :

શ્રીકૃષ્ણની લીલા જ તેમનું સર્વસ્વ હોવાથી તેઓ નિરંતર શ્રીકૃષ્ણની લીલાના કથા-કીર્તનમાં તત્પર રહે છે. તેમની આ લીલાસક્તિ દ્વારા તેમની સ્વરૂપાસક્તિ - ભગવત્ પ્રિયત્વ સમજી શકાય છે.

શ્રીભાગવતમાં બધી લીલાઓ સ્પષ્ટ રીતે કહેલી છે. છતાં, સાધારણ મનુષ્યોની તે લીલાઓમાં આસક્તિ કેમ થતી નથી? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી, ત્યારે શ્રીગુસાંઈજીનું વય માત્ર પંદર વર્ષનું હતું. શ્રીમહાપ્રભુજીના વિયોગથી શ્રીગુસાંઈજીને ઘણો વિરહતાપ થયો. ઘણી નાની વયે તેમના ઉપર સંપ્રદાયની જવાબદારી આવી. તેમણે શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કર્યો હતો; પરંતુ આ અલૌકિક પુષ્ટિમાર્ગનું રહસ્ય અને લીલાભાવના, ભાવભાવના અને સ્વરૂપભાવનાનું જ્ઞાન શ્રીમહાપ્રભુજી પાસેથી પ્રાપ્ત કર્યું ન હતું.

આ સંજોગોમાં દામોદરદાસ હરસાનીજી પાસેથી પુષ્ટિમાર્ગની રહસ્ય ભાવનાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. કનૈયાશાલ ક્ષત્રિય નામના વૈષ્ણવ પાસેથી સામે જઈને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. દામોદરદાસ હરસાનીજીના સહયોગથી સેવાપ્રકારનો વિસ્તાર કર્યો.

શ્રીગુસાંઈજીની બાલ્યાવસ્થામાં જ શ્રીમહાપ્રભુજીએ તેમને ગોકુળ પાસેના કર્ણવેધ કૂપમાંથી પ્રાપ્ત થયેલું શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું હતું. બાલ્યાવસ્થાથી તેઓ સેવાસ્મરણમાં તત્પર રહેતા. આજીવન તેમનું ચિંતન, મનન અને લેખન કેવળ કૃષ્ણલીલા પરત્વે જ રહ્યું. તેમણે દામોદરદાસ હરસાનીજીને સામે બેસાડી, 'શૃંગારરસમંડન' આદિ લીલાત્મક ગ્રંથોની રચના કરી હતી.

વાર્તા ચરિત્ર સંગતિ :

શ્રીનાથજી મંદિરના અધિકારી કૃષ્ણદાસજીએ શ્રીગુસાંઈજીને છ મહિના શ્રીનાથજીની સેવાથી દૂર રાખ્યા, ત્યારે શ્રીગુસાંઈજી પોતાના નિત્યલીલાના ચંદ્રાવલીસ્વરૂપ અને કૃષ્ણદાસના લલિતા સ્વરૂપ વચ્ચેના પ્રસંગને યાદ કરી, ભગવદિચ્છા માની, સ્વગૃહે ગોકુળ ન પધારતાં, એકાંતવાસ કરી, વિરહતાપ કરવા ચંદ્રસરોવર ઉપર પધાર્યા. ત્યાં શ્રીનાથજીના વિરહમાં છ મહિના બિરાજ્યા. વિરહવ્યાકુળ હૃદયે દીનતાથી શ્રીનાથજીને સંબોધી વિજ્ઞપ્તિઓના શ્લોકો લખીને મોકલ્યા. સંયોગ અને વિપ્રયોગ સર્વ પ્રસંગોએ તેમણે વ્રજલીલાનું જ અનુસંધાન રાખ્યું હતું.

(૪૩) કૃષ્ણલીલૈકસર્વસ્વઃ



શ્રીનાથજીબાવાની સેવાથી દૂર રહેલા હોવા છતાં, ચંદ્રસરોવર ઉપર બિરાજી, શ્રીગુસાંઈજી દીન હૃદયે શ્રીજીબાવાને વિજ્ઞપ્તિઓના શ્લોકો લખીને મોકલે છે. આમ આપશ્રી શ્રીકૃષ્ણલીલાનું જ અનુસંધાન રાખે છે.

(૪૪) શ્રીભાગવતભાવવિત્



ઉપર : સોરમમાં એક બ્રાહ્મણને ભાવ અને તત્વ સહિત શ્રીમદ્ ભાગવતનું દાન કરી રહેલા શ્રીગુસાંઈજી.
નીચે : શ્રીનાથજીની આજ્ઞાથી તે બ્રાહ્મણ દરરોજ શ્રીજીબાવાનાં નિજમંદિરના દ્વાર પાસે બેસી શ્રીમદ્ ભાગવતનો પાઠ કરે છે.

કીર્તન-સંગતિ :

સેવકકી સુખ રાસ સદા શ્રીવલ્લભ રાજકુમાર ।
દરસન હી પ્રસન્ન હોય મન પુરુષોત્તમ અવતાર ॥૧॥
સુદૃષ્ટિ ચિત્તે સિદ્ધાંત બતાયો લીલા જગ વિસ્તાર ।
યહ તજી અન્ય જ્ઞાનકો ધાવત ભૂલ્યો કુમતિ વિચાર ॥૨॥
'છીતસ્વામી' ઉદ્ધરે પતિત શ્રીવિઠ્ઠલ ભૂપ ઉદાર ।
ઈનકે કહે ગહી ભુજ દઢ કરિ ગિરિધર નંદદુલાર ॥૩॥

•

(૪૪) શ્રીભાગવતભાવવિત્ =
શ્રીભાગવતભાવવિદે નમઃ
તેઓ શ્રીભાગવતના ભાવને જાણનાર છે.

વિવરણ :

ભક્તિશાસ્ત્ર એવા શ્રીભાગવતના ગૂઢ ભાવોને તેઓ જ સારી રીતે જાણે છે. અન્ય વિદ્વાનો શ્રીભાગવતના તાત્પર્યને સાચી રીતે સમજતા નથી; તેથી શ્રીભાગવતમાં તેમની આસક્તિ થતી નથી.

શ્રીગુસાંઈજી સર્વજ્ઞ હોવાથી શ્રીભાગવતના તાત્પર્યને સમજે છે. બીજા લોકો સર્વજ્ઞ નથી, તો કેવી રીતે સમજે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીભાગવત ભક્તિની સંહિતા છે. 'નારદપાંચરાત્ર', 'શાંડિલ્ય' અને 'નારદ ભક્તિસૂત્રો' વગેરે ભક્તિશાસ્ત્રોમાં બતાવેલ ભક્તિના સિદ્ધાંતો શ્રીભાગવતમાં વિવિધ ભગવલ્લીલાઓ અને ભગવદ્ ભક્તોનાં ચરિત્રો દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે. સ્વયં ભગવાને એકાદશ સ્કંધમાં ઉદ્ધવજીને ભક્તિયોગ શીખવ્યો છે. પરંતુ શ્રીભાગવતની દિવ્ય વાણી ગૂઢ ભાવવાળી હોવાથી તે બધા સમજી શક્તા નથી. તેથી તે સૌની શ્રીભાગવતમાં આસક્તિ થતી નથી. શ્રીગુસાંઈજી સાક્ષાત્ પરબ્રહ્મ હોવાથી શ્રીભાગવતના ગૂઢ અર્થને જાણે છે. શ્રીભાગવતમાંની લીલાઓ પરબ્રહ્મ સ્વરૂપે તેમની જ લીલાઓ છે; તેથી પોતાની લીલાઓને પોતે જેટલી સારી રીતે સમજાવી શકે, તેટલી અન્ય કોઈ સમજાવી શકે નહીં. આથી શ્રીગુસાંઈજીએ શ્રીભાગવત પર 'ટિપ્પણી' નામની ટીકા લખી છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી સોરમ પધાર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણ શ્રીભાગવતનો પાઠ કરતા હતા. તે બ્રાહ્મણને શ્રીગુસાંઈજીનાં અલૌકિક સ્વરૂપે દર્શન થયાં. તેથી તે શ્રીગુસાંઈજીના શરણે આવ્યો. શ્રીગુસાંઈજીની સાથે તે ગોપાલપુર આવીને રહ્યો. તે બ્રાહ્મણ દરરોજ શ્રીગુસાંઈજીના મુખથી શ્રીભાગવતનો પાઠ અને કથા સાંભળતો.

એક દિવસ શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી : 'આ બ્રાહ્મણ શ્રીભાગવતનો પાઠ બહુ સુંદર રીતે કરે છે; તેથી મારા નિજ મંદિર આગળ બેસી, તે દરરોજ શ્રીભાગવતનો પાઠ કરે એવી વ્યવસ્થા કરો.' શ્રીગુસાંઈજીએ તે બ્રાહ્મણને આજ્ઞા કરી : 'તમે દરરોજ શ્રીનાથજી સન્મુખ બેસી, શ્રીભાગવતનો પાઠ કરજો.' ત્યારથી તે બ્રાહ્મણ દરરોજ શૃંગારથી રાજભોગ સુધી નિજ મંદિર પાસે બેસી, શ્રીભાગવતના પાઠ કરતો. આ બ્રાહ્મણને શ્રીગુસાંઈજીએ ભાવ અને તત્ત્વ સહિત શ્રીમદ્‌ભાગવતનું દાન કર્યું હતું; તેથી શ્રીનાથજીએ તે બ્રાહ્મણના નિમિત્તથી શ્રીગુસાંઈજીના જ શ્રીભાગવત પ્રત્યેના પક્ષપાતની સરાહના કરી છે.

કીર્તન-સંગતિ :

જયતિ નાથ વિઠ્ઠલ નવલ ચારુ લોચન
કમલ અમલ રસ તાહીકો સર્વ વ્યાપી ।
જીત માયાવાદ દશો દિશ વિદ્ધંસ કર લાલ
ગિરિધરન દઢ ભક્તિ થાપી ॥૧॥

જયતિ શુક વચન શ્રુતિ વચન તાહીકો
સાર ભજન વિસ્તાર કર કૃષ્ણ છાપી ।
અભય દીનો દેખ હરિદાસ વર્ય ભેખ 'કૃષ્ણદાસ'
પંચમ વરણ છાપ છાપી ॥૨॥

•

(૪૫) પિતૃપ્રવર્તિતપથપ્રચારસુવિચારકઃ



શ્રીગુસાંઈજી પુષ્ટિમાર્ગના ઉત્સવો વગેરેનો પ્રકાર જાણવા સ્વયં શ્રીદામોદરદાસ હરસાનીજીને ઘેર પધાર્યા છે,
કારણકે આપશ્રી જાણતા હતા કે શ્રીદામોદરદાસજીના હૃદયમાં ભાવાત્મક સ્વરૂપે શ્રીવલ્લભ સદા બિરાજે છે.

(૪૫) પિતૃપ્રવર્તિતપથપ્રચાર-સુવિચારકઃ = પિતૃપ્રવર્તિતપથપ્રચાર-સુવિચારકાય નમઃ

પિતૃચરણ શ્રીમહાપ્રભુજીએ પ્રવર્તાવેલ માર્ગનો વિસ્તાર કરવા માટે શ્રીગુસાંઈજી સતત વિચારશીલ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીના પિતૃચરણ શ્રીમહાપ્રભુજીએ જગતમાં પુષ્ટિમાર્ગ પ્રકટાવ્યો છે. તેનો દૈવી જીવોમાં વિસ્તાર કરવા શ્રીગુસાંઈજી સતત વિચારશીલ અને પ્રયત્નશીલ છે. શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિદ્ધાંતોનું તાત્પર્ય તેઓ ઝીણવટથી વિચારે છે. તેમણે પ્રવર્તાવેલ માર્ગમાં તેમની વિશેષ પ્રીતિ છે, માટે, તેનો સૂક્ષ્મ વિચાર કરે છે. પુષ્ટિમાર્ગમાં શરણે આવેલ સામાન્ય મનુષ્ય પુષ્ટિમાર્ગના મર્મને સમજે છે, તે શ્રીગુસાંઈજીની કૃપાનું પરિણામ છે. આ મર્મ અન્ય પંડિતો પણ સમજતા નથી.

પોતાના સેવકોને પુષ્ટિમાર્ગનો મર્મ સમજાવી, શ્રીગુસાંઈજી શું ફળ આપે છે? એના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીએ દામોદરદાસ હરસાનીજીને પુષ્ટિમાર્ગમાં મનાવાતા ઉત્સવોનો પ્રકાર પૂછયો. દામોદરદાસ હરસાનીજીએ જન્માષ્ટમી વગેરે ઉત્સવોની પ્રણાલિકા સમજાવી. આ જાણવા માટે શ્રીગુસાંઈજી સ્વયં દામોદરદાસ હરસાનીજીના ઘેર પધાર્યા હતા. શ્રીગુસાંઈજી જાણતા હતા કે દામોદરદાસ હરસાનીજીને હૃદયમાં ભાવાત્મક સ્વરૂપે શ્રીમહાપ્રભુજી સદૈવ બિરાજે છે. એથી શ્રીગુસાંઈજી દામોદરદાસ હરસાનીજીને દંડવત્ પ્રણામ કરવા દેતા નહીં અને ચરણસ્પર્શ આપતા નહીં.

એક દિવસ શ્રીગુસાંઈજી પુષ્ટિમાર્ગનો વિસ્તાર કેવી રીતે થાય, એ વિચારમાં મગ્ન બની, તેમની બેઠકમાં બિરાજ્યા હતા. ત્યારે ત્યાં અચાનક દામોદરદાસજી આવ્યા. દામોદરદાસજીએ વિનંતી કરી : ‘આજે આપ આટલા ચિંતિત કેમ છો? જેમણે માર્ગ પ્રકટ કર્યો છે, તે જ તેના વિસ્તારનો સુદૃઢ ઉપાય બતાવશે. આપ તેમની સ્તુતિ કરો.’ દામોદરદાસજીનાં વચનો સાંભળતાં શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ તરત જ સ્ફૂરી આવ્યું. તેમણે શ્રીમહાપ્રભુજીની સ્તુતિ કરી. શ્રીમહાપ્રભુજીના દિવ્ય પુષ્ટિમાર્ગનું સ્મરણ કરતાં જ શ્રીગુસાંઈજીને હૃદયમાં અદ્‌ભુત અવર્ણનીય આનંદનો અનુભવ થયો; તેથી તેમણે શ્રીમહાપ્રભુજીનું પ્રથમ નામ ‘આનંદઃ’ પ્રકટ કર્યું. જેમ-જેમ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ વિશેષ સ્ફૂરાયમાન થતું ગયું, તેમ-તેમ શ્રીમહાપ્રભુજીનાં ૧૦૮ નામ શ્રીગુસાંઈજીની વાણીમાંથી પ્રગટ થયાં. પછી શ્રીમહાપ્રભુજીએ સાક્ષાત્ પ્રગટ થઈ, શ્રીગુસાંઈજીને દર્શન આપ્યાં. પોતાનું ચર્વિત અધરામૃત આપીને આજ્ઞા કરીઃ ‘તમે માર્ગના વિસ્તાર માટે સેવાપ્રણાલિકા સુદૃઢ કરી, ગ્રંથોની રચના કરો. સેવાનો પ્રકાર દામોદરદાસજી પાસેથી જાણવા મળશે.’

ત્યારબાદ શ્રીગુસાંઈજીએ ‘સેવાશ્લોકાઃ’ નામના ગ્રંથની રચના કરી. તદ્‌ઉપરાંત ‘શ્રીવલ્લભાષ્ટક’, ‘શ્રીસપ્તશ્લોકી’ જેવા ગ્રંથોની પણ રચના કરી.

કીર્તન સંગતિ :

ભજો શ્રીવલ્લભ સૂત કે ચરણં ।
નંદકુમાર ભજન સુખદાયક
પતિતન પાવન કરણં ॥૧॥

દૂર કિયે કલિ કપટ વેદ વિધિ
મત પ્રચંડ વિસ્તરણં ।
અતિ પ્રતાપ મહિમા સમાજ યશ
શોક તાપત્રય અઘ હરણં ॥૨॥

પુષ્ટિ મર્યાદ ભજન રસ સેવા
નિજજન પોષણ કરણં ।
‘નંદદાસ’ પ્રભુ પ્રગટ રૂપ ધરી
શ્રીવિઠ્ઠલેશ ગિરિવર ધરણં ॥૩॥

•

(૪૬) વ્રજેશ્વરપ્રીતિકર્તા



બંગાળના એક બ્રાહ્મણ વૈષ્ણવે ધરેલા વસ્ત્રના તાકામાંથી શ્રીનવનીતપ્રિયાજીનો અને પોતાનો વાઘો સિદ્ધ કરાવી,
તે ધરીને શ્રીગુસાંઈજી એ બ્રાહ્મણ વૈષ્ણવને દર્શન આપે છે.

(૪૬) વ્રજેશ્વરપ્રીતિકર્તા = વ્રજેશ્વરપ્રીતિકર્ત્રે નમઃ

તેઓ વ્રજના સ્વામી શ્રીકૃષ્ણમાં પ્રીતિ કરાવે છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી શરણે આવેલા જીવોને સર્વાત્મભાવનું દાન કરી, વ્રજના સ્વામી એવા શ્રીકૃષ્ણમાં પ્રીતિ અર્થાત્ ભક્તિ કરાવે છે. પુષ્ટિમાર્ગમાં સર્વાત્મભાવરૂપી ભક્તિ જો પ્રાપ્ત થાય તો તે જ ફળરૂપ છે, તેનાથી અધિક બીજું કોઈ ફળ નથી. માટે આ પુષ્ટિમાર્ગ જ ફળરૂપ છે. આ પુષ્ટિમાર્ગનું ફળ શું? એવી શંકા ન કરવી.

ભક્તિમાર્ગ તો સર્વ જીવો માટે છે. શૂદ્ર વર્ણના જીવો પણ સેવા કરતાં જો પ્રભુને આરોગાવે તો શૂદ્રોની સામગ્રી શ્રીઠાકોરજી સાક્ષાત્ અંગીકાર કરે કે નહીં? એ પ્રશ્નના જવાબમાં હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી શરણે આવેલા જીવોને ભક્તિનું દાન કરે છે. પુષ્ટિમાર્ગીય ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ છે. તેમાં નિરપેક્ષ ભાવ રહેલો છે, તેથી પુષ્ટિજીવ પ્રભુ પાસે કોઈપણ બાબતની અપેક્ષા રાખતો નથી. પોતાના હૃદયનું સર્વસ્વ પ્રભુને અંગીકાર કરાવવામાં જ ભક્ત પોતાની કૃતાર્થતા માને છે. આવો ભક્તિમાર્ગ સર્વ જીવો માટે છે. ભક્તિમાર્ગના આચરણમાં વેદમાર્ગની મર્યાદા નડતી નથી; તેથી સ્ત્રીઓ અને શૂદ્રો કે જેમનો વેદમાર્ગમાં અધિકાર નથી, તેમને ભક્તિમાર્ગમાં અધિકાર મળ્યો છે.

શ્રીગુસાંઈજી શરણે આવેલા સૌ જીવોને વ્રજના સ્વામી એવા શ્રીકૃષ્ણમાં સર્વાત્મભાવનું દાન કરે છે. ભક્તિમાં વર્ણાશ્રમ ધર્મનાં બંધન ન હોવાથી શૂદ્રના હાથે ધરાવેલી સામગ્રી શ્રીઠાકોરજી સાક્ષાત્ આરોગે ખરા? એનો જવાબ ૮૪/૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં અપાયો છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કાનિથી અનેક શૂદ્ર જાતિમાં જન્મેલા ભક્તોની સામગ્રી પણ શ્રીઠાકોરજીએ પ્રસન્નતાથી અંગીકાર કરી છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

બંગાળના એક બ્રાહ્મણ વૈષ્ણવે શ્રીગુસાંઈજીને સુંદર વસ્ત્રનો એક તાકો ભેટ કર્યો. શ્રીગુસાંઈજીએ દરજીને બોલાવી, તેમાંથી શ્રીનવનીતપ્રિયજીનો વાઘો કરાવ્યો. તેમજ પોતાને માટે પણ એક વાઘો સિદ્ધ કરાવ્યો. જ્યાં સુધી તે વૈષ્ણવ ગોકુળમાં રહ્યો, ત્યાં સુધી શ્રીગુસાંઈજી નિત્ય તે વાઘો ધરી, તે વૈષ્ણવને દર્શન આપતા. તે વૈષ્ણવ શ્રીગુસાંઈજીના સ્વરૂપને હૃદયમાં ધારણ કરી, તેમના વતન પાછા ફર્યા. તે દિવસે તેમના ઘરમાં શ્રાદ્ધ હતું. તેમનાં પત્નીએ ઘરમાં વડાં અને ગોળ હતો તે લાવીને વૈષ્ણવને આપ્યો. વૈષ્ણવે શ્રીનાથજીનું ધ્યાન ધરી, ભોગ ધર્યો. શ્રીનાથજી તે વૈષ્ણવનો ભોગ પ્રસન્નતાથી આરોગ્યા અને શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી : 'હું આજે બંગાળમાં તમારા અમુક વૈષ્ણવને ત્યાં વડાં અને ગોળ આરોગીને આવ્યો છું.'

એક વખત ચાચા હરિવંશજી ગુજરાતમાંથી જઈ રહ્યા હતા. રસ્તામાં ભૂલા પડ્યા. જંગલમાં એક ભીલની સ્ત્રીએ ચાચાજીને જોયા. તેણે ચાચાજીને વિનંતી કરી : 'મને સેવક કરો.' ચાચાજીએ તેને નામમંત્ર આપ્યો. ભોગ ધરીને લેવાની રીત શીખવી. તે સ્ત્રીને આચારનું કોઈ જ્ઞાન ન હતું; એટલે રસોઈ પહેલાં ચાખતી, પછી ભોગ ધરતી. છતાં શ્રીનાથજી શ્રીગુસાંઈજીની કાનિથી આરોગતા. શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી કે : 'આ બાઈ મને તેનું જૂઠણ આરોગાવે છે.' ચાચાજી પાછા આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ આ હકીકત ચાચાજીને કહી. ચાચાજીને ફરી તે બાઈ પાસે મોકલ્યા. ચાચાજીએ ફરીથી જઈને તે સ્ત્રીને આચારવિચારની રીત સમજાવી. આમ, શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજીની કાનિથી ભક્તોદ્ધારક સ્વરૂપે ભક્તોએ ધરેલ ભોગ પ્રેમથી આરોગે છે.

કીર્તન-સંગતિ :

કેસરકી ધોતી કટિ કેસરી ઉપરના ઓઢે
તિલક મુદ્રા ધરે ઠાડે મંદિર ગિરિધર કે ।
દોઉ જનકી પ્રીતિ કછૂ કાહુયે ન કહી જાત
ઉત નંદનંદન ઈત વલ્લભવર કે ॥૧॥
કરિકે શૃંગાર આજ લાડિલે ગોપાલ જુકો
લેત હૈ બલાય વાર વાર દોઉ કર કે ।
દોઉ મુસિકાત જાત ફૂલે ન સમાત ગાત કહે
'હરિદાસ' મેં નિહારે દગ ભરકે ॥૨॥

(૪૭) તન્નિમંત્રણભોજકઃ



ઉપર : કાનબાઈને શ્રીઠાકોરજી આજ્ઞા કરે છે: 'મને ભૂખ લાગી છે.' જેટલીવાર શ્રીઠાકોરજી આજ્ઞા કરે તેટલી વાર તેની તે જ પાતળ કાનબાઈ ફરીથી ધરે છે. ■ **નીચે :** શ્રીગુસાંઈજી કાનબાઈને આ રીતે એકની એક પાતળ ફરીફરીને શ્રીઠાકોરજીને કેમ ધરો છો? તેવું પૂછી રહ્યા છે.

(૪૭) તન્નિમંત્રણભોજકઃ =
તન્નિમંત્રણભોજકાય નમઃ
તેઓ શ્રીકૃષ્ણને ભક્તોને ત્યાં ભોજન માટે નિમંત્રે છે.

વિવરણ :

તેમણે શ્રીકૃષ્ણને હંમેશ માટે નિમંત્રણ આપ્યું છે કે આપ મારા ભક્તોના ઘેર બિરાજી, તેમનું સર્વસ્વ અંગીકાર કરો. તેમની સામગ્રી આરોગો. આવી વિનંતીથી શ્રીઠાકોરજી ભક્તોને ત્યાં બિરાજી, શ્રીગુસાંઈજીની કાનિથી ભક્તોની સામગ્રી આરોગે છે. ભક્તિ પંચમ વર્ણ છે, તેથી શૂદ્ર ભક્તોને ત્યાં પણ ભગવાન સર્વ કંઈ સાક્ષાત્ અંગીકાર કરે છે, જ્યારે બ્રાહ્મણ હોવા છતાં જે અ-ભક્ત હોય તેનું અર્પણ કરેલું અંગીકાર કરતા નથી. જે ભક્ત પુષ્ટિમાર્ગમાં મન, વચન અને કાયા વડે તત્પર છે, તે ભક્તે નિવેદિત કરેલી સર્વ વસ્તુ કોઈપણ કાળે, કોઈપણ સ્થળે શ્રીગોપીજન વલ્લભ હાસ્યસભર મુખારવિંદથી સાક્ષાત્ અંગીકાર કરે છે.

અત્યાર સુધીમાં શ્રીગુસાંઈજીનાં ક્રમશઃ નામ શંકા અને તેના સમાધાન માટે કહેવાયાં. આટલા નિરૂપણ પછી હવે કોઈ શંકા રહેતી નથી, એટલે શંકા રજૂ ન કરતાં, કેવળ નામોનું જ વિવરણ કરીશું એમ ટીકાકાર કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીઠાકોરજી તેમના ભક્તોને ત્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કાનિથી ભક્તોદ્ધારક સ્વરૂપે બિરાજે છે અને ભક્તોએ અંગીકાર કરેલ સર્વ કંઈ સ્વીકારે છે. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને વિનંતી કરી છે કે આપ કૃપા કરી, ભક્તોને ત્યાં બિરાજો, તેમના સર્વ મનોરથ અંગીકાર કરો. એટલે આજે પણ આપણી સેવા પ્રણાલિકામાં શ્રીઠાકોરજીને ભોગ ધરાય છે ત્યારે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કાનિ આપવામાં આવે છે. કાનિ વિના શ્રીઠાકોરજી આરોગતા નથી.

'શ્રીવલ્લભાષ્ટક'માં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે આ માર્ગમાં શરણે આવેલો જીવ કોઈપણ સમયે, કોઈપણ સ્થળે પોતાની સત્તાની કોઈપણ વસ્તુ શ્રીઠાકોરજીને અંગીકાર કરવા દીનતાપૂર્વક વિનંતી કરે છે, તો શ્રીઠાકોરજી અતિ પ્રસન્નતાપૂર્વક, સ્વહસ્તથી તે આરોગે છે. આથી દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પોતાના ત્યાં શ્રીઠાકોરજીને પધરાવી, પોતાની શક્તિ પ્રમાણે સામગ્રી આરોગાવી, તેનો આનંદ લઈ શકે છે. આથી આપણી સેવા પ્રણાલિકામાં નંદાલયની ભાવનાને અનુસરી, મંગળાથી શયન સુધીનો રાગ, ભોગ અને શૃંગારનો ક્રમ શ્રીગુસાંઈજીએ વધારે વિસ્તૃત રીતે બાંધી આપ્યો છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીનાં સેવક કાનબાઈ નામે એક વૈષ્ણવ હતાં. તેઓ અષ્ટછાપ ભગવદીય પૈકીના ગોવિંદ સ્વામીનાં બહેન થાય. તેમના ત્યાં શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ બિરાજે છે. કાનબાઈ જે સામગ્રી સિદ્ધ કરે તેની પાતળ શ્રીઠાકોરજીને ભોગમાં ધરે. ભોગ સરાવ્યા પછી તે પાતળ અલગ મૂકી રાખે. શ્રીઠાકોરજી જ્યારે ફરી આજ્ઞા કરે કે : 'મને ભૂખ લાગી છે' એટલે તે જ પાતળ ફરીથી ધરે.

એક વૈષ્ણવે આ વાત શ્રીગુસાંઈજીને કહી. શ્રીગુસાંઈજીએ કાનબાઈને પૂછ્યું : 'તમે શ્રીઠાકોરજીને એક વખત ધરેલી પાતળ બીજી વખત કેમ ધરો છો?' કાનબાઈએ કહ્યું : 'મહારાજ! શ્રીઠાકોરજી તો બાળક છે. એક સમયે બધી સામગ્રી આરોગી શકે નહીં. થોડું આરોગે છે અને ખેલવા લાગે છે. એટલે તે પાતળ ફરી અલગ ઢાંકી રાખું છું. શ્રીઠાકોરજી ફરી માગે ત્યારે ફરી ભોગ ધરું છું.'

કાનબાઈએ વધુમાં એવી પણ વિનંતી કરી કે : 'આપ બ્રાહ્મણ છો, એટલે બ્રાહ્મણની આચાર પરંપરા મુજબ આપનું બાળક એક વાર પાતળમાંથી થોડું ભોજન કરે અને ઊભું થઈ જાય, તો તે પાતળ ઉચ્છિષ્ઠ બની જશે, તેમાંથી ફરી તે બાળકને ભોજન અપાતું નથી; એટલે આપને ત્યાં શ્રીઠાકોરજી તે પ્રમાણે આરોગે છે. અમે ક્ષત્રિય છીએ. અમારે ત્યાં એક જ પાતળમાંથી બાળક વારંવાર ભોજન કરે છે, એટલે હું શ્રીઠાકોરજીને તે પ્રમાણે ધરું છું. શ્રીઠાકોરજી માગી-માગીને આરોગે છે.'

કાનબાઈનો આવો ભાવ જોઈ, શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા.

કીર્તન-સંગતિ :

વલ્લભનંદન પ્રકટ ભયે ।
દૈવી જન ઉદ્ધારણ કારણ અપની શરણ લયે ॥૧॥
માયામતકોં દૂર કિયો હૈ ભજનાનંદ પ્રકટાયે ।
તેસે રસ મૂરતિ શ્રીગિરિધર બહુ લાડ લડાયે ॥૨॥
પૌષ કૃષ્ણ નૌમી શુભદાયક અતિ શોભિત યહ રૂપ ।
માત અક્કાજૂ અતિ બડભાગી શ્રીવલ્લભ વ્રજભૂપ ॥૩॥
સુરનર મુનિ સબ થક્તિ ભયે નભ કુસુમન વૃષ્ટિ કરાઈ ।
વહ સુખ શોભા નિરખત 'ચતુરાનન'
મનસુધિ ન રહાઈ ॥૪॥

•

(૪૮) બાલલીલાદિસુપ્રીતઃ = બાલલીલાદિસુપ્રીતાય નમઃ

તેમને શ્રીઠાકોરજીની બાલલીલામાં વિશેષ પ્રીતિ છે.

વિવરણ :

શ્રીઠાકોરજીની વ્રજમાં મુખ્ય ત્રણ લીલા છે : બાલલીલા, પૌગંડલીલા અને કિશોરલીલા. આ ત્રણેય લીલાઓમાં તેઓ ઘણા પ્રીતિયુક્ત છે.

આ પ્રમાણે પ્રમેય, પ્રમાણ, સાધન પ્રકરણની લીલામાં પ્રીતિ દર્શાવી, હવે પછીના નામથી ફલ પ્રકરણની લીલામાં વિશેષ પ્રીતિ દર્શાવશે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીને બાલ્યાવસ્થાથી જ શ્રીઠાકોરજીની રસમય લીલાઓમાં વિશેષ પ્રીતિ હતી. તેમના મોટાભાઈ શ્રીગોપીનાથજીએ કિશોર અવસ્થામાં એવો નિયમ લીધો કે શ્રીમદ્ ભાગવતનું પૂરું પારાયણ કર્યા પછી જ ભોજન કરવું. ત્યારે શ્રીગુસાંઈજીએ પણ એવો નિયમ લીધો કે શ્રીભાગવતના દશમ સ્કંધનું પૂરું પારાયણ કર્યા પછી જ ભોજન કરવું. આથી બંને ભાઈઓને દરરોજ ભોજનમાં ઘણો વિલંબ થતો. તેમની શ્રીઠાકોરજીનાં દિવ્ય ચરિત્રોમાં આવી પ્રીતિ જોઈ, શ્રીમહાપ્રભુજીએ શ્રીગોપીનાથજી માટે શ્રીભાગવતના સાર રૂપ 'શ્રીપુરુષોત્તમસહસ્ર નામ' ગ્રંથની રચના કરી. શ્રીગુસાંઈજી માટે દશમ સ્કંધના સારરૂપ 'ત્રિવિધ નામાવલી' ગ્રંથની રચના કરી. તેમાં બાલલીલા, પૌગંડલીલા અને કિશોરલીલાનું સ્મરણ કરાવતાં નામો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બાલલીલાની નામાવલીનો પાઠ કરવાથી પ્રભુમાં પ્રીતિ થશે. પૌગંડલીલાનો પાઠ કરવાથી આસક્તિ થશે, કિશોરલીલાનો પાઠ કરવાથી વ્યસન સિદ્ધ થશે. શ્રીગુસાંઈજી આ ત્રિવિધ નામાવલીના ગ્રંથનો નિયમપૂર્વક પાઠ કરતા હતા.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીમહાપ્રભુજીને શ્રીગોકુળ પાસેના કર્ણવેધ કૂપમાંથી શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. તેમણે તે સ્વરૂપ શ્રીગુસાંઈજીને તેમની બાલ્યાવસ્થામાં ખેલવા માટે પધરાવી આપ્યું હતું. તેમને ભોગ ધરવા રોજ એક ઠોર શ્રીગુસાંઈજીનાં માતાજી શ્રીગુસાંઈજીને આપતાં હતાં. એક દિવસ શ્રીગુસાંઈજીએ સાક્ષાત્ શ્રીબાલકૃષ્ણલાલજીને બે શ્રીહસ્તથી તે ઠોર આરોગતા જોયા. શ્રીગુસાંઈજીએ બાલ સ્વભાવથી વિચાર કર્યો: શ્રીઠાકોરજી આખો ઠોર આરોગી જશે, મારે માટે પ્રસાદ રૂપે કંઈ રહેશે નહીં. એટલે તેમણે શ્રીઠાકોરજીના શ્રીહસ્તમાંથી ઠોર ખેંચવા માંડ્યો. શ્રીઠાકોરજીએ ઠોરની પકડ મજબૂત કરી. બંને વચ્ચે ખેંચાખેંચી ચાલી. તે જ વખતે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. તેમણે શ્રીગુસાંઈજીને બીજું ઠોર આપી, આજ્ઞા કરી : 'શ્રીઠાકોરજી સાથે તમે જીતી શકશો નહીં.' ત્યારથી આપણા ત્યાં કોઈપણ સામગ્રીનાં બે નંગ ધરવાનો પ્રકાર શરૂ થયો.

શ્રીગુસાંઈજીને શ્રીઠાકોરજીની બાલલીલામાં એટલી બધી પ્રીતિ હતી કે તેમણે સદૈવ શ્રીનવનીતપ્રિયજીની જ સેવા કરી.

કીર્તન-સંગતિ :

શ્રીગોકુલપતિ નમો નમો ।
ભક્ત હેત પ્રકટે વ્રજમંડન
નંદનંદન જય નમો નમો ॥૧॥
તન ઘનશ્યામ લાલબલસુંદર
બકીબિદારણ નમો નમો ।

(૪૮) બાલલીલાદિસુપ્રીતઃ



બાળસ્વરૂપે શ્રીગુસાંઇજી અને શ્રી બાલકૃષ્ણલાલજી એક ઠોર માટે ખેંચાખેંચી કરી રહ્યા છે. આ દૃશ્ય જોઇ શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજીને આજ્ઞા કરે છેઃ આ બીજું ઠોર તમે લો. શ્રીઠાકોરજી સાથે તમે જીતી શકશો નહિ.

(૪૯) ગોપીસંબંધિસત્કથઃ



ઉપર : શ્રીગુસાંઈજી વેણુગીતના છેલ્લા શ્લોકનું વ્યાખ્યાન કરે છે. ગોવિંદસ્વામી સાંભળે છે.
નીચે : શ્રીગુસાંઈજીના ત્રણ બાળકો ગોવિંદસ્વામીને પૂછી રહ્યા છેઃ ‘આપશ્રીએ કયા પ્રસંગનું વ્યાખ્યાન આજે કર્યું?’

શકટ વિભંજન વચ્છવિમોચન
    નિજજનપોષણ નમો નમો ॥૨॥
તલ ખલ-મારણ અસુર સંહારણ
    વિશ્વરૂપ દર્શન નમો નમો ।
કાલિય મર્દન દાવાનલ અર્દન
    યમલાર્જુન તારણ નમો નમો ॥૩॥
વ્રજ ફલદાયક સબ જગલાયક
    વરુણ વિમોચન નમો નમો ।
સુરપતિ માન હરણ વ્રજરક્ષક
    ગોવર્ધનધર નમો નમો ॥૪॥
વજબનિતા મનરંજન કારણ
    રાસવિલાસી નમો નમો ।
સુદર્શન ધારક સબ સુખદાયક
    કોટિ મદન દ્યુતિ નમો નમો ॥૫॥
બંસીધારી કંસપ્રહારી
    જગ દુખહારી નમો નમો ।
સબગુન જયજય શ્રીવલ્લભસુત
    બલગોવિંદ પ્રભુ નમો નમો ॥૬॥

●

(૪૯) ગોપીસંબંધિસત્કથઃ =
ગોપીસંબંધિસત્કથાય નમઃ
તેઓ ગોપીજનોની લીલાઓને સારી રીતે કહેનારા છે.

વિવરણ :

શ્રીગોપીજનોની રસયુક્ત નિર્દોષ લીલાઓને તેઓ સુંદર રીતે કહે છે. જેવી રીતે શ્રીગુસાંઈજીને શ્રીઠાકોરજીની બાલલીલાઓમાં પ્રીતિ છે, તેવી રીતે તેમનો શ્રીઠાકોરજીની કિશોરલીલાઓમાં પણ માધુર્ય ભાવ છે; કારણ કે તેઓ શ્રીચંદ્રાવલીજી સ્વરૂપે નિત્યલીલામાં તેનો સાક્ષાત્ રસાનુભવ કરે છે. શ્રીમહાપ્રભુજી રચિત 'શ્રીસુબોધિનીજી' પરની ટીકા 'શ્રીટિપ્પણીજી' અને 'શૃંગારરસમંડન' જેવા ગ્રંથો દ્વારા તેમણે પોતાનો આ લીલારસાનુભવ ભક્તોના સ્મરણ માટે અને ગુણગાન માટે પ્રકટ કર્યો છે. તેથી શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે બાલ ભાવથી શ્રીઠાકોરજીની સેવા કરવી અને અનવસરના સમયમાં કિશોરલીલાઓનું સ્મરણ કરવું.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી 'વેણુગીત'ના છેલ્લા શ્લોકનું વ્યાખ્યાન કરતા હતા. તે કહેતાં-કહેતાં મધ્ય રાત્રિ થઈ ગઈ. તેમણે ગોવિંદસ્વામીને તેમને ઘેર જવા આજ્ઞા કરી. ગોવિંદસ્વામી ઘેર જવા નીકળ્યા. તે વખતે શ્રીગુસાંઈજીના ત્રણ પુત્રો - શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી બેઠકમાં બિરાજતા હતા. શ્રીગોકુલનાથજીએ ગોવિંદસ્વામીને પૂછ્યું : 'તમે આટલી મોડી રાતે ક્યાંથી આવ્યા?' ગોવિંદસ્વામીએ કહ્યું : 'હું શ્રીગુસાંઈજી પાસેથી આવું છું.' શ્રીગોકુલનાથજીએ પૂછ્યું : 'શ્રીગુસાંઈજીએ કયા પ્રસંગનું વ્યાખ્યાન કર્યું?' ગોવિંદસ્વામીએ કહ્યું : 'વેણુગીત' ના છેલ્લા શ્લોકનું વ્યાખ્યાન કર્યું.' આમ કહી, ગોવિંદસ્વામીએ તે વચનામૃત વિષે એક પદપંક્તિ કહી : 'આપકી બાત આપ કરે તાકો કહા કહીએ તાકો પરતર કહા રીજીએ.'

શ્રીગુસાંઈજી દરરોજ સાંજે અને રાતે વૈષ્ણવોની સમક્ષ ભગવદ્વાર્તા કરતા, તેમાં શ્રીગોપીજનોની રસાત્મક લીલાઓ કહેતા.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ પ્રગટે વ્રજનાથ ।
નંદ નંદન કલિયુગમેં આયે
    નિજજન કિયે સનાથ ॥૧॥

તબ અસુરનકો નાશ કિયો
    હરિ અબ માયામત નાશે ।
તબ ગોપીજનકો સુખ દીનો
    સબ નિજ ભક્તન ઐસે ॥૨॥

(૫૦) અતિગંભીરતાત્પર્યઃ



ઉપર : બે વૈષ્ણવો શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે, આપની કથા અમે સાંભળી પણ અમને કંઈ સમજ ન પડી.
નીચે : શ્રીગુસાંઈજીની આજ્ઞાથી, એ વૈષ્ણવો ઉજ્જેન કૃષ્ણભટ્ટ પાસે આવી, ભાગવતજીનો એ શ્લોક સમજે છે.

તબ કેં વેદ પથ છોડ રાસ
રમિ નાનાભાવ બતાયે ।
અબ સ્ત્રી શૂદ્રાદિક સબકોં
બ્રહ્મસંબંધ કરાયેં ॥૩॥

યહ વિધ પ્રકટ કરી
નિજલીલા વલ્લભરાજ દુલારે ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિટ્ઠલ
ઈનકો વેદ પુકારે ॥૪॥

(૫૦) અતિગંભીરતાત્પર્યઃ = અતિગંભીરતાત્પર્યાય નમઃ

તેમનો અભિપ્રાય બહુ જ ગંભીર હોય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીનો અભિપ્રાય બહુ જ ગંભીર હોય છે. તે ભક્તો વિના બીજું કોઈ સમજી શકતું નથી.

વિવરણભાષ્ય :

જેમ શ્રીમહાપ્રભુજીની વાણી સૂત્રાત્મક છે. તેમ શ્રીગુસાંઈજીની વાણી પણ ગૂઢ છે. જ્યાં સુધી તેઓ કૃપા ન કરે, ત્યાં સુધી તેમની વાણી દુર્બોધ રહે છે, સુબોધ થતી નથી. જેમ વેદવાણી પ્રભુની વાણી હોવાથી સૌ કોઈ વેદવાણીનો અભિપ્રાય સરખી રીતે સમજી શકતા નથી; તેમ શ્રીગુસાંઈજીની વાણી પણ ભગવદ્‌વાણી છે. તેમની કૃપા થાય તો જ સમજાય છે. માટે ભગવદીયોયે ગાયું છે કે :

'જોંલો હરિ આપુન પે ન જનાવે,
તોંલો યહ માર્ગકો સિદ્ધાંત પઢે સુને નહીં આવે.'

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક સમય શ્રીગુસાંઈજી ગોકુળમાં શ્રીસુબોધિનીજીની કથા કહેતા હતા. બે વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'કૃપાનાથ! આપના શ્રીમુખથી અમે કથા સાંભળી, પણ અમને કંઈ સમજ પડી નહીં. તેનું કારણ શું? અમારો સંદેહ નિવૃત કરો.'

જેમ શ્રીમહાપ્રભુજીની વાણી સૂત્રાત્મક છે. તેમ શ્રીગુસાંઈજીની વાણી પણ ગૂઢ છે. જ્યાં સુધી તેઓ કૃપા ન કરે, ત્યાં સુધી તેમની વાણી દુર્બોધ રહે છે, સુબોધ થતી નથી.

શ્રીગુસાંઈજીએ તેમને ફરી-ફરી તે કથા સમજાવી, છતાં તેમને સમજ ન પડી. ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી: 'તમે બંને કૃષ્ણ ભટ્ટ પાસે ઉજ્જૈન જાઓ. તેઓ તમારો સંદેહ દૂર કરશે.'

બંને વૈષ્ણવો ઉજ્જૈન આવ્યા. કૃષ્ણ ભટ્ટ રાજભોગ ધરી, જપ-પાઠ કરતા બેઠા હતા. તેમણે વૈષ્ણવોને આદરપૂર્વક બેસાડ્યા. અનાયાસ જ કૃષ્ણ ભટ્ટે શ્રીભાગવતનો એક શ્લોક કહ્યો અને તેનો અર્થ વૈષ્ણવોને સમજાવ્યો. વૈષ્ણવોએ કહ્યું : 'આજ શ્લોકનો અર્થ શ્રીગુસાંઈજીના શ્રીમુખે અમે સાંભળ્યો હતો, છતાં અમારા હૃદયમાંથી સંદેહ દૂર થયો ન હતો.'

કૃષ્ણ ભટ્ટે ખુલાસો કર્યો : 'શ્રીગુસાંઈજીએ આ શ્લોકનો અર્થ શ્રીઠાકોરજી પરત્વે વર્ણવ્યો હશે. પરંતુ તમારી આસક્તિ શ્રીગુસાંઈજીમાં છે, તે જાણીને મેં આ શ્લોકનો અર્થ શ્રીગુસાંઈજી પરત્વે કહ્યો; તેથી તમારા હૃદયનો સંદેહ દૂર થયો.'

આમ, કૃષ્ણ ભટ્ટના હૃદયમાં બિરાજી, શ્રીગુસાંઈજીએ તે બંને વૈષ્ણવોને પોતાનું અલૌકિક સ્વરૂપ જણાવ્યું અને તેમનો સંદેહ દૂર કર્યો.

કીર્તન-સંગતિ :

તુમારે ચરણ કમલકે શરણ ।
રાખો સદા સર્વદા જનકોં
વિઠ્ઠલેશ ગિરિધરણ ॥૧॥

તુમ બિન ઓર નહીં અવલંબન
ભવસાગર દુસ્તરણ ।
'ભગવાનદાસ' જાય બલિહારી
ત્રિવિધ તાપ ઉરહરણ ॥૨॥

* * *

(૫૧) કથનીયગુણાકરઃ



ઉપર : શ્રીગુસાંઈજી એક વૈષ્ણવને કંસારા પાસેથી શ્રીઠાકોરજીનું એક સ્વરૂપ ન્યોછાવર આપી લઈ આવવા આજ્ઞા કરે છે.
નીચે : શ્રીઠાકોરજીએ ગુસાંઈજીને ફરિયાદ કરી કે બ્રાહ્મણ મારાં કડાં લઈ ગયો છે.

(૫૧) કથનીયગુણાકરઃ =
કથનીયગુણાકરાય નમઃ
તેમના ગુણો ગુણગાન કરવા લાયક છે.

જેવી રીતે શ્રીઠાકોરજી ગુણસાગર છે; તેવી રીતે શ્રીગુસાંઈજી પણ ગુણસાગર છે. સાગરને મર્યાદા હોતી નથી; તેમ શ્રીગુસાંઈજીના ગુણોની પણ મર્યાદા નથી.

વિવરણ :

તેમના ગુણો ગાવાલાયક છે. વર્ણન કરવા લાયક ગુણોનો તેમનામાં ભંડાર છે.

વિવરણભાષ્ય :

જેવી રીતે શ્રીઠાકોરજી ગુણસાગર છે; તેવી રીતે શ્રીગુસાંઈજી પણ ગુણસાગર છે. સાગરને મર્યાદા હોતી નથી; તેમ શ્રીગુસાંઈજીના ગુણોની પણ મર્યાદા નથી.

સંસ્કૃતમાં 'ગુણ' શબ્દનો અર્થ છે ધર્મ. પ્રભુમાં આધિદૈવિક છ ધર્મો રહ્યા છે - ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. એ જ છ ધર્મો શ્રીગુસાંઈજીમાં પણ રહેલા છે. આ આધિદૈવિક ધર્મો પ્રમાણથી સમજી શકાતા હોવા છતાં પ્રમેયાત્મક છે. તે ધર્મોનું વર્ણન કરવાથી પણ જીવ હૃદયમાં ભક્તિનો અનુભવ કરી શકે છે. માટે કહ્યું કે તેમના ગુણો વર્ણન કરવા લાયક છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

ગુજરાતનો એક બ્રાહ્મણ તીર્થયાત્રા કરતો વ્રજમાં આવ્યો. તેણે મથુરામાં વિશ્રામઘાટ ઉપર સ્નાન કર્યું. પછી તે ગોકુળ આવ્યો. શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ ધરી, ઠકુરાણીઘાટ ઉપર સંધ્યાવંદન કરતા હતા. આ બ્રાહ્મણે તેમના તેજસ્વી સ્વરૂપનાં દર્શન કર્યાં. તેણે તેમના શરણે જવાનો વિચાર કરી, વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ તેને નામનિવેદન કરાવ્યું.

તે વૈષ્ણવે વિનંતી કરી : 'મને સેવા કરવાનો મનોરથ છે.'

શ્રીગુસાંઈજી મથુરા પધાર્યા, ત્યારે તેને સાથે લઈ ગયા. ત્યાં એક કંસારો શ્રીઠાકોરજીનાં સુંદર સ્વરૂપો લઈ, વેચવા બેઠો હતો. શ્રીગુસાંઈજીએ તે બ્રાહ્મણને આજ્ઞા કરી : 'આ કંસારા પાસેથી તું પેલું સ્વરૂપ ન્યોછાવર આપીને લઈ આવ.' બ્રાહ્મણ તે સ્વરૂપ લઈ આવ્યો. તે સ્વરૂપના શ્રીહસ્તમાં કડાં હતાં. બ્રાહ્મણે કંસારાને કહ્યું : 'તું આ કડાંનું વજન કરી લે અને મને સ્વરૂપ પધરાવી આપ. કંસારાએ કહ્યું : 'સાંજ પડી ગઈ છે. તમે કાલે આવીને સ્વરૂપ લઈ જજો.' બ્રાહ્મણે કડાં પોતાની પાસે રાખ્યાં અને સ્વરૂપ કંસારા પાસે રહેવા દીધું.

આ સ્વરૂપે વ્રજવાસીના બાળકનું રૂપ ધારણ કર્યું. શ્રીગુસાંઈજી પાસે જઈ કહ્યું : 'તમારા બ્રાહ્મણવૈષ્ણવ મારાં કડાં ઉતારી લાવ્યા છે.' શ્રીગુસાંઈજીએ વિનંતી કરી : 'કાલ સવારે તે આવીને પધરાવી જશે.'

આ વાર્તાનું રહસ્ય એ છે કે શ્રીગુસાંઈજીની દૃષ્ટિ પડતાં જ તે મૂર્તિ સાક્ષાત્ સ્વરૂપાત્મક બની ગઈ. હવે સાક્ષાત્ સ્વરૂપ દુકાનમાં શી રીતે બિરાજે? એટલે કડાંના બહાને શ્રીઠાકોરજીએ શ્રીગુસાંઈજીને આ પ્રમાણે આજ્ઞા કરી. વળી, તે બ્રાહ્મણ પાસે શ્રીઠાકોરજીને સેવા કરાવવી હતી; તેથી પોતાનામાં તેનો વિશ્વાસ દૃઢ થાય, એટલા માટે પણ આમ આજ્ઞા કરી. જેમની દૃષ્ટિ માત્રથી મૂર્તિમાં સાક્ષાત્ શ્રીઠાકોરજી પ્રકટ થાય, તેવા શ્રીગુસાંઈજીના દિવ્ય ગુણો વિષે શું કહેવાય?

કીર્તન-સંગતિ :

તુમસે તુમહી શ્રીવલ્લભનંદ ।
કરુણા સિંધુ ઉદાર કલ્પતરુ સુખનિધિ આનંદ કંદ ॥૧॥

રૂપરાશિ ગુણ રસિક સુલક્ષણ પૂરણ પરમાનંદ ।
લીલાવિવિધ અપાર અગોચર ગાવત કીર્તિછંદ ॥૨॥

શ્રીવિઠ્ઠલનાથ પુનીત કરન જગ કાટન ભવ દુઃખદંદ ।
તુમારી સમસર ઓરહિ જાનેં સોઈ મૂઢ મતિમંદ ॥૩॥

શ્રીગિરિધરન પ્રકટિત લક્ષ્મણ કુલ પુરુષોત્તમ વ્રજચંદ ।
'માણેકચંદ' ચકોર નયનન પીવત પ્રેમ મકરંદ ॥૪॥

◆

(૫૨) પિતૃવંશોદધિવિધુઃ



શ્રીમહાપ્રભુજીના વંશમાં, વંશરૂપી સમુદ્રમાંથી ચંદ્રની જેમ પ્રકટ થયેલા શ્રીગુસાંઈજી,
જેમના વંશમાં અનેક આચાર્યરત્નો આજ સુધી પ્રકટ થયાં છે.

(૫૩) સ્વાનુરૂપસુતપ્રસૂઃ



શ્રીગુસાંઈજીની આસુરવ્યામોહલીલા પછી અત્યંત વિકળ બનેલા વૃંદાવનદાસને શ્રીગોકુલનાથજી
પોતાના સ્વરૂપમાં શ્રીગુસાંઈજીનાં દર્શન કરાવે છે.

(૫૨) પિતૃવંશોદધિવિધુઃ =
પિતૃવંશોદધિવિધવે નમઃ
પિતાના વંશરૂપી સમુદ્રમાંથી તેઓ ચંદ્રની જેમ પ્રકટ થયા છે.

વિવરણ :

તેઓ પિતાના વંશરૂપી સમુદ્રમાંથી ચંદ્રની જેમ પ્રકટ થયા છે. જેમ ચંદ્રોદય થતાં સમુદ્રમાં ભરતી આવે; તેમ તેમના પ્રાકટ્યથી શ્રીમહાપ્રભુજીનો વંશ વૃદ્ધિ પામ્યો છે, માટે તેમને પિતાના વંશરૂપી સમુદ્રમાં વૃદ્ધિ કરનાર ચંદ્ર કહ્યા છે.

વિવરણભાષ્ય :

પૂર્ણિમાનો ચંદ્ર આકાશમાં ઉદય પામે, ત્યારે સમુદ્રમાં ભરતી આવે છે. તે વખતે એવું લાગે કે સમુદ્ર પણ વૃદ્ધિ પામી રહ્યો છે. સમુદ્રમાં મોટા-મોટાં મોજાંઓ ઉછળવા લાગે છે. તેવી રીતે શ્રીમહાપ્રભુજીને ત્યાં પુત્ર રૂપે શ્રીગુસાંઈજી પ્રકટ થયા. શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજી પણ હતા; પરંતુ ભગવદિચ્છાથી શ્રીગોપીનાથજીનો વંશ તેમના પુત્ર શ્રીપુરુષોત્તમજી પછી ચાલ્યો નહીં, જ્યારે શ્રીગુસાંઈજીનો વંશ ભગવદિચ્છાથી આજ સુધી પૃથ્વી પર ફૂલ્યો ફાલ્યો છે. તેમના વંશમાં પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર વગેરે અનેક આચાર્યરત્નો પ્રકટ થયાં છે. તે સૌના દ્વારા શ્રીગુસાંઈજીએ પુષ્ટિભક્તિમાર્ગનો વિસ્તાર કરી, તેને સુદૃઢ કરી, અનેક જીવોને શરણે લઈ, સનાથ કર્યા છે. તેથી 'શ્રીવલ્લભાખ્યાન'માં ગોપાલદાસભાઈ ગાય છે કે : 'પુત્ર પૌત્રાદિક સુખ શું કહું, જો તું મુખ માંહે એક રે રસના.'

કીર્તન-સંગતિ :

પ્રકટ્યો પ્રાચી દિશ પૂરણ ચંદ ।
યોંહી પ્રકટ ભયે શ્રીવલ્લભગૃહ
સુરનર મુનિ આનંદ ॥૧॥
અદ્‌ભુત રૂપ અલૌકિક મહિમા
જનની તાત યોં ભાખ્યો ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
લોક વેદ મત રાખ્યો ॥૨॥

(૫૩) સ્વાનુરૂપસુતપ્રસૂઃ =
સ્વાનુરૂપસુતપ્રસવે નમઃ
શ્રીગુસાંઈજીએ પોતાના જ સમાન; પોતાના પુત્રોને પ્રકટ કર્યા છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીએ પોતાના જ સમાન; અર્થાત્ પૂર્વે કહેલાં બધા પ્રકારનાં નામોનાં રહસ્ય ધરાવનારા પુત્રોને પ્રકટ કર્યા છે. ચંદ્રના ઉદયથી સમુદ્રમાં ભરતી આવે અને ચંદ્રનો અસ્ત થતાં ઓટ આવે, એવું શ્રીગુસાંઈજીના વિષયમાં નથી. અહીં તો તેમના જ ગુણોવાળા સાત પુત્રો પ્રકટ થયા. તે પુત્રોએ પણ તેમના જેવા જ ગુણોવાળા પુત્રો પ્રકટ કર્યા. આમ, પુત્ર પરંપરાથી શ્રીગુસાંઈજીના ગુણોની જ વૃદ્ધિ થઈ છે, તેમાં ઓટ આવી નથી. 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીગુસાંઈજી એનું કારણ સમજાવે છે. શ્રીમહાપ્રભુજીએ સ્વવંશમાં તેમનું અશેષ માહાત્મ્ય પધરાવ્યું છે; તેથી શ્રીવલ્લભવંશ પરંપરા પણ શ્રીગુસાંઈજીના સમાન ગુણોવાળી જ છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી જેમ સાક્ષાત્ ભગવત્સ્વરૂપ છે; તેમ તેમનો સમસ્ત વંશ પણ સાક્ષાત ભગવદ્સ્વરૂપ છે. શ્રીગુસાંઈજીમાં જે અલૌકિક ગુણો છે, તેમનું વર્ણન અગાઉનાં નામોમાં કર્યું છે, તે સર્વ ગુણો તેમના પુત્ર-પૌત્રાદિક સમસ્ત પરિવારમાં પ્રકટ દેખાય છે. તેથી ભગવદીયોએ ગાયું કે 'અલૌકિક સબ અગ્નિ કુલ હૈ' આ અનુભવનો વિષય છે. આજ સુધી ઘણા વૈષ્ણવોએ શ્રીવલ્લભવંશની ભગવદ્રૂપતાનો અનેક વખત અનુભવ કર્યો છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીના સેવક ભક્તકવિ ચતુરબિહારી થઈ ગયા. તેમના ભત્રીજા વૃંદાવનદાસ હતા. તેઓ શ્રીગુસાંઈજીને શરણે આવ્યા. શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને શ્રીમદ ગોકુળનું સ્વરૂપ હૃદયારૂઢ થયું. તેમણે આગ્રા આવી, આ હકીકત તેમના કાકા ચતુરબિહારીને કહી. થોડા સમય પછી શ્રીગુસાંઈજીએ

(૫૪) દિક્ચક્રવર્તિસત્કીર્તિઃ



કાબુલમાં માધવદાસજીને ગોચારણ કરી પાછા પધારી રહેલા શ્રીઠાકોરજીનાં દર્શન થાય છે.

આસુરવ્યામોહલીલા કરી. તે સાંભળી વૃંદાવનદાસ ગોકુળ આવ્યા. તેમની દશા અત્યંત વિકળ હતી. શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર - ગોકુલનાથજી ત્યારે ગોકુળમાં બિરાજતા હતા. તેમણે કૃપા કરી, વૃંદાવનદાસને પોતાના સ્વરૂપમાં શ્રીગુસાંઈજીનાં દર્શન કરાવ્યા. વૃંદાવનદાસે જાણ્યું કે શ્રીગુસાંઈજીનાં બાળકો પણ શ્રીગુસાંઈજીરૂપ જ છે.

કીર્તન-સંગતિ :

જયશ્રીવલ્લભનંદન ગાઉં ।
શ્રીગિરિધરણ સકલ સુખદાતા ગોવિંદકોં શિર નાઉં ॥૧॥

શ્રીબાલકૃષ્ણ બાલક સંગ વિહરત શ્રીગોકુલનાથ લડાઉં ।
શ્રીરઘુનાથ પ્રતાપ વિમલ યશ શ્રવણન સદા સુનાઉં ॥૨॥

યદુકુલમેં યદુનાથ વિરાજત લીલા પાર ન પાઉં ।
'વિષ્ણુદાસ' કોં કરો કૃપા ઘનશ્યામ ચરણ લપટાઉં ॥૩॥

●

(૫૪) દિક્ચક્રવર્તિસત્કીર્તિઃ =
દિક્ચક્રવર્તિસતકીર્ત્યૈ નમઃ

તેમની કીર્તિ દશે દિશાઓમાં વ્યાપેલી છે.

વિવરણ :

દિશાઓરૂપી ચક્રમાં તેમની કીર્તિ વ્યાપેલી છે; અર્થાત્ તેમની કીર્તિ દશે દિશાઓમાં ફેલાયેલી છે. તે કીર્તિ નિર્દોષ છે.

વિવરણભાષ્ય :

શ્રીવલ્લભાખ્યાનમાં શ્રીગોપાલદાસભાઈ શ્રીગુસાંઈજીનાં સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે :

'પાતાળે શેષનાગ રીઝિયા ઉપર ઈંદ્રાદિક દેવ
બ્રહ્મા મહાદેવ મુનિ હરખિયા વરખિયા કુસુમ સમૂહ સિદ્ધ ગાંધર્વ.
ગુણી અપ્સરા નિગમ ગાય રૂપ શાખા સહસ્ર શું.
કરે રે ભલા નિર્ઘોષ સુત માગધ સાધુ સર્વે મળ્યા.
શુકદેવ સબળ આનંદિયા.

આમ, દશે દિશાઓમાં તેમના પ્રાકટ્યથી જ તેમની કીર્તિ ફેલાયેલી છે. તેઓ સાક્ષાત્ ભગવત્સ્વરૂપ હોવાથી તેમનો યશ ગુણ પ્રકટ હોય એમાં નવાઈ નથી.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

કાબુલમાં માધવદાસ નામે શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર સેવક હતા. તેમના પર શ્રીગુસાંઈજીની એવી કૃપા હતી કે કાબુલ જેવા મ્લેચ્છ દેશમાં રહેવા છતાં માધવદાસને રોજ સાંજે ગોચારણ કરી, પાછા પધારતા શ્રીનાથજીનાં સાક્ષાત્ દર્શન થતાં.

પૂર્વમાં બંગાળમાં નારાયણદાસ દીવાન શ્રીગુસાંઈજીના એવા જ કૃપાપાત્ર સેવક થઈ ગયા; જેમનું કહ્યું બંગાળના મુસલમાન બાદશાહ પણ માનતા હતા.

પશ્ચિમમાં અસારવામાં 'શ્રીવલ્લભાખ્યાન'ના રચયિતા ગોપાલદાસભાઈ થયા; જેમના પર શ્રીગુસાંઈજીએ અપરંપાર કૃપા કરી હતી.

દક્ષિણમાં શ્રીગુસાંઈજીના સેવક રાજા માનસિંહ થયા. તેઓ અતિ પ્રતાપી હતા.

આ સૌ સેવકો દ્વારા શ્રીગુસાંઈજીની કીર્તિ દેશના સર્વ ખૂણે ખૂબ જ સારી રીતે ફેલાયેલી હતી.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલજુકે ચરન કમલ ભજ રે
મન જો ચાહે પરમારથ ।
મારગ વામ કામ હિત કારન
સબ પાખંડ કીજે ઉપારથ ॥૧॥

દેવી દેવ દેવતા હરિ બીનુ
સબ કોઈ જગત આયુન સવારથ ।
શ્રીભાગવત ભજન રસ મહિમા
શ્રીમુખ બચન કહે જુ યથારથ ॥૨॥

તિનલોક વંદિત યહ મારગ
જીવ અનેક કીયે જુ કૃતારથ ।
'સગુણદાસ' શરણ આયે
બિનુ ખોયે દિન પાછલે અકારથ ॥૩॥

●

(૫૫) મહોજ્જવલચરિત્રવાન્



ઉપર : પોતાના સેવક એક શેઠને શ્રીગુસાંઇજી વ્રજયાત્રા કરવા પોતાની સાથે વ્રજમાં આવવાની આજ્ઞા કરે છે. તે શેઠ બહાનાં બતાવે છે. મૃત્યુ પછી શ્વાન, સર્પ અને ગટરનો કીડો બને છે. ■ **નીચે :** ગટરના કીડા રૂપે જન્મેલા શેઠને યમુનાજીમાં પધરાવી શ્રીગુસાંઇજી તેમનો ઉદ્ધાર કરે છે.

(૫૫) મહોજ્જવલચરિત્રવાન્ =
મહોજ્જવલચરિત્રવતે નમઃ
તેમનું ચારિત્ર્ય ઘણું ઉજ્જવળ છે.

વિવરણ :

તેઓ મહાન ઉજ્જવળ ચારિત્ર્યવાળા છે. તે ગુણપૂર્ણ અને નિર્દોષ છે. દિશાઓ મર્યાદિત છે; પરંતુ તેમની કીર્તિ ઉજ્જવળ ચારિત્ર્યને કારણે દિશાઓ સુધી મર્યાદિત રહેતી નથી. તે આકાશ અને પૃથ્વી સુધી વિસ્તરે છે. તેમનું ચારિત્ર્ય અમાપ હોવાથી તેમની કીર્તિ પણ અમાપ છે.

વિવરણભાષ્ય :

શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું એક નામ આપ્યું 'સ્વવંશેસ્થાપિતા શેષ માહાત્મ્યઃ' શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશમાં પોતાનું સંપૂર્ણ માહાત્મ્ય પ્રસ્થાપિત કર્યું છે. લૌકિકમાં પણ કહેવત છે કે 'બાપ તેવા બેટા.' શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરી હતી કે તમે શ્રીગુસાંઈજીને મારું જ સ્વરૂપ જાણજો. આમ, શ્રીગુસાંઈજીનું ચરિત્ર અલૌકિક, દિવ્ય અને અતિ ઉજ્જવળ છે. તેથી શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે 'અમારું આખું કુળ નિષ્કલંક છે.'

આગળના નામમાં શ્રીગુસાંઈજીની કીર્તિ દશે દિશામાં વ્યાપેલી છે એમ કહ્યું. ત્યાં પ્રશ્ન થાય કે દિશાઓ મર્યાદિત છે, તેથી તેમની કીર્તિ પણ તેટલા પ્રમાણમાં મર્યાદિત બને. એટલે આ નામમાં કહ્યું કે તેમનું ચરિત્ર મહા ઉજ્જવળ છે. જેનું માપ ન નીકળી શકે એટલું પ્રકાશિત છે. કીર્તિનો સંબંધ ચરિત્ર સાથે છે. ચરિત્ર અમાપ છે, તેથી તે ચરિત્ર દ્વારા પ્રસરતી કીર્તિ પણ અમાપ છે, એવું અહીં સૂચન થયું છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીના એક સેવક અમદાવાદમાં રહેતા. તેઓ શેઠ હતા. શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી : 'તમે અમારી સાથે વ્રજયાત્રા કરવા ચાલો.' તે વૈષ્ણવે કહ્યું : 'આપની કૃપા થશે તો વ્રજયાત્રા કરીશું.' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'અમારી તો કૃપા છે, માટે ચાલો.' તે શેઠે કહ્યું : 'હું ગૃહસ્થ છું. કેવી રીતે આવું? હમણાં આવવું શક્ય નથી.' ઘણાં વર્ષ ગયાં પણ તે શેઠ ગોકુળ ગયા નહીં. શ્રીગુસાંઈજી એક વિરકત વૈષ્ણવને શેઠને બોલાવવા મોકલતા. શેઠ જુદાં-જુદાં બહાનાં બતાવતા; પણ જવાની હા ન પાડતા. આમ, પાખંડ કરતાં તેમનો દેહ છૂટી ગયો. તેમને સર્પયોની પ્રાપ્ત થઈ. તે યોનીમાં પણ જવા તૈયાર ન થયા. પછી શ્વાનયોની આવી ત્યારે પણ તૈયાર ન થયા. છેવટે ગટરનો કીડો બન્યો, ત્યારે પણ જવાની તેમની ઈચ્છા ન હતી. તે વિરકત વૈષ્ણવ એક ડબ્બીમાં જળ ભરી, તેમાં કીડાને મૂકી, ગોકુળ લઈ આવ્યા. શ્રીગુસાંઈજીને સર્વ હકીકત કહી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'આ કીડાને શ્રીયમુનાજીમાં મૂકી દો. શ્રીયમુનાજી તેનો ઉદ્ધાર કરશે.' આવા મહાપતિત જીવોનો પણ ઉદ્ધાર કરનાર શ્રીગુસાંઈજીનું ચરિત્ર મહા ઉજ્જવળ છે.

વ્રજમાં એક ધનાઢ્ય બ્રાહ્મણ રહેતા. તેમણે તેમની વિધવા બહેનની હત્યા કરેલી. તેથી તેમને સર્પયોની પ્રાપ્ત થઈ. તે ગોકુળમાં ઘાટ ઉપર પડી રહે. જતા-આવતાને કરડે. એક વખત શ્રીગુસાંઈજી પરદેશથી ગોકુળ પધારતા હતા. ગોકુળ નજીક હોવા છતાં શ્રીગુસાંઈજીએ તે ઘાટ ઉપર મુકામ કર્યો. દસ લોટા જળથી પોતાના ચરણ ધોયા. તે જળ સર્પના દરમાં ગયું. તે ચરણામૃતનું સર્પે પાન કર્યું. તેમાં સ્નાન કર્યા બાદ તેને પૂર્વ જન્મની યાદ આવી. તે શ્રીગુસાંઈજી પાસે આવ્યો. ચરણારવિંદ ઉપર પોતાનું મસ્તક ધર્યું. શ્રીગુસાંઈજીએ તેને નામ મંત્ર આપતાં તે દેહ છોડી, લીલામાં ચાલ્યો ગયો.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ પ્રભુ જગત ઉદ્ધારણ દેખો ભૂતલ આયેરી ।
નખશિખ સુંદર રૂપ કહા કહૂં કોટિક કામ લજાયેરી ॥૧॥

અનેક જીવ કિયે જો કૃતારથ શ્રવણ સુનત ઉઠ ધાયેરી ।
શરણમંત્ર શ્રવણ સુનાઈકેં પુરુષોત્તમ કરગ્રહાયે ॥૨॥

શેષ સહસ્ર મુખ નિશદિન ગાવે તોઉ પાર ન પાયેરી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
પ્રેમ પ્રતીત સબ ધાયેરી ॥૩॥

(૫૬) અનેકક્ષિતિપશ્રેણિમૂર્દ્ધસક્તપદામ્બુજઃ



અનેક રાજાઓ શ્રીગુસાંઇજીના ચરણોમાં પોતાના મુગટ મૂકી, તેઓ આપશ્રીના શરણે આવે છે.

(૫૬) અનેકક્ષિતિપશ્રેણિમૂર્દ્ધસક્તપદામ્બુજઃ = અનેકક્ષિતિપશ્રેણિમૂર્દ્ધસક્તપદામ્બુજાય નમઃ

તેમનાં ચરણારવિંદ અનેક રાજાઓની પંક્તિઓનાં મસ્તકો ઉપર ધરેલાં છે.

વિવરણ :

તેમના ચરણકમળમાં અનેક રાજાઓએ તેમનાં મસ્તકો નમાવ્યાં છે. તેથી તેઓ તે રાજાઓના મસ્તકે પોતાના ચરણારવિંદ ધરે છે. તેમના પ્રતાપથી નિરભિમાની બનેલા રાજાઓએ ભેગા મળી, શ્રીગુસાંઈજીને દીનતાપૂર્વક વિનંતી કરી કે : 'હે ભગવન્! આપના ચરણકમળ અમારાં મસ્તક પર ધરો અને અમને અભયદાન આપો.' અતિ કરુણાનિધાન શ્રીગુસાંઈજીએ આ વિનંતી સ્વીકારી, તેમનાં ચરણકમળ તે રાજાઓનાં મસ્તક પર ધર્યાં.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીના ચરણે કેવળ વિરકત વૈષ્ણવો જ નથી આવ્યા, અનેક રાજાઓ પણ તેમના મહોજ્જવલ પ્રભાવથી પ્રભાવિત થઈ, શરણે આવ્યા છે. રાજા માનસિંહ, ટોડરમલ, બિરબલ, આશકરણજી, રાણી દુર્ગાવતી, બુંદેલખંડના રાજા રામસિંહ, મેડતાના રાજા જયમલ, દક્ષિણના રાજા માનસિંહ, ગુજરાતના રાજા ભીમ વગેરે અનેક રાજાઓ સપરિવાર શ્રીગુસાંઈજીના સેવક થયા છે.

અકબર બાદશાહ પણ શ્રીગુસાંઈજીને ઘણું જ સન્માન આપતો. તેમની આજ્ઞા સ્વીકારતો. અકબર બાદશાહે તેમને રાજ્ય દરબારમાં પધરાવી, વિશિષ્ટ પ્રકારનો રાજદ્વારી પોશાક ભેટ આપ્યો હતો; જે શ્રીગુસાંઈજી ધારણ કરી, અકબરના દરબારમાં પધારતા. અકબર બાદશાહ ઘણી બાબતોમાં શ્રીગુસાંઈજીને ન્યાયાસન પર પધરાવી, ન્યાય આપવા વિનંતી કરતો. પોતાના મનના મુંઝવતા પ્રશ્નો શ્રીગુસાંઈજી પાસે રજૂ કરી, ખુલાસો મેળવતો. તેણે શ્રીગુસાંઈજીને 'ગોસ્વામી'ની પદવી તથા અનેક ફરમાનો આપી, પોતાનો આદર વ્યક્ત કર્યો છે. તેથી 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાલદાસભાઈ ગાય છે કે : 'ચરણચાખડી વંદે રાણોરાણ, સરસ કીધા જે હુતા પ્રેત પાષાણ.'

કીર્તન-સંગતિ :

આનંદ ભૂતલ દેખિ વિશેષ ।
શ્રીવલ્લભસુત ગોપી સાનુજ પ્રગટે શ્રીવિઠ્ઠલેશ ॥૧॥
લક્ષ બત્તીસ અંગીકૃત કીને જબહી દિયે ઉપદેશ ।
પુનિ બહુરૂપ અંસ અગનિત હોઈ સબે ઉધારન રેસ ॥૨॥
સબતે અતિ ઉજ્જવલ યહ મારગ સેવન કરેહી વ્રજેશ ।
ધન્ય ભાગિનિધિ 'દ્વારેકેશ'કે સેવત શ્રીમથુરેશ ॥૩॥

•

(૫૭) વિપ્રદારિદ્રયદાવાગ્નિઃ = વિપ્રદારિદ્રયદાવાગ્નયે નમઃ

બ્રાહ્મણોની દરિદ્રતારૂપી વનના તેઓ અગ્નિ છે.

વિવરણ :

અનેક બ્રાહ્મણો શ્રીગુસાંઈજીને આશીર્વાદ આપે છે. શ્રીગુસાંઈજી તેમના મનોરથો પૂર્ણ કરે છે. આવા બ્રાહ્મણોની દરિદ્રતા તેમના માટે જંગલ જેવી છે. તેને બાળી નાખનાર અગ્નિ જેવા શ્રીગુસાંઈજી છે. શ્રીગુસાંઈજી બ્રાહ્મણોને અનેક પ્રકારે દાન આપી, તેમની દરિદ્રતાને દૂર કરે છે.

વિવરણભાષ્ય :

'વિપ્ર' શબ્દનો અહીં સુંદર અર્થ કરવામાં આવ્યો છે. જે વિશેષ પ્રકારે બીજાઓની ઈચ્છા પૂરી કરે તે વિપ્ર. ત્યાગી, નિષ્કામી બ્રાહ્મણો પોતાના પ્રભાવથી અનેક મનુષ્યોને આશીર્વાદ આપી, તેમની ઈચ્છાઓ પૂરી કરતા આવ્યા છે. તેમને મળેલી આવી વચનસિદ્ધિને કારણે તેઓ વિપ્ર કહેવાય છે. બીજાઓને સુખી કરનાર બ્રાહ્મણો પોતે મોટે ભાગે ગરીબ

(૫૭) વિપ્રદારિદ્રયદાવાગ્નિઃ



શ્રીગુસાંઈજી વિષ્ણુદાસ છીપાને આજ્ઞા કરે છે : તમે બ્રાહ્મણોને નિરુત્તર કરી પાછા મોકલી ન દેશો.
તેમને મારી પાસે આવવા દેજો. તેમનો ઉચિત સત્કાર મારે કરવો જોઈએ.

(૫૮) ભૂદેવાગ્નિપ્રપૂજક:



સોમયજ્ઞ દ્વારા પૃથ્વી, દેવો, બ્રાહ્મણો અને અગ્નિનું પૂજન કરી રહેલા શ્રીગુસાંઈજી

અને દુઃખી જોવામાં આવે છે. શ્રીગુસાંઈજી અનેક પ્રકારે આવા બ્રાહ્મણોને દાન આપી, તેમની દરિદ્રતા દૂર કરે છે. જેમ વનમાં દાવાનળ લાગે તો તે વનને બાળી નાખે છે; તેમ શ્રીગુસાંઈજીની ઉદારતારૂપી અગ્નિથી બ્રાહ્મણોનાં દરિદ્રતારૂપી વન બળી જાય છે. અનેક બ્રાહ્મણો દરરોજ તેમની પાસે ઘણી મોટી આશાઓ લઈને આવે છે; જે શ્રીગુસાંઈજી પૂરી કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

મધ્ય પ્રદેશમાં જબલપુર પાસે આવેલ ઘઢા રાજ્યની રાણી દુર્ગાવતીએ સોમવતી અમાવાસ્યાના દિવસે શ્રીગુસાંઈજીને ૧૦૮ ગામોનું દાન કર્યું હતું. શ્રીગુસાંઈજીએ તે બધાં ગામો બ્રાહ્મણોને દાનમાં અપાવી દીધાં. પોતે કશું રાખ્યું નહીં.

શ્રીગુસાંઈજીની ડેલી ઉપર વિષ્ણુદાસ છીપા નામના શ્રીમહાપ્રભુજીના સેવક બિરાજતા. જે પંડિતો શ્રીગુસાંઈજી સાથે શાસ્ત્રચર્ચા કરવા આવતા, તેમને વિષ્ણુદાસ નિરુત્તર કરી દેતા. તે પંડિતો વિચાર કરતા : જેમનો દ્વારપાળ આટલો વિદ્વાન છે, તેના ગુરુ કેવા હશે? શ્રીગુસાંઈજી પાસે પાંચ-છ દિવસ સુધી કોઈ પંડિત આવ્યો નહીં. શ્રીગુસાંઈજીએ હકીકત જાણી. તેમણે વિષ્ણુદાસને કહ્યું: 'તમારે બ્રાહ્મણોને મારી પાસે આવવા દેવા. તેમનો ઉચિત સત્કાર કરવો જોઈએ.' શ્રીગુસાંઈજી આવેલ બ્રાહ્મણોને મહાપ્રસાદ, વસ્ત્ર, દક્ષિણા વગેરે આપી, સન્માન કરી, વિદાય કરતા.

કીર્તન-સંગતિ :

દાનદૈંનકો શ્રીવલ્લભપ્રભુ
બોલબોલ સબહિનકોં લેત ।
મણિમાણિક ગહનો પટ ભૂષણ
મન વાંછિત ફલ સબ હિ દેત ॥૧॥

બહોર્યો ગોકુલ દ્વિજ વપુ ધાર્યો,
પ્રકટ ભયે નિજજનકે હેત ।
દાસ 'ગોપાલ' આજતેં સબ
વ્રજ પ્રેમ પુંજકો બાંધ્યો સેત ॥૨॥

◆

(૫૮) ભૂદેવાગ્નિપ્રપૂજકઃ =
ભૂદેવાગ્નિપ્રપૂજકાય નમઃ
તેઓ પૃથ્વી, દેવો અને અગ્નિને પૂજે છે.

વિવરણ :

પૃથ્વી, દેવો, બ્રાહ્મણો અને અગ્નિનું પૂજન તેઓ યજ્ઞ દ્વારા કરે છે. જેવી રીતે શ્રીકૃષ્ણે દ્વારકાલીલામાં ગૃહસ્થાશ્રમ સ્વીકારી, વૈદિક વિધિનું સંરક્ષણ કરવા અનેક યજ્ઞો કર્યા હતા, તેવી રીતે શ્રીગુસાંઈજી પણ અનેક યજ્ઞો દ્વારા વૈદિક માર્ગનું સંરક્ષણ કરે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીએ ત્રણ સોમયજ્ઞ અને એક વિષ્ણુયજ્ઞ કર્યો હતો. સંવત ૧૬૨૭માં ઉત્તરાખંડની યાત્રા પૂરી કરી, તેઓ મથુરા પધાર્યા. ત્યાં તેમણે બ્રાહ્મણોની ૮૪ જ્ઞાતિઓને બ્રહ્મભોજન કરાવ્યું. વ્રજયાત્રાના પ્રારંભમાં તેમના તીર્થપુરોહિત તરીકે મથુરાના ઉજાગર ચોબાને સ્થાપી, તેમનું પૂજન કરી, તેમણે 'બ્રાહ્મણપૂજક'નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. સોમયજ્ઞ દ્વારા તેમણે પૃથ્વી, દેવો, બ્રાહ્મણો અને અગ્નિનું પૂજન કર્યું હતું.

કીર્તન-સંગતિ :

જયતિ શ્રીવલ્લભ સુવન શ્રુતિ ઉદ્ધરન
ત્રિભુવન ફેર નંદકે ભવનકી કેલઠાની ।
ઈષ્ટ ગિરિવરધર સદા સેવત ચરન
દ્વાર ચારોં વરન ભરત પાની ॥૧॥

વેદપથ વ્યાસસે હનુમાનદાસ સેં
જ્ઞાનકોં કપિલ સે કર્મયોગી ।
સાધુ-લક્ષ્મન નિપુન વ્રજરાજ સુત
પ્રકટ સુખરાસ માનો ઈન્દ્ર ભોગી ॥૨॥

સિંધુસમ ગંભીર વિમલ મન અતિ ધીર
પ્રીતિકો જલ ક્ષીર વ્રજ ઉપાસી ।
ધ્યાનકો સનક સે ભક્તકો ફનિગસે
ચાહી તે સઘકીયે વ્રજમેં વાસી ॥૩॥

(૫૯) ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપરઃ



ગાયો અને બ્રાહ્મણોના પ્રાણના રક્ષક એવા શ્રીગુસાંઈજી ગાયનું પૂજન કરે છે.

મનહુ ઈન્દ્રિયજીતી કૃષ્ણસોં કરી પ્રીતિ
નિગમકી ચાલ નિત્ય અતિ વિશેષી ।
રહિત અભિમાનતે બડે સન્માન તે
શીલ ઓર દામ ગોવિંદ ટેકી ।।૪।।
સદા નિર્મલ-બુદ્ધિ અષ્ટસિદ્ધિ નવ વિધિ
દ્વાર સેવત તહાં મુક્તિદાસી ।
'રામરાય' ગિરિધરન જાન આયો સરન
દીનકે દુઃખહરન ઘોષવાસી ।।૫।।

●

(૫૯) ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપરઃ = ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપરાય નમઃ

તેઓ ગાયો અને બ્રાહ્મણોના પ્રાણના રક્ષક છે.

વિવરણ :

તેઓ ગાયો અને બ્રાહ્મણોના પ્રાણની રક્ષા કરનાર છે; તેથી તેમાં તત્પર છે. સામાન્ય રીતે ગાયોને તેનો માલિક સંભાળે, પરંતુ તેમના પ્રાણનું રક્ષણ કાલનું વિનયન કરનાર પ્રભુ જ કરે. શ્રીગુસાંઈજી પ્રભુચરણ છે; તેથી પ્રાણની રક્ષા કરે છે.

વિવરણભાષ્ય :

શ્રીગિરિરાજજી પર બિરાજતા શ્રીનાથજીની સેવાપ્રકારનો શ્રીગુસાંઈજીએ વિસ્તાર કર્યો. શ્રીનાથજી માટે ગાયોનો પ્રબંધ કરાવ્યો. તેઓ શ્રીનાથજીની ગૌશાળામાં બે હજાર કરતાં વધુ ગાયોનું રક્ષણ અને પોષણ કરતા હતા. આ ગાયોની દેખરેખ માટે તેમણે ચાર મુખ્ય ગ્વાલોને સોંપી હતી. તેમનાં નામ હતાં ગંગ, ગોપાલ, ગોપીનાથ અને કૃષ્ણદાસ. આ ચાર ગ્વાલોની મદદમાં બીજા અનેક ગ્વાલોને રાખ્યા હતા. તેમની આવી ગૌસેવાનું બહુમાન કરી, અકબર બાદશાહે તેમને 'ગોસ્વામી'ની પદવી આપી હતી. તેનું અપભ્રંશ 'ગુસાંઈ' થયું. તેથી તેઓ 'શ્રીગુસાંઈજી'ના નામે પ્રસિદ્ધ છે. અકબર બાદશાહે શ્રીનાથજીની ગાયોને સરકારી જમીનમાં ચરવા માટેનું ફરમાન પણ કરી આપ્યું હતું. તેમના નિમેલા ગ્વાલો ગાયોની સેવામાં એવા તત્પર રહેતા કે કૃષ્ણદાસે પ્રાણની પરવા કર્યા વિના શ્રીનાથજીની ગાયને સિંહના મોંમાંથી બચાવી હતી. સિંહના મોંમાં પોતાના પ્રાણ સોંપી દીધા હતા.

અષ્ટછાપ ભક્તકવિઓ પૈકીના નંદદાસજીએ સમગ્ર શ્રીમદ્ ભાગવત વ્રજભાષામાં અનુવાદિત કર્યું હતું. તે જાણી મથુરાના પંડિતોએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'મહારાજ! હવે ધર્મપ્રેમી લોકો વ્રજભાષામાં તૈયાર થયેલું શ્રીભાગવત પોતાની જાતે જ વાંચશે, એટલે અમને કથા કહેવા કોઈ બોલાવશે નહીં. હવે અમારો નિર્વાહ કેવી રીતે થશે?' ત્યારે શ્રીગુસાંઈજીએ નંદદાસજીને આજ્ઞા કરીઃ 'રાસ પંચાધ્યાયી સિવાયનું તમારું અનુવાદિત શ્રીભાગવત શ્રીયમુનાજીમાં પધરાવી દો.' આ રીતે શ્રીગુસાંઈજીએ બ્રાહ્મણોની પણ રક્ષા કરી હતી. જે બ્રાહ્મણો શાસ્ત્રચર્ચા કરવા આવતા, તે સર્વ બ્રાહ્મણોનું શ્રીગુસાંઈજી ખૂબ સારી રીતે સન્માન કરતા. શ્રીનાથજીની સેવામાંથી બંગાળીઓને દૂર કરી, શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની સેવા બ્રાહ્મણ-વૈષ્ણવોને સોંપી હતી.

કીર્તન-સંગતિ :

ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ
શ્રીવલ્લભ ગુણ ગિને ન જાઈ ।
ભૂકી રેણુ તરૈયા નભકી
ઘનકી બૂંદ પરત લખાઈ ।।૧।।

જિનકે ચરણ કમલ રજ વંદિત
સંતત હોત સદા ચિતછાઈ ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નંદનંદનકી સબ પરછાંઈ ।।૨।।

* * *

ગાયનસોં રતિ ગોકુલસોં રતિ
ગોવર્ધન સોં પ્રીતિ નિવાહી ।
શ્રીગોપાલ ચરણ સેવારતિ
ગોપ સખા સબ અમિત અથાઈ ।।૧।।

ગોવાણી જો વેદકી કહિયત
શ્રીભાગવત ભલેં અવગાહી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નંદનંદનકી સબ પરછાંઈ ।।૨।।

(૬૦) સત્યપરાયણઃ



સત્ય એટલે કે ઉત્કૃષ્ટ જ્ઞાનવાળા શ્રીગુસાંઈજીએ અનેક ગ્રંથોની રચના કરી છે. ગ્રંથલેખનમાં વ્યસ્ત શ્રીગુસાંઈજી.

(૬૦) સત્યપરાયણઃ =
સત્યપરાયણાય નમઃ
તેઓ સત્યપરાયણ છે.

વિવરણ :

તેમનું સ્થાન સત્યસ્વરૂપ પરબ્રહ્મમાં તત્પર રહેનારા ભગવદીયો છે. તેઓ સત્ય અથવા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળા છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી પરબ્રહ્મ હોવાથી સત્યસ્વરૂપ છે. જ્ઞાન તેમનો ષડ્ ધર્મ પૈકીનો એક દિવ્ય ધર્મ છે. આવા ઉત્કૃષ્ટ જ્ઞાન સ્વરૂપ હોવાથી તેઓ સત્યપરાયણ છે; એટલું જ નહીં, તેઓ સાક્ષાત્ સત્યસ્વરૂપ છે; તેથી તેમણે શ્રીમહાપ્રભુજી રચિત 'ગાયત્રીભાષ્ય' ઉપર વિસ્તૃત વિવેચન ટીકા લખી છે. તેમણે લગભગ પચાસ જેટલા ગ્રંથોની રચના કરી છે. તેમાં ષોડ્શ ગ્રંથ પરની ટીકાઓ, અણુભાષ્યના બાકીના દોઢ અધ્યાયની રચના, વિદ્વનમંડન, ભક્તિહંસ, ભક્તિહેતુ, શૃંગારરસમંડન, શ્રીકૃષ્ણ પ્રેમામૃત ગ્રંથની ટીકા, શ્રીમતી ટિપ્પણીજી, ગુપ્ત રસ, વિજ્ઞપ્તિઓ, આર્યાઓ અને શ્રીસ્વામિનીજી વિષયક સ્તોત્રોનો સમાવેશ થાય છે. આ સર્વ જ્ઞાનાત્મક અને ભાવાત્મક ગ્રંથોની રચના કરીને તેમણે તેમનું 'સત્યપરાયણ' નામ સાર્થક કર્યું છે.

કીર્તન-સંગતિ :

પ્રભુતા પ્રકટી શ્રીવિઠ્ઠલનાથકી ।
આન જ્ઞાન સબ ધ્યાન વામ ગતિ
યહ વિધ જગત અકાથકી ॥૧॥
ભક્તિભાવ પ્રકટ્યો યહ મારગ
કલિ યુગ સૃષ્ટિ સનાથકી ।
શરન ગયે સોંપત હે શ્યામહિ
કર ગહી ભુજા અનાથકી ॥૨॥
'ચતુર્ભુજદાસ' આસ પરિપૂરન
છાયો અંબુજ હાથકી ।
કૃપા વિશેષ વિરાજે નિત્ય પ્રતિ
જોરી શ્રીગિરિધર સાથ કી ॥૩॥

(૬૧) પ્રિયશ્રુતિપથઃ =
પ્રિયશ્રુતિપથાય નમઃ
તેઓને વેદમાર્ગ ઘણો પ્રિય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીને વેદમાર્ગ અત્યંત પ્રિય છે. વેદમાર્ગ એટલે શ્રુતિમાર્ગ. શ્રુતિઓ શ્રીઠાકોરજીના વરદાનથી શ્રુતિરૂપા ગોપીજનો તરીકે વ્રજમાં પ્રકટ થયાં. શ્રુતિરૂપા ગોપીજનોના પ્રિયતમ શ્રીકૃષ્ણ છે. શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા ગોપીજનોના યૂથનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ છે. શ્રુતિરૂપા અન્યપૂર્વાઓ છે. સંસારી હોવા છતાં શ્રીઠાકોરજીમાં જ પૂર્ણ અનુરાગવાળાં છે. શ્રીઠાકોરજી સદૈવ આ ગોપીજનોના શ્રુતિપથમાં; અર્થાત્ શ્રવણમાં રહે છે; અર્થાત્ આ ગોપીજનો શ્રીકૃષ્ણના ગુણોનું સદૈવ શ્રવણ કરે છે.

વિવરણભાષ્ય :

અહીં ટીકાકારે 'શ્રુતિ' શબ્દ વિવિધ અર્થમાં બતાવ્યો છે. જગત પ્રસિદ્ધ અર્થ છે શ્રુતિ એટલે વેદની શ્રુતિ. શ્રીગુસાંઈજી આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા છે; તેથી તેઓ વેદનું રક્ષણ કરે છે. તેમને વેદમાર્ગ બહુ જ પ્રિય છે. તેમણે વેદની શ્રુતિઓનો સત્ય અર્થ સ્પષ્ટ કરવા માટે વેદના ઉત્તરાંગ એવા બ્રહ્મસૂત્ર પર શ્રીમહાપ્રભુજીએ રચેલા અણુભાષ્યના બાકી રહેલા દોઢ અધ્યાયની પૂર્તિ કરી છે.

શ્રુતિઓનો બીજો અર્થ છે શ્રુતિરૂપા ગોપીજનો; જેઓ શ્રુતિઓનું સાક્ષાત્ આધિદૈવિક સ્વરૂપ છે. આ શ્રુતિરૂપા ગોપીજનોના પ્રિય શ્રીકૃષ્ણ છે. શ્રુતિરૂપા ગોપીજનો પ્રેમમાર્ગથી પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને રીઝવે છે. પ્રેમમાર્ગ એટલે સેવાનો માર્ગ. શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા ગોપીજનોનાં સ્વામિની શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ હોવાથી તેમને સેવાનો પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ અત્યંત પ્રિય છે; તેથી પૃથ્વી પર તેમણે આ સેવામાર્ગનો વિસ્તાર કર્યો છે.

શ્રુતિરૂપા ગોપીજનોના પ્રિય શ્રીકૃષ્ણ પોતાના પણ પ્રિય

(૬૧) પ્રિયશ્રુતિપથઃ



શ્રીગુસાંઈજી દામોદરદાસજી પાસેથી શ્રીમહાપ્રભુજીના પ્રાક્ટ્યનું રહસ્ય અને લીલાપ્રકારનું શ્રવણ કરી રહ્યા છે.

છે. પોતાના પ્રિયના ગુણોનું શ્રવણ કરવું શ્રીગુસાંઈજીને અત્યંત પ્રિય છે. અહીં 'શ્રુતિ' શબ્દનો અર્થ શ્રવણ કરવામાં આવ્યો છે. પ્રિયના ગુણગાનના શ્રવણનો માર્ગ જેમને પ્રિય છે, તેવા શ્રીગુસાંઈજી ભક્તકવિઓનાં કીર્તનોનું શ્રવણ કરી, અત્યંત પ્રસન્ન થાય છે.

શ્રીગુસાંઈજીએ આધ્યાત્મિક વેદરૂપા યજ્ઞને સેવાનું સ્વરૂપ આપી, યજ્ઞનું આધિદૈવિક રૂપ પ્રકટ કર્યું. યજ્ઞમાં જેમ વેદિ, મેખલા, અગ્નિ, મંડપ, દેવતાઓનું આહ્વાહન, પૂજન વગેરે બાબતો હોય છે; તેમ સેવાપ્રકારમાં પણ આપે વિવિધ ભાવાત્મક સાધનો પ્રયોજ્યા છે. વેદી સ્વરૂપે સિંહાસન વગેરેથી આપે આધિદૈવિક પુષ્ટિમાર્ગીય યજ્ઞનું સ્વરૂપ પ્રકટ કર્યું; તેથી પણ કહી શકાય કે તેમને શ્રુતિઓએ બતાવેલો યજ્ઞનો માર્ગ પ્રિય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજીના જન્મ દિવસે વૃંદાવનથી ગૌડીય સંપ્રદાયના અને અન્ય કૃષ્ણભક્તિ સંપ્રદાયના ભક્ત કવિઓ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. તેમણે વિનંતી કરી : ' આજે અમારે શ્રીનાથજી સન્મુખ આપનાં કીર્તન કરવાં છે. અમને આજ્ઞા આપો.'

શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'એમ થઈ શકે નહીં. હું તમારો ગુરુ નથી, એટલે તમારાથી મારાં કીર્તન ન થાય. તમે શ્રીઠાકોરજીનાં કીર્તન ગાવ. શ્રીનાથજી પ્રસન્ન થાય, હું પણ તેથી પ્રસન્ન થઈશ.'

શ્રીગુસાંઈજી વિપ્રયોગના છ મહિના ચંદ્રસરોવર પર બિરાજ્યા. ત્યાં દામોદરદાસ હરસાનીજીને પોતાની પાસે રાખ્યા. શ્રીગુસાંઈજી નિત્ય તેમની પાસેથી શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું રહસ્ય અને લીલાપ્રકારનું શ્રવણ કરતા. દામોદરદાસજી સાથે થયેલો આ સંવાદ 'સંવાદ' નામના ગ્રંથ રૂપે પ્રસિદ્ધ છે. શ્રીગુસાંઈજી અવાર નવાર ગોવિંદસ્વામી વગેરે ભક્તકવિઓને બોલાવી, શ્રીઠાકોરજીનાં કીર્તનો સાંભળતા.

કીર્તન-સંગતિ :

મેરે નાહિન સાધન આન ।
શ્રીવિટ્ઠલનાથ મૂલ મંત્ર યહ
પદ પંકજ રજ ધાન ॥૧॥
શ્રીગોપીજન વલ્લભ સ્મરત
સંતત હિત કલ્યાન ।
સગુણ સ્વરૂપ પ્રકટ પુરુષોત્તમ
શ્રીવિટ્ઠલકો ધ્યાન ॥૨॥
શ્રીગિરિધર ગોવિંદ ઈંદુ
શ્રીબાલકૃષ્ણ ગુણગાન ।
શ્રીગોકુલપતિ રઘુપતિ યદુપતિ
સુયશ શ્રવણ પુટપાન ॥૩॥
છહોં પુત્ર સરસમરથ સાતોં
પુત્ર શ્રી ઘનશ્યામ ।
માધો ચરણ શરણજો રાખો
કરહુ કૃપા નિધાન ॥૪॥

* * *

(૬૨) શશ્વન્મહામખકરઃ =
શશ્વન્મહામખકરાય નમઃ
તેઓ હંમેશાં સોમયજ્ઞો વગેરે કરનાર છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીને વેદમાર્ગ પ્રિય છે. તેથી વેદમાર્ગમાં બતાવ્યા પ્રમાણે હંમેશાં સોમયજ્ઞ વગેરે યજ્ઞો કરનારા છે. આ યજ્ઞો સાધારણ યજ્ઞો નથી; પણ મહાયજ્ઞો છે. બીજા યજ્ઞો સાધારણ સ્વર્ગ વગેરેનું ફળ આપે છે; જે નશ્વર હોય છે, પરંતુ આ યજ્ઞનું ફળ શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરાવનારું છે; તેથી તે શાશ્વત અને મહાન છે. માટે તેને મહાયજ્ઞ કહ્યા છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીએ પ્રથમ સોમયજ્ઞ સંવત ૧૫૯૪માં અડેલમાં કર્યો. બીજો સોમયજ્ઞ સંવત ૧૬૦૧માં ગોકુલમાં કર્યો. ત્રીજો સોમયજ્ઞ શ્રીગિરિરાજજીમાં કર્યો. ચોથો સોમયજ્ઞ સંવત ૧૬૧૦માં ચરણાટમાં કર્યો. આ ઉપરાંત તેમણે શ્રીગિરિ-

(૬૨) શાશ્વન્મહામખકરઃ



યુગલસ્વરૂપે બિરાજી, સોમયજ્ઞ કરી રહેલા શ્રીગુસાંઇજી.

(૬૩) પ્રભુઃ



કુંજરીને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં શ્રીનાથજી અને શ્રીસ્વામિનીજીનાં દર્શન થઈ રહ્યાં છે.

રાજજીમાં અને ચરણાટમાં એક-એક વિષ્ણુયજ્ઞ પણ કર્યા. આમ, આપે છ મહાયજ્ઞો કરી, વેદમાર્ગનો પ્રકાશ અને પ્રચાર કર્યો છે. અન્ય લોકો સ્વર્ગ વગેરે ફળની ઈચ્છા રાખી, યજ્ઞ કરે છે, ત્યારે શ્રીગુસાંઈજી કેવળ પ્રભુની પ્રસન્નતા માટે જ યજ્ઞો કરે છે. આ યજ્ઞો સાધારણ યજ્ઞો નથી, પરંતુ મહાયજ્ઞો છે.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલરાજકુમાર શ્રીગિરિધર
અવલોકત મન ભયો આનંદ ।
વેદ પુરાણ સજ્ઞાન સાધ્ય સબ
કલિયુગ ઉધ્ધરણ આનંદકંદ ॥૧॥

વિમલ શરીર નામ યશ
નિર્મલ વિમલ વદનકી મુશકનમંદ ।
‘ગોવિંદ’ પ્રભુ પ્રકટિત સંતનહિત
લીલારૂપ ધર્યો ગોવિંદ ॥૨॥

•

(૬૩) પ્રભુઃ = પ્રભુવે નમઃ
તેઓ સર્વ-સામર્થ્યવાન છે.

વિવરણ :

જે સર્વ કંઈ પ્રાપ્ત કરાવી આપે તે ‘પ્રભુ’ કહેવાય. તે સ્વામી હોય. તેઓ સર્વ સામર્થ્યવાન છે, એવો પ્રભુ શબ્દનો અર્થ છે.

વિવરણભાષ્ય :

પ્રભુ એટલે સર્વ કંઈ કરવા સમર્થ. માટે ભગવાનને કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્, સર્વતંત્ર સ્વતંત્ર કહ્યા. તેમનું આધિપત્ય સંપૂર્ણ રીતે ચૌદ લોક પર હોય. તેઓ ચૌદ લોકના સ્વામી છે. શ્રીગુસાંઈજી પણ પરબ્રહ્મ હોવાથી તેમને ‘પ્રભુ’ કહેવામાં આવ્યા છે; તેથી વૈષ્ણવો તેમને ‘શ્રીપ્રભુચરણ’ના નામે ઓળખે છે. ચરણ શબ્દ સંસ્કૃતમાં માનવાચક છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીએ હતિત-પતિત જેવા ભયંકર પ્રેતોનો ઉદ્ધાર કરી, તેમને નિત્યલીલામાં સ્થાન આપ્યું. તેમનું આ કર્તુમ્ સ્વરૂપ છે.

મુસલમાન જાતિની શાકભાજી વેચનારી કુંજરીને શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં શ્રીનાથજી સહિત શ્રીસ્વામિનીજીનાં દર્શન થયાં; તેથી તેને ઘણો વિરહતાપ થયો. થોડા સમય પછી તેનો દેહ છૂટ્યો. શ્રીગુસાંઈજીએ ધાર્યું હોત તો તે જ વખતે તેનો લીલાપ્રવેશ કરાવી શકત; પરંતુ અકર્તુમ સ્વરૂપે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘આ કુંજરીને કશું બાધક નથી. તે બીજો જન્મ મહાવનમાં બ્રાહ્મણના ઘેર લેશે. અને પછી નિત્યલીલાને પ્રાપ્ત થશે.

બીરબલે શ્રીગુસાંઈજીની અનેક પ્રકારે સેવા કરી. બંગાળીઓને શ્રીનાથજીની સેવામાંથી દૂર કરવામાં રાજા ટોડરમલ સાથે મળી, ઘણી મદદ કરી હતી. તેમની દીકરીની ગણત્રી ૨૫૨ વૈષ્ણવોમાં થાય છે; પરંતુ તેના એક જ અપરાધથી શ્રીગુસાંઈજીએ નારાજ થઈ, આજ્ઞા કરી : ‘હવે બીરબલ અમારા કામથી ગયો.’ તેમનાં વચન સિદ્ધ થયાં. બીરબલે અકબર બાદશાહે રચેલ દીન-એ-ઈલાહી નામનો નવો ધર્મ સ્વીકાર્યો. આમાં શ્રીગુસાંઈજીનું અન્યથા કર્તુમ્ સ્વરૂપ પ્રકટ થાય છે.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ પ્રભુ જગત ઉદ્ધારણ
દેખો ભૂતલ આયેરી ।
નખશિખ સુંદર રૂપ કહા કહૂં
કોટિક કામ લજાયે ॥૧॥

અનેક જીવ જો કિયે કૃતારથ
શ્રવણ સુનત ઉઠ ધાયે ।
શરણમંત્ર શ્રવણ સુનાઈકે
પુરુષોત્તમ કરગૃહ આયે ॥૨॥

શેષ સહસ્ર મુખ નિશદિન
તેઉ પાર ન પાયેરી ।
‘છીતસ્વામી’ ગિરિધરન શ્રીવિઠ્ઠલ
પ્રેમ પતીત સબ ધાયેરી ॥૩॥

(૬૪) કૃષ્ણાનુગ્રહસંલભ્યઃ



શ્રીજીબાવા પર્વતની ટોચ ઉપરથી રસખાનજીને દર્શન આપી રહ્યા છે.
બીજા ચિત્રમાં શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજીને આજ્ઞા કરે છે કે તેઓ રસખાનજીને શરણે લે.

(૬૫) મહાપતિતપાવનઃ



સર્પયોની પામનાર એક વૈષ્ણવ બહેનને, પોતાનું ચરણોદક આપી, પૂર્વજન્મનું જ્ઞાન કરાવી, નામમંત્ર આપી,
તેનો ઉદ્ધાર કરી રહેલ શ્રીગુસાંઈજી.

(૬૪) કૃષ્ણાનુગ્રહસંલભ્યઃ =
કૃષ્ણાનુગ્રહસંલભ્યાય નમઃ

તેમના દ્વારા જીવ શ્રીકૃષ્ણની કૃપા સારી રીતે મેળવી શકે છે.

વિવરણ :

તેમની કૃપાથી જીવ શ્રીકૃષ્ણની કૃપાને સારી રીતે પ્રાપ્ત કરી શકે છે. કૃષ્ણની કૃપા પ્રાપ્ત કરાવવા જ તેઓ જીવનો અંગીકાર કરે છે અને શ્રીકૃષ્ણને તેમના કૃપાબળથી જીવનો સારી રીતે અંગીકાર કરવા પ્રેરે છે.

વિવરણભાષ્ય :

ભગવત્‌કૃપા પ્રાપ્ત કરવાનું જીવમાં કોઈ સામર્થ્ય નથી. શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીને અને શ્રીગુસાંઈજીને વશ છે; તેથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી જે જીવની ઉપર કૃપા કરે, તેને જ પ્રભુની કૃપા પ્રાપ્ત થઈ શકે છે, તેમના દ્વારા જ જીવ પ્રભુનું શરણ લઈ શકે છે અને સમર્પણ કરી શકે છે. અલિખાન પઠાણની દીકરી પિરજાદી વગેરે અનેક જીવોને શ્રીઠાકોરજીએ સાક્ષાત્ દર્શન આપવા છતાં આજ્ઞા કરી હતી કે : ‘તમે શ્રીગુસાંઈજીના સેવક થાવ, પછી જ તમે મારા પૂર્ણ કૃપાપાત્ર થશો.’

વાર્તા-ચરિત્ર-સંગતિ :

દિલ્હીના પઠાણ રસખાનનેં એક લૌકિક બાળકના રૂપમાં આસક્તિ થઈ ગઈ હતી. તેમણે એક વૈષ્ણવ પાસે શ્રીનાથજીના મુકુટ-કાછનીના શૃંગારનાં ચિત્રજીનાં દર્શન કર્યાં. તેમનું મન શ્રીનાથજીના અલૌકિક રૂપમાં લાગી ગયું. તેઓ તે બાળકનું આકર્ષણ થવાથી ઘર, પરિવાર, ગામ વગેરે બધું જ છોડી, ગિરિરાજ આવ્યા. ત્યાં તેમને મંદિરમાં પ્રવેશ મળ્યો નહીં; કારણ કે તેઓ યવન હતા; તેથી તેઓ ગોવિંદકુંડ ઉપર શ્રીનાથજીના વિરહમાં બેસી રહ્યા. શ્રીનાથજીએ મુકુટ-કાછનીનો શૃંગાર ધરી, શ્રીગિરિરાજજીના શિખર પર ચડી, વેણુનાદ કર્યો. રસખાનજીને દર્શન આપ્યાં. શ્રીનાથજીએ ગોકુળમાં શ્રીગુસાં-ઈજીને આજ્ઞા કરી : ‘એક દૈવી જીવ ત્રણ દિવસથી મારા માટે ભૂખ્યો-તરસ્યો બેઠો છે. તમે અહીં આવી, તેને શરણે લો તો હું તેનો અંગીકાર કરું. મારી પ્રતિજ્ઞા છે કે તમે જે જીવને બ્રહ્મસંબંધ કરાવશો, તેની સાથે હું બોલીશ, તેને મારા અંગનો સ્પર્શ કરાવીશ, તેના હાથથી હું આરોગીશ, હું તેનો કદી ત્યાગ કરીશ નહીં.’ શ્રીગુસાંઈજી તત્કાલ ગિરિરાજ પધાર્યા. રસખાનજીને સેવક કર્યા. ત્યારથી શ્રીનાથજી તેમને સાક્ષાત્ દર્શન આપતા, તેમની સાથે ખેલતા અને વાત કરતા.

કીર્તન-સંગતિ :

પ્રકટે શ્રીવિઠ્ઠલેશ સોવન ફૂલે ફૂલેરી ।
સુરનરમુનિ વ્યાસ આદિ નાહિ કોઈ સમતૂલે ॥૧॥
સુખદ ઉદાર કરુણાનિધિ ભક્તિ ભાવ દેહી ।
ભૂતલમેં અલભ્ય લાભ વ્રજ કે સનેહી ॥૨॥
લીલારસ સાગર પ્રભુ ગોવર્ધન વિલાસી ।
શ્રીવલ્લભ સુવન ચરણકમલ ગાવત નિજ ‘દાસી’ ॥૩॥

◆

(૬૫) મહાપતિતપાવનઃ =
મહાપતિતપાવનાય નમઃ

તેઓ મોટા-મોટા પતિતોને પણ પાવન કરનારા છે.

વિવરણ :

મોટા-મોટા પતિતોને મહા પાપમાંથી અને દોષોમાંથી મુક્ત કરી, તેમને પવિત્ર કરે છે. જેમની ગતિ નરકની છે, તેવા મહાપાપીઓનું રક્ષણ કરનાર સંત પુરુષોમાં શ્રીગુસાંઈજી મોખરે છે. નરકગામી મહા પાપીનું રક્ષણ કરનાર સંત પુરુષોનું પણ શ્રીગુસાંઈજી રક્ષણ કરે છે. તેમના પ્રતાપબળથી ઘણા પવિત્ર ભક્તો પણ મહાપાપીઓને પવિત્ર કરવાનું સામર્થ્ય ધરાવે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી સાક્ષાત્ પ્રભુ છે, તેથી ગમે તેવા દુષ્ટમાં દુષ્ટ

(૬૬) અનેકમાર્ગસંકિલષ્ટજીવસ્વાસ્થ્યપ્રદો મહાન્



કલિયુગના જીવોને શરણે લઈ, પુષ્ટિભક્તિનો સુખદ સેવામાર્ગ બતાવી,
જીવોને સ્વસ્થતા અને સુખ આપી રહેલા શ્રીગુસાંઈજી.

પાપી જીવોનો પણ ઉદ્ધાર કરવા સમર્થ છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી. એટલું જ નહીં, નરકમાં પડેલ મહાપાપી જીવોનું રક્ષણ કરનારા અનેક સંતોનું પણ શ્રીગુસાંઈજી રક્ષણ કરે છે. તેમની કૃપાથી તેમના ભક્તો પણ અનેક પાપી જીવોનો ઉદ્ધાર કરવા સમર્થ બને છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વૈષ્ણવે વિચાર કર્યો કે શ્રીગુસાંઈજી પાપીઓને કેવી રીતે તારે છે, તેની પરીક્ષા કરું. તેથી તે વૈષ્ણવ સ્મશાનમાં જઈને રહ્યા. બળેલા મડદાનાં લાકડાં ઉપર રસોઈ કરીને ખાવા લાગ્યા. થોડા સમય પછી એક રાજાને કોઢ નીકળ્યા. ઘણી દવા કરવા છતાં તે રોગ દૂર ન થયો. તે શ્રીગુસાંઈજી પાસે આવ્યો. શ્રીગુસાંઈજીએ રાજાને આજ્ઞા કરી : 'તમે સ્મશાનમાં જાવ. ત્યાં રહેતા વૈષ્ણવનું જૂઠણ ખાવ. તેના ચરિત્રને જોઈને તેમનામાં અભાવ લાવશો નહીં. તો તમારો કોઢ મટશે.' રાજાએ સ્મશાનમાં આવી, તે વૈષ્ણવનું જૂઠણ ખાધું, તેથી તેમનો કોઢ મટી ગયો. શ્રીગુસાંઈજીએ આ વૈષ્ણવનું નામ વૈષ્ણવદાસ રાખ્યું. વૈષ્ણવે દેહ છોડતાં પહેલાં પોતાનું સર્વસ્વ શ્રીગુસાંઈજીને અંગીકાર કરાવી દીધું.

એક વ્રજવાસી વૈષ્ણવની બહેન વિધવા થઈ. તે પોતાનું બધું દ્રવ્ય લઈને ભાઈને ઘેર રહેવા આવી. તેનો ભાઈ બહેનની સંપત્તિથી લોભાયો. તેણે ઝેર આપી, બહેનને મારી નાખી. તે બહેન સર્પયોનીને પામી. તે ગોકુળ પાસે ઘાટ ઉપર રહેતી. જતાં-આવતાંને કરડીને પ્રાણ લેતી. શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા. તેમના ચરણ પ્રક્ષાલનનું જળ સાપને લાગ્યું. તેથી તેને પૂર્વ જન્મનું જ્ઞાન થયું. તેણે પોતાની ફણા શ્રીગુસાંઈજીના ચરણારવિંદ ઉપર મૂકી. શ્રીગુસાંઈજીએ તેને નામમંત્ર આપી, તેનો ઉદ્ધાર કર્યો.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલેશ ચરણ કમલ પાવન
ત્રૈલોક કરણ દરસ પરસ સુંદર વર વારવાર વંદે ।
સમરથ ગિરિરાજ ધરણ લીલા
નિજ પ્રકટ કરણ સંતન હિત
માનુષ તનુ વૃંદાવન ચંદે ॥૧॥
ચરણોદક લેત પ્રેત તતક્ષણતે
મુક્તભયે કરુણામય નાથ સદા આનંદ નિધિકંદે ।
વારનેં 'ભગવાનદાસ' વિહરત સદા
રસિકરાય જયજય યશ
બોલબોલ ગાવત શ્રુતિ છંદે ॥૨॥

* * *

(૬૬) અનેકમાર્ગસંક્લિષ્ટજીવસ્વાસ્થ્યપ્રદો મહાન્ = અનેકમાર્ગસંક્લિષ્ટજીવસ્વાસ્થ્યપ્રદાય મહતે નમઃ

તેઓ કર્મ વગેરે અનેક માર્ગો પર રખડતાં જીવોને નિશ્ચિંતતા આપે છે.

વિવરણ :

શાસ્ત્રોમાં કર્મ, જ્ઞાન, ઉપાસના વગેરે જેવા અનેક ધર્મમાર્ગો બતાવ્યા છે. આ માર્ગો પર અનેક જીવો ભટકતા હોય છે. અને જીવનકાળ વ્યર્થ ગુમાવતાં હોય છે. આવા જીવોને શરણે લઈ, શ્રીગુસાંઈજી તેમને ભગવત્પ્રાપ્તિ માટે નિશ્ચિંત બનાવે છે. ભક્તિ સિવાયના અન્ય માર્ગોમાં સાધકને ક્લેશ જ મળે છે. ફોતરાંને ખાંડવાથી કોઈ લાભ થતો નથી. આવા જીવોને સ્વસ્થતા આપનાર શ્રીગુસાંઈજી જેવા બીજા કોઈ નથી.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજી 'કૃષ્ણાશ્રય' સ્તોત્રમાં આજ્ઞા કરે છે કે પાખંડધર્મવાળા કલિયુગમાં સર્વ માર્ગ નષ્ટ થયા છે. ચારે બાજુ પાખંડ વધી ગયું છે. આ સ્થિતિમાં શાસ્ત્રોમાં બતાવેલ કર્મ, જ્ઞાન, યોગ, ઉપાસના વગેરે માર્ગોથી ભગવાનની પ્રાપ્તિ કરવી દુર્લભ છે. કલિયુગમાં આ બધા માર્ગો અસાધ્ય છે. અનેક જીવો એ માર્ગોની ભૂલભૂલામણીમાં અટવાઈને કિંમતી જીવન વ્યર્થ ગુમાવે છે અને અંતે ક્લેશ પામે છે. આવા જીવોને શ્રીગુસાંઈજી શરણે લઈ, પુષ્ટિ ભક્તિનો સુખદ

(૬૭) નાનાભ્રમનિરાકર્તા



ઉપર : પ્રથમવાર શ્રીગુસાંઈજીનાં દર્શને આવેલા ગોવિંદસ્વામીને શ્રીગુસાંઈજી નામ દઈ બોલાવે છે ત્યારે તેમને આશ્ચર્ય થાય છે.
નીચે : ગોવિંદસ્વામીને શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન કરતાં પ્રભુની સાક્ષત્ બાળલીલાનાં દર્શન થાય છે.

સેવામાર્ગ બતાવે છે; તેથી તે જીવોને સ્વસ્થતા અને સુખ મળે છે, તેમનું જીવન આનંદમય બને છે. શ્રીગુસાંઈજી તેમને ભગવત્પ્રાપ્તિ થવાની નિશ્ચિત રીતે ખાત્રી પણ આપે છે. આવી સ્વસ્થતા અને આવું સુખ આ કલિયુગમાં શ્રીગુસાંઈજી સિવાય બીજું કોઈ આપી શકવા સમર્થ નથી. માટે, શ્રીગુસાંઈજી મહાન છે.

કીર્તન-સંગતિ :

શ્રીમદ્ વલ્લભકે ઘર પ્રભુ જો ફિર અવતાર ન ધરતે ।
તો હમ સરિખે મૂઢ પતિતજન કહો કૈસે નિસ્તરતે ॥
હોં બીન પાયે વ્રજપતિ પદ પંકજ કાકી સેવા કરતે ।
હોં શ્રીગિરિરાજધરણ રાધિકાવર
બીન રસના કહાં ઉચ્ચરતે ॥
શિવ સુરેશ દિનમણિ ગનેશ કે હોય કોન સે ડરતે ।
અતિ આતુર પુનિ ચડે તુલસમ સબન કે પાયન પરતે ॥
તબ હમહુ લોગનકી નાયી ઘર-ઘર ભટકત ફિરતે ।
કર્મ જોગ પુનિ જ્ઞાન ઉપાસન દાન હિ મેં પચી મરતે ॥
કહા ભયો નિજ બિરદ જાનિકે પતિત સમજ ઉદ્ધરતે ।
રુચિર રૂપ બલદાસ નારાયણ તૃષિત લોચન કહાં ઠરતે ॥

•

(૬૭) નાનાભ્રમનિરાકર્તા =
નાનાભ્રમનિરાકર્ત્રે નમઃ
તેઓ જુદા-જુદા પ્રકારના ભ્રમને દૂર કરે છે.

વિવરણ :

સનાતન વૈદિક ધર્મમાં કર્મ, જ્ઞાન, ઉપાસના વગેરેના જે માર્ગો બતાવ્યા છે, તે માર્ગોના પ્રવર્તકોના ગ્રંથો ક્યારેક વેદથી જુદા પડે છે; તેથી તેવા ગ્રંથોને મોહશાસ્ત્રો તરીકે ઓળખવામાં આવ્યા છે. આવાં શાસ્ત્રોને કારણે ઘણા જીવોને ભ્રમ થાય છે. અને તેઓ ખોટા રસ્તે ચડે છે. તે ભ્રમ શ્રીગુસાંઈજી ભક્તિમાર્ગનું સ્થાપન કરી, દૂર કરે છે. શ્રીગુસાંઈજી કેવળ પુષ્ટિજીવોના જ ભ્રમ દૂર કરે છે, બધાંનો ભ્રમ દૂર કરતા નથી, એમ સૂચવવા હવે પછીનું નામ કહે છે.

વિવરણભાષ્ય :

શ્રીપ્રભુએ પ્રકટ કરેલી સૃષ્ટિમાં જીવો જુદા-જુદા પ્રકારની રુચિ, સ્વભાવ, શક્તિ અને અધિકારવાળા છે. તેમાં મુખ્યત્વે ત્રણ પ્રકાર છે - પ્રવાહી જીવો, મર્યાદા જીવો અને પુષ્ટિ જીવો. જે જીવનો જેવો અધિકાર છે, તે જીવના માટે તેવો માર્ગ પ્રકટ કરવા ભગવાને જુદા-જુદા મહાપુરુષોને પૃથ્વી પર પ્રકટ કર્યા છે. તેમના દ્વારા જુદા-જુદા મતનાં શાસ્ત્રોની રચના કરાવી છે. કેટલાક મત વેદ સંમત નથી. વેદથી વિરુદ્ધ વાત કરનાર મતો નાસ્તિક મત કહેવાય છે. કેટલાક મતો તામસ મત છે તો કેટલાક મત રાજસ મત છે. આ બધા મતમાં પ્રમાણરૂપ મનાતાં શાસ્ત્રો શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં મોહશાસ્ત્રો છે. તે શાસ્ત્રો જીવોમાં અસત માર્ગો તરફ મોહ ઉત્પન્ન કરે છે. આથી આ શાસ્ત્રોને અસત શાસ્ત્રો પણ કહ્યાં છે. આવાં જુદાં-જુદાં શાસ્ત્રોમાં વિરોધાભાસી વાતો હોય છે; પરિણામે સામાન્ય મનુષ્યોની બુદ્ધિ ભ્રમિત થઈ જાય છે. તેથી સ્વભાવ, રુચિ, શક્તિ અને અધિકાર કરતાં કોઈક જુદા જ માર્ગ પર ચાલવા લાગે છે. ધર્મના સત્ય તત્ત્વને જાણવામાં સામાન્ય મનુષ્યોને ભ્રમ થાય છે. આવા, ખોટા રસ્તે ચડી ગયેલા જીવોમાં પુષ્ટિજીવો પણ હોય છે. આવા પુષ્ટિજીવોને ભક્તિમાર્ગ એવા પુષ્ટિમાર્ગમાં લાવવા માટે શ્રીગુસાંઈજી તેમના ભ્રમને દૂર કરે છે, તેમને પુષ્ટિભક્તિમાર્ગનું સત્ય જ્ઞાન આપે છે. શ્રીગુસાંઈજી ભક્તપક્ષપાતી છે. તેમનું પ્રાકટ્ય પુષ્ટિજીવો માટે જ છે; તેથી તેઓ પ્રવાહી અને મર્યાદા જીવોનો ભ્રમ દૂર કરતા નથી.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીયમુનાજીના કિનારે મધ્યાહ્ન સંધ્યા કરતા હતા. તે વખતે ગોવિંદસ્વામી એક વૈષ્ણવ સાથે ત્યાં આવી પહોંચ્યા. શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં ગોવિંદસ્વામીને વિચાર આવ્યો : આ તો કોઈ કર્મકાંડી મહાપુરુષ છે. આવા કર્મકાંડ કરનારને ભગવાન કેવી રીતે મળતા હશે? શ્રીગુસાંઈજીએ સંધ્યાવંદનનું કર્મ પૂરું કર્યું. પછી ગોવિંદસ્વામીને કહ્યું : 'ગોવિંદદાસ, ક્યારે આવ્યા?' ગોવિંદસ્વામીએ કહ્યું : 'હમણાં જ આવ્યો છું.'

(૬૮) ભક્તાજ્ઞાનભિદુત્તમ:



ઠકુરાણી ઘાટ ઉપર શ્રીગુસાંઈજી આગ્રાના કાપડના વેપારી વૈષ્ણવને શ્રીસ્વામિનીજીનાં દર્શન કરાવી આજ્ઞા કરે છે :
જુઓ, તમારાં ધરેલાં વસ્ત્રો શ્રીસ્વામિનીજીએ અંગીકાર કર્યાં છે.

શ્રીગુસાંઈજી મંદિર પાછા પધાર્યા. ગોવિંદસ્વામીએ વિચાર કર્યો : તેમણે મને કોઈ દિવસ જોયો નથી, તો મને કેવી રીતે ઓળખ્યો? કેવી રીતે નામ દઈને બોલાવ્યો? ગોવિંદસ્વામી મુંઝાયા. તેઓ પણ મંદિરમાં ગયા. ત્યાં રાજભોગનાં દર્શન કર્યાં. ગોવિંદસ્વામીને શ્રીઠાકોરજીની બાલલીલાનાં સાક્ષાત્ દર્શન થયાં. ગોવિંદસ્વામીના હૃદયનો ભ્રમ દૂર થયો. તેમણે શ્રીગુસાંઈજીને કહ્યું : 'મહારાજ! આપ કપટરૂપ બતાવો છો. આપ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છો, છતાં આપ બહારથી વેદોક્ત કર્મ કરો છો.' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'ગોવિંદદાસ, ભક્તિમાર્ગ ફૂલ જેવો છે અને કર્મમાર્ગ કાંટારૂપી વાડ જેવો છે. કર્મમાર્ગની વાડ વિના ભક્તિમાર્ગના ફૂલનું જતન થઈ શકે નહીં. જતન ન થાય તો ફૂલ ખીલે નહીં.' આમ, શ્રીગુસાંઈજીએ ગોવિંદસ્વામીનો ભ્રમ દૂર કર્યો.

કીર્તન-સંગતિ :

ભજો શ્રીવલ્લભસુત કે ચરણં ।
નંદકુમાર ભજન સુખદાયક પતિતન પાવન કરણં ॥૧॥
દૂર કિયે કલિ કપટ વેદ વિધિ મન પ્રચંડ વિસ્તરણં ।
અતિ પ્રતાપ મહિમા સમાજ યજ્ઞ શોકતાપ ત્રય અઘહરણ ॥૨॥
પુષ્ટિ મર્યાદા ભજન રસ સેવા નિજજન પોષણ ભરણં ।
'નંદદાસ' પ્રભુ પ્રકટ રૂપ ધર શ્રીવિઠ્ઠલેશ ગિરિવરધરણ ॥૩॥

(૬૮) ભક્તાજ્ઞાનભિદુત્તમઃ = ભક્તાજ્ઞાનભિદુત્તમાય નમઃ

તેઓ ભક્તના અજ્ઞાનને દૂર કરે છે; તેથી તેઓ ઉત્તમ છે.

વિવરણ :

ભક્તના અજ્ઞાનને દૂર કરનાર હોવાથી તેઓ સર્વોત્કૃષ્ટ છે. ભક્તમાં પૂર્વ જન્મનું અને આ જન્મમાં પણ શરણે આવ્યા પહેલાંનું અજ્ઞાન હોય છે, તેને શ્રીગુસાંઈજી દૂર કરે છે. શરણે આવ્યા પછી, ભક્તિ પ્રાપ્ત થયા પછી, ઉત્તર દશામાં ભક્તમાં અજ્ઞાન સંભવતું નથી. ભક્તનું અજ્ઞાન દૂર કરવામાં ભક્તના કોઈપણ સાધનની અપેક્ષા શ્રીગુસાંઈજી રાખતા નથી; તેથી આપ ઉત્તમ પુરુષોત્તમ છે. શ્રીગુસાંઈજીમાં ભક્તોનું અજ્ઞાન દૂર કરવાનું સામર્થ્ય છે, તેમ તેમની કૃપાથી તે સામર્થ્ય તેમના વિશેષ કૃપાપાત્ર ભક્તોમાં પણ છે.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ શરણે આવેલા જીવોનું અજ્ઞાન ત્રણ પ્રકારે દૂર કર્યું - જે ઉત્તમ જીવો હતા, તેમને શરણે આવતાં પહેલાં સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપનાં દર્શન કરાવી, તેમનું અજ્ઞાન દૂર કર્યું. જે મધ્યમ કક્ષાના જીવો હતા, તેમને શાસ્ત્રજ્ઞાન આપી, તેમનું અજ્ઞાન દૂર કર્યું. જે સામાન્ય કક્ષાના પુષ્ટિજીવો વંશપરંપરાથી શરણે આવતા હતા, તેઓ અજ્ઞાનવશ સ્થિતિમાં શરણ સ્વીકારતા હોવા છતાં તેમને ભક્તિમાર્ગનું જ્ઞાન કરાવી, તેમનું અજ્ઞાન દૂર કર્યું.

જીવ કર્મમાર્ગ કે જ્ઞાનમાર્ગ પર પોતાના સાધન અને શક્તિથી ચાલી શકે છે; પરંતુ ભક્તિમાર્ગમાં જીવ તેના સાધન કે શક્તિથી ચાલી શકતો નથી. ભક્તિમાર્ગનું જ્ઞાન પણ જીવ પોતાની બુદ્ધિથી પામી શકતો નથી. ભક્તિમાર્ગનું જ્ઞાન કેવળ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની કૃપાથી જ થાય છે; એટલે ભગવદીયોએ ગાયું છે કે 'જોંલો હરિ આપુન પે ન જનાવે, તોલોં યહ માર્ગકો સિદ્ધાંત પઢે-સુને નહીં આવે.'

શ્રીગુસાંઈજી શરણે આવેલા જીવો પર અનહદ કૃપા કરે છે. સૌ પહેલાં તેમનું અજ્ઞાન દૂર કરી, પુષ્ટિભક્તિનું જ્ઞાન કરાવે છે. વળી, શ્રીગુસાંઈજી પોતાના ભક્તોમાં પણ પોતાનો જ્ઞાનધર્મ મૂકે છે; જેથી તે ભક્તો બીજા જીવો પર કૃપા કરી, તેમને ભક્તિમાર્ગનું જ્ઞાન કરાવે છે. આવા ભગવદીયોના સંગથી અનેક જીવો વૈષ્ણવ થયા છે.

શ્રીગુસાંઈજીના સેવક ચાચા હરિવંશજી પર શ્રીગુસાંઈજીએ આવી કૃપા કરી હતી. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી ચાચા હરિવંશજી ગામેગામ જતા. અનેક પુષ્ટિજીવોને શોધી, તેમને શ્રીગુસાંઈજી વતી કંઠી આપતા અને સેવક કરતા. ભીલ, લૂંટારા, વગેરે હીન જાતિના અનેક જીવોને ચાચા હરિવંશજીએ સાચું જ્ઞાન આપી, સેવક કરાવ્યા છે. શ્રીગુસાંઈજી આજ્ઞા કરતા કે ગુજરાતના જે ગામમાં કોઈ વૈષ્ણવ ન હોય તે ગામમાં હરિવંશજી ગયા નથી, એમ સમજવું!

(૬૯) મહાપુરુષસત્ખ્યાતિઃ



ચાચા હરિવંશજી રજપૂત અને તેની દીકરીને શ્રીગુસાંઈજીનું ધ્યાન ધરી, નામતંત્ર આપી વૈષ્ણવ કરે છે.
વૈષ્ણવ થયા પછી રજપૂતની દીકરીને શ્રીનાથજી દર્શને આપે છે અને તેનો અંગીકાર કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીના એક સેવકની આગ્રામાં કાપડની દુકાન હતી. તે વૈષ્ણવને એવો મનોરથ થયો કે જુદા-જુદા પ્રકારનું, ઉત્તમોત્તમ કાપડ લઈ, હું ગોકુળ જાઉં. શ્રીગુસાંઈજી અને તેમના પરિવારને તે કાપડમાંથી વસ્ત્રો સિદ્ધ કરી ધરાવું. તે વૈષ્ણવે બે-ત્રણ વર્ષમાં ઉત્તમોત્તમ વસ્ત્રના તાકા ભેગા કર્યા. તે લઈ, ગોકુળ ગયા. શ્રીગુસાંઈજી આગળ તે વસ્ત્રોના તાકા ધર્યા. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈ, આજ્ઞા કરી : 'વસ્ત્રોની આ ગાંસડી શ્રીસ્વામિનીજીને લાયક છે.' તેમણે એક ગાંસડી શ્રીયમુનાજીમાં પધરાવી દીધી. બીજી ગાંસડી પણ શ્રીયમુનાજીની મધ્યધારામાં પધરાવી દીધી. વૈષ્ણવ મનમાં વિચાર કરવા લાગ્યા કે બે-ત્રણ વર્ષ પછી માંડ આવાં ઉત્તમ વસ્ત્રો ભેગાં થયાં છે; પણ મારો મનોરથ મનમાં જ રહી ગયો. આવો ખેદ કરતાં રાત પસાર થઈ. તેમણે કંઈ ખાનપાન ન કર્યું.

પરમ દયાળુ શ્રીગુસાંઈજીએ મધરાતે તે વૈષ્ણવને સાથે લીધા. શ્રીહસ્તમાં મેવાનો ડબરો લીધો. શ્રીઠકુરાણીઘાટ પધાર્યા. બીજા વૈષ્ણવોને આજ્ઞા કરી : 'અમારી સાથે કોઈ આવશો નહીં.' શ્રીઠકુરાણીઘાટ ઉપર શ્રીગુસાંઈજીએ આગ્રાના વૈષ્ણવને આજ્ઞા કરી : 'જુઓ, તમારાં વસ્ત્રો શ્રીસ્વામિનીજીએ અંગીકાર કર્યાં છે.' વૈષ્ણવે આણેલાં વસ્ત્રોમાં શોભતાં શ્રીસ્વામિનીજીનાં દર્શન થયાં. શ્રીગુસાંઈજી મેવાનો ડબરો લઈ, શ્રીયમુનાજીની નિકુંજમાં પધાર્યા. ત્યાં યુગલ સ્વરૂપને ભોગ ધર્યો. પછી નૃત્ય વગેરે લીલા થઈ. આ સર્વ દર્શન શ્રીગુસાંઈજીએ તે વૈષ્ણવને કરાવ્યાં અને તેમનું અજ્ઞાન દૂર કર્યું.

કીર્તન-સંગતિ :

શ્રીવલ્લભલાલ કે ગુણ ગાઉં ।
માધુરી માધુરી મૂરતિ દેખે આનંદ સદન
મદન મોહન નિરખ નૈન ચેન પાઉં ॥૧॥
શ્રીવલ્લભનંદન જગત વંદન શીતલ ચંદન
તાપહરણ યેહી મહાપ્રભુ
ઈષ્ટકરણ ચરણન ચિત્ત લાઉં ।
'છીતસ્વામી' મન વચ કર્મ પરમ ધર્મ
યેહી મેરે લાડિલો લડાઉં ॥૨॥

•

(૬૯) મહાપુરુષસત્ખ્યાતિઃ = મહાપુરુષસત્ખ્યાતયે નમઃ

તેમની ખ્યાતિ મહાપુરુષોમાં પ્રસિદ્ધ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીની ખ્યાતિ મહાપુરુષોમાં તેમના સમયમાં અને વર્તમાન સમયમાં પ્રસિદ્ધ છે. એવી જ રીતે શ્રીગુસાંઈજીથી મહાપુરુષોની ખ્યાતિ પણ પ્રસિદ્ધ છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીના સમકાલીન સર્વ મહાપુરુષો શ્રીગુસાંઈજીને સારી રીતે જાણતા હતા. શ્રીગુસાંઈજીની કીર્તિ ઘણી પ્રસિદ્ધ હતી; તેથી વૃંદાવનના શ્રીકૃષ્ણ ચૈતન્ય સંપ્રદાય અને અન્ય સંપ્રદાયના આચાર્યો તથા વિદ્વાનો, કલાકારો અને રાજાઓ - સૌ શ્રીગુસાંઈજીને મળવા ગોકુળમાં સામે આવતા.

શ્રીગુસાંઈજી પણ તે સૌને ઘણું માન આપતા. તેમની કીર્તિ વધે, એવી રીતે તે સૌનો આદર-સત્કાર કરતા. અન્ય વૈષ્ણવ સંપ્રદાય પૈકીના જેમને-જેમને ભગવલ્લીલાનો અનુભવ થતો, તે સૌનાં રચેલાં પદો શ્રીગુસાંઈજી શ્રીનાથજી સન્મુખ ગાવા માટે તેમને આજ્ઞા આપતા અને તેમનાં પદોની પ્રશંસા કરતા. અકબરના રાજગવૈયા તાનસેનના સંગીતની પણ શ્રીગુસાંઈજીએ કદર કરી હતી. શ્રીગુસાંઈજીના ભક્તો દ્વારા શ્રીગુસાંઈજીની ખ્યાતિ જગતમાં વિશેષ પ્રસરી હતી. ચાચા હરિવંશજી જેવા અનેક ભગવદીયોએ શ્રીગુસાંઈજીની ખ્યાતિ વધારવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત ચાચા હરિવંશજી ગુજરાતમાં પધાર્યા. રસ્તામાં એક રજપૂત તેમની દીકરીને સાસરેથી તેના ઘેર લઈ જતો હતો. તે દીકરી લીલાનો જીવ હોવાથી ચાચાજીની દૃષ્ટિમાં અલૌકિક સ્વરૂપે દેખાઈ. ચાચાજીએ વિચાર કર્યો : 'આ સામગ્રી શ્રીનાથજીને લાયક છે.' પરંતુ શ્રીનાથજી વૈષ્ણવ વિનાનાનો શી રીતે અંગીકાર કરે? રજપૂતની દીકરીને શ્રીનાથજીએ પ્રેરણા

(૭૦) મહાપુરુષવિગ્રહઃ



શ્રીરુક્મિણીવહુજી શ્રીગુસાંઈજીને પૂછી રહ્યાં છે : ‘આપનાં નેત્ર કેમ દુઃખે છે?’ ■ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે : ‘હરિવંશને આજે ગુજરાતનો પ્રવાસ કરતાં ઠોકર વાગી છે. તેનો પગ ખૂબ દુઃખે છે. તેથી એના દુઃખે આજે મારાં નેત્ર દુઃખે છે.’

કરી. તેને વૈષ્ણવ થવાની ઉત્કંઠા જાગી. તેણે ચાચાજીને કહ્યું : ‘મને વૈષ્ણવ કરો.’ ચાચાજીએ શ્રીગુસાંઈજીનું ધ્યાન ધરી, બાપ-બેટી બંનેને નામ-મંત્ર આપી, તુલસીકંઠી પહેરાવી. પછી બાપબેટી ચાચાજી સાથે તેમને ઘેર ગયાં. રાત્રે ચાચાજીએ શ્રીનાથજીને વિનંતી કરી : ‘આ સામગ્રી ઉત્તમ છે. આપ અહીં પધારી, તેનો અંગીકાર કરો.’ ચાચાજીની વિનંતીથી શ્રીનાથજીએ તેનો અંગીકાર કર્યો. તે રજપૂતની દીકરીને સવારે તાવ આવ્યો. ભગવલ્લીલામાં પ્રાપ્ત થઈ. ચાચાજીએ શ્રીગુસાંઈજીને આ સમાચાર આપ્યા. ચાચાજી ગુજરાતથી પાછા આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘પ્રભુને વિનંતી કરતી વખતે સેવકે વિચાર કરવો જોઈએ કે પ્રભુને તેમાં શ્રમ થશે કે નહીં? તે રજપૂતાણીની લીલામાં પ્રાપ્તિ થઈ; પરંતુ શ્રીઠાકોરજી તો બાળક છે. તેમને પરિશ્રમ ન પડે, તેનો વિચાર કરવો.’

ચાચાજી જેવા સમર્થ ભગવદીયની મહાનતા આ પ્રસંગથી સમજાય છે. ચાચાજી જેવા પરમ ભગવદીયને પણ અલૌકિક કાર્યમાં શ્રીઠાકોરજીના શ્રમનો વિચાર કરવાની શ્રીગુસાંઈજીએ અલૌકિક શિક્ષા આપી. આપનું આવું અલૌકિક મહાપુરુષત્વ ચાચાજી જેવા અંતરંગ ભક્તો સિવાય બીજું કોણ સમજી શકે?

કીર્તન-સંગતિ :

બલબલ હોં તનક તનક ડારોં
ઈન પર જે રહે નિશદિન ચરણનનેરે ।
જીવન મુક્ત સદા તેહી જન
જો શ્રીવલ્લભનંદનકે ચેરે ॥૧॥

તિનકી મહિમા મોપેં વરણી ન જાઈ
જિનતન હંસહંસ હેરે ।
‘ચતુર’ કહે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુસોં હમેં
હૂં ગિનીયે તિનમે ભલેબૂરે તો તેરે ॥૨॥

●

શ્રીગુસાંઈજીની ખ્યાતિ મહાપુરૂષોમાં તેમના સમયમાં અને વર્તમાન સમયમાં પ્રસિધ્ધ છે. એવી જ રીતે શ્રીગુસાંઈજીથી મહાપુરૂષોની ખ્યાતિ પણ પ્રસિધ્ધ છે.

(૭૦) મહાપુરુષવિગ્રહઃ =
મહાપુરુષવિગ્રહાય નમઃ
મહાપુરુષો માટે જ તેમનું શ્રીઅંગ છે.

વિવરણ :

અનેક મહાપુરુષો ભગવાન સાથેનો શ્રીગુસાંઈજી દ્વારા સંબંધ થતાં ભગવદીયો બન્યા છે. તેમને માટે જ શ્રીગુસાંઈજીનું શ્રીઅંગ છે; અર્થાત્ તેમના માટે જ શ્રીગુસાંઈજી પ્રકટ થયા છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીના પ્રાકટ્યનો હેતુ ભક્તોને ભક્તિનું દાન કરવાનો છે. તેમના પ્રાકટ્યનું અન્ય કોઈ પ્રયોજન નથી. લીલામાંથી વિખૂટા પડેલા દૈવી જીવોનો ઉદ્ધાર કરી, તેમને ફરી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવવા શ્રીગુસાંઈજી પૃથ્વી પર પધાર્યા છે. શ્રીમહાપ્રભુજીનું બાકી રહેલું કાર્ય શ્રીગુસાંઈજી પરિપૂર્ણ કરે છે. તેમના દ્વારા ઘણા મહાપુરુષો શરણે આવ્યા છે. ભગવદીયો તરીકે તેઓ જગતમાં પ્રસિદ્ધ થયા છે. તેમના પ્રત્યેક શ્રીઅંગમાં અનેક ભગવદીયો વસેલા છે; તેથી તેમનું શ્રીઅંગ ભગવદીયોથી જ પરિપૂર્ણ છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીરુક્મિણીવહુજી સાથે બિરાજ્યા હતા. વાતવાતમાં શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘બધા વૈષ્ણવો મારા છે. એ બધા મારાં વિવિધ અંગોનાં વિવિધ સ્વરૂપ છે.’ શ્રીરુક્મિણીવહુજીએ પૂછયું : ‘ચાચા હરિવંશજી આપના કયા અંગનું સ્વરૂપ છે?’ શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘હરિવંશ મારા નેત્રની કીકી છે.’ થોડા દિવસ પછી શ્રીગુસાંઈજીનાં નેત્ર દુઃખવા આવ્યાં. શ્રીરુક્મિણીવહુજીએ પૂછયું : ‘આપનાં નેત્ર કેમ દુઃખે છે?’ શ્રીગુસાંઈજીએ કહ્યું : ‘હરિવંશને આજે ગુજરાતમાં પ્રવાસ કરતાં ઠોકર વાગી છે. તેનો પગ ખૂબ દુઃખે છે; તેથી મારાં નેત્ર દુઃખે છે.’ જ્યારે ચાચાજીને પગનું દુઃખ મટી ગયું, ત્યારે શ્રીગુસાંઈજીનાં નેત્ર દુઃખરહિત બન્યાં.

(૭૧) દર્શનીયતમઃ



અત્યંત સુંદર એવા શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં બંગાળના દિવાન નારાયણદાસ દેહાનુસંધાન ભૂલી આપશ્રીનાં ચરણોમાં પડી જાય છે.

કીર્તન-સંગતિ :

શ્રીવલ્લભનંદન રૂપ અનુપ
સ્વરૂપ કહ્યો ન જાય ।
પ્રગટ પરમાનંદ ગોકુલ બસત હૈ
સબ જગત કે સુખદાય ॥૧॥

ભક્તિ મુક્તિ દેત સબન કો
નિજજન કો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખમેં સુખરૂપ સુખદ એક રસના
કહાં લો બરનો 'ગોવિંદ' બલિ જાય ॥૨॥

●

(૭૧) દર્શનીયતમઃ =
દર્શનીયતમાય નમઃ
તેઓ અત્યંત સુંદર છે.

વિવરણ :

તેઓ અત્યંત સુંદર, મનોહર, દર્શનીય છે.

વિવરણભાષ્ય :

તેમનું સૌંદર્ય અલૌકિક, મનોહર અને સુંદર છે. જેમણે-જેમણે તેમનાં દર્શન કર્યાં છે, તે સૌનાં મન, ભ્રમરની જેમ, તેમના સ્વરૂપમાં લાગી ગયાં છે. અલૌકિક રીતે પણ તેઓ 'રસો વૈ સઃ' છે. તેમનું મનુષ્યરૂપ પણ અત્યંત લાવણ્યયુક્ત છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

બંગાળના દિવાન નારાયણદાસને શ્રીગુસાંઈજીના દર્શનની ઘણી આર્તિ રહેતી; તેથી મુરારીદાસ નામના એક વૈષ્ણવે શ્રીગુસાંઈજીને અડેલ વિનંતીપત્ર લખી મોકલ્યો. નારાયણદાસ નાવ લઈ સામે ગયા. શ્રીગુસાંઈજી પણ નારાયણદાસને દર્શન આપવા સામે પધાર્યા. દર્શન થતાં જ નારાયણદાસ દેહાનુસંધાન ભૂલી ગયા. અન્ય વૈષ્ણવોએ નારાયણદાસને પકડી રાખ્યા; નહીં તો તેઓ પડી જાત. નારાયણદાસનું મન શ્રીગુસાંઈજીમાં ચોંટી ગયું. શ્રીગુસાંઈજીએ નારાયણદાસના કાનમાં અષ્ટાક્ષર મંત્ર સંભળાવી, તેમને સચેત કર્યા. તેમના નિગૂઢ હૃદયનો આશય અનન્ય ભક્તો જ જાણી શકે છે. આવા અનન્ય ભક્ત પદ્મનાભદાસજી થઈ ગયા. તેમણે શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપનું ગાન કર્યું છે :

હેલી રસમય શ્રીવલ્લભસુત પ્રકટ ભયે આજ ।
અંગઅંગ દ્યુતિ તરંગ મધુરાવલિ કેલિ
પ્રસંગ દૃગ વિશાલ ભ્રોંહ ભાલ કમનીય સાજ ॥
લીલા અમૃત રસાલ પ્રેમ ભક્તિ કે પ્રતિપાલ
સ્મરણ કરે નિહાલ ભાવકી બાંધે પાજ ।
'પદ્મનાભ' વાગધીશ કુંવર કેલિ કલ અખિલ
અવગાહત પ્રેમસિંધુ વ્રજજન શિરતાજ ॥

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ મંગલ રૂપ નિધાન ।
કોટિ અમૃત સમ હંસ મૃદુ બોલત સબકે જીવન પ્રાણ ॥૧॥

કરુણાસિંધુ ઉદાર કલ્પતરુ દેત અભય પદદાન ।
શરણ આયેકી લાજ ચહૂં દિશ બાજે પ્રકટ નિશાન ॥૨॥

તુમારે ચરણકમલ કે મકરંદ મન મધુકર લપટાન ।
'નંદદાસ' પ્રભુ દ્વારે રટતહેં રુચત નાહીં કછુઆન ॥૩॥

●

(૭૨) વાગ્મી = વાગ્મયે નમઃ
તેમની વાણી યુક્તિ કૌશલ્યપૂર્ણ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીની વાણી યુક્તિ કૌશલ્યથી ભરેલ છે. તેઓ ન્યાયવિદ છે; તેથી યુક્તિપૂર્વક બોલે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી શ્રીશ્રુતિરૂપા સ્વામિનીજીનું સ્વરૂપ છે. વેદની શ્રુતિઓ ભગવદ્‌વાણી હોવાથી વિદ્વાનોને માટે પણ રહસ્યમય છે. વળી, સૂત્રાત્મક પણ છે. એટલે શ્રીગુસાંઈજીની વાણી પણ

(૭૨) વાગ્મી



'ઇશ્વર કેવી રીતે મળે' આ પ્રશ્નનો જવાબ મેળવવા બાદશાહ અકબર શ્રીગુસાંઇજી પાસે આવ્યા છે.
શ્રીગુસાંઇજી ચતુરાઇપૂર્વક જવાબ આપે છે : 'જેમ તમે અમને મળ્યા તેમ ઇશ્વર મળે.'

રહસ્યપૂર્ણ અને ઓજસપૂર્ણ છે. તેઓ નિષ્કારણ કશું બોલતા નથી. તેમની વાણીમાં ન્યાય અને તર્ક વિશેષ પ્રમાણમાં પ્રકટ થાય છે; કારણ તેઓ વાક્પતિ શ્રીવલ્લભના પુત્ર અને શ્રુતિરૂપા છે. તેઓ પણ વાણીના ઈશ છે. તેમની વાણી વિદ્વદ્ભોગ્ય, અર્થગંભીર અને આલંકારિક છે. તે વાણી ભક્તોને અમૃતનો રસાસ્વાદ કરાવે છે, બીજાઓને મુગ્ધ કરે છે. તેમની વાણીથી અન્ય મતના વિદ્વાનો પરાજીત થાય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

મોગલ બાદશાહ અકબરે એક વખત બીરબલને પ્રશ્ન કર્યો: ‘બીરબલ, ઈશ્વર કેવી રીતે મળે?’ બીરબલે બાદશાહને અનેક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ બાદશાહના મનનું સમાધાન ન થયું. તેઓ બીરબલ ઉપર નારાજ થયા; તેથી બીરબલ ઉદાસ થયો. બીરબલની ચતુર બેટી શોભાવતીએ ઉદાસીનતાનું કારણ પૂછયું. બીરબલે સર્વ હકીકત કહી. શોભાવતી શ્રીગુસાંઈજીની સેવક હતી. તેણે કહ્યું : ‘હું શ્રીગુસાંઈજીને આ પ્રશ્ન પૂછી જોઈશ.’ તેણે શ્રીગુસાંઈજીને પૂછયું. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘પ્રશ્ન બાદશાહનો છે, માટે તેઓ મારી પાસે આવશે તો હું તેમને જવાબ આપીશ.’ બીરબલે બાદશાહને આ વાત કહી.

અકબર બાદશાહ ઉત્તર મેળવવા આતુર હતા; તેથી એકલા જ ઘોડેસ્વાર થઈ, ગોકુળ ગયા. ત્યાં શ્રીઠકુરાણીઘાટ ઉપર બિરાજતા શ્રીગુસાંઈજીને આ પ્રશ્ન પૂછયો. શ્રીગુસાંઈજીએ એક જ વાક્યમાં જવાબ આપ્યો : ‘જેમ તમે અમને મળ્યા, તેમ.’ બાદશાહને સમજણ ન પડી. શ્રીગુસાંઈજીએ સ્પષ્ટતા કરી : ‘તમે દિલ્હીપતિ છો. અમે તમારી પ્રજા છીએ. તમને મળવા અમે ગમે તેટલા પ્રયત્ન કરીએ, છતાં તમારી ઈચ્છા ન હોય તો તમે ન મળો; પરંતુ તમને ઈચ્છા થાય તો અમારું કંઈ ચાલે નહીં. તમે સામે આવીને મળો; તેમ ભગવાન કરોડો સાધન કરવાથી પણ મળતા નથી, પરંતુ જીવ પર કૃપા કરે ત્યારે સામે પગલે તેને મળે છે.’ આ સાંભળી બાદશાહ ઘણા પ્રસન્ન થયા. શ્રીગુસાંઈજીની આવી વાક્ચાતુરી છે.

બાદશાહ અકબરે શ્રીગુસાંઈજીને એક કિંમતી મણિ ભેટ કર્યો. બાદશાહે કહ્યું : ‘આ મણિ રોજ સોનું આપે છે.’ શ્રીગુસાંઈજીએ બાદશાહને ત્રણ વખત પૂછયું : ‘તમે અમને આ મણિ આપી દીધો?’ બાદશાહે હા કહી. શ્રીગુસાંઈજીએ તે મણિ શ્રીયમુનાજીમાં પધરાવી દીધો; તેથી બાદશાહ નારાજ થયો. શ્રીગુસાંઈજીએ કહ્યું : ‘તમે મને મણિ આપી દીધો છે, હું જેમ ચાહું તેમ કરું.’ શ્રીગુસાંઈજીએ બાદશાહને કહ્યું : ‘તમે શ્રીયમુનાજીમાં હાથ નાખી, તમારો મણિ લઈ લો.’ બાદશાહે હાથ નાખતાં તેમાં અનેક મણિ આવ્યા. તે પોતાનો મણિ ઓળખી ન શક્યો. શ્રીગુસાંઈજીમાં આવો ત્યાગ અને વાણીની ચતુરાઈ જોઈ, અકબર બાદશાહ નમી પડ્યો.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલજુકે ચરન કમલ ભજ રે
મન જો ચાહે પરમારથ ।
મારગ વામ કામ હિત કારન
સબ પાખંડ કીજે ઉદારથ ॥૧॥

દેવી દેવ દેવતા હરિબીનુ
સબ કોઉ જગત આપુન સ્વારથ ।
શ્રીભાગવત ભજન રસ મહિમા-
શ્રીમુખ બચન કહે જુ યથારથ ॥૨॥

તિનલોક વંદિત યહ મારગ
જીવ અનેક કીયે જુ કૃતારથ ।
‘સગુણદાસ’ શરણ આયે
બિનુ ખોયે દિન પાછલે અકારથ ॥૩॥

•

શ્રીગુસાંઈજી શ્રીશ્રુતિરૂપા સ્વામિનીજીનું સ્વરૂપ છે. વેદની શ્રુતિઓ ભગવદ્વાણી હોવાથી વિદ્વાનોને માટે પણ રહસ્યમય છે. વળી, સૂત્રાત્મક પણ છે. એટલે શ્રીગુસાંઈજીની વાણી પણ રહસ્યપૂર્ણ અને ઓજસપૂર્ણ છે. તેઓ નિષ્કારણ કશું બોલતા નથી. તેમની વાણીમાં ન્યાય અને તર્ક વિશેષ પ્રમાણમાં પ્રકટ થાય છે; કારણ તેઓ વાક્પતિ શ્રીવલ્લભના પુત્ર અને શ્રુતિરૂપા છે. તેઓ પણ વાણીના ઈશ છે.

(૭૩) માયાવાદનિરાસકૃત્



શ્રીગુસાંઈજી તેમની પાસે શાસ્ત્રાર્થ કરવા આવેલા માયાવાદી પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી, સૌને નિરુત્તર કરી રહ્યા છે.

(૭૩) માયાવાદનિરાસકૃત્ =
માયાવાદનિરાસકૃતે નમઃ
તેઓ માયાવાદને નિરુત્તર કરનારા છે.

વિવરણ :

માયાવાદીઓએ જગતને માયારૂપ કહ્યું છે. જગતને તેઓ મિથ્યા માને છે. શ્રીગુસાંઈજીએ બ્રહ્મવાદના સિદ્ધાંતોથી આવા માયાવાદનું ખંડન કરી, તેને મિટાવ્યો છે.

વિવરણભાષ્ય :

માયાવાદીઓએ વેદ, બ્રહ્મસૂત્ર, ગીતાનાં અયોગ્ય અર્થઘટન કર્યાં છે. તેમની માન્યતા મુજબ તેમણે તેમાંથી અર્થ તારવી, બ્રહ્મ સત્ય છે પરંતુ જગત મિથ્યા છે; કારણ કે માયાજનિત છે, એવું પ્રતિપાદન કર્યું છે. વેદ આ માયાવાદના સિદ્ધાંત સાથે સંમત નથી. આવા ભ્રામક સિદ્ધાંતો માયાવાદીઓએ સ્થાપ્યા હતા અને તેનો પ્રચાર કર્યો હતો. લોકમાનસમાં આવો ભ્રામક સિદ્ધાંત તે સમયમાં દૃઢ થઈ ગયો હતો.

ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને વધારે દૃઢ કર્યો. પોતાના અનેક ગ્રંથો દ્વારા માયાવાદના સિદ્ધાંતોનું ખંડન કર્યું. તેમનો 'વિદ્વન્મંડન' ગ્રંથ અતિ પ્રસિદ્ધ છે. તેમાં તેઓ સમજાવે છે કે વેદ અનુસાર બ્રહ્મ જ એક અને અદ્વિતીય છે. તે જ નિર્ગુણ પરબ્રહ્મ છે. બ્રહ્મમાં જ સર્વ રસ, સર્વ સત્તા, સર્વ આનંદ અને સર્વ ધર્મ નિરંતર વિદ્યમાન છે. બ્રહ્મને જ ઉપનિષદે સદાનંદ કૃષ્ણ નામથી ઓળખાવ્યા છે. આ પરબ્રહ્મ પોતાની અંદર સ્થિતિ, પોતાની અનંત શક્તિઓની સાથે આંતર રમણ કરતા, પોતાના આનંદનો ઉપભોગ કરે છે. રસાત્મક પરબ્રહ્મને બાહ્ય રૂપે વિલસવાની ઈચ્છા થઈ ત્યારે પોતાની અંદર રહેલા આનંદ અને સૌંદર્યને બહાર પ્રકટ કર્યા. આમ, લીલામય શ્રીપુરુષોત્તમના શ્રીઅંગ-માંથી સમસ્ત પુષ્ટિ સૃષ્ટિનો આવિર્ભાવ થયો. નિર્ગુણ પરબ્રહ્મ પોતાનામાં રહેલા આંતર ધર્મોને બહાર પ્રકટ કરી, સગુણ પુરુષોત્તમ રૂપે અનેક લીલાઓ કરતાં પોતાના જ આનંદને પોતે માણવા લાગ્યા. જગત તેમનું જ આધિભૌતિક સ્વરૂપ છે; તેથી જગત સત્ય છે, માયાજનિત નથી. આમ, શ્રીગુસાંઈજીએ સાકાર બ્રહ્મવાદ પૃથ્વી પર પ્રવર્તાવ્યો.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજી પાસે કાશીમાં, અડેલમાં અને ગોકુલમાં અનેક માયાવાદી પંડિતો શાસ્ત્રાર્થ કરવા માટે આવતા હતા. તેમને શ્રીગુસાંઈજી શાસ્ત્રાર્થમાં પરાજિત કરતા હતા. શ્રીગુસાંઈજીએ શુદ્ધાદ્વૈત સાકાર બ્રહ્મવાદ સમજાવવા ગ્રંથ લખવાની ઈચ્છા કરી. શાસ્ત્રગંથ લખવા માટે પૂર્વપક્ષ કરનાર જોઈએ. તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજી ઘણા જ વિદ્વાન અને શાસ્ત્રમર્મજ્ઞ હતા. શ્રીગુસાંઈજીએ તેમને આજ્ઞા કરી : 'તમે માયાવાદીની જેમ પૂર્વપક્ષ કરો, તમારા પ્રશ્નના જવાબમાં હું ઉત્તરપક્ષ રૂપે ગ્રંથલેખન કરું.' આમ, શ્રીગુસાંઈજીની સામે બિરાજી, શ્રીગિરિધરજીએ પૂર્વપક્ષ રજૂ કર્યો. શ્રીગુસાંઈજીએ તેના જવાબમાં 'વિદ્વન્મંડન' ગ્રંથ લખ્યો.

કીર્તન-સંગતિ :

જયતિ નાથ વિઠ્ઠલ નવલ
ચારુલોચન કમલ અમલ રસ તાહિકો સર્વવ્યાપી ।
જીત માયાવાદ દશોંદિશ વિધ્વંસ
કર લાલ ગિરિધરન દૃઢ ભક્તિ થાપી ॥૧॥

જયતિ શુક વચન શ્રુતિ વચન
તાહિકો સાર ભજન વિસ્તાર કર કૃષ્ણજાપી ।
અભયદીનોં લેખ હરિદાસ વર્ય
ભેખ 'કૃષ્ણદાસ' પંચવરણ છાપછાપી ॥૨॥

•

શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને વધારે દૃઢ કર્યો. પોતાના અનેક ગ્રંથો દ્વારા માયાવાદના સિદ્ધાંતોનું ખંડન કર્યું. તેમનો 'વિદ્વન્મંડન' ગ્રંથ અતિ પ્રસિદ્ધ છે. તેમાં તેઓ સમજાવે છે કે વેદ અનુસાર બ્રહ્મ જ એક અને અદ્વિતીય છે. તે જ નિર્ગુણ પરબ્રહ્મ છે. બ્રહ્મમાં જ સર્વ રસ, સર્વ સત્તા, સર્વ આનંદ અને સર્વ ધર્મ નિરંતર વિદ્યમાન છે.

(૭૪) સદાપ્રસન્નવદનઃ



એક ભોળા પટેલ વૈષ્ણવ શ્રીગુસાંઈજીને કાકાજી કહીને બોલાવે છે ત્યારે, આપશ્રી તેને ટોકવાને બદલે પ્રસન્ન મુખારવિંદે દર્શન આપે છે. તેની સાથે ગુજરાતીમાં વાત કરે છે.

(૭૪) સદાપ્રસન્નવદનઃ =
સદાપ્રસન્નવદનાય નમઃ
તેમનું મુખારવિંદ હંમેશાં પ્રસન્ન હોય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીનું મુખારવિંદ સદા પ્રસન્ન જણાય છે. તેમના મુખારવિંદનાં દર્શન કરી, ભક્તોનાં મુખ પણ પ્રસન્ન રહે છે.

વિવરણભાષ્ય :

'શ્રીપુરુષોત્તમ સહસ્ર નામ'ના પ્રારંભમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે : 'શ્રીકૃષ્ણની બધી લીલાઓ આનંદમય છે. કારણ, શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ છે, તેથી તેમનું વદનકમળ પણ હંમેશાં પ્રસન્ન અને પ્રફુલ્લિત હોય છે. શ્રીગુસાંઈજી પણ પુરુષોત્તમસ્વરૂપ હોવાથી તેમની સર્વ લીલાઓ આનંદમય છે. તેઓ સાક્ષાત્ આનંદનું સ્વરૂપ છે; તેથી તેમના મુખારવિંદ પર હંમશાં પ્રસન્નતાનાં દર્શન થાય છે. સ્મિતસભર લાવણ્યયુક્ત મુખારવિંદનાં દર્શન કરી, ભક્તો ઘણા પ્રસન્ન થાય છે. તે દર્શનથી ભક્તોના સર્વ પ્રકારનાં પાપ નિવૃત્ત થાય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

બે પટેલ ભાઈઓ શ્રીગુસાંઈજીના સેવક હતા. તેમાં એક ભાઈ ઘણો ભોળો હતો. તે શ્રીગુસાંઈજીનું નામ પણ જાણતો ન હતો. શ્રીગુસાંઈજીનાં બાળકો તેમને 'કાકાજી' કહેતા, એટલે આ ભોળો પટેલ પણ તેમને કાકાજી કહેતો. જ્યારે તે શ્રીગુસાંઈજીને કાકાજી કહે, ત્યારે શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થતા. ઘણા વૈષ્ણવો એ ભોળા પટેલને ટોકતા કે આપણાથી શ્રીગુસાંઈજીને કાકાજી ન કહેવાય, કૃપાનાથ કહેવા જોઈએ; પરંતુ એ ભોળા વૈષ્ણવનો સરળ ભાવ જોઈ, શ્રીગુસાંઈજીનું હૃદય ઘણું દ્રવિત થતું. તેઓ વૈષ્ણવોને આજ્ઞા કરતા : 'આ ભોળા વૈષ્ણવને કોઈ ટોકશો નહીં કે રોકશો નહીં.' શ્રીગુસાંઈજી આ ભોળા વૈષ્ણવ સાથે ગુજરાતીમાં જ વાત કરતા. તે આવતો ત્યારે શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થતા. શ્રીગુસાંઈજીના પ્રસન્ન મુખારવિંદનાં દર્શન સૌ વૈષ્ણવોને થતાં.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલનાથ આનંદ કંદ ।
પ્રકટ પુરુષોત્તમ શ્રીવ્રજમેં દેખ દ્વિજવર ચંદ ॥૧॥
તબ વ્રજ યશોદા નંદ કહિયત અબ શ્રીવલ્લભનંદ ।
તબ ધર્યો નટવર ભેખ ગિરિધર
અવનિ શ્રુતિ પથ છંદ ॥૨॥
જબ બકી આદિ અનેક ચારતિ મેટ સબ દુઃખદ્વંદ ।
અબ કૃપાકર હરે પ્રભુ પાપ 'માણિકચંદ' ॥૩॥

●

(૭૫) મુગ્ધસ્મિતમુખામ્બુજઃ =
મુગ્ધસ્મિતમુખામ્બુજાય નમઃ
તેમનું મુખકમળ સુંદર હાસ્યવાળું છે.

વિવરણ :

તેમનું મુખકમળ સુંદર હાસ્યવાળું છે. મુગ્ધ હાસ્યવાળા મુખકમળનાં દર્શન કરતાં ભક્તોનાં હૃદય પ્રસન્ન થાય છે. કોઈક વખત શ્રીગુસાંઈજી પણ ભક્તોની મુગ્ધતા જોઈ હાસ્ય કરે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી જ્યારે અતિ પ્રસન્ન થાય છે, ત્યારે કેવળ મંદ સ્મિત નથી કરતા; પણ ખડખડાટ હાસ્ય કરે છે. તે સમયે તેમનું મુખકમળ પૂર્ણ વિકસિત કમળ જેવું સુંદર લાગે છે! તેમની આવી અત્યંત પ્રસન્નતાનાં દર્શન કરી, ભક્તોનાં હૃદય પણ કમળની જેમ ખીલી, પ્રસન્ન થાય છે. તેમની પાસે આવતા ઘણા ભક્તો મુગ્ધ ભાવવાળા હોય છે. તેમનો મુગ્ધ ભાવ જોઈ, શ્રીગુસાંઈજી હાસ્ય કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

કાયસ્થ જ્ઞાતિના બાપ-બેટા દિલ્હીમાં બાદશાહની નોકરી કરતા હતા. એક દિવસ તેઓ કોઈક કામ પ્રસંગે ગોકુળ આવ્યા. ત્યાં ઠકુરાણીઘાટ ઉપર તેમને શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં. તે

(૭૫) મુગ્ધસ્મિતમુખામ્બુજઃ



ઠકુરાણીઘાટ ઉપર બિરાજેલા શ્રીગુસાંઈજીનાં દર્શને આવેલા, કાયસ્થ બાપબેટાને જોઈને આપશ્રી સ્મિત કરે છે, ત્યારે તેઓ આપશ્રીને એ સ્મિતનું કારણ પૂછે છે.

બંનેને જોઈ, શ્રીગુસાંઈજીએ સ્મિત કર્યું. બાપ-બેટાએ પૂછ્યું : 'અમને જોઈને આપ કેમ હસ્યા?' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'અમે તો અમારા સેવકો સાથે વાત કરતાં હસતા હતા.' બાપ-બેટાને આ જવાબથી સંતોષ ન થયો. તેમણે હાસ્યનું કારણ જાણવાનો આગ્રહ ચાલુ રાખ્યો. શ્રીગુસાંઈજીએ કૃપા કરી કહ્યું: 'તમે તમારો જન્મ ભવસાગરમાં આમ તેમ અથડાઈને ગુમાવી રહ્યા છો, એ જોઈને અમને હસવું આવ્યું.'

શ્રીગુસાંઈજીએ બાપ-બેટાને તેમના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. તેઓ શરણે આવ્યા. આગળ જતાં ઉચ્ચ કોટિના ભગવદીય બન્યા. આ જ દેહથી તેમને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો. આમ, શ્રીગુસાંઈજીના મુગ્ધ સ્મિતમાં જીવોને ભગવત્પ્રાપ્તિ કરાવવાનું અપરંપાર સામર્થ્ય રહેલું છે.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલનાથ પાલને ઝૂલે
માત અક્કાજુ ઝુલાવે હો ।
નિરખ નિરખ મુખ કમલ મનોહર
આનંદ ઉર ન સમાવે હો ॥૧॥

કબહુક સુરંગ ખિલોના લે લે
બહુ વિધ લાલ ખિલાવે હો ।
નિરખિ નિરખિ મુસિકાય શ્રીવિઠ્ઠલ
દ્વે દતિયાં દરસાવે હો ॥૨॥

સહજ તિલક મૃગમદ લિલાટ પર
કઠુલા કંઠ બનાવે હો ।
'માધોદાસ' ચરનરજ વંદિત દ્વારે
સદા ગુણ ગાવે હો ॥૩॥

●

શ્રીગુસાંઈજી જ્યારે અતિ પ્રસન્ન થાય છે. ત્યારે કેવળ મંદ સ્મિત નથી કરતા; પણ ખડખડાટ હાસ્ય કરે છે. ત્યારે તેમનું મુખકમળ પૂર્ણ વિકસિત કમળ જેવું સુંદર લાગે છે! તેમની આવી અત્યંત પ્રસન્નતા-નાં દર્શન કરી, ભક્તોનાં હૃદય પણ કમળની જેમ ખીલી, પ્રસન્ન થાય છે.

(૭૬) પ્રેમાર્દ્રદૃગ્વિશાલાક્ષઃ = પ્રેમાર્દ્રદૃગ્વિશાલાક્ષાય નમઃ

તેમનાં વિશાળ નેત્રો પ્રેમભીની દૃષ્ટિવાળાં છે.

વિવરણ :

પ્રેમભીની દૃષ્ટિવાળાં ભક્તો ઉપર શ્રીગુસાંઈજી તેમનાં દયાભર્યાં દીર્ઘ નેત્રો સ્થિર કરે છે, ત્યારે તેમના મુખારવિંદને જોઈ, તે ભક્તો પ્રસન્ન થાય છે. શ્રીગુસાંઈજી પણ આવા ભક્તોને નિરખીને અવર્ણનીય રસનું દાન કરે છે. તેમની દૃષ્ટિ જ એવી છે કે જેના પર પડે તે અલૌકિક રસ પામવા માટે ભાગ્યશાળી બને. આ નામનું તાત્પર્ય વાણીથી વર્ણવી શકાય તેવું નથી, લખ્યું લખી શકાય નહીં; એ તો મહા અનુભવીઓ જ જાણે. આ દૃષ્ટિનો રસ જે ભાગ્યશાળીઓએ અનુભવ્યો છે, તેઓ જ તે જાણે છે.

વિવરણભાષ્ય :

શ્રીદેવકીનંદનજી આ નેત્રોનું વર્ણન કરવા પોતાની અશક્તિ વ્યક્ત કરે છે. તે માત્ર અનુભવૈકગમ્ય છે; તેથી તેનું વર્ણન જો શ્રીદેવકીનંદનજી જેવા શ્રીવલ્લભવંશજ આચાર્ય ન કરી શકે, તો આ સામાન્ય જીવ તેનું વર્ણન કેવી રીતે કરે?

વાર્તા-ચરિત્ર-સંગતિ :

જે-જે પુષ્ટિજીવો કોઈ ને કોઈ પ્રકારે શ્રીગુસાંઈજીની સન્મુખ આવતા, તે-તે જીવો ઉપર શ્રીગુસાંઈજી પ્રેમભરી દૃષ્ટિ સ્થિર કરતા. તે સાથે જ તે જીવોનું અજ્ઞાન દૂર થતું. તેમને શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપનો અનુભવ થતો અને તેઓ શરણે આવતા. અનેક પતિત પાપી મૂળ જીવોને શ્રીગુસાંઈજીએ આ રીતે ભગવદીય બનાવ્યા છે. નંદદાસજી, છિતસ્વામી, આશકરણજી, ગોવિંદસ્વામી જેવા અનેક જીવોની વાર્તાઓ આનાં પ્રમાણ છે.

(૭૬) પ્રેમાર્દ્રદૃગ્વિશાલાક્ષઃ



શ્રીગુસાંઈજી પોતાની સન્મુખ આવેલા પુષ્ટિજીવો ઉપર પ્રેમભરી દૃષ્ટિ કરી, તે જીવોનું અજ્ઞાન દૂર કરી,
પોતાના અલૌકિક સ્વરૂપનો અનુભવ કરાવી રહ્યા છે.

(૭૭) ક્ષિતિમંડલમંડનઃ



શ્રીગુસાંઇજી પોતાનાં બેઠકજીમાં બિરાજી, વિરહાતુર ભક્તોને સાક્ષાત્ સ્વરૂપે દર્શન આપી રહ્યા છે.

કીર્તન-સંગતિ :

પ્રકટે શ્રીવિઠ્ઠલેશ કરુણારસ ભીનેરી ।
નિરખત વદનારવિંદે કોટિ મદન હીને ॥૧॥

નંદનંદન મનમેં અભિલાખ યહ વિચાર્યો ।
યહ સુખ વિલસનકોં ભૂતલ વપુ ધાર્યો ॥૨॥

પેહેલેં નિજ વિરહીતન ભૂતલ પ્રકટાઈ ।
તિનકે યે કુંવર પ્રકટે ભય હરણ સુખદાઈ ॥૩॥

અતિ ઉદાર ગિરિવરધર ફૂલે હરમાંહી ।
અરસપરસ કરત કેલિ વ્રજજન મનભાઈ ॥૪॥

કેસેંકે વરનો ગુણ રસના મતિ થોરી ।
વારવાર 'દાસ' કહે ચિરજીયો યહ જોરી ॥૫॥

●

(૭૭) ક્ષિતિમંડલમંડનઃ = ક્ષિતિમંડલમંડનાય નમઃ
તેઓ પૃથ્વીના આભૂષણરૂપ છે.

વિવરણ :

તેમનાથી પૃથ્વી શોભાયમાન થઈ છે. તેમણે પૃથ્વીમંડળને શણગાર્યું છે. શોભાવ્યું છે; માટે તેના આભૂષણરૂપ કહ્યા.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજીનું એક નામ 'ભૂમિભાગ્યઃ' છે. શ્રીગુસાંઈજી પણ શ્રીમહાપ્રભુજીનું જ અવર સ્વરૂપ હોવાથી તેઓ પણ પૃથ્વીના આભૂષણરૂપ છે. તેમણે છ વખત ગુજરાતનો પ્રવાસ કરી, ગુજરાતની ભૂમિને પાવન અને સનાથ કરી છે. શ્રીભાગવતજીના માહાત્મ્યના પ્રસંગમાં પદ્મપુરાણમાં કહેવામાં આવ્યું કે ભક્તિમહારાણીદેવી ગુજરાતમાં પધારતાં અકાળે વૃદ્ધ બની ગયાં. શ્રીગુસાંઈજી અને શ્રીમહાપ્રભુજીએ વારંવાર ગુજરાતમાં પધારી, ગુજરાતની ભૂમિને ભક્તિભૂમિ બનાવી છે. તેવી જ રીતે, શ્રીગુસાંઈજી ભારતના અન્ય પ્રદેશોમાં પણ અનેક વખત પધાર્યા. ત્યાંના અનેક દૈવી જીવોને શરણે લીધા. શ્રીગુસાંઈજીના પધારવાથી તે-તે પ્રદેશની શોભા વધી. જ્યાં-જ્યાં શ્રીગુસાંઈજીનાં બેઠકજી પ્રકટ થયાં, ત્યાં-ત્યાં તે પ્રદેશ પાવન તીર્થરૂપ બન્યાં. શ્રીગુસાંઈજી આધિદૈવિક ભૂમિરૂપ વ્રજમંડળમાં બિરાજ્યા. ભૂતળ પર તેમની ૨૮ બેઠકો પ્રકટ છે. આ સર્વ સ્થાનમાં શ્રીગુસાંઈજી હંમેશાં વિરહાતુર ભક્તોને સાક્ષાત્ દર્શનનો આનંદ આપે છે અને ભક્તોની સેવા અંગીકાર કરે છે. એ સર્વ બેઠકજી પૃથ્વીના સૌભાગ્યરૂપ અને વૈષ્ણવોનાં હૃદયરૂપ છે. શ્રીગુસાંઈજીએ જ્યાં-જ્યાં શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું, ત્યાં-ત્યાં તેમનાં બેઠકજી પ્રકટ બિરાજે છે.

બેઠક-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીનાં ૨૮ બેઠકોનાં ચરિત્ર 'શ્રીબેઠક-ચરિત્ર'માં પ્રકટ છે.

કીર્તન-સંગતિ :

વ્રજમેં શ્રીવિઠ્ઠલનાથ વિરાજેં ।
જિનકો પરમ મનોહર શ્રીમુખ દેખત હિ અઘ ભાજેં ॥૧॥
જિનકે પદ પ્રતાપ તેજતે સેવક જન સબ ગાજેં ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
પ્રકટ ભક્ત હિત કાજેં ॥૨॥

* * *

ભક્તિ શ્રીગોકુલતેં પ્રકટ ભઈ ।
પેહલેં કરી શ્રીવલ્લભ નંદન તબ ઓર ન સિખઈ ॥૧॥

ચાર્યો વરણ શરણ કર આપને વિધસોં તાપ ગઈ ।
શ્રીવિઠ્ઠલનાથ પ્રતાપ તેજતેં તીન્યો તાપ ગઈ ॥૨॥

અબ દેખત-હી જીવ પ્રેત વ્હે તિનહૂં માંગિ લઈ ।
અબ ઉદ્ધરે કહેત અપને મુખ પત્રી લિખ પઠઈ ॥૩॥

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ગિરિધર તીન્યોં એક સહી ।
નવ પ્રકાર આધાર નારાયણ ઘોષલોક નિવહી ॥૪॥

●

(૭૮) ત્રિજગદ્વ્યાપિસત્કીર્તિધવલીકૃતમેચકઃ



શ્રીઅક્કાજીની ગોદમાં બિરાજેલા શ્રીગુસાંઈજીના ચરણસ્પર્શ કરવા શ્રીગંગાજી ઉપરને ઉપર ચડી રહ્યા છે.

(૭૮) ત્રિજગદ્વ્યાપિસત્કીર્તિધવલીકૃતમેચકઃ = ત્રિજગદ્વ્યાપિસત્કીર્તિધવલીકૃતમેચકાય નમઃ

તેઓ ત્રણેય લોકમાં વ્યાપેલી પોતાની સત્કીર્તિથી પાપી જીવોને પવિત્ર કરે છે.

વિવરણ :

આકાશ, પૃથ્વી અને પાતાળ મળીને ત્રણ લોક બને છે. ત્રણેય લોકમાં તેમની નિર્દોષ અને ઉજ્જવળ કીર્તિ ફેલાયેલી છે. પાપાચરણથી મલીન બનેલા જીવોનો ઉદ્ધાર શ્રીગુસાંઈજીની આ દિવ્ય કીર્તિથી થાય છે. જેમ શ્યામ પદાર્થ ઉજ્જવળ થતાં શ્વેત બને; તેમ પાપી જીવો શ્રીગુસાંઈજીની કીર્તિથી ઉજ્જવળ બન્યા છે. આમ, સર્વત્ર શ્રીગુસાંઈજી તેમની કીર્તિ દ્વારા મલીનતા દૂર કરે છે.

વિવરણભાષ્ય :

જેમ આકાશ, પૃથ્વી અને પાતાળ મળી ત્રણ લોક કહેવાય છે; તેમ સ્વર્ગ, પૃથ્વી અને પાતાળના પણ ત્રણ લોક કહેવાય છે. આ ત્રણેય લોકમાં શ્રીગુસાંઈજી સૌની મલીનતા દૂર કરે છે. સ્વર્ગમાં ગંગા નદી મંદાકિનીના નામે પ્રસિદ્ધ છે, પૃથ્વી ઉપર ભાગીરથીના નામે પ્રસિદ્ધ છે, પાતાળમાં ભોગવતીના નામે પ્રસિદ્ધ છે. આમ, ગંગાજીની કીર્તિ ત્રણ લોકવ્યાપી છે. તેઓ તેમના પવિત્ર જળથી ત્રણેય લોકમાં રહેલા સૌનાં પાપ દૂર કરે છે; તેવી રીતે શ્રીગુસાંઈજી પણ દેવો, અસુરો અને મનુષ્યો - સર્વનાં પાપ દૂર કરી, તેમનો ઉદ્ધાર કરે છે.

ત્રિજગતનો એક બીજો અર્થ પણ છે. શ્રીગુસાંઈજીના સેવકો ત્રણ પ્રકારના સગુણાત્મક છે - સાત્ત્વિક, રાજસ અને તામસ. આ સૌ શ્રીગુસાંઈજીની કીર્તિ સાંભળી, તેમને શરણે આવ્યા, પ્રકૃતિના ગુણોમાંથી મુક્ત થયા.

ત્રિજગતનો એક બીજો અર્થ છે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક જગત. આધિભૌતિક જગત એટલે પૃથ્વી, આધ્યાત્મિક જગત એટલે અક્ષરબ્રહ્મ અને આધિદૈવિક જગત એટલે સાક્ષાત્ પ્રભુ. ત્રણેયના તાપ શ્રીગુસાંઈજીની કીર્તિથી દૂર થાય છે.

બેઠક-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય ચરણાટમાં થયું. ત્યાં તેમનાં બેઠકજી છે. શ્રીગુસાંઈજી એક માસના થયા ત્યારે વિધિ અનુસાર ગંગાપૂજન કરવામાં આવ્યું. તેઓ તેમનાં માતા શ્રીઅક્કાજીની ગોદમાં ગંગાજીના ઘાટ ઉપર પોઢ્યા હતા. તેમના ચરણસ્પર્શ કરવા ગંગાજી ઊંચે ને ઊંચે વધ્યાં. ઘાટના સૌથી ઉપરના પગથિયા સુધી આવ્યાં. શ્રીગુસાંઈજીએ પોતાનો ચરણારવિંદ માતાની ગોદમાંથી નીચે જળ તરફ લંબાવ્યો. ગંગાજી શ્રીગુસાંઈજીના ચરણસ્પર્શ કરી, પાછાં નીચે ઉતરી ગયાં. જળના પ્રવાહ સાથે ગંગાજી આધિદૈવિક સ્વરૂપે પણ ત્યાં પધાર્યાં. તેમણે શ્રીઅક્કાજીને વિનંતી કરી : 'હે દેવી! તમે બડભાગી છો; કારણ કે આપના પતિ પૂર્ણ પુરુષોત્તમ છે અને પુત્ર પણ પૂર્ણ પુરુષોત્તમ છે. આપના વંશમાં બધા જ પુરુષોત્તમ પ્રકટ થશે.' આટલું કહી શ્રીગંગાજી અંતર્ધાન થયાં. આમ, આપના પ્રાકટ્યથી જ આપની કીર્તિ ત્રણેય લોકમાં વ્યાપી ગઈ.

કીર્તન-સંગતિ :

શ્રીવલ્લભ ચરણ કમલ શરણ પાવન ત્રૈલોક કરન ।
જન મન સંતાપ હરત નિરખત
સુખ રોમ રોમ પરસત અઘ હરન ॥૧॥

સુર નર મુનિ ચકોર નિરખત નખ ચંદ ઔર કરત
અમીપાન-ધ્યાન એક રટન ।

'ગોવિંદ' પ્રભુ ગોકુલેશ રાજત શ્રીવલ્લભગૃહ
પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલેશ ગોવર્ધનધરણ ॥૨॥

•

ગંગાજીએ શ્રીઅક્કાજીને વિનંતી કરી : 'હે દેવી ! તમે બડભાગી છો; કારણ કે આપના પતિ પૂર્ણ પુરૂષોત્તમ છે અને પુત્ર પણ પૂર્ણ પુરૂષોત્તમ છે. આપના વંશમાં બધા જ પુરૂષોત્તમ પ્રકટ થશે.'

(૭૯) વાક્સુધાકૃષ્ટભક્તાન્તઃકરણઃ



રૂપચંદ નંદાને ત્યાં આવેલા ઋષિકેશને શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે : 'ઋષિકેશ, હવે શાને માટે વિલંબ કરો છો?'

(૭૯) વાક્સુધાકૃષ્ટભક્તાન્તઃકરણઃ = વાક્સુધાકૃષ્ટભક્તાન્તઃકરણાય નમઃ

તેમના વચનામૃતથી તેઓ ભક્તોનાં અંતઃકરણને વશ કરે છે.

વિવરણ :

તેમનાં વચનો અમૃતરૂપ છે. એનું શ્રવણ કરતાં ભક્તોનાં અંતઃકરણ શ્રીગુસાંઈજીને વશ થઈ જાય છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી ભગવત્સ્વરૂપ છે; તેથી શ્રીઠાકોરજીની જેમ જ તેમનાં વચન આધિદૈવિક અમૃતરૂપ છે. વ્રજભક્તોએ શ્રીઠાકોરજીનાં વચનોને કથામૃત કહ્યાં હતાં. તેમણે એમ સૂચવ્યું હતું કે શ્રીઠાકોરજીના સ્વરૂપમાં તેમના છ દિવ્ય ગુણ પ્રકટ છે; તેમ તેમના કથામૃતમાં પણ એ જ છ દિવ્ય ગુણો પ્રકટ છે. તેથી, તેમનું કથામૃત પણ ભગવદ્રૂપ છે. અનવતાર કાલમાં કથામૃત ભક્તોનો ઉદ્ધાર કરનારું છે. તેનાથી ભક્તોનો વિરહતાપ શાન્ત થાય છે. એવી જ રીતે શ્રીગુસાંઈજીનાં વચનામૃત પણ આધિદૈવિક અમૃતરૂપ છે. જે-જે જીવો સંસારના તાપથી દુઃખી થઈને તેમના ચરણમાં આવ્યા, તે સૌના ઉપર શ્રીગુસાંઈજીએ શીતળ અને મધુર વચનામૃતની વૃષ્ટિ કરી, તેમનાં હૈયાંને સચેતન કર્યાં હતા.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત હૃષિકેશ કામ પ્રસંગે આગ્રા રૂપચંદ નંદાને ત્યાં આવ્યા હતા. તે દિવસે શ્રીગુસાંઈજી પણ ત્યાં બિરાજતા હતા. હૃષિકેશે શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. શ્રીગુસાંઈજીએ હૃષિકેશ તરફ દૃષ્ટિ કરી. શ્રીગુસાંઈજીએ હૃષિકેશને કહ્યું : ‘હૃષિકેશ, હવે શાને માટે વિલંબ કરો છો?’ આટલું કહેતાં જ હૃષિકેશને શ્રીગુસાંઈજીના મુખારવિંદમાં સાક્ષાત્ ભગવત્ સ્વરૂપનાં દર્શન થયાં. તેમને મૂર્ચ્છા આવી ગઈ. તેઓ તે સ્વરૂપને જીરવી શક્યા નહીં. મૂર્ચ્છા નિવૃત્ત થતાં તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી : ‘મહારાજ! મારો અંગીકાર કરો.’ આપે તેમને નામનિવેદન આપી, જે સ્વરૂપે દર્શન આપ્યાં હતાં, તેવું જ સ્વરૂપ સેવામાં પધરાવી આપ્યું. આમ, આપે કેવળ એક જ વાક્યથી હૃષિકેશ જેવા અનેક ભક્તોનાં અંતઃકરણને જીતી લીધું છે.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલનાથ અનાથકે તારણ ।
શ્રીવલ્લભગૃહ પ્રકટ રૂપ યહ
ધર્યો ભક્તહિત કારણ ॥૧॥
દીનબંધુ કૃપા સિંધુ સહજ હી
ભક્તિ વિસ્તારણ ।
દાસ ‘ચતુર્ભુજ’ પ્રભુકે નિજમત
ચલત લાલ ગિરિધરણ ॥૨॥

●

(૮૦) શત્રુતાપનઃ = શત્રુતાપનાય નમઃ

તેઓ શત્રુઓને તપાવે છે.

વિવરણ :

તેઓ પોતાના અલૌકિક ઉગ્ર પ્રતાપથી શત્રુઓને તપાવે છે. જે જીવોમાં ભક્તિમાર્ગથી વિરોધીપણું છે, તેમનું વિરોધીપણું તેઓ દૂર કરે છે અને ભક્તિમાર્ગમાં પ્રવેશ કરાવે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીનાં વચનો ભક્તો માટે અમૃત સમાન છે. તો એ જ વચનો ભક્તિમાર્ગના વિરોધીઓ માટે અગ્નિ સમાન છે. જે માયાવાદી પંડિતો તેમની સાથે શાસ્ત્રચર્ચા કરવા આવે છે, તે શ્રીગુસાંઈજીનાં વચનોથી દાઝે છે. કેટલાક દૈવી જીવો દુઃસંગવશ ભક્તિમાર્ગથી વિરોધી વિચારવાળા હોય છે, તેઓ શ્રીગુસાંઈજીની સન્મુખ આવે છે, ત્યારે શ્રીગુસાંઈજી પોતાનાં વચનામૃતોથી તેમના ભક્તિવિરોધી વિચારોને દૂર કરે છે.

(૮૦) શત્રુતાપનઃ



એક પઠાણનો દીકરો વૈષ્ણવ બનતાં બાદશાહ તેને શિક્ષા કરવા વિચારે છે, ત્યારે એ નિર્ભય દીકરો, શ્રીગુસાંઈજીના પ્રતાપબળે બાદશાહનો સામનો કરતાં, બાદશાહને પોતાની જ તલવાર આપી રહ્યો છે.

શ્રીગુસાંઈજીનો ઉગ્ર પ્રતાપ આ કાર્ય કરે છે. જેમ સૂર્યનો તાપ જગતને તપાવે અને અગ્નિ બાળે; તેમ આપનો ઉગ્ર પ્રતાપ અનુભવાય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

દિલ્હીમાં એક પઠાણનો દીકરો રહેતો હતો. તેને એક વૈષ્ણવનો સંગ થયો. તેને દૈવી જીવ જાણી, તે વૈષ્ણવે કહ્યું : 'ભાઈ, તું વૈષ્ણવ થાય તો તારો જન્મ કૃતાર્થ થાય.' તે પઠાણે પૂછ્યું : 'વૈષ્ણવ શી રીતે થવાય?' જવાબમાં વૈષ્ણવે કહ્યું : 'અત્યારે અહીં નિગમબોધ ઘાટ ઉપર શ્રીગુસાંઈજી બિરાજે છે, તેમની પાસેથી નામમંત્ર લઈ આવે, તો તું વૈષ્ણવ બને.' પઠાણનો દીકરો શ્રીગુસાંઈજી પાસે ગયો. શ્રીગુસાંઈજીએ તેને નામમંત્ર આપ્યો. તે વૈષ્ણવ બન્યો.

તે સમયમાં મોગલ બાદશાહ કટ્ટર મુસલમાન ધર્મ પાળનારા હતા. હિંદુ ધર્મ પ્રત્યે તેમના રોમરોમમાં દુશ્મનાવટ ભરેલી રહેતી. એવા મુસલમાન રાજ્યમાં એક પઠાણનો દીકરો હિંદુ બને તે મુસલમાનથી કેમ સહન થાય? તે પઠાણનો પિતા પણ મોટો અમલદાર હતો. તેણે બાદશાહને ફરિયાદ કરી : 'મારો દીકરો હિંદુ બની ગયો છે.' બાદશાહે તેને બોલાવી, હિંદુ ધર્મ છોડવા કહ્યું. ઘણું સમજાવ્યો, પરંતુ તે એકનો બે ન થયો. બાદશાહે તેના ગળામાં તુલસીમાળા અને લલાટમાં તિલક જોયું. બાદશાહ ખૂબ ખિજાયો. છતાં પઠાણનો દીકરો મક્કમ રહ્યો. છેવટે બાદશાહે કહ્યું : 'મારી તલવાર લાવો. આજે હું આને ઠાર મારીશ.' પઠાણના દીકરાએ પોતાની જ તલવાર બાદશાહને આપી. બાદશાહે કહ્યું : 'હવે હું જોઉં છું, તારી રક્ષા કોણ કરે છે?' પઠાણના દીકરાએ કહ્યું : 'તમારે જે કરવું હોય તે કરો, તુલસીમાળા અને તિલક મારા શિર સાટે છે.' શ્રીગુસાંઈજીના સામર્થ્યબળે બાદશાહ તે પઠાણના દીકરાનો વાળ પણ વાંકો કરી શક્યો નહીં. શ્રીગુસાંઈજી આવા ચતુર તાપનાશન છે.

કીર્તન-સંગતિ :

તુમારે ચરણ કમલકે શરણ ।
રાખો સદા સર્વદા જનકો વિઠ્ઠલેશ ગિરિધરણ ॥૧॥
તુમ બિન ઓર નહીં અવલંબન ભવસાગર દુસ્તરણ ।
'ભગવાનદાસ' જાય બલિહારી ત્રિવિધ તાપ ઉરહરણ ॥૨॥

(૮૧) ભક્તસંપ્રાર્થિતકરઃ = ભક્તસંપ્રાર્થિતકરાય નમઃ

તેઓ ભક્તે માગેલું સિદ્ધ કરે છે.

વિવરણ :

ભક્તો જે-કંઈ માગે છે, તે તેઓ સિદ્ધ કરે છે. તેમના ભક્તોમાં પણ તે - જ સામર્થ્ય છે. તેઓ પણ અન્યના મનોરથ સફળ કરે છે.

વિવરણભાષ્ય :

પુરુષોત્તમ સ્વરૂપે શ્રીગુસાંઈજી ભક્તમનોરથપૂરક છે. તેથી ભક્તોના અલૌકિક મનોરથો પરિપૂર્ણ કરવા તેઓ સદા તત્પર રહે છે. તેમણે તેમના ભક્તોમાં પણ એવું જ સામર્થ્ય મૂક્યું છે, એટલે તેમના ભક્તો પણ બીજાના અલૌકિક મનોરથ પૂર્ણ કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

ગુજરાતના એક પટેલ વૈષ્ણવ તદ્દન અકિંચન હતા. મજૂરી કરીને નિર્વાહ કરતા. એક સમયે ગુજરાતના સંઘ સાથે તેઓ શ્રીગુસાંઈજીનાં દર્શન કરવા વ્રજમાં આવવા નીકળ્યા હતા. સંઘ જતિપુરા આવ્યો. બધાંએ દર્શન કરી, રૂદ્રકુંડ પર મુકામ કર્યો. સૌ શ્રીગુસાંઈજીને ભેટ કરવા માટે ભેટની રકમ કાઢવા લાગ્યા. પટેલ વૈષ્ણવે વિચાર કર્યો : ગુરુ પાસે ખાલી હાથે જવાય નહીં. મારી પાસે ભેટ કરવા એક કોડી પણ નથી, હું શું કરું? તેને આખી રાત ઊંઘ ન આવી. સવારે તેણે ચાલવા માંડ્યું. રસ્તામાં એક બગીચામાં પુષ્પો ખીલ્યાં હતાં. તેમાં જાઈનાં પુષ્પો પણ હતાં. તેની પાસે તેનું પોતાનું કહેવાય એવું અંગુછા જેવું વસ્ત્ર હતું. તે તેણે માળીને આપી દીધું. તેના બદલામાં તેમણે માળી પાસે થોડાં ફૂલ માગ્યાં. માળીએ રાજી થઈને કહ્યું : 'ઈચ્છા હોય તેટલાં ફૂલ લઈ લો.' તે વૈષ્ણવે ફૂલ વીણ્યાં. તેની માળા સિદ્ધ કરી. તેમના મનમાં એક જ તાલાવેલી હતી : આ માળા હું ક્યારે શ્રીગુસાંઈજીના કંઠમાં ધરાવું? શ્રીગુસાંઈજીના ચરણકમળનું ધ્યાન ધરતાં તે વૈષ્ણવ આગળ

(૮૧) ભક્તસંપ્રાર્થિતકરઃ



ઉપર : એક અકિંચન વૈષ્ણવ, પોતાનું વસ્ત્ર માળીને આપીને, શ્રીગુસાંઈજી માટે માળા બનાવવા ફૂલ ખરીદે છે.

નીચે : એ વૈષ્ણવની માળા અંગીકાર કરવા શ્રીગુસાંઈજી ઘોડા પર બિરાજી સામે પધારે છે.

(૮૨) દાસદાસીપ્સિતપ્રદઃ



ઉપર : એક ભોળા વ્રજવાસીને શ્રીગુસાંઈજી 'પરે, પરે' કહીને દૂર રહેવા કહે છે ત્યારે એ ભોળો વ્રજવાસી પોતાના શ્રીઠાકોરજીનું નામ 'પરે' છે એવું માની, રસોઇ કરી 'પરે'ને ભોગ આરોગવા બોલાવે છે. શ્રીઠાકોરજી સાક્ષાત્ પધારી એ વ્રજવાસીની સામગ્રી આરોગે છે.

વધ્યા. શ્રીગુસાંઈજીથી આ પટેલ વૈષ્ણવની આર્તિ સહન ન થઈ. તેઓ શ્રીનાથજીના શૃંગાર કરી, ઘોડેસ્વાર થઈ, તે પટેલ-વૈષ્ણવની સામે પધાર્યા. માર્ગમાં સંઘ સામો મળ્યો. બધાંએ વિનંતી કરી : 'આપ થોભો, અમારે ભેટ કરવી છે.' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'મારો પટેલ-વૈષ્ણવ ફૂલની માળા લઈ આવે છે. તે જ્યાં હશે ત્યાં હું ઘોડો થોભાવીશ.' તે વૈષ્ણવની પાસે શ્રીગુસાંઈજીએ ઘોડો થોભાવ્યો. પટેલ-વૈષ્ણવે શ્રીકંઠમાં માળા ધરાવી. પછી તે વૈષ્ણવ મૂર્ચ્છાવશ થયા. શ્રીગુસાંઈજીએ કૃપા કરી, તેમને સચેત કર્યા. તે દિવસથી શ્રીગુસાંઈજીએ તે વૈષ્ણવને શ્રીનાથજીના ફૂલઘરની સેવા સોંપી.

કીર્તન-સંગતિ :

ધન ધન શ્રીવલ્લભ જૂકે નંદન
શ્રીવિઠ્ઠલચરણ સદા નિજ પાલન ।
જુગપદ કમલ વિરાજમાન અતિ
મહિમા બહુત સદા ગુણ ગાવત ॥૧॥
સેવા કરો ભજો મતિ દૃઢ હોઈ
ત્રિવિધ ભ્રાંતકે તાપ નસાવન ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
બરખત કૃપા સબે જીય ભાવન ॥૨॥

●

(૮૨) દાસદાસીપ્સિતપ્રદઃ =
દાસદાસીપ્સિતપ્રદાય નમઃ
પોતાનાં દાસદાસીઓનું ઈચ્છેલું
શ્રીગુસાંઈજી સારી રીતે આપે છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી દાસદાસીઓના મનોરથને સારી રીતે પૂરે છે. જે ભક્ત જે પ્રકારે ભજે, તે પ્રકારે ભગવાન તેના મનોરથો પૂરે છે, એવી ભગવાનની પ્રતિજ્ઞા છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવાથી ભગવાનની પ્રતિજ્ઞા પાળે છે. તેમના શરણે આવનાર સૌ તેમનાં દાસદાસી છે. આ દાસદાસીને વિવિધ પ્રકારના ભક્તિભાવ પ્રાપ્ત થયા છે. તેઓ પોતપોતાના ભાવ મુજબ શ્રીઠાકોરજીના સુખના જે-જે મનોરથ કરે છે, તે તે બધા વિશેષ રૂપે શ્રીગુસાંઈજી પરિપૂર્ણ કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વૈષ્ણવ શ્રીગુસાંઈજીના શરણે આવ્યા. શ્રીગુસાંઈજીએ તેમને સેવા માટે સ્વરૂપ પધરાવી આપ્યું. વૈષ્ણવે તે સ્વરૂપનું નામ પૂછ્યું. તે વખતે ત્યાં એક વ્રજવાસી ભોળો યુવાન બેઠો હતો. તેને પણ શ્રીઠાકોરજી પધરાવી, સેવા કરવાની ઈચ્છા હતી. તે વારંવાર શ્રીગુસાંઈજીને વિનંતી કરતો. તેને ભોળો જાણી, શ્રીગુસાંઈજી શ્રીઠાકોરજી પધરાવી આપતા ન હતા. શ્રીગુસાંઈજીએ પેલા વૈષ્ણવને તેમના ઠાકોરજીનું નામ કહ્યું. એ સાંભળી ભોળા વ્રજવાસીએ શ્રીગુસાંઈજીને પૂછ્યું : 'મારા ઠાકોરજીનું નામ શું છે?' શ્રીગુસાંઈજીએ જવાબ ન આપ્યો, ત્યારે તે શ્રીગુસાંઈજીની વધારે નજીક જઈ, પૂછવા લાગ્યો, એટલે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'પરે.' અર્થાત્, તું થોડો દૂર રહે. તે ભોળા વ્રજવાસીએ માન્યું કે તેના ઠાકોરજીનું નામ પરે છે. તે વ્રજવાસી શ્રીનાથજીને 'પરે પરે' કહી, બૂમો પાડી બોલાવતો, ત્યારે શ્રીનાથજી સાક્ષાત્ તેની પાસે પધારતા. તેની સામગ્રી આરોગતા, તેની સાથે ખેલતા. તેની સાથે સુરત સુધી પધાર્યા હતા.

આમ, શ્રીગુસાંઈજીની માત્ર વાણીમાંથી ભગવત્ સ્વરૂપ પ્રકટ થયું અને તે વ્રજવાસીને 'પરે' સ્વરૂપે શ્રીઠાકોરજીની પ્રાપ્તિ થઈ.

શ્રીગુસાંઈજીના સેવક એક શેઠની દીકરી બાલવિધવા હતી. ૬૦ વર્ષની ઉંમર સુધી પોતાના ઘરમાં રહી, શ્રીમદનમોહનલાલની સેવા કરી હતી. તેણે તેની જિંદગીમાં બીજા કોઈ સ્વરૂપનાં દર્શન કર્યાં ન હતાં. એક દિવસ એક વિરક્ત વૈષ્ણવ એમના શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી, આ બાઈને ત્યાં આવ્યા. ઠંડીના દિવસો હતા. તેથી તે બાઈને વિચાર આવ્યો : શ્રીઠાકોરજીના શ્રીહસ્ત અને ચરણારવિંદ વળેલા છે; કારણ ઠંડીમાં અકડાઈ ગયા છે. તેણે અંગીઠીઓ સળગાવી, શીતકાલની સામગ્રીઓ આરોગાવી, રજાઈ-ગદલ વગેરે ધર્યાં. શ્રીઠાકોરજીએ તેનો ભોળો ભાવ જાણી, શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીમદનમોહનજી સ્વરૂપ ધારણ કરી, દર્શન આપ્યાં, ત્યારે તે બાઈના મનનું સમાધાન થયું.

(૮૩) અચિંત્યમહિમામેયઃ



રઘુનાથદાસના પ્રશ્નનો જવાબ મેળવવા શ્રીગુસાંઈજી રાધાકૃષ્ણ કુંડના જળમાં કોરો કાગળ મૂકે છે. થોડીવારમાં તે કાગળ ભીંજાયા વગર, તેમાં પ્રશ્નનો જવાબ લખાઈને, ઉપર આવે છે, ત્યારે રઘુનાથદાસને શ્રીગુસાંઈજીનો મહિમા સમજાય છે.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ સુખસાગર આગર
જગત ઉજાગર પાયેરી ।
ભક્તનકે હિત કારણ આલી
અતિ આતુર ઉઠિ ધાયે ॥૧॥

તાકો ભાગ્ય કહાંલોં વરણોં
જો વલ્લભ ગુણ ગાયે ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
આનંદ રસ બરખાયે ॥૨॥

•

(૮૩) અચિંત્યમહિમામેયઃ =
અચિંત્યમહિમામેયાય નમઃ
શ્રીગુસાંઈજીનો મહિમા અચિંત્ય છે.

વિવરણ :

તેમનો મહિમા ભક્ત સિવાય બીજાઓ વિચારી, સમજી કે જાણી શકતા નથી; એટલે તેમનું યથાર્થ સ્વરૂપ અભક્તો સમજી શકતા નથી. માહાત્મ્ય દ્વારા જ સ્વરૂપ જ્ઞાન થાય; પરંતુ જેમનો મહિમા જ વિચારી શકાય નહીં, તેના સ્વરૂપને શી રીતે જાણી શકાય?

વિવરણભાષ્ય :

સ્વરૂપજ્ઞાન માટે ગુણ અને લીલાનું જ્ઞાન જરૂરી છે. ગુણ અને લીલા દ્વારા જ સ્વરૂપજ્ઞાન અને સ્વરૂપધ્યાન થઈ શકે. ગુણ અને લીલાનું જ્ઞાન એટલે માહાત્મ્યનું જ્ઞાન. શ્રીમહાપ્રભુજીએ સ્વીકારેલી ભક્તિની વ્યાખ્યા પ્રમાણે માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદઢ અને સર્વથી અધિક સ્નેહ પ્રભુને કરવો, તેનું નામ ભક્તિ. આમ, ભક્તિ માટે માહાત્મ્ય જ્ઞાન જરૂરી છે. કોઈના પણ સ્વરૂપને સમજવા તેમનું માહાત્મ્ય જ્ઞાન ઉપયોગી બને છે. પરંતુ શ્રીગુસાંઈજીનું માહાત્મ્ય જ્ઞાન જ એવું અલૌકિક છે કે તેમના ભક્તો સિવાય બીજા સમજી શકતા નથી; તેથી બીજાઓ શ્રીગુસાંઈજીના અલૌકિક સ્વરૂપને જાણી શકતા નથી, તેમને મહાપુરુષ તરીકે જ જાણે છે.

બેઠક-ચરિત્ર-સંગતિ :

વ્રજમાં રાધાકૃષ્ણ કુંડ ઉપર ગૌડિય સંપ્રદાયના મઠાધીશ શ્રીરઘુનાથદાસ રહેતા હતા. તેઓ ઉત્તમ ભગવદ્ભક્ત હતા. શ્રીગુસાંઈજીનો મુકામ રાધા-કૃષ્ણ કુંડ ઉપર હતો, ત્યારે તેઓ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. તેમણે શ્રીગુસાંઈજીને પૂછ્યું : 'તમારા માર્ગમાં તમે શ્રીસ્વામિનીજીને સ્વકીયા સ્વરૂપે માનો છો કે પરકીયા સ્વરૂપે માનો છો? અમે તો તેમને પરકીયા સ્વરૂપે માનીએ છીએ.' શ્રીગુસાંઈજીએ શાસ્ત્રોક્ત રીતે શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ સમજાવ્યું. રઘુનાથદાસે પ્રત્યક્ષ પૂરાવા માટે આગ્રહ રાખ્યો. શ્રીગુસાંઈજીએ કોરો કાગળ લઈ, રાધાકૃષ્ણ કુંડના જળ ઉપર મૂક્યો. અને કહ્યું કે : 'શ્રીરાધિકાજી જે લખી મોકલે તે પ્રમાણ.' તે કોરો કાગળ શ્રીલલિતાજીના હાથમાં આવ્યો. તેમણે શ્રીરાધિકાજીને આપ્યો. શ્રીરાધાજીએ શ્રીહસ્તથી તેના ઉપર ઉત્તર લખી, તે કાગળ જળમાં મૂક્યો. તરતો-તરતો તે ઉપર આવ્યો. તે અલૌકિક પત્ર ભીંજાયો નહીં. તે વાંચી રઘુનાથદાસજીએ શ્રીગુસાંઈજીને પ્રણામ કરી, વિનંતી કરી : 'તમારા સંપ્રદાયની ભાવના યથાર્થ છે. તમારો મહિમા અન્ય કોઈથી સમજાય તેવો નથી.'

કીર્તન-સંગતિ :

પૌષ નિર્દોષ સુખ કોશ
સુંદર માસ કૃષ્ણનૌમી સુભગ નવઘરી દિન આજ ।
શ્રીવલ્લભ સદન પ્રકટ
ગિરિવરધરન ચારુ વિધુ વદન છબિ શ્રીવિઠ્ઠલરાજ ॥૧॥
ભીર માગધ ભઈ પઢત
મુનિજન વેદ ગ્વાલ ગાવત નવલ બસન ભૂષણ સાજ ।
હરદ કેસર દહી કીચકો
પાર નહીં માનો સરિતા વહી નીર નિર્ઝર બાજ ॥૨॥
ઘોષ આનંદ ત્રિય વૃંદ
મંગલ ગાવે બજત નિર્ઘોષ રસ પુંજ કલ મૃદુગાજ ।
'વિષ્ણુદાસ' શ્રીહરિ પ્રકટ
દ્વિજરૂપ ધર નિગમ પથ દઢ થાય ભક્ત પોષણ કાજ ॥૩॥

(૮૪) વિસ્મયાસ્પદવિગ્રહઃ



શ્રીગુસાંઈજી પોતાના ભક્તોને પોતાના અલૌકિક સ્વરૂપે દર્શન આપે છે.
ભક્તો એ દર્શન કરી વિસ્મય પામી, દીનતાવાળા થાય છે.

(૮૪) વિસ્મયાસ્પદવિગ્રહઃ =
વિસ્મયાસ્પદવિગ્રહાય નમઃ
તેમનું સ્વરૂપ નિરખવાથી વિસ્મય થાય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં, પૃથ્વી પર સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ સ્વેચ્છાએ ધારણ કર્યું છે. તેને નિરખવાથી વિસ્મય જ થાય. ભક્તોને તેમના શ્રીઅંગની સુંદરતા વિસ્મય પમાડે છે. જે ભક્તો વિમુખ છે, તેમને વિસ્મય થતું નથી. તેમનું શ્રીઅંગ નિરભિમાની ભક્તોના આશ્રયનું સ્થાન છે; એટલે તેમનાં દર્શનથી ભક્તોને આશ્ચર્ય થતું નથી. જે જેને માટે પ્રકટે, તે તેને વિસ્મય ન કરાવે. વિસ્મય કરાવે તો પ્રાકટ્ય વ્યર્થ જાય.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી સ્વેચ્છાથી મનુષ્ય દેહ ધારણ કરી પ્રકટ થયા છે. તેમનું સ્વરૂપ એટલું સુંદર છે કે દર્શન કરનાર સૌને વિસ્મય થાય છે. ખાસ કરીને માયાથી મોહ પામેલા લોકો તેમનું દર્શન કરતાં આશ્ચર્યચક્તિ થાય છે; પરંતુ જે ભક્તોને માટે તેઓ પ્રકટ થયા છે, તે ભક્તોને તેમના અલૌકિક સ્વરૂપે દર્શન થાય છે. તે ભક્તોના તેઓ આશ્રયસ્થાન છે. એ ભક્તો તેમના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરી, દીનતાવાળા બને છે. તેમને તેમાં કોઈપણ પ્રકારનું વિસ્મય થતું નથી.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીમહાપ્રભુજીના સેવક કપુર ક્ષત્રિયને કોઈક અપરાધને કારણે એક જન્મનો અંતરાય થયો. બીજા જન્મમાં તેઓ એક શૈવ બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. પૂર્વ જન્મનું જ્ઞાન હોવાથી તેઓ બોલતા નહીં, રડતા નહીં, ખાતા-પિતા પણ નહીં. એક વર્ષના થયા ત્યારે 'શ્રીઆચાર્યજી મહાપ્રભુજી' એમ બે શબ્દ બોલ્યા. તેમની આ વાણી કોઈ સમજી શક્યું નહીં. બીજી વર્ષગાંઠે 'શ્રીઆચાર્યજી મહાપ્રભુજી શ્રીગુસાંઈજી' એમ ત્રણ શબ્દ બોલ્યા. ત્રીજી વર્ષગાંઠ આ ત્રણ શબ્દ સાથે 'શ્રીનાથજી' એમ ચોથો શબ્દ બોલ્યા. ચોથી વર્ષગાંઠે ચાર શબ્દ સાથે પાંચમો શબ્દ 'શ્રીનવનીતપ્રિયજી' બોલ્યા. તેમના પિતાને ઘણું આશ્ચર્ય થયું. પિતાએ દીકરાને કારણ પૂછ્યું. તે બાળકે જમીન પર લખીને કહ્યું : 'મને ગોકુળ લઈ જાઓ.'

પિતા પુત્રને ગોકુળ લઈ ગયા. શ્રીઠકુરાણીઘાટ ઉપર શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. નેત્રોમાંથી આંસુનો પ્રવાહ ચાલ્યો. શ્રીગુસાંઈજીએ કહ્યું : 'તું કેમ રડે છે? હવે તું અમારી પાસે આવી ગયો છે. તું ચિંતા ન કર, હવે પછી તું સાવધાન રહેજે.'

શ્રીગુસાંઈજીએ તેને બ્રહ્મસંબંધ કરાવ્યું. પછી તેને બહાર જવા કહ્યું; પરંતુ તેણે મંદિરના દરવાજાની સાખ પકડી રાખી. સેવકોએ પરાણે સાખ છોડાવી. ચોકમાં જતાં જ તેના પ્રાણ છૂટી ગયા. શ્રીગુસાંઈજીએ તેના શરીરમાં ફરી પ્રાણ પૂરી, તેને મંદિરથી બહાર કૂવા પાસે પહોંચતો કર્યો. ત્યાં પહોંચતાંની સાથે તેના પ્રાણ ફરી છૂટી ગયા. આવો પ્રકટ ચમત્કાર જોવા છતાં તેના પિતા સેવક ન થયા, કારણ કે તેઓ મર્યાદાના જીવ હતા.

કીર્તન-સંગતિ :

દક્ષણ ગતિ તરણ અતિ
સુખદ હેમંત ઋતુ પોષ શુભ માસ મધ્ય પક્ષ અંધ્યારો ।
ધોસ નૌમી યુગલ યામ
ગત વૃષ લગ્ન વાર ભૃગૃ યોગ શુભહસ્ત તારો ॥૧॥

ધન ભવન દેવ ગુરુ
સહજ બૈઠ્યો રાહુ સુભગ સુત ભવન મધ્ય વારનિધિ બારો ।
શુક્ર શનિ ભૌમજાહમિત્ર
તનુ પુષ્ટિ-કરિ ભાનુ યુત બુધ વસુ ગ્રહસારો ॥૨॥

ધર્મકો કેતુ યહ હેતુ
સુખદેત હે તરણ ભવ જલધિકો સેતભારો ।
ભક્ત દુઃખ દમન દ્વિજરાજ
વલ્લભ સુવન પ્રકટ વ્રજઈશ યશુમતિ દુલારો ॥૩॥

●

(૮૫) ભક્તક્લેશાસહઃ



ઉનાળાની ગરમીમાં, તરસથી બેભાન થઈને પડેલી બાઈને, શ્રીગુસાંઈજી કૃપા કરી પોતાની ઝારીનું જળ અપાવી ભાનમાં લાવે છે.
સચેત થતાં એ બાઈને શ્રીગુસાંઈજીનાં શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન થાય છે.

(૮૫) ભક્તક્લેશાસહઃ = ભક્તક્લેશાસહાય નમઃ તેઓ ભક્તોનું દુઃખ સહન કરતા નથી.

વિવરણ :

તેઓ ભક્તોનાં દુઃખ - ક્લેશને સહન કરતા નથી. તેઓ તેને નિવૃત્ત કરવાના ઉપાય જલ્દી કરે છે. તેવી રીતે, ભક્તો પણ તેમના ક્લેશને સહન કરતા નથી. ભક્તો અજ્ઞાનથી અપરાધ કરે તો તેમને ક્લેશ થાય છે. અને તે માટે ભક્તોને દંડ આપવો પડે ત્યારે પણ તેમને ક્લેશ થાય છે; તે તેઓ સહન કરી શકતા નથી.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજીનું હૃદય માખણ જેવું કોમળ છે. ઉત્તર રામચરિતમાં ભવભૂતિએ શ્રીરામચંદ્રજી માટે કહ્યું કે તેઓ બહારથી વજ્ર કરતાં ય કઠણ દેખાય છે, પરંતુ હૃદયથી ફૂલ કરતાં ય કોમળ છે. તેવું જ શ્રીગુસાંઈજી માટે પણ છે. તેઓ માયાવાદી પંડિતો સામે અને અધર્મીઓ સામે વજ્ર કરતાં કઠોર છે. બીજી બાજુ પોતાના ભક્તોનો જરા પણ ક્લેશ જુએ છે, તો તેમના હૃદયને અત્યંત દુઃખ થાય છે. તેઓ બીજું બધું સહન કરી લે છે, પરંતુ ભક્તોનો ક્લેશ સહન કરી શકતા નથી. પરિણામે, ભક્તોનો ક્લેશ દૂર કરવા માટે સતત ઉદ્યમશીલ રહે છે. બીજીબાજુ, ભક્તો પણ શ્રીગુસાંઈજીનો ક્લેશ સહન કરી શકતા નથી. ભક્ત કોઈ અપરાધ કરી બેસે તો શ્રીગુસાંઈજીને ઘણો ક્લેશ થાય છે કે મારો સેવક થઈ, આવું કરે છે? તેનો અપરાધ નિવૃત્ત કરવા શ્રીગુસાંઈજી તેને દંડ આપે છે; ત્યારે તેઓ વજ્ર જેવા કઠણ લાગે છે, પરંતુ દંડ આપતાં તેમના હૃદયને ઘણો ક્લેશ થાય છે; ત્યારે તેઓ ફૂલ જેવા કોમળ જણાય છે. ભક્તો શ્રીગુસાંઈજીની પ્રસન્નતા માટે જ સદા તત્પર રહે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શાકભાજી વેચનારી મુસલમાન જ્ઞાતિની એક બાઈ એક દિવસ મથુરાથી આગ્રા જતી હતી. ઉનાળાના દિવસો હતા. અસહ્ય ગરમીથી વ્યાકુળ બની, એક વૃક્ષ નીચે પડી ગઈ. તરસથી બેભાન થઈ ગઈ. તે વખતે શ્રીગુસાંઈજી ગોકુળથી શ્રીગિરિરાજ પધારતા હતા. તેમણે રસ્તામાં આ બાઈના તરફડી રહેલા પ્રાણ જોયા. તેમણે ખવાસને આજ્ઞા કરી : 'મારી ઝારીના જળથી તેના પ્રાણ બચાવો.' ખવાસે વિનંતી કરી : 'મહારાજ! તે મ્લેચ્છ છે. ઝારી સોનાની - કિંમતી છે. તેનાથી તેને જળ પાઈશ તો ઝારી છોવાઈ જશે, પછી કામમાં આવશે નહીં.' તેમણે આજ્ઞા કરી : 'ઝારી બીજી આવશે, પણ તેના પ્રાણ ક્યાંથી આવશે? માટીની ઝારીથી પણ જળ તો પીવાશે.' ખવાસે જળ પાયું. તે બાઈ સચેતન થઈ. તેણે શ્રીગુસાંઈજીનાં દર્શન કર્યાં. સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન થયાં. તેણે કહ્યું : 'કનૈયા વિશે સાંભળ્યું હતું. આજે નજરોનજર જોયો.' તે બાઈ પાછી ગોકુળ આવીને રહી. રોજ નવા મેવા અને શાકભાજી મથુરાથી લાવે. પડતર કરતાં પણ ઓછા પૈસે વૈષ્ણવોને આપે. આમ, તેણે પોતાના ઘરના એક હજાર રૂપિયા ખર્ચી નાખ્યા. તેનો દેહ અશક્ત થયો, એટલે અન્ન-જળ છોડી દીધાં. હવે કોઈ નવા શાક-મેવા લાવતું નહીં. શ્રીગુસાંઈજીએ આ વાત જાણી, ત્યારે તે બાઈની પાસે પધાર્યા. તેના મુખમાં પોતાનું ચરણોદક આપ્યું. તેને તુલસીની માળા અને નામમંત્ર આપ્યાં. તે બાઈને શ્રીગુસાંઈજીમાં સાક્ષાત્ શ્રીયુગલસ્વરૂપનાં દર્શન થયાં. તેનો વિરહતાપ વધી જવાથી, થોડી જ ક્ષણોમાં તેણે દેહ છોડી દીધો.

કીર્તન-સંગતિ :

અગ્નિકુલ પ્રકટ શ્રીવિઠ્ઠલાધીશ્વર
પુષ્ટિમાર્ગ સુગમ જન દિખાયો ।
ભાવ ભાવિત સકલ ગોપિકા
પ્રકટ ભુવિ તાહિકો હેતુ જિન શ્રુતિન ગાયો ॥૧॥
નિત્ય લીલા લલિત ગોકુલાધીશકી
આપઈ સેવા વિવિધકર બતાયે ।
સ્વીયજન હેત અજ્ઞાન હારક
સબન કપટ પટ દૂર કર સુકૃત લાયે ॥૨॥
શાસ્ત્ર શ્રુતિ સ્મૃતિનમેં
કહિ કહ્યો સાર યહ નંદગૃહ પ્રકટ જિય સબન ભાયો।
તેઈ અબ વલ્લભાધીશ
પથ પ્રકટકોં સરસરંગી સબે રંગ છાયો ॥૩॥

(૮૬) સર્વસહઃ



ઉપર : વાસણ માંજનારી બાઈને તેની બેદરકારી બદલ ઠપકો આપી રહેલા શ્રીગુસાંઈજી.
નીચે : તે બાઈ શ્રીગુસાંઈજી માટે છાણાં આપે છે ત્યારે શ્રીગુસાંઈજી પ્રસન્ન થઈ તેનો અપરાધ ક્ષમા કરે છે.

(૮૬) સર્વસહઃ = સર્વસહાય નમઃ

તેઓ સર્વ કંઈ સહન કરે છે.

વિવરણ :

કોઈ ભક્ત અજાણતામાં શ્રીઠાકોરજીનો અપરાધ કરે, તો તેને દંડ આપીને શ્રીગુસાંઈજી તેનો અપરાધ નિવૃત્ત કરે છે, પરંતુ તે ભક્તને ક્લેશ થવા દેતા નથી. તેઓ જ બધું સહન કરી લે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી કૃપાસાગર છે. અત્યંત કોમળ હૃદયવાળા છે. ભક્તોના ઉદ્ધાર માટે જરૂરી પગલાં અવશ્ય લે છે; પરંતુ ભક્તને કોઈ વાતે ઓછું ન આવે તેનું ધ્યાન પણ રાખે છે. ભક્ત ભૂલ કરે તો શ્રીગુસાંઈજી પોતે તે સહન કરી લે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક બ્રાહ્મણબાઈ શ્રીનવનીતપ્રિયજીની રસોઈની સેવામાં પરચારગી કરતી હતી. એક દિવસ રસોઈનાં વાસણ માંજતાં દાળના વાસણમાં બળેલો કાળો ડાઘ રહી ગયો. બીજા દિવસે શ્રીનવનીતપ્રિયજીએ તેની ફરિયાદ શ્રીગુસાંઈજીને કરી. વાસણ દાઝેલું રહી જાય તો છોવાઈ જાય છે, એટલે તે વાસણમાં બનેલી બધી સામગ્રી છોવાઈ ગઈ. શ્રીગુસાંઈજીએ બધી સામગ્રી ગાયોને ખવડાવી દીધી. વાસણ બરાબર મંજાવી, નવી સામગ્રી સિદ્ધ કરાવી, ફરી ભોગ ધર્યો. તેમણે તે બ્રાહ્મણ બાઈને બોલાવી, તેની બેદરકારી બદલ ઠપકો આપ્યો. તેણે અવિવેકથી જવાબ આપ્યો : 'અજાણતાં કાળો ડાઘ રહી જાય, તેમાં હું શું કરું? મેં જાણી-જોઈને રાખ્યો નથી.' તે ગુરુની આગળ ઉદ્ધતાઈથી બોલી. તેની ભૂલ સ્વીકારી નહીં; એટલે શ્રીગુસાંઈજીએ એક વૈષ્ણવને આજ્ઞા કરી : 'આ બાઈને અડેલના ઘાટ ઉપર મૂકી આવો.' તે બાઈ ત્યાં ઝૂંપડી બાંધી રહેવા લાગી. આવતાં-જતાં ગાડાંના બળદોનું છાણ ભેગું કરી, છાણાં થાપવા લાગી. અને નિર્વાહ કરવા લાગી. એક વખત વરસાદના દિવસોમાં શ્રીગુસાંઈજીને ત્યાં સૂકાં લાકડાં કે છાણાં ન હતાં, ત્યારે તેમણે વૈષ્ણવને આજ્ઞા કરી : 'પ્રયાગ જઈને સૂકાં છાણાં લઈ આવો.' તે વૈષ્ણવ ઘાટ ઉપર આવ્યા. તેમણે આ બાઈને ત્યાં છાણાં જોયાં. તેમણે તે માગ્યાં. બાઈએ કહ્યું : 'આ બધાં છાણાં શ્રીગુસાંઈજીનાં જ છે. તમે ખુશીથી લઈ જાઓ.' તે વૈષ્ણવ તે છાણાં લઈ આવ્યાં. આવીને તેમણે શ્રીગુસાંઈજીને બધી હકીકત કહી. શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈને તે બાઈને બોલાવી તેનો અપરાધ ક્ષમા કરી, તેને સેવામાં રાખી.

વિ.સં. ૧૬૨૯ની સાલમાં તેમના કાકા કેશવપુરી ગોકુળ આવ્યા. તેમણે તેમના મઠ માટે, તેમના ઉત્તરાધિકારી તરીકે શ્રીગુસાંઈજીના એક પુત્રની માગણી કરી. કોઈ જવા તૈયાર ન થયું. શ્રીગુસાંઈજીના પૌત્ર શ્રીકલ્યાણરાયજી નાના બાળક હતા. તેમણે વિચાર કર્યો : કદાચ મને આપી દેશે; એટલે તેઓ શ્રીનાથજીના નિજ મંદિરમાં જઈ, 'હોં વ્રજ માગનો જુ' એ પદ ગાઈ, રુદન કરવા લાગ્યા. શ્રીનાથજીએ પોતાનો શ્રીહસ્ત તેમના મસ્તક ઉપર મૂકી, તેમને અભયદાન આપ્યું. કેશવપુરી ગુસ્સે થયા. તેમણે શ્રીગુસાંઈજીને બે શાપ આપ્યા : 'તમારી દીકરીઓ તમારા ઘરમાં જ રહેશે, તમારા માથે કાયમ ઘણું દેવું રહેશે.' શ્રીગુસાંઈજીએ બંને શાપ શ્રીઠાકોરજીનો અનુગ્રહ માની, સ્વીકારી લીધા. આમ, તેઓ સર્વ સહન કરવા શક્તિમાન છે.

•

શ્રીગુસાંઈજી કૃપાસાગર છે. અત્યંત કોમળ હૃદયવાળા છે. ભક્તોના ઉદ્ધાર માટે જરૂરી પગલાં અવશ્ય લે છે; પરંતુ ભક્તને કોઈ વાતે ઓછું ન આવે તેનું ધ્યાન પણ રાખે છે. ભક્ત ભૂલ કરે તો શ્રીગુસાંઈજી પોતે તે સહન કરી લે છે.

(૮૭) ભક્તકૃતે વશઃ



ઉપર : રાજા આશકરણજીની સામે, શ્રીનવનીતપ્રિયાજીના રાજભોગનો થાળ ધરી દેતાં શ્રીસત્યભામા બેટીજી.
નીચે : શ્રીનવનીતપ્રિયાજી શ્રીગુસાંઈજીને કહે છે : 'આજે હું બે વાર રાજભોગ આરોગ્યો છું.'

(૮૭) ભક્તકૃતે વશઃ = ભક્તકૃતેવશાય નમઃ ભક્તે કરેલાં કાર્યોથી તેઓ ભક્તને વશ રહે છે.

વિવરણ :

ભક્તે કરેલ કાર્યથી પ્રસન્ન થઈ, તેઓ ભક્તને વશ રહે છે. તેઓ ભક્તિને વશ છે. ભક્તિ કરનાર ભક્તને આધીન રહે છે. ભગવાનની પણ પ્રતિજ્ઞા છે કે હું ભક્તને આધીન છું. શ્રીગુસાંઈજીની ભક્તવત્સલતા અવર્ણનીય છે.

વિવરણભાષ્ય :

ભગવાન કેવળ ભક્તિથી રીઝે છે; તેમ શ્રીગુસાંઈજી પણ ભક્તિથી પ્રસન્ન થાય છે. જે સેવક નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિ કરે છે, તેના ઉપર શ્રીગુસાંઈજી વિશેષ પ્રસન્ન થઈ, તેને આધીન બની જાય છે. તેના ઉપર સદા પ્રસન્ન રહે છે. તેને શ્રીઠાકોરજીનો સાક્ષાત્ અનુભવ પ્રાપ્ત કરાવે છે. તેના ઉપર અપરંપાર કૃપા કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

રાજા આશકરણજી વ્યસન અવસ્થામાં નરવરગઢનું તેમનું રાજ્ય છોડી, ગોકુળ આવીને રહ્યા હતા. શ્રીગુસાંઈજીએ તેમના સર્વ સેવકોને આજ્ઞા કરી હતી કે : 'આશકરણજી જ્યારે પણ આવે ત્યારે, જે સામગ્રી કે મહાપ્રસાદ તૈયાર હોય તે તેમને લેવડાવી દેવો.' એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજી બિરાજતા હતા અને આશકરણજી ગોકુળ આવ્યા. તે દિવસે શ્રીનવનીતપ્રિયજી માટે રાજભોગની સામગ્રી તૈયાર થઈ ચૂકી હતી. સત્યભામાબેટીજીએ રાજભોગનો થાળ આશકરણજીની આગળ ધરી દીધો. આશકરણજી તો વ્યસન અવસ્થામાં હોવાથી તેમણે ભોજન કર્યું અને ચાલ્યા ગયા. સત્યભામાજીએ રાજભોગની બીજી સામગ્રી સિદ્ધ કરી, પછી શ્રીનવનીતપ્રિયજીને ભોગ ધર્યો. તે દિવસે રાજભોગ ધરવામાં વિલંબ થયો. ભોગ સરવાના સમયે શ્રીગુસાંઈજી ગોકુળ પધાર્યા. શ્રીનવનીતપ્રિયજીએ પ્રસન્ન થઈને શ્રીગુસાંઈજીને કહ્યું : 'આજે હું બે વખત રાજભોગ આરોગ્યો છું!' ત્યારે શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. તેમણે આજ્ઞા કરી : 'ભગવદ્ ભક્તોના સ્વરૂપને ભગવત્ સ્વરૂપ જાણીને કરેલ કાર્યો ભગવાન માટે કરેલ સેવાકાર્ય છે.'

કીર્તન-સંગતિ :

જયતિ શ્રીવલ્લભ શ્રુતિ ઉદ્ધરન
ત્રિભુવન ફેર નંદકે ભવનકી કેલઠાની ।
ઈષ્ટ ગિરિવરધર સદા સેવન
ચરન દ્વાર ચારોં વરન ભરત પાની ॥૧॥

વેદપથ વ્યાસસે હનુમાનદાસસે
જ્ઞાનકોં કપિલસે કર્મયોગી ।
સાધુ લક્ષ્મન નિપુન મનહુ
વ્રજરાજ સુત પ્રકટ સુખરાસ માનો ઈન્દ્ર ભોગી ॥૨॥

સિંધુ સમ ગંભીર વિમલ
મન અતિ ધીર પ્રીતિકો જલ ક્ષીર બ્રજ ઉપાસી ।
ધ્યાનકો સનકસે ભક્તકો
ફનિગસે યાહીતે સધ કિયે વ્રજમેં વાસી ॥૩॥

મનહુ ઈન્દ્રિયજીતી કૃષ્ણસોં
કરી પ્રીતિ નિગમકી ચાલ નિત્ય અતિ વિશેખી ।
રહિત અભિમાનતે બઢે
સન્માનતે શીલ ઔર દામ ગોવિંદ ટેકી ॥૪॥

સદા નિર્મલબુદ્ધિ અષ્ટસિદ્ધિ
નવનિધિ દ્વાર સેવત તહાં મુક્તિદાસી ।
'રામરાય' ગિરિધરન જાન આયો
શરન દીનકે દુઃખહરન પોષવાસી ॥૫॥

•

(૮૮) આચાર્યરત્નમ્



પૂર્ણ પુરુષોત્તમનો અવતાર એવા શ્રીગુસાંઈજી આચાર્યસ્વરૂપે ભૂતલ પર પ્રકટ થઈ દૈવી જીવોને ત્રણ સ્વરૂપે દર્શન આપે છે. આચાર્યભાવે બ્રહ્મસંબંધ આપે છે. ભક્તભાવે શ્રીઠાકોરજીની સેવા કરે છે અને ભગવદ્‌ભાવથી સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ રૂપે દર્શન આપે છે.

(૮૮) આચાર્યરત્નમ્ = આચાર્યરત્નાય નમઃ

તેઓ આચાર્યરત્ન છે.

વિવરણ :

તેઓ શ્રીઆચાર્ય મહાપ્રભુજીનું રત્ન છે. પુત્ર રૂપે સ્નેહને પાત્ર છે. વળી, તેઓ આચાર્યોમાં રત્ન સમાન છે. ભક્તિમાર્ગનો પ્રકાશ કરનાર તેમના જેવા બીજા કોઈ આચાર્ય નથી. તેમની પહેલાં ઘણા આચાર્યો થઈ ગયા; પરંતુ તેમણે શ્રીગુસાંઈજીની જેમ ભક્તિમાર્ગ પ્રકટ કર્યો નથી.

વિવરણભાષ્ય :

ભક્તિમાર્ગ સ્વયં ભગવદ્રૂપ હોવાથી તેનો પ્રકાશ અને પ્રચાર ભગવત્ સ્વરૂપ જ કરી શકે, અન્યની શક્તિ નથી; તેથી પુષ્ટિમાર્ગના પ્રાકટ્ય માટે સ્વયં ભગવાન શ્રીઆચાર્યજી સ્વરૂપે ભૂતલ પર પ્રકટ થઈ, ભગવદ્ અવતાર - અંશ, કલા, વિભૂતિ, આવેશ વગેરે સ્વરૂપે કાર્ય કરવા પ્રકટે છે. તેવી રીતે જુદા-જુદા આચાર્યો પણ અંશ, કલા, વિભૂતિ, આવેશરૂપ અવતારો છે; જ્યારે શ્રીગુસાંઈજી પૂર્ણ પુરુષોત્તમનો અવતાર છે. અન્ય આચાર્યો વેદમાં બતાવેલ ભક્તિમાર્ગીય ઉપાસના અને પૂજામાર્ગ દ્વારા પોતાના સેવકોને મુક્તિ પ્રાપ્ત કરાવે છે, જ્યારે સ્વયં આચાર્ય એવા શ્રીગુસાંઈજી નિજ ભક્તોને રસાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણના સ્વરૂપાનંદનો સંયોગ કરાવે છે; તેથી તેઓ સર્વ આચાર્યોમાં રત્નજડિત પદક સમાન છે.

સનાતન વૈદિક ધર્મમાં જેમણે 'બ્રહ્મસૂત્ર' ઉપર ભાષ્યની રચના કરી છે, તેમને 'આચાર્ય'ની પદવી આપવાની પરંપરા છે. શ્રીગુસાંઈજીએ પણ 'બ્રહ્મસૂત્ર'ના છેલ્લા દોઢ અધ્યાય ઉપર ભાષ્ય લખ્યું છે. શ્રીમહાપ્રભુજીએ શરૂ કરેલ 'અણુભાષ્ય'માં અધૂરું રહેલ છેલ્લા દોઢ અધ્યાયનું ભાષ્ય તેમણે પૂરું કર્યું; તેથી પણ તેઓ આચાર્યસ્વરૂપ છે.

પુષ્ટિમાર્ગમાં આચાર્ય સ્વરૂપ ત્રણ ભાવથી બિરાજે છે - આચાર્ય ભાવ, ભક્ત ભાવ, ભગવદ્ ભાવ. આચાર્યભાવથી તેઓ પુષ્ટિમાર્ગનું પ્રતિપાદન કરે છે, શાસ્ત્રાર્થ કરી અન્ય પરાજીત કરે છે, પ્રાણી માત્રને શરણે લે છે. શ્રીગુસાંઈજીએ એવો નિયમ રાખ્યો હતો કે જે દિવસે એક પણ જીવ શરણે ન આવે, તે દિવસે ભોજન કરવું નહીં. ભક્તભાવથી તેઓ શ્રીઠાકોરજીની સેવા કરે છે, પ્રભુના સુખ માટે સર્વ કંઈ કરે છે. અનવસરમાં વિપ્રયોગનો અનુભવ કરે છે. વિરહમાં બધી ઇંદ્રિયોના સ્વાદનો ત્યાગ કરી, નિર્વાહ અર્થે સૂક્ષ્મ ભોજન કરે છે અને ચાચા હરિવંશજી જેવા ભગવદીયો સાથે સત્સંગ કરે છે. ઈશ્વરભાવથી તેઓ સર્વ સેવકોની સમર્પિત વસ્તુઓને સ્વતંત્ર રીતે અંગીકાર કરે છે. આચાર્ય ભગવત્સ્વરૂપ છે, એ સિદ્ધાંત શાસ્ત્ર સિદ્ધ છે. શ્રીમહાપ્રભુજીએ પોતે પોતાનું વૈશ્વાનર વાક્પતિ સ્વરૂપ સ્વમુખથી બતાવ્યું છે. શ્રીગુસાંઈજી તેમના જ પુત્ર છે; એટલે તેમનામાં સાક્ષાત્ પુરુષોત્તમ સ્વરૂપ પ્રકટ છે. અનેક ભક્તોને એ સ્વરૂપે તેમણે અનુભવ કરાવ્યો છે. માટે નાગજી ભટ્ટે ઉત્તમ વસ્ત્રો અને ઉત્તમ કેરીઓ તથા બંગાળના એક વૈષ્ણવે પણ ઉત્તમ વસ્ત્રો તેમને અંગીકાર કરાવ્યાં હતાં.

કીર્તન-સંગતિ :

જે જન શરણ આયે તે તારે ।
દીન-દયાલ પ્રકટ પુરુષોત્તમ
શ્રીવિઠ્ઠલનાથ લલારે ॥૧॥

જિતની રવિ છાયાકી કણિકા
તિતને દોષ હમારે ।
તુમારે ચરણ પ્રતાપ તેજ તે
તેઉ તતછિન ટારે ॥૨॥

માલા કંઠ તિલક માથે ધર
શંખ ચક્ર વપુ ધારે ।
'માણિકચંદ' પ્રભુકે ગુણ ઐસે
મહાપતિત નિસ્તારે ॥૩॥

●

(૮૯) સર્વાનુગ્રહકૃન્મંત્રવિત્તમઃ



કુરુક્ષેત્રના ગાઢ જંગલમાં રહેતા વૈષ્ણવે શ્રીગુસાંઈજીનું સ્મરણ કરી, પોતાની ગાયને અષ્ટાક્ષર મંત્ર સંભળાવી, કંઠી પહેરાવી હતી. જેના પરિણામે ગાય એવી નિર્ભય બની કે એ સિંહથી પણ ગભરાતી નહિ, બલકે સિંહ એ ગાયને જોઈને ભાગી જતો.

(૮૯) સર્વાનુગ્રહકૃન્મંત્રવિત્તમઃ = સર્વાનુગ્રહકૃન્મંત્રવિત્તમાય નમઃ

તેઓ સર્વ જીવોના ઉપર અનુગ્રહ કરનારા છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી સર્વ જીવો ઉપર અનન્ય અનુગ્રહ કરે છે. તેઓ અનુગ્રહ મંત્રને સારી રીતે જાણે છે. અનુગ્રહ મંત્ર એટલે તમે આ પ્રકારે કરશો તો પ્રભુને પ્રાપ્ત કરી શકશો, એ રહસ્ય. અન્ય આચાર્યો જે મંત્ર આપે છે તેનું વધુમાં વધુ ફળ મોક્ષ હોય છે, જ્યારે શ્રીગુસાંઈજી જે મંત્ર આપે છે તે સાક્ષાત્ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવે છે. શ્રીમહાપ્રભુજીએ આપેલો ઉપદેશ મંત્રરૂપ છે; કારણ કે શ્રીમહાપ્રભુજી ભગવદ્ મુખારવિંદ સ્વરૂપ છે. શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીના ઉપદેશનું રહસ્ય યથાર્થ રીતે જાણે છે.

વિવરણભાષ્ય :

મંત્રો વેદમાં પ્રસિદ્ધ છે. ઋષિમુનિઓ જુદા-જુદા મંત્રોના દૃષ્ટા છે. કેટલાક મંત્રો સ્વર્ગનું અને કેટલાક વધુમાં વધુ મોક્ષપર્યંતનું ફળ આપનારા છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ શ્રીઅષ્ટાક્ષર મંત્ર અને શ્રીબ્રહ્મસંબંધ મંત્ર આપ્યા. એ બંને મંત્રો સ્વયં ભગવદ્ મુખારવિંદની વાણી હોવાથી સ્વરૂપાત્મક છે. જ્યારે જીવોને આ મંત્રોનું દાન કરવામાં આવે છે, ત્યારે જીવોની સ્વરૂપવિસ્મૃતિરૂપી અવિદ્યા દૂર થાય છે. જીવને પોતાનાં મૂળ સ્વરૂપ તેમજ ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન થાય છે.

અન્ય આચાર્યોએ કરેલા મંત્રના ઉપદેશથી ક્યાં તો જગતની અલ્પ, નાશવંત સિદ્ધિ મળે છે અથવા વધુમાં વધુ મોક્ષ મળે છે. પુષ્ટિમાર્ગની મંત્ર દીક્ષાથી જીવ આ જગતમાં સાક્ષાત્ પુરુષોત્તમની તનુવિત્તજા સેવા કરતાં ફલરૂપા માનસી સેવા પ્રાપ્ત કરી, શ્રીઠાકોરજીનો સાક્ષાત્ અનુભવ નિત્ય કરી શકે છે. તદ્ઉપરાંત મૃત્યુ બાદ તેને નૂતન અલૌકિક દેહથી નિત્યલીલામાં પ્રવેશ અને ત્યાં સેવાનો અધિકાર મળે છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ કેટલાક જીવોને તેમના અધિકાર મુજબ કેવળ નામમંત્રની દીક્ષા આપી છે. જેમાં યવન, બલાઈ, ચોર, ઠગ, શિકારી, પ્રેત, પક્ષી વગેરેનો સમાવેશ થાય છે. તેમના પ્રતાપબળથી નામમંત્રની દીક્ષા દ્વારા પણ તે તે જીવોને સાક્ષાત્ ભગવત્ સ્વરૂપનો અનુભવ કરાવી, તેમનો ઉદ્ધાર કર્યો છે.

અષ્ટાક્ષર મહામંત્ર અન્ય શરણ મંત્ર જેવો સકામ નથી. તે કેવળ જ્ઞાનપ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિ કે પાપ નિવારણ માટે નથી. તેનાથી જીવની શ્રીકૃષ્ણમાં અનન્યતા સિદ્ધ થાય છે. શ્રીગુસાંઈજી આ મહામંત્રનું અલૌકિક સ્વરૂપ 'શ્રીઅષ્ટાક્ષરમંત્ર નિરૂપણ' ગ્રંથમાં સમજાવે છે. આ મંત્ર અલૌકિક અષ્ટસિદ્ધિ આપનાર અને રસરૂપ છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીએ ચાચા હરિવંશજીને શ્રીઅષ્ટાક્ષરમંત્રનું દાન કર્યું. તેમણે એવી પણ આજ્ઞા કરી કે : 'જ્યાં અમે ન જઈ શકીએ, તે પ્રદેશમાં રહેલા દૈવી જીવોને તમે અમારા વતી આ મંત્રનું દાન કરજો.' ચાચા હરિવંશજીને અષ્ટાક્ષરમંત્ર સિદ્ધ થયો હતો. એક વખત તેમને કાર્યવશાત્ મથુરા જવાનું થયું. ગોકુળ પાછા જતાં રાત પડવા આવી. યમુના કિનારે એક પણ નાવ કે નાવિક ન હતાં. રાતે ગોકુળ પહોંચવું આવશ્યક હતું. તેમની સાથે એક સાધારણ વૈષ્ણવ પણ હતા. ચાચાજીએ તે વૈષ્ણવને કહ્યું : 'હું યમુનાજળ ઉપર ચાલું છું. તમે પણ મારા પગલે-પગલે ચાલજો. ચાલતાં શ્રીઅષ્ટાક્ષર જપતા રહેજો.'

અષ્ટાક્ષર મંત્રની સિદ્ધિથી ચાચાજી શ્રીયમુનાજળ પર ચાલવા લાગ્યા. વૈષ્ણવ પણ તેમના પગલે-પગલે ચાલતા, અડધે પહોંચ્યા. તે વૈષ્ણવને વિચાર આવ્યો કે હું અને ચાચાજી શ્રીગુસાંઈજીના સેવક છીએ. અમે બંને અષ્ટાક્ષર જપીએ છીએ; તો મારે તેમની પાછળ શા માટે ચાલવું જોઈએ? તેઓ સાથે થવા ગયા. ત્યાં જળમાં ડૂબ્યા. ચાચાજીએ હાથ પકડી, તેમને બચાવ્યા. અને કહ્યું : 'શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીઠાકોરજીએ મારા પર કૃપા કરી છે. હજી એ કૃપા તમારા પર થવાની વાર છે.'

કુરુક્ષેત્રના ગાઢ જંગલમાં એક વૈષ્ણવ પતિપત્ની શ્રીગુસાંઈજીની આજ્ઞાથી ઝૂંપડી બાંધીને રહેતાં હતાં. તેમની પાસે ગાય હતી. તે વૈષ્ણવે તેમની ગાયના કાનમાં અષ્ટાક્ષર

(૯૦) સર્વસ્વદાનકુશલઃ



શ્રીગુસાંઈજી, પોતાના સેવક એક મા-દીકરાનો મનોરથ પૂર્ણ કરવા, દરરોજ સાક્ષાત્ તેને ઘેર પધારી, તેની સામગ્રી અંગીકાર કરે છે.

મંત્ર સંભળાવી, તેને નિર્ભય બનાવી દીધી હતી; તેથી સિંહ જેવાં જંગલી પશુઓને જંગલમાં જોઈને પણ તે ગાય ડરતી નહીં, બલ્કે, સિંહ તે ગાયને જોઈને નાસી જતો હતો.

કીર્તન-સંગતિ :

સેવકકી સુખરાશ સદા શ્રીવલ્લભ રાજકુમાર ।
દરસનહી પ્રસન્ન હોત,
મન પુરુષોત્તમ અવતાર ॥૧॥

સુદૃષ્ટિ ચિતે સિદ્ધાંત
બતાયો લીલા જગ વિસ્તાર ।
યહ તજિ અન્ય જ્ઞાનકોં
ધાવત ભૂલ્યો કુમતિ વિચાર ॥૨॥

'છીતસ્વામી' ઉદ્ધરે પતિત
શ્રીવિઠ્ઠલ કૃપા ઉદાર ।
ઈનકે કહેં ગહી ભુજ
દૃઢ કરિ ગિરિધર નંદદુલાર ॥૩॥

●

(૯૦) સર્વસ્વદાનકુશલઃ =
સર્વસ્વદાનકુશલાય નમઃ
તેઓ સર્વસ્વનું દાન કરવામાં કુશળ છે.

વિવરણ :

તેઓ કુશળતાથી સર્વ ભક્તોને પોતાના અલૌકિક સ્વરૂપનું દાન કરે છે. સાથે-સાથે ભગવત્ સ્વરૂપનું દાન કરવામાં પણ તેઓ કુશળ છે. સામાન્ય રીતે કોઈ પોતાનું સર્વસ્વ બીજાને આપી દેતું નથી. શ્રીગુસાંઈજી પોતાના ભક્તોને પોતાનું સર્વસ્વ આપી દે છે.

વિવરણભાષ્ય :

શ્રીમહાપ્રભુજીનું ચરિત્ર પણ આવું જ છે; તેથી તેમને 'અદેય દાન દક્ષ' અને 'મહોદાર ચરિત્રવાળા' કહ્યા. શ્રીગુસાંઈજીનું પણ એ જ સ્વરૂપ છે. તેઓ પોતાના અલૌકિક સ્વરૂપનું ભક્તોને દાન કરે છે. પોતે પોતાના વિશે કશું કહેતા નથી. શરણે આવેલા ભક્તને પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન કરાવી, પોતાનામાં તેની સ્વરૂપાસક્તિ સિદ્ધ કરે છે. એવી જ રીતે બ્રહ્મસંબંધ પછી જીવોને ભગવત્ સેવાની આજ્ઞા કરે છે. ભગવત્ સેવા કરતા જીવોને સાક્ષાત્ શ્રીઠાકોરજીનો અનુભવ કરાવે છે. શ્રીઠાકોરજી જ દાનમાં આપી દે છે. શ્રીઠાકોરજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપતાં, તેઓ દરેકને આજ્ઞા કરે છે કે 'અમે અમારું સર્વસ્વ તમને પધરાવી આપીએ છીએ.'

શ્રીમહાપ્રભુજીએ 'બાલબોધ' ગ્રંથમાં સમજાવ્યું કે લૌકિક મનુષ્યો અને દેવો પણ પોતાને અતિ પ્રિય હોય તેવી વસ્તુઓ બીજાને આપતા નથી. બિનજરૂરી વસ્તુઓનું જ દાન કરે છે; ત્યારે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પોતાના સર્વસ્વ એવા શ્રીઠાકોરજીનું ભક્તોને દાન કરે છે. આ તેમની મહા ઉદારતા છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી દ્વારકા પધારતા હતા. રસ્તામાં એક ગામ બહાર મુકામ કર્યો. ત્યાં એક મા-દીકરાને નામ મંત્ર આપ્યો. તે બંનેએ બ્રહ્મસંબંધ આપવા વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે ગોકુળ આવજો, ત્યાં તમને બ્રહ્મસંબંધ આપીશ.' તેઓ દ્રવ્યપાત્ર હતાં, એટલે વ્રજમાં ગયાં. ગોકુળ ગયાં. ત્યાં તેમણે બ્રહ્મસંબંધ માટે વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ તેમને બ્રહ્મસંબંધ આપ્યું. દેશમાં પાછા જતાં તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી : 'અમારું મન આપની સેવા કરવાનું છે.' શ્રીગુસાંઈજીએ પૂછ્યું : 'તમે અમારી સેવા કેવી રીતે કરશો?' મા-દીકરાએ કહ્યું : 'જેમ અમે શ્રીઠાકોરજીની સેવા કરીએ, તેવી રીતે આપની સેવા કરીશું.' શ્રીગુસાંઈજી ભક્તોની ઈચ્છા પૂરી કરનારા છે; તેથી આજ્ઞા કરી : 'તમે તમારો સેવાપ્રકાર ગુપ્ત રાખશો તો અમે તમારા ઘેર પધારીશું. કોઈ જાણશે તો એક ક્ષણ પણ અમે બિરાજીશું નહીં.' તે મા-દીકરાએ શ્રીગુસાંઈજીનું સ્વરૂપ હૃદયમાં પધરાવ્યું. પોતાનું દ્રવ્ય લૌકિક કાર્યમાં ન વપરાય, માટે દીકરાએ લગ્ન પણ ન કર્યાં. ઘરમાં સુંદર મંદિર સિદ્ધ કરાવ્યું. ઘરની અંદર જ કૂવો બનાવડાવ્યો. તેઓ પ્રેમપૂર્વક શ્રીગુસાંઈજીની સેવા કરવા લાગ્યા. તેઓ દરરોજ સામગ્રી સિદ્ધ કરી, શ્રીગુસાંઈજીના જે સ્વરૂપનું ગોકુળમાં દર્શન કર્યું હતું તેનું ધ્યાન કરી, આરોગવા

(૯૧) ગીતસંગીતસાગરઃ



શ્રીગુસાંઇજી બાળપણથી કુશળ વીણાવાદક હતા. આપશ્રીનું વીણાવાદન સાંભળી વનમાંથી હરણો દોડી આવતાં.

વિનંતી કરતાં. શ્રીગુસાંઈજી તેમના પર કૃપા કરી, આરોગવા સાક્ષાત પધારતા. આમ, શ્રીગુસાંઈજીએ પોતાના અનેક સેવકોને શ્રીઠાકોરજીના સ્વરૂપનું દાન કર્યું છે.

શ્રીગુસાંઈજીએ સંવત ૧૬૧૩ના મહા સુદ-૧૩ના રોજ જગદીશ યાત્રા દરમ્યાન શ્રીજગન્નાથજીને સર્વ સંપત્તિ સમર્પિત કરી હતી.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ પ્રકટે વ્રજનાથ ।
નંદનંદન કલિયુગમેં આયે નિજજન કિયે સનાથ ॥૧॥
તબ અસુરનકો નાશ કિયો હરિ અબ માયામત નાશે ।
તબ ગોપીજનકોં સુખદીનોં સબ નિજભક્ત ઐસે ॥૨॥

તબકેં વેદ પથ છોડ રાસ રમિ નાનાભાવ બતાયે ।
અબ સ્ત્રી શૂદ્રાદિક સબકોં બ્રહ્મસંબંધ કરાયે ॥૩॥

યહ વિધ પ્રકટ કરી નિજલીલા વલ્લભરાજ દુલારે ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ ઈનકો વેદ પુકારે ॥૪॥

•

(૯૧) ગીતસંગીતસાગરઃ =
ગીતસંગીતસાગરાય નમઃ
તેઓ ગીત-સંગીતના સાગર છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ગીત અને સંગીત - બંનેમાં કુશળ છે. સાગરમાં જેમ નિત્ય તરંગો આવે; તેમ ગીતસંગીતમાં પણ નવા-નવા પ્રકારો પ્રગટ થાય છે. તે તેઓ સારી રીતે જાણે છે.

વિવરણભાષ્ય :

પુષ્ટિમાર્ગની સેવાપ્રણાલિકામાં રાગ, ભોગ અને શૃંગારનો વિનિયોગ શ્રીઠાકોરજીની પ્રસન્નતા માટે શ્રીગુસાંઈજીએ સુંદર રીતે કરાવ્યો. તેઓ સ્વયં પણ ગીત-સંગીતના કુશળ જાણકાર હતા. બાળપણથી વીણાવાદનમાં નિપુણ હતા. દેશના ખૂણે-ખૂણેથી સંગીતના અનેક કલાકારો તેમની પાસે આવતા. તેમની કલાની તેઓ કદર કરતા અને બક્ષીસ આપતા. તેમણે શ્રીનાથજીની કીર્તનસેવા માટે અષ્ટછાપ મંડળની રચના પણ કરી હતી. તેમણે સ્વયં પણ સંસ્કૃત અને વ્રજભાષામાં કીર્તનો લખ્યાં હતાં. કીર્તનોનું બંધારણ પણ તેમણે બનાવ્યું હતું.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજી બાળપણથી વીણા વગાડવામાં ભારે કુશળ હતા. તેઓ વીણા વગાડતા ત્યારે અડેલની આજુબાજુના વનમાંથી હરણો દોડી આવતાં. એક વખત શ્રીમહાપ્રભુજીએ વીણા વગાડતાં ખરબચડી બનેલી તેમની આંગળીઓ ઉપર પોતાનો શ્રીહસ્ત ફેરવી આજ્ઞા કરી : 'આ આંગળીઓ શ્રીઠાકોરજીની સેવા કરવા માટે છે. ખરબચડી આંગળીથી શ્રીઠાકોરજીને પરિશ્રમ થાય.' આ સાંભળી, શ્રીગુસાંઈજીએ વીણાવાદન છોડી દીધું; પરંતુ શ્રીઠાકોરજીની સેવામાં વીણાવાદન કરનાર સંગીતકારની વ્યવસ્થા કરી. તેમણે અનેક છંદોમાં વિવિધ ગ્રંથો લખ્યા છે; જેની સંખ્યા ૪૮ જેટલી છે. વ્રજભાષામાં તેમણે 'લલિતા', 'સહજપ્રીત', 'દાસી' વગેરે સંકેતાત્મક છાપથી કીર્તનો પણ રચ્યાં છે.

તેમણે અકબરના રાજગવૈયા તાનસેનને એક હજાર રૂપિયાની થેલી ઉપર એક કોડી મૂકીને સમજાવી દીધું કે અમારા ગોવિંદસ્વામીના કીર્તન પાસે તારી કિંમત કોડીની છે. રાજગવૈયા તરીકે હજાર રૂપિયા બક્ષીસના છે.

કીર્તન-સંગતિ :

પ્રકટે રસિક શ્રીવિઠ્ઠલરાય ।
ભક્તન હિત અવતાર લીનો બહુરિ વ્રજમેં આય ॥૧॥

શિવ બ્રહ્માદિક ધ્યાન ધરત હે નિગમ જાકોં ગાય ।
શેષ સહસ્ર મુખ રટત રસના યશ ન વરન્યોં જાય ॥૨॥

પીત પટ કટિ કાછની મુરલી મધુર બજાય ।
મોર ચંદ્રિકા મુકુટ મસ્તક ભાલ તિલક બનાય ॥૩॥

મકર કુંડલ ગંડ મંડિત દેખ મદન લજાય ।
ગ્વાલીનકે સંગ વિલસત રાસ મંડલ માંય ॥૪॥

અંગઅંગ અનંગ સુંદર કહૂં કહા બનાય ।
પ્રાણપતિકી નિરખ શોભા 'ચતુર્ભુજ' બલ જાય ॥૫॥

•

(૯૨) ગોવર્ધનાચલસખઃ



ઉપર : શ્રીગિરિરાજજીને ભોગ ધરવા પધારેલા શ્રીગુસાંઇજી વ્રજભક્તોની લાઇનમાં છેલ્લા ઠાડા છે. ■ **નીચે :** શ્રીગિરિધરજી બીજા દિવસે શ્રીગિરિરાજજીને ભોગ ધરવા પધારે છે ત્યારે ઘણો વિલંબ થાય છે. શ્રીગુસાંઇજી ગિરિધરજીને એ વિલંબનું કારણ પૂછે છે.

(૯૨) ગોવર્ધનાચલસખઃ =
ગોવર્ધનાચલસખાય નમઃ
તેઓ શ્રીગિરિરાજજીમાં સદા બિરાજનારા શ્રીનાથજીના સખા છે.

વિવરણ :

શ્રીનાથજી શ્રીગિરિરાજજીમાં સદા બિરાજે છે. શ્રીગુસાંઈજી તેમના સખા છે અથવા તેઓ શ્રીગોવર્ધનપર્વતના સખા છે. શ્રીગિરિરાજજી 'હરિદાસવર્ય' કહેવાય છે; એમ શ્રીગુસાંઈજી પણ સેવક સ્વરૂપે હરિદાસવર્ય છે; તેથી બંને સખા થયા. શ્રીગિરિરાજજી પોતાની આસપાસ ઉત્પન્ન થતાં કંદમૂળ, ફળફૂલ શ્રીઠાકોરજીને અંગીકાર કરાવે છે. પોતાનો દેહ, ઈંદ્રિયો વગેરે શ્રીઠાકોરજીને સમર્પિત કર્યાં છે; તેમ શ્રીગુસાંઈજી પણ કરે છે, તેથી બંને સખા થયા. શ્રીગિરિરાજજીની ગુફામાં શ્રીઠાકોરજી ક્રીડા કરવા અને ભક્તોનું દુઃખ નિવારણ કરવા સદા બિરાજે છે; તેવી રીતે શ્રીગુસાંઈજીના હૃદયરૂપી કંદરામાં શ્રીઠાકોરજી સદા બિરાજે છે, માટે પણ બંને સખા થયા. શ્રીગિરિરાજજીનો આશ્રય કરવાથી ભીલ જેવી હલકી જાતિની સ્ત્રીઓને પ્રભુની પ્રાપ્તિ થઈ; તેમ શ્રીગુસાંઈજીનો આશ્રય કરવાથી પતિત જીવોને પ્રભુની પ્રાપ્તિ થાય છે; તેથી પણ શ્રીગિરિરાજજીના સખા છે.

વિવરણભાષ્ય :

કહેવત છે કે 'સમાન સ્વભાવ અને વ્યસનને કારણે મિત્રતા બંધાય છે.' શ્રીગિરિરાજજી અને શ્રીગુસાંઈજીના સ્વભાવનું સામ્ય અહીં બતાવવામાં આવ્યું છે; તેથી બંને સ્વરૂપોનું સખ્ય સિદ્ધ થાય છે.

શ્રીગિરિરાજજી અને શ્રીગુસાંઈજી જગતમાં ભક્ત સ્વરૂપે પ્રકટ બિરાજે છે. એવી જ રીતે શ્રીગુસાંઈજી અને શ્રીનાથજી ભગવત્ સ્વરૂપે પ્રકટ છે. એટલે જેમ શ્રીગિરિરાજજી અને શ્રીગુસાંઈજી સખા છે; તેમ શ્રીગુસાંઈજી અને શ્રીનાથજી પણ સખા છે. જ્યારે શ્રીગુસાંઈજી મારતે ઘોડે ગોવિંદકુંડની દિશામાં પધારતા હતા, ત્યારે તેમનાં નેત્રો શ્રીનાથજીના મંદિરની ધજાજી પર સ્થિર હતાં. તે જોઈને રસખાનજીએ શ્રીગુસાંઈજીને ઉત્સુકતાથી પૂછ્યું હતું : 'તમે શ્યામસુંદરના સખા છો ને?'

અનવસરના સમયમાં શ્યામઢાક ઉપર બિરાજતા શ્રીનાથજીને આરોગવા માટે સામગ્રી સિદ્ધ કરી, ભર ઉનાળે સામગ્રીની છાબ મસ્તકે લઈ, તેઓ ખુલ્લા ચરણારવિંદથી શ્યામઢાક પધારતા. દરરોજ ગોકુળથી ગિરિરાજ શ્રીનાથજીની સેવા માટે પધારતા. તેઓ શ્રીનાથજી વિના રહી શકતા નહીં.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

સંવત ૧૬૬૯માં શ્રીગુસાંઈજીના સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીનાં લગ્ન બાદ શ્રીગુસાંઈજી ગિરિરાજ પધાર્યા. ત્યાં તેમણે શ્રીનાથજીના અનેક મનોરથો કર્યા. એક દિવસ શ્રીગુસાંઈજી શ્રીનાથજીની રાજભોગ આરતી કરી, શ્રીગિરિરાજજીને ભોગ ધરવા પધાર્યા. ત્યાં વિલંબ થવાથી તેમનાં બાળકો ભૂખથી વ્યાકુળ બની ગયાં હતાં. તેમના સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીએ વિનંતી કરી : 'કાકાજી! આવતી કાલથી શ્રીગિરિરાજજીને ભોગ ધરવા હું જઈશ.' બીજા દિવસે શ્રીગિરિધરજી ભોગ ધરવા પધાર્યા. ત્યાં તેમણે જોયું કે શ્રીગિરિરાજજીને ભોગ ધરાવવા અસંખ્ય ગોપીજનો ક્રમાનુસાર લાઈનમાં ઊભાં છે. શ્રીગિરિધરજીનો વારો છેલ્લે આવ્યો. શ્રીગિરિધરજીને ભોગ આરોગાવવા માટે ઘણો વિલંબ થયો. તેઓ ભોગ ધરાવી, પાછા આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ વિલંબનું કારણ પૂછ્યું. શ્રીગિરિધરજી શરમાઈ ગયા. પોતાના અપરાધની ક્ષમા માગી. શ્રીગુસાંઈજીને શ્રીગિરિરાજજીની નિત્યલીલાનો આવો અનુભવ છે.

કીર્તન-સંગતિ :

ગાયનસોં રતિ ગોકુલસોં રતિ
ગોવર્ધનસોં પ્રીતિ નિવાહી ।
શ્રીગોપાલ ચરણ સેવારતિ
ગોપ સખા સબ અમિત અથાઈ ॥૧॥

ગોવાણી જો વેદકી કહિયત
શ્રીભાગવત ભલે અવગાહી ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નંદનંદનકી સબ પરછાંઈ ॥૨॥

(૯૩) ગોપગોગોપિકાપ્રિયઃ



શ્રીઠાકોરજી, ગોપ, ગોપી, ગાયો વગેરે સૌને માટે શ્રીગુસાંઈજીને ખૂબ પ્રેમ છે.

ગોવલ્લભ ગોવર્ધન વલ્લભ
શ્રીવલ્લભ ગુણ ગિને ન જાઈ ।
ભુકી રેણુ તરૈયા નભકી
ઘનકી બૂંદ પરત લખાઈ ॥૧॥

જિનકે ચરન કમલ રજ વંદિત
સંતત હોત સદા ચિતચાઈ ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નંદનંદનકી સબ પરછાંઈ ॥૨॥

●

(૯૩) ગોપગોગોપિકાપ્રિયઃ = ગોપગોગોપિકાપ્રિયાય નમઃ તેમને ગોપ, ગાય અને ગોપિકાઓ પ્રિય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીને ગોપ, ગાય અને ગોપિકાઓ બહુ જ પ્રિય છે. શ્રીગિરિરાજજીમાં શ્રીઠાકોરજીના સખા ગોપ શ્રીઠાકોરજી સાથે ખેલે છે; તેથી શ્રીગુસાંઈજીને આ સખાઓ વહાલા લાગે છે. શ્રીગિરિરાજજીમાં એકાંત કંદરામાં ગોપિકાઓને શ્રીઠાકોરજી સુખદાન કરે છે. માટે શ્રીગિરિરાજજી ગોપિકાઓને વહાલા લાગે છે. જેમ આ ત્રણેયને શ્રીગિરિરાજજી પ્રિય છે; તેમ આ ત્રણે શ્રીગુસાંઈજીને પ્રિય છે; કારણ કે તેઓ શ્રીગિરિરાજજીના સખા છે.

વિવરણભાષ્ય :

સારસ્વત કલ્પમાં રસાત્મક કૃષ્ણે ગોપ, ગોપી, ગ્વાલ અને ગાયો-સૌને નિરોધનું દાન કર્યું હતું. તે સૌને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો હતો, તેથી તે સૌને શ્રીઠાકોરજી અત્યંત પ્રિય છે. શ્રીઠાકોરજીએ આ સૌના સ્વભાવનું પરિવર્તન કર્યા સિવાય, તેમના સ્વભાવને અનુકૂળ બની, લીલાનું દાન કરી, તેમનો નિરોધ સિદ્ધ કરાવ્યો હતો. તેવી રીતે હાલ પૃથ્વી ઉપર શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજી સ્વરૂપે પૃથ્વી પર અવતરેલ ગોપ, ગોપી, ગાયો વગેરે ભક્તોના સ્વભાવને અનુકૂળ બની, ભક્તોને નિરોધ સિદ્ધ કરાવે છે. આમ, શ્રીગુસાંઈજીને આ સૌ માટે ગાઢ પ્રેમ છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીનાથજીને ગાયો પ્રિય છે; તેથી શ્રીગુસાંઈજીને ગાયો પ્રિય છે. તેમણે શ્રીગિરિરાજજીની તળેટીમાં ગાયો માટે મોટી-મોટી ગૌશાળાઓ બનાવી હતી; જેમાં બે હજાર જેટલી ગાયો રહેતી હતી. દરેક ગૌશાળાની સેવા એક-એક ગ્વાલને સોંપી હતી. આ સર્વ ગ્વાલો પણ શ્રીગુસાંઈજીને ઘણા પ્રિય હતા; કારણ કે તેઓ ગાયોની સેવા કરતા હતા. શ્રીગુસાંઈજી આ ગ્વાલોનું ખૂબ ધ્યાન રાખતા. તેમને શ્રીનાથજીનાં સાક્ષાત્ દર્શન પણ કરાવતા.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ભયે ન વ્હે હેં ।
પાછેં સુને ન આગે દેખે ફિર યહ છબિ ન બનેહે ॥૧॥

મનુષ્ય દેહ ધર ભક્તનહિત કલિ કાલ જન્મકો લેહેં ।
કો કૃતજ્ઞ કરુણા સેવક તન કૃપા સુદૃષ્ટિ ચિતે હેં ॥૨॥

કો કર કમલ સીસનપર ધર અધમન વૈકુંઠ પઠેહેં ।
ભૂષણ વસન ગોપાલલાલકે કોન શૃંગાર સિખેહેં ॥૩॥

કો આરતી વારતી શ્રીમુખ પર આનંદ પ્રેમ બઢેંહે ।
'ચતુર્ભુજદાસ' આસ ઈતની ઈન સ્મરત જન્મ સિખેહે ॥૪॥

★ ★ ★

શ્રીવલ્લભકેં આનંદ ભયો
પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલનાથ ।
આનંદે વ્રજવાસી સકલ ગુણ ભક્ત
મિત્ર મિલ ગાવહિ સાથ ॥૧॥

આનંદે ત્રિલોક અમરગણ
પુષ્પવૃષ્ટિ કરે અનુસાર ।
આનંદે ગોવર્ધન ગિરિધર
'કૃષ્ણદાસ' કીનો બલિહાર ॥૨॥

●

(૯૪) ચિંતિતજ્ઞઃ



મધુસૂદનદાસની ઈચ્છા પૂર્ણ કરવા શ્રીગુસાંઈજી લાહોર પધાર્યા છે. ત્યાં તેમને શરણે લીધા છે.
મધુસૂદનદાસે આપશ્રીને એક સુંદર ઘોડો ભેટ કર્યો છે.

(૯૪) ચિંતિતજ્ઞઃ = ચિંતિતજ્ઞાય નમઃ
તેઓ ભક્તોના મનના વિચારોને જાણે છે.

વિવરણ :

ભક્તો મનમાં જે-કંઈ ચિંતન કરે છે, તેને તેઓ જાણે છે. તે સાથે તેઓ શ્રીઠાકોરજીના વિચારોને પણ સમજે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી અંતર્યામી છે; એટલે તેમના ભક્તોના વિચારોને વગર કહ્યે સમજી જાય છે. તેવી રીતે શ્રીઠાકોરજીના હૃદયને પણ સારી રીતે જાણે છે; એટલે શ્રીઠાકોરજીની ઈચ્છા પ્રમાણે સર્વ કંઈ મનોરથો અંગીકાર કરાવે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

લાહોરમાં મધુસૂદનદાસ નામના એક સેવક રહેતા હતા. તેઓ ત્યાંના રાજા માટે ઘોડા ખરીદવા આગ્રા આવ્યા. ત્યાં તેમને શ્રીગુસાંઈજીનાં દર્શન થયાં. શ્રીગુસાંઈજીએ મધુસૂદનદાસને કહ્યું : 'અમારે પણ એક ઘોડો ખરીદવાની ઈચ્છા છે.' મધુસૂદનદાસે વિનંતી કરી : 'આપને લાયક એક ઘોડો લાહોરમાં છે. આપ ત્યાં પધારો; તો આપને હું ભેટ કરું. અથવા આપ આજ્ઞા કરો તો અહીં લઈ આવું.' શ્રીગુસાંઈજીએ કહ્યું : 'અમે ત્યાં આવીશું ત્યારે તમને સેવક કરીશું અને ઘોડો જોઈશું.' મધુસૂદનદાસે વિનંતી કરી : 'જિંદગીનો ભરોંસો નથી. આપ ન પધારો તો મારું જીવન વ્યર્થ જાય.' શ્રીગુસાંઈજીએ કહ્યું : 'અમારું વચન છે, અમે તમને જરૂર શરણે લેવા આવીશું.' આ વાતને ઘણો સમય વીતી ગયો. એક વૈષ્ણવે પશ્ચિમ તરફના પ્રદેશનો પ્રવાસ કરવા વિનંતી કરી, ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'અમારી તો ઈચ્છા નથી; પણ મધુસૂદનદાસ માટે અમારે આવવું પડશે.' મધુસૂદનદાસની ઈચ્છા પૂરી કરવા શ્રીગુસાંઈજી લાહોર પધાર્યા. ત્યાં તેમને શરણે લીધા. મધુસૂદનદાસે એક સુંદર ઘોડો શ્રીગુસાંઈજીને ભેટ કર્યો.

કીર્તન-સંગતિ :

વંદુનાથ શ્રીવિઠ્ઠલેશ ।
ભક્ત હિત અવતાર ભૂતલ પ્રકટ દેવ દિનેશ ॥૧॥
સુભગ સુંદર શ્રીગિરિધર ગોવિંદ રસિક શિરમોર ।
એક જિહ્વા કહત ન આવે ઉપમાકો નહીં ઓર ॥૨॥
શ્રીબાલકૃષ્ણ વલ્લભ વંદે ધીર શ્રીરઘુનાથ ।
ભક્ત જન સુખરાસી વંદે શ્યામઘન યદુનાથ ॥૩॥
શ્રીવલ્લભ નંદન જગત વંદન જીવ કિયે સનાથ ।
'ભગવાનદાસ' નિવાસ ચરણન ગાવત ગુણગણ સાથ ॥૪॥

•

(૯૫) મહાબુદ્ધિઃ = મહાબુદ્ધયે નમઃ
તેઓ મહા બુદ્ધિશાળી છે.

વિવરણ :

તેઓ મહા બુદ્ધિશાળી છે. તેમના દ્વારા જ મહાપુરુષોને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

વિવરણભાષ્ય :

તેઓ સાક્ષાત્ શ્રીઠાકોરજીનું સ્વરૂપ છે. શ્રીઠાકોરજીમાં જ્ઞાનનો અલૌકિક ધર્મ રહ્યો છે; એટલે શ્રીગુસાંઈજી પણ સૌથી શ્રેષ્ઠ બુદ્ધિ ધરાવે છે - તે સ્વાભાવિક છે. તેમનાં દર્શન માત્રથી જીવોની અવિદ્યા દૂર થાય છે, જીવોને ભગવદ્‌જ્ઞાન થાય છે. પારસમણિના સંગથી લોઢું સોનું બને; તેમ શ્રીગુસાંઈજીના સંગથી જીવ મહાન બને છે, સદ્‌બુદ્ધિવાળો બને છે. ભગવદ્‌બુદ્ધિ આવતાં ભગવદ્‌માર્ગે ચાલનારો બને છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

સુરતમાં એક શાહુકાર રહેતા. તેમના બેટાની સ્ત્રીનો પ્રસંગ જાણીતો છે. તે સુંદર સ્ત્રીને એક મ્લેચ્છ પોતાના કબજે કરી, લઈ જવા માગતો હતો. તેની સામેનો કેસ દિલ્હીમાં અકબર બાદશાહના દરબારમાં ચાલતો હતો. ત્યારે શ્રીગુસાંઈજીએ

(૯૫) મહાબુદ્ધિઃ



એક શાહુકારના બેટાની સ્ત્રીનો, શ્રીગુસાંઈજીએ ખૂબ બુદ્ધિપૂર્વક ન્યાય કર્યો ત્યારે, બાદશાહ અકબર આપશ્રીથી પ્રભાવિત થઈ, આપને ન્યાયાધીશની પદવી આવી, સન્માનિત કરે છે.

તેમના સેવક બીરબલને આજ્ઞા કરી : 'અકબર જેવા ન્યાયી બાદશાહના દરબારમાં આ સ્ત્રી પ્રત્યે ઘોર અન્યાય થાય છે તે ઉચિત નથી.' બીરબલે બાદશાહને વાત કરી. બાદશાહે શ્રીગુસાંઈજીને ફરીથી ન્યાય કરવા વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ તે સ્ત્રીને અને મુસલમાનને બે અલગ-અલગ પાંજરાંમાં રાત્રે રાખ્યાં. એક વિશ્વાસુ માણસને તેમના વચ્ચે થતી વાતની નોંધ લેવા કહ્યું. બીજા દિવસે તે વિશ્વાસુ માણસે નોંધેલી વાત દરબારમાં જાહેર કરાવી. તે મુસલમાનનો ગુનો સાબિત થયો. તેને શ્રીગુસાંઈજીએ દંડ આપી સ્ત્રીને છોડાવી હતી. શ્રીગુસાંઈજી આવા મહાન બુદ્ધિશાળી છે. આ પ્રસંગનો પ્રભાવ અકબર બાદશાહ ઉપર ઘણો પડ્યો. અકબર બાદશાહે તેમને ન્યાયાધીશની સત્તા આપી, રાજકીય સન્માન કર્યું.

કીર્તન-સંગતિ :

યહ કલિ પરમ સુભગ જન ધન્ય શ્રીવિઠ્ઠલનાથ ઉપાસી ।
જો પ્રકટે વ્રજપતિ શ્રીવિઠ્ઠલ તો સેવક વ્રજવાસી ॥૧॥

વ્રજલીલા ભૂલ્યો ચતુરાનન વ્રત ટાર્યો બલરાસી ।
અબલોં શઠ નહિ ગિનત અભાગે કરત પરસ્પર હાંસી ॥૨॥

આત્મા સહિત આપ ભયે હિત અંતર દિયો પ્રકાશી ।
દેખિયત લોક સમાજ અલૌકિક જ્યોં ગંગા સરિતાસી ॥૩॥

ધર હરિ સદન સદા યશ ગાવત ભક્તિ મુક્તિસી દાસી ।
વદત ન કછૂ 'ભીમ' અબ વૈભવ ભજનાનંદ ઉપાસી ॥૪॥

●

(૯૬) જગદ્વંદ્યપદામ્બુજઃ =
જગદ્વંદ્યપદામ્બુજાય નમઃ
જગતમાં તેમનાં ચરણકમળ પ્રણામ કરવા યોગ્ય છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીનાં ચરણકમળ એટલાં દિવ્ય છે કે જગતમાં પ્રણામ કરવા યોગ્ય છે. તેમના ચરણારવિંદના સ્પર્શવાળું જગત પણ વંદનીય છે. જગતનો બીજો અર્થ છે ભક્તનો પ્રપંચ; એટલે ભક્તનો ગૃહસ્થાશ્રમ. વૃત્રાસુર જેવા અસુરે પણ ભક્તનો ગૃહસ્થાશ્રમ માગ્યો હતો; કારણ કે મોક્ષ કરતાં ભક્તનો ગૃહસ્થાશ્રમ વધારે આનંદદાયક છે.

વિવરણભાષ્ય :

જગત અહીં બે અર્થમાં વપરાયેલ શબ્દ છે. એક તો ભગવાને પ્રકટ કરેલું; જે આંખોથી દેખાય છે તે આધિભૌતિક જગત. આ જગતમાં રહેલા સૌ જીવો શ્રીગુસાંઈજીના ચરણારવિંદને પ્રણામ કરે છે. આ જગત શ્રીગુસાંઈજીના ચરણારવિંદની રજથી માત્ર પવિત્ર જ નહીં, દિવ્ય બન્યું છે. તેના કણ કણમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે; તેથી જગત ત્યાજ્ય નથી, પણ વંદનીય છે.

જગતનો બીજો અર્થ છે જીવોનો સંસાર. ત્રણ પ્રકારના જીવો છે : પ્રવાહી જીવોનું જગત આધિભૌતિક છે, મર્યાદા જીવોનું જગત આધ્યાત્મિક છે અને પુષ્ટિજીવોનું જગત આધિદૈવિક છે. આ ત્રણેય જગતનો આપ ઉદ્ધાર કરે છે.

જગતનો એક ત્રીજો અર્થ પ્રપંચ છે. ભક્તનો પ્રપંચ એટલે ગૃહસ્થાશ્રમ. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે ભક્તનો ગૃહસ્થાશ્રમ ભગવત્સેવા માટે છે. ઘરમાં રહીને ભગવત્સેવા ન થાય તો ઘરનો ત્યાગ કરવો જોઈએ. આવા ગૃહસ્થાશ્રમરૂપી જગતમાં સેવા દ્વારા ભક્તોને આનંદ પ્રાપ્ત થાય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજીનો મુકામ અસારવામાં હતો, ત્યારે બાજબહાદુર નામના અમલદારે બાદશાહને ચાડી ખાધી કે આપનાં રાણી લાછાબાઈ એક ફકીર સાથે મળીને રહે છે. બાદશાહે બાજબહાદુરને જ શ્રીગુસાંઈજી પાસે મોકલ્યો. શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં જ બાજબહાદુર પ્રભાવિત થયો. શ્રીગુસાંઈજીએ તેની સાથે યવન ભાષામાં વાત કરી; તેથી તે વધારે પ્રભાવિત થયો. તેણે કહ્યું : 'દેશમાં બહુ મોટો દુકાળ ચાલે છે.' ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'તમે રાજમહેલમાં પાછા જતાં ભીંજાઈ જશો.' શ્રીગુસાંઈજીનું આ વચન સત્ય સિદ્ધ થયું. બાજબહાદુર જેવો ચૂગલીખોર સ્વભાવનો યવન પણ શ્રીગુસાંઈજીને નમી પડ્યો.

(૯૬) જગદ્વંધપદામ્બુજઃ



ઉપર : બાજબહાદુર નામનો એક અમલદાર, શ્રીગુસાંઇજી પાસે આવે છે ત્યારે આપનાં દર્શન કરતાં પ્રભાવિત થઇ જઇ, નમી પડે છે.
નીચે : શ્રીગુસાંઇજીએ તેને કરેલી આજ્ઞા અનુસાર તે પોતાના મહેલમાં પેસે તે પહેલાં વરસાદ તૂટી પડે છે.

(૯૭) જગદાશ્ચર્યરસકૃત્



શ્રીગુસાંઇજી કુંભનદાસજી વગેરે વૈષ્ણવો સાથે હાસ્યવિનોદ કરી રહ્યા છે
ત્યારે દામોદરદાસ હરસાનીજી ત્યાં આવીને આપશ્રીને વિનંતી કરે છે : ‘આ માર્ગ હાંસી ખેલનો નથી, પણ તાપકલેશનો છે.’

કીર્તન-સંગતિ :

હોં ચરણાત પત્રકી છૈયાં ।
કૃપાસિંધુ શ્રીવલ્લભનંદન વહયો જાત
રાખ્યો ગહિ બહિયાં ॥૧॥

નવ નખચંદ્ર શરદ મંડલ છબિ
હરત તાપ સ્મરત મન મહિયાં ।
‘છીતસ્વામી’ ગિરિધરન શ્રીવિટ્ઠલ
સુયશ વખાન સક્ત શ્રુતિ નહિયાં ॥૨॥

•

(૯૭) જગદાશ્ચર્યરસકૃત્ = જગદાશ્ચર્યરસકૃતે નમઃ

તેઓ આસુરીજનોને આશ્ચર્યચકિત કરે છે.

વિવરણ :

તેઓ આસુરી જનોને તો આશ્ચર્યચકિત કરે જ છે; પણ સાથે અલૌકિક કાર્ય લૌકિક પ્રકારે કેમ દેખાડે છે? આસુરી જનોને લૌકિક સ્વરૂપે દેખાય છે, એટલે તેઓ અલૌકિક કાર્ય કરે છે, ત્યારે આસુરી જનોને આશ્ચર્ય થાય છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે આસુરી જનોને દેખાય છે. તેઓ અલૌકિક કાર્યો પણ લૌકિક મનુષ્યવત્ કરી બતાવે છે. એટલે આસુરીજનોને આશ્ચર્ય પ્રગટ થાય છે. વિવિધ રસ પૈકી અદ્‌ભુત રસ શ્રીગુસાંઈજી પ્રકટ કરે છે. શ્રીકૃષ્ણના પ્રાકટ્ય સમયનું વર્ણન કરતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે એક કાર્ય દ્વારા પ્રભુ અનેક કાર્યો સિદ્ધ કરે છે; તેમ શ્રીગુસાંઈજી પણ એક કાર્ય નિમિત્તે અનેક કાર્યો કરી, જગતમાં આશ્ચર્ય પ્રકટ કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજી કિશોર અવસ્થામાં હતા, ત્યારે એક દિવસ કુંભનદાસજી વગેરે વૈષ્ણવો સાથે હાસ્યવિનોદ કરી રહ્યા હતા, ત્યાં દામોદરદાસ હરસાનીજી આવ્યા. તેમણે વિનંતી કરી : ‘આ માર્ગ હાંસીખેલનો નથી; પણ તાપક્લેશનો છે.’ શ્રીગુસાંઈજીએ દામોદરદાસજીને કહ્યું : ‘તમે યોગ્ય જ કહ્યું છે. તમારા દ્વારા શ્રીમહાપ્રભુજીએ જ મને આ શિખામણ આપી છે.’ શ્રીગુસાંઈજીનો હાસ્યવિનોદ જગતના લૌકિક જીવો સમજી ન શકે; કારણ કે તેઓ સામાન્ય વૈષ્ણવો સાથે હાસ્યવિનોદ કરતા ન હતા. તે વખતે તેમની પાસે કુંભનદાસજી, ગોવિંદસ્વામીજી જેવા ભક્તિરસપ્રચૂર મહાનુભાવ ભગવદીયો બેઠેલા હતા.

જેમ કુંભનદાસજીએ ટોડના ઘનામાં શ્રીનાથજીને સંબોધીને ‘ભાવે તોહી ટોડકો ઘનો’ એ પદ ગાઈ, હાસ્યવિનોદ દ્વારા શ્રીનાથજીને પ્રસન્ન કર્યા હતા; તેમ શ્રીગુસાંઈજી પણ ભગવદીયો સાથે અલૌકિક હાસ્યવિનોદમાં મગ્ન બને, તેમાં કોઈ આશ્ચર્ય નથી.

કીર્તન-સંગતિ :

પરમ-કૃપાલ શ્રીવલ્લભનંદન
કરત કૃપા નિજ હાથ દે માથે ।
જે જન શરન આય અનુસરહી
ગ્રહી સોંપત શ્રીગોવર્ધનનાથે ॥૧॥

પરમ ઉદાર ચતુર ચિંતામણિ
રાખત ભવધારા બહ જાતે ।
ભજ ‘કૃષ્ણદાસ’ કાજ સબ સરહિ
જે જાને શ્રીવિટ્ઠલનાથ ॥૨॥

•

(૯૮) સદાકૃષ્ણકથાપ્રિયઃ



શ્રીગુસાંઇજી અને ચાચા હરિવંશજી મંદિરના ચોકમાં ઊભા રહી ભગવદ્વાર્તા કરે છે.

(૯૯) સુખોદર્કકૃતિઃ



ઉપર : નાગજીભટ્ટ ગોધરાથી કેરીના ટોપલા લઈ, સાંઢણી ઉપર સવાર થઈ, ગાગા ગુરગઢ આવી, શ્રીગુસાંઈજીને કેરીઓ અંગીકાર કરવા વિનંતી કરે છે. ■ **નીચે :** શ્રીગુસાંઈજીની આજ્ઞાથી નાગજીભટ્ટ એ કેરીઓ શ્રીનાથજીબાવાને અને શ્રીનવનીતપ્રિયાજીને અંગીકાર કરાવે છે.

(૯૮) સદાકૃષ્ણકથાપ્રિયઃ = સદાકૃષ્ણકથાપ્રિયાય નમઃ

તેમને હંમેશાં કૃષ્ણકથા પ્રિય છે.

વિવરણ :

તેમને ભગવત્‌કથામાં મહાન અનુરાગ છે. તેઓ દરરોજ સાંજે વૈષ્ણવો સાથે બેસી, ભગવદ્વાર્તા કરતા હતા. ભગવદ્વાર્તા માટે તેઓ ખૂબ જ આતુરતા રાખતા હતા. ઘણા વૈષ્ણવો તેમના મુખથી ભગવદ્વાર્તા સાંભળવા ગોકુળ આવતા હતા.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી લઘુશંકા કરવા ચોકમાં પધાર્યા. ત્યાં ચાચા હરિવંશજી ઊભા હતા. શ્રીગુસાંઈજી ચાચા હરિવંશજી સાથે ભગવદ્વાર્તા કરવા લાગ્યા. બંને દેહાનુસંધાન ભૂલી ગયા. શ્રીગુસાંઈજીના શ્રીહસ્તમાં એક મોટી ઝારી હતી. તેનું વજન પણ તેમને જણાયું નહીં. ચાચાજીને પણ ભાન રહ્યું નહીં કે શ્રીગુસાંઈજીના શ્રીહસ્તમાંથી હું ઝારી લઈ લઉં! ભગવદ્‌વાર્તામાં ઘણો સમય વ્યતીત થયો. આખી રાત વીતી. સવાર થવા આવ્યું. ખવાસે આવીને વિનંતી કરી : ‘મહારાજ! જાગવાનો સમય થયો છે.’ શ્રીગુસાંઈજી તરત દેહ કૃત્ય કરી, સ્નાન કરવા પધાર્યા. તે દિવસે તેમને ભગવદ્વાર્તાનો આવેશ સેવામાં પણ રહ્યો.

કીર્તન-સંગતિ :

વ્રજમેં બાજત આજ વધાઈ ।
પ્રકટ ભયે ભૂતલ શ્રીવિઠ્ઠલ ગોકુલ પતિ સુખદાઈ ॥૧॥

પ્રફુલ્લિત ભયે સકલ દૈવીજન મનહુ રંકનિધિ પાઈ ।
ભક્તિ કલ્પતરુકી સબ શાખા નવ અંકુરિત બનાઈ ॥૨॥

ગૃહગૃહ તોરણ ધ્વજા પતાકા મંગલચાર સુનાઈ ।
સુનત શ્રવણ આનંદ ભયો અતિ ગિરિધરકેલિ કરાઈ ॥૩॥

•

(૯૯) સુખોદર્કકૃતિઃ = સુખોદર્કકૃતયે નમઃ

તેઓ સુખદ લીલા કરનારા છે.

વિવરણ :

ભગવલ્લીલાઓનું ફળ સુખદ છે. એવી સુખ આપનારી લીલા તેઓ કરે છે અને ભક્તોને તેમની લીલાથી નિરંતર સુખ આપે છે.

વિવરણભાષ્ય :

જેમ ભગવાનની સર્વ લીલાઓ ભક્તો માટે સુખદ છે; તેમ શ્રીગુસાંઈજી પણ ભગવત્‌સ્વરૂપ હોવાથી તેમની સર્વ લીલાઓ ભક્તો માટે સુખદ છે. પોતાની લીલાઓ દ્વારા તેઓ ભક્તોને અલૌકિક સુખનું દાન કરે છે. ભક્તોનાં હૃદય સદૈવ તેમની લીલામાં જ તલ્લીન રહે છે. તેનાથી જ ભક્તો પ્રસન્નતા અનુભવે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત નાગજી ભટ્ટ ગોધરાથી સાંઢણી ઉપર સુંદર કેરીઓના ટોપલા લઈ, શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીગુસાંઈજી દ્વારકા જવાના માર્ગમાં આવેલા ગાગા ગુરગઢ નામના ગામ બહાર બિરાજતા હતા. નાગજી ભટ્ટે ૪૦૦ કેરીઓ શ્રીગુસાંઈજીની આગળ ધરી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ‘તું આ કેરીઓ શ્રીરણછોડજીના મંદિરે કેમ ન લાવ્યો?’ નાગજી ભટ્ટે કહ્યું : ‘મહારાજ! હું બીજું બધું છોડી, આપના ચરણે આવ્યો છું. આપ અમારો અંગીકાર કરો.’ શ્રીગુસાંઈજીએ જોયું કે કેરીઓ બહુ સુંદર છે. તેમણે નાગજી ભટ્ટને આજ્ઞા કરી : ‘આ કેરીઓ શ્રીનાથજીને લાયક છે. શ્રીનાથજીને અંગીકાર કરાવ્યા વિના અમે કેવી રીતે લઈએ?’ તત્કાલ નાગજી ભટ્ટ કેરીઓ લઈ, સાંઢણીસ્વાર થઈ, દ્વારકાથી ગિરિરાજ ગયા. ત્યાં ૨૦૦ કેરીઓ પધરાવી, પહોંચ લઈ, ગોકુળ ગયા. ત્યાં શ્રીનવનીતપ્રિયજીના મંદિરે બીજી ૨૦૦ કેરીઓ પધરાવી, પહોંચ લઈ, રાતદિવસ સતત પ્રવાસ કરતા ત્રીજા દિવસે

શ્રીગુસાંઈજી પાસે આવ્યા. નાગજી ભટ્ટે ૨૦૦ કેરીઓ રાખી હતી. તેમાંથી આમરસ ચાર કટોરામાં કાઢ્યો. ૧૦૦ કેરીનાં નાકાં કરી આમરસ અને કેરીઓ શ્રીગુસાંઈજી પાસે ધરી. નાગજી ભટ્ટે શ્રીગુસાંઈજીને બંને પહોંચ બતાવી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજી આરોગે, ત્યાં હું પણ આરોગું છું. તે બધી કેરીઓ ત્યાં કેમ ન આપી દીધી?' નાગજી ભટ્ટે કહ્યું : 'મહારાજ! શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીને બતાવનાર આપ છો, માટે, આપ સર્વસ્વ છો. આપ પણ આરોગો તો અમને સુખ થાય; કારણ કે અમે આપના ચરણકમળના દાસ છીએ.' શ્રીગુસાંઈજીએ તે સામગ્રી રસોઈમાં પધરાવી, ભોગ ધર્યો, પછી આરોગ્યા. આપની આવી લીલા ભક્તોને માટે સુખદ છે.

કીર્તન-સંગતિ :

શ્રીમદ્ વલ્લભકે ઘર પ્રભુજી
ફિર અવતાર ન ધરતે ।
તો હમ સરિખે મૂઢ પતિત
જન કહો કૈસેં નિસ્તરતે ॥૧॥

બિન પાયે બ્રજપતિ પદપંકજ
કાકી સેવા કરતે ।
શ્રીગિરિધરન રાધિકા વર બિન
રસના કહા ઉચ્ચરતે ॥૨॥

શિવ સુરેશ દિનમણિ ગણેશકે
હોય કનોંડે ડરતે ।
અતિ આતુર પુન અર્ક તૂલસે
સબનકે પાયન પરતે ॥૩॥

જબ હમહું લોગનકી ન્યાઈ
ઘર ઘર ભટકત ફિરતે ।
કર્મ યોગ પુર જ્ઞાન ઉપાસન
ઈનહીમેં પચિ મરતે ॥૪॥

કહા ભયો નિજ બિરદજાનકે
પતિત જાન ઉદ્ધરતે ।
રુચિર રૂપ બલ દાસ 'નારાયણ'
તૃષિત નયન કયોં ઠરતે ॥૫॥

●

(૧૦૦) સર્વસંદેહચ્છેદદક્ષિણઃ = સર્વ સંદેહચ્છેદદક્ષિણાય નમઃ તેઓ ભક્તોના સર્વ સંદેહો દૂર કરવામાં કુશળ છે.

વિવરણ :

શ્રીગુસાંઈજી ભક્તોના સર્વ સંદેહો છેદવામાં ઘણા કુશળ છે. તેમની વાણીથી જ તેઓ સર્વ સંદેહ દૂર કરે છે. તેમાં પ્રવીણ છે. તેમની જેમ તેમના ભક્તો પણ અન્યના સર્વ સંદેહો દૂર કરે છે.

વિવરણભાષ્ય :

ભક્તોને જ્યારે-જ્યારે કોઈપણ સંદેહ થાય છે, ત્યારે-ત્યારે શ્રીગુસાંઈજી સમક્ષ તે ભક્ત નિ:સંકોચ પોતાનો સંદેહ વ્યક્ત કરે છે. શ્રીગુસાંઈજી તે ભક્તના સર્વ સંદેહને ખૂબ કુશળતાથી દૂર કરે છે; તેથી ભક્તની શ્રદ્ધા અધિક દૃઢ થાય છે. આપના જેવું જ સામર્થ્ય આપના ભક્તોમાં પણ છે; તેથી તે ભક્તો પણ અન્યના સંદેહોને સારી રીતે દૂર કરે છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

વ્રજમાં જાડા કૃષ્ણદાસ નામના એક ભાઈ ઘણી ચતુર બુદ્ધિવાળા હતા. તેઓ સંત-મહંતોની પરીક્ષા લેતા. એક દિવસ તેઓ શ્રીગુસાંઈજીની પરીક્ષા લેવા ગોકુળ આવ્યા; ત્યારે શ્રીનવનીતપ્રિયજી પલને ઝૂલતા હતા અને શ્રીગુસાંઈજી ઝૂલાવી રહ્યા હતા. જાડા કૃષ્ણદાસને એવાં દર્શન થયાં કે ક્યારેક શ્રીઠાકોરજી ઝૂલે છે અને શ્રીગુસાંઈજી ઝૂલાવે છે તો ક્યારે શ્રીગુસાંઈજી ઝૂલે છે અને શ્રીઠાકોરજી ઝૂલાવે છે! જાડા કૃષ્ણદાસ વિચારમાં પડી ગયા કે આમાં શ્રીઠાકોરજી કોણ અને શ્રીગુસાંઈજી કોણ? શ્રીગુસાંઈજી રાજભોગ ધરી, બહાર પધાર્યા. તેમને શ્રીગુસાંઈજીના રોમરોમમાં શ્રીનવનીતપ્રિયજીનાં દર્શન થયાં. તેમણે કહ્યું : 'મહારાજ! હું તમારી પરીક્ષા લેવા આવ્યો હતો, પણ તમે મારી પરીક્ષા લીધી!' તેઓ શ્રીગુસાંઈજીના સેવક બન્યા. ત્યારથી જાડા

(૧૦૦) સર્વસંદેહચ્છેદદક્ષિણઃ



જાડા કૃષ્ણદાસ બધા સંતો-મહંતોની પરીક્ષા લેતા. એકવાર શ્રીગુસાંઈજીની પરીક્ષા લેવા આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીના રોમરોમમાં તેમને શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન થતાં વિનંતી કરે છેઃ મહારાજ, હું તમારી પરીક્ષા લેવા આવ્યો, પણ તમે મારી પરીક્ષા લીધી.

(૧૦૧) સ્વપક્ષરક્ષણે દક્ષઃ



મેડતાનો શૈવધર્મી રાજા જયમલ શ્રીગુસાંઈજીના સેવક હરિદાસને મારી નાખવા હુકમ કરે છે. ત્યારે જયમલનાં બહેન, જેઓ શ્રીગુસાંઈજીનાં સેવક હતાં, તેઓ હરિદાસને પોતાના મહેલમાં સન્માનપૂર્વક બોલાવી રક્ષણ આપે છે.

કૃષ્ણદાસને શ્રીઠાકોરજીની લીલાનો અનુભવ થવા લાગ્યો. તેમને વસંતખેલનાં દર્શન થયાં. ત્યારે તેમણે જે પદ ગાયું તે સાંભળી, શ્રીગુસાંઈજીએ પ્રસન્ન થઈ આજ્ઞા કરી : 'તમને હવે લીલાની સ્ફૂર્તિ થઈ છે, માટે તમે વ્રજમાં ફરો અને માનસીમાં મગ્ન રહો.' શ્રીગુસાંઈજીએ આમ જાડા કૃષ્ણદાસનો સંદેહ દૂર કર્યો અને તેમને શ્રીઠાકોરજીનાં સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો.

કીર્તન-સંગતિ :

જબતેં શ્રીવિઠ્ઠલનાથજૂ નયનન ભર દેખે ।
જન્મ સુફલ ભયો આપનોં કરી કૃપા વિશેખે ॥૧॥
કલિયુગ જાન પ્રગટ ભયે કરુણા વિસ્તારી ।
ભજનાનંદ દિખાયકેં ભક્તન હિતકારી ॥૨॥
સગુણ બ્રહ્મ થાપન કિયે દે શ્રુતિ સબ સાખી ।
'માણિકચંદ' પ્રભુ સર્વદા ભક્તન પત રાખી ॥૩॥

●

(૧૦૧) સ્વપક્ષરક્ષણે દક્ષઃ = સ્વપક્ષરક્ષણે દક્ષાય નમઃ
તેઓ પોતાના ભક્તોનું રક્ષણ કરવામાં ચતુર છે.

વિવરણ :

તેમનો પક્ષપાત તેમના ભક્તો માટે હોય છે અને ભક્તોનો પક્ષપાત તેમના માટે હોય છે; તેથી તેઓ ભક્તોનું રક્ષણ કરવામાં ચતુર છે.

વિવરણભાષ્ય :

ભગવદ્ગીતામાં ભગવાન આજ્ઞા કરે છે કે હું સર્વ ભૂતોમાં સમાન રીતે રહેલો છું. સર્વ ભૂત મારે મન સમાન છે. માટે મારે કોઈ જીવ દ્વેષપાત્ર નથી કે કોઈ જીવમાં મને વિશેષ આસક્તિ નથી. તો પણ જેઓ મને ભક્તિથી ભજે છે, તેમનામાં હું પ્રત્યક્ષ છું અને તેઓ મારામાં પ્રત્યક્ષ છે. ભગવાન નિર્દોષ બ્રહ્મસ્વરૂપ છે; તેથી તેમનામાં વિષમતા જેવા દોષ નથી. તેવું જ સ્વરૂપ શ્રીગુસાંઈજીનું પણ છે. તેમને પણ કોઈના માટે દ્વેષ નથી, પરંતુ તેમના ભક્તો તેમને અધિક પ્રિય છે. તેઓ પણ પોતાના ભક્તોના પક્ષપાતી છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

મેડતામાં વણિક હરિદાસ શ્રીગુસાંઈજીના સેવક હતા. ત્યાંના રાજા જયમલ શૈવધર્મી હતા. તેમને ખબર પડી કે હરિદાસ શિવમંદિરમાં દર્શન કરવા આવતા નથી અને વૈષ્ણવધર્મ પાળે છે. રાજાએ હરિદાસને બોલાવી ઠપકો આપ્યો. હરિદાસ શાન્ત રહ્યા. રાજાએ ગુસ્સે થઈને કહ્યું : 'મારા રાજ્યમાં રહેવું હશે તો મારો ધર્મ પાળવો પડશે.' હરિદાસે નિર્ભયતાથી જવાબ આપ્યો : 'તમારા જેવા અનેક રાજાઓ અમારા પ્રભુના દ્વારે પડ્યા રહે છે, તોયે તેમને દર્શન થતાં નથી. હું મારા પ્રભુનો ધર્મ છોડી, તમારો ધર્મ શા માટે પાળું?' આથી રાજા ઘણા ગુસ્સે થયા. તેમણે સૈનિકોને હુકમ કર્યો કે : 'હરિદાસને મારી નાખો.' હરિદાસને સૈનિકો લઈ જતા હતા, ત્યારે જયમલ રાજાની બહેન; જેઓ શ્રીગુસાંઈજીનાં સેવક હતાં, તેમણે હરિદાસને પોતાના મહેલમાં સન્માનપૂર્વક આસન પર બેસાડ્યા. રાજાને આ વાતની ખબર પડી. તે ગુસ્સે થઈને આવ્યો, પરંતુ શ્રીગુસાંઈજીના પ્રતાપબળથી રાજા હરિદાસનો વાળ પણ વાંકો કરી શક્યા નહીં. રાજાને તેની ભૂલ સમજાઈ. તેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા.

કીર્તન-સગંતિ :

શ્રીવિઠ્ઠલ સુખસાગર આગર
જગત ઉજાગર પાયેરી ।
ભક્તન કે હિત કારણ આલી
અતિ આતુર ઉઠિધાયે ॥૧॥
તાકો ભાગ્ય કહાંલોં વરણોં
જો વલ્લભ ગુણ ગાયે ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ
આનંદ રસ બરખાયે ॥૨॥

●

(૧૦૨) પ્રતિપક્ષક્ષયંકર:



લાડબાઈ અને ધારબાઈને તેમના પતિ શિહોરીના રાજા મારવા આવે છે ત્યારે એ બંને વૈષ્ણવ બહેનો તલવાર લઈ નીડરતાથી તેમનો સામનો કરે છે.

(૧૦૩) ગોપિકાવિરહાવિષ્ટઃ



ગોપીજનોનો વિરહરસ જેમનામાં સંપૂર્ણ રીતે છલકાય છે તેવા શ્રીગુસાંઈજી ચંદ્રસરોવર ઉપર બિરાજી
છ માસ સુધી વિરહાનુભવ કરી રહ્યા છે.

(૧૦૨) પ્રતિપક્ષક્ષયંકરઃ = પ્રતિપક્ષક્ષયંકરાય નમઃ

તેઓ શત્રુપક્ષનો નાશ કરનારા છે.

વિવરણ :

તેઓ તેમના વિરોધીઓ; જે શત્રુતાભર્યું વલણ દાખવે છે, તેમનો નાશ કરે છે.

વિવરણભાષ્ય :

ભગવાનની પ્રતિજ્ઞા છે કે જે મારા ભક્તોને દુઃખ આપે છે, તે મારો શત્રુ છે અને હું તેનો નાશ કરું છું; કારણ કે હું મારા ભક્તોને વશ છું. આમ, ભગવાન ભક્તને વશ છે. મર્યાદાભક્તિ સાધનરૂપા છે. જે ભક્તો પોતાના સુખ માટે આવી મર્યાદાભક્તિ કરે છે તેમને ભગવાન વશ થતા નથી. તેમના તરફ તેઓ ઉદાસીન રહે છે; પરંતુ ભગવત્સુખ માટે નિર્ગુણભક્તિ કરનારા પુષ્ટિ ભક્તોને ભગવાન વશ થાય છે. ભગવાન અને પુષ્ટિભક્ત પરસ્પરની સાથે તાણાવાણાની જેમ વણાઈ ગયેલા છે, એટલે ભક્તોના શત્રુઓનો સંહાર પ્રભુ સહજ રીતે કરે છે અને પોતાના ભક્તોને અભયપદનું દાન કરે છે. શ્રીગોપાલદાસભાઈએ 'વલ્લભાખ્યાન'માં ગાયું કે 'ભક્તિપક્ષ વૈભવ સુદઢ કીધો.' શ્રીગુસાંઈજીનું પણ આવું જ સ્વરૂપ અને સામર્થ્ય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

લાડબાઈ અને ધારબાઈ નામની બે બહેનોનાં લગ્ન શિહોરીના રાજા સાથે થયાં હતાં. તે બંને શ્રીગુસાંઈજીનાં સેવક હતાં. હાલ કાશીમાં બિરાજતા શ્રીગોપાલલાલજીની તેઓ સેવા કરતા હતા. શિહોરીનો રાજા પરમ શિવભક્ત હતો. તેને ખબર પડી કે તેની આ બંને રાણીઓ શિવજી સિવાય અન્યની સેવા કરે છે, એટલે તલવાર લઈ, તે તેમને મારવા આવ્યો. બંને બહેનો તલવાર લઈ, સામે ઊભાં રહ્યાં. તેમણે રાજાને નીડરતાથી કહ્યું : 'સંભાળીને આગળ આવજો, અમે પણ રજપૂતાણીઓ છીએ.' રાજા ડરી ગયો. તેના મહેલમાં પાછો ચાલ્યો ગયો. પછી બંને બહેનો કાયમ માટે શ્રીઠાકોરજીને પધરાવી, કાશી જઈને રહ્યાં. આમ, શ્રીગુસાંઈજી તેમના ભક્તોને તેમના દુશ્મનોથી અભય આપે છે.

કીર્તન-સંગતિ :

વેદપંથ બાજત તુર નિશાન ।
જન મનમોદ મર્યાદ મગનતા
પુનિ પ્રગટે કલિ કાન્હ ॥૧॥

કરુણાનિધિ ભક્તહિત પ્રગટે
શ્રીવિઠ્ઠલ અભિધાન ।
માયામત તમ રાસિ મથનકો
શ્રીવલ્લભ અખિલ દગ્ભાન ॥૨॥

(૧૦૩) ગોપિકાવિરહાવિષ્ટઃ = ગોપિકાવિરહાવિષ્ટાય નમઃ

તેઓ ગોપીજનોના વિરહરસથી વ્યાપ્ત છે.

વિવરણ :

તેમનામાં શ્રીગોપીજનોનો વિયોગરસ સંપૂર્ણ રીતે છલકાય છે. વિરહ સમયના અવર્ણનીય વિપ્રયોગરસથી તેઓ સભર છે.

વિવરણભાષ્ય :

વિરહ એટલે જેમાં એકાંત અને તેવો વિપ્રયોગ અથવા જેમાં વિશેષ એકાંત છે તેવો સંયોગ. સંયોગ અને વિપ્રયોગ શૃંગારરસનાં ઉભય દળ છે. અલૌકિક શૃંગાર રસાત્મક પ્રભુ પોતાના ભક્તોને આ દ્વિવિધ રસનું દાન કરે છે. વ્રજભક્તો આ દ્વિવિધ રસથી ભરેલાં હતાં. તે રસથી શ્રીગુસાંઈજી પણ પરિપૂર્ણ છે. સદા તેમાં તલ્લીન છે; કારણ કે શ્રીગુસાંઈજી શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજીનું સ્વરૂપ છે. અન્યપૂર્વા યૂથનાં સ્વામિની છે; તેથી વિરહરસમાં સદા તત્પર છે. તેઓ દરરોજ

(૧૦૪) કૃષ્ણાત્મા



ઉપર : શ્રીગુસાંઈજી શ્રીગિરિધરજીને પોતાનાં વસ્ત્રો ભગવા રંગમાં રંગીને સૂકવવાની આજ્ઞા કરે છે.
નીચે : શ્રીનવનીતપ્રિયાજી આ વાત જાણીને શ્રીગિરિધરજીને પોતાનાં વસ્ત્રો પણ ભગવા રંગે રંગવાની આજ્ઞા કરે છે.

ગોકુળથી ગિરિરાજ શ્રીનાથજીની સેવા માટે પધારે છે, ત્યારે વિરહરસથી સભર હોય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીનાથજીના મંદિરના અધિકારી કૃષ્ણદાસજીએ એક દિવસ શ્રીગુસાંઈજીને કહ્યું : 'મહારાજ! શ્રીમહાપ્રભુજીના ઉત્તરાધિકારી શ્રીગોપીનાથજી હતા. તેમના પુત્ર શ્રીપુરુષોત્તમજી તેમના ઉત્તરાધિકારી છે; એટલે શ્રીનાથજીની સેવાનો અધિકાર તેમનો છે. તેમની આજ્ઞા વિના આપ સેવામાં પધારી શકો નહીં.' શ્રીગુસાંઈજી સમજી ગયા કે આ નિમિત્તે શ્રીઠાકોરજીની ઈચ્છા વિપ્રયોગરસનું દાન કરવાની છે. એટલે તેઓ તત્કાલ ચંદ્રસરોવર પધાર્યા. ત્યાં વિરહમાં છ માસ બિરાજ્યા. શ્રીનાથજીને વિવિધ વિજ્ઞપ્તિઓ લખીને મોકલી. આમ, તેમણે વિપ્રયોગરસનો ઉત્કટ અનુભવ કર્યો.

કીર્તન-સંગતિ :

ફિર વ્રજવસો શ્રીવિઠ્ઠલેશ ।
કૃપા કર દર્શન દિખાવો વહ લીલા બહવેશ ॥૧॥
ગાય વછરા લાય ગોકુલગામ કરો પ્રવેશ ।
નંદનંદન આય પ્રકટે અતિ ઉદાર નરેશ ॥૨॥
ભક્તિમારગ પ્રકટ કર કીયો જનનકોં ઉપદેશ ।
રચ્યો રાસ વિલાસ સુખનિધિ ગિરિગોવર્ધનેશ ॥૩॥
શ્રીવલ્લભનંદન અસુર નિકંદન વિદિત શ્રુતિ સુરેશ ।
'ચતુર્ભુજ' પ્રભુ ઘોષ કુલકો હાર્યો સકલ ક્લેશ ॥૪॥

* * *

(૧૦૪) કૃષ્ણાત્મા = કૃષ્ણાત્મને નમઃ

તેમનું અંતઃકરણ શ્રીકૃષ્ણમાં
જ ચોંટેલું છે.

વિવરણ :

તેમનું અંતઃકરણ શ્રીકૃષ્ણમાં જ છે અને શ્રીકૃષ્ણનું અંતઃકરણ તેમનામાં છે. આમ, તેઓ શ્રીકૃષ્ણસ્વરૂપ જ છે.

વિવરણભાષ્ય :

'સનતકુમાર સંહિતા'માં શ્રીગુસાંઈજીનું સ્વરૂપ બતાવતાં કહેવામાં આવ્યું કે 'કરુણારસભાવજ્ઞો લીલાકારણતત્પરઃ । સદાનંદમયો દેવો યશોદાનંદનો હરિઃ ॥' અર્થાત્, તેઓ કરુણારસના ભાવને જાણનાર, લીલામાં તત્પર, સદાનંદસ્વરૂપ, યશોદાનંદન પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ છે. અન્ય પુરાણોમાં પણ શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય પૂર્ણ પુરુષોત્તમ પ્રભુનું જ પ્રાકટ્ય છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. જેમ શ્રીરાધાકૃષ્ણ વિષે કહેવાયું કે 'વપુ દો પ્રાણ એક' એવું જ શ્રીગુસાંઈજીનું પણ છે. શ્રીગુસાંઈજી અને શ્રીકૃષ્ણ વસ્તતઃ એક જ સ્વરૂપ છે; પણ પૃથ્વી ઉપર ભિન્ન સ્વરૂપે દર્શન આપે છે. તેથી બંનેનાં અંતઃકરણ એક જ છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીની સેવામાં એક વર્ષ માટે એક લાખ સોનામહોરનો નેગ બાંધ્યો હતો. શ્રીનાથજીના સુખાર્થે રાગ-ભોગ-શૃંગારનો વૈભવ ઘણો વધાર્યો હતો. એક દિવસ તેઓ ભોજન કરવા બિરાજ્યા ત્યારે શાકમાં એક તણખલું આવ્યું. તેમને વિચાર થયો કે કોમળ પ્રભુને આ શાક આરોગવામાં કેટલો શ્રમ થયો હશે? પ્રભુના સુખનો વિચાર કરતાં તેમને ઘણો ક્લેશ થયો. તેઓ ભોજન કર્યા વિના જ ઊઠી ગયા. તેમણે તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરધરજીને આજ્ઞા કરી : 'મારાં વસ્ત્ર ભગવા રંગથી રંગાવીને સુકાવી દો.' શ્રીગિરધરજી વસ્ત્ર રંગતા હતા, ત્યારે શ્રીનવનીતપ્રિયાજી ત્યાં પધાર્યા. તેમણે પણ તેમનાં વસ્ત્રો ભગવા રંગમાં રંગવાની આજ્ઞા કરી. શ્રીગિરધરજીએ તેમ કર્યું. શ્રીગિરધરજીને મનમાં ઘણું દુઃખ થયું કે શું શ્રીગુસાંઈજી અને શ્રીનવનીતપ્રિયજી બંને અમારો ત્યાગ કરશે? શ્રીગુસાંઈજીએ આ હકીકત જાણી, એટલે સંન્યાસ લેવાનો વિચાર માંડી વાળ્યો.

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલનાથ આનંદ કંદ ।
પ્રકટ પુરુષોત્તમ શ્રીવ્રજમેં દેખ દ્વિજવર ચંદ ॥૧॥
તબ વ્રજ યશોદાનંદ કહિયત અબ શ્રીવલ્લભનંદ ।
તબ ધર્યો નટવર ભેખ ગિરિધર અબનિ શ્રુતિપંથ છંદ ॥૨॥
જબ બકી આદિ અનેક આરતિ મેટ સબ દુઃખદ્વંદ ।
અબ કૃપાકર હરે પ્રભુ પાપ 'માણિકચંદ' ॥૩॥

(૧૦૫) સ્વસમર્પકઃ



ધોંધીનાં કીર્તન સાંભળીને, શ્રીનવનીતપ્રિયાજી ખૂબ પ્રસન્ન થઈને, તાલ આપે છે ત્યારે, શ્રીનવનીતપ્રિયાજીની પ્રસન્નતા જોઈ,
શ્રીગિરિધરજી પોતાનાં રત્નજડિત સુવર્ણનાં કડાં, શ્રીપ્રભુને ન્યોછાવર કરી, ધોંધીજીને આપે છે.

(૧૦૫) સ્વસમર્પકઃ =
સ્વસમર્પકાય નમઃ
તેઓ પોતાનું સર્વસ્વ શ્રીઠાકોરજીને સમર્પિત કરે છે.

વિવરણ :

શ્રીગુસાંઈજીએ પોતાનો આત્મા, દેહ, ધન વગેરે બધું શ્રીઠાકોરજીને સમર્પિત કર્યું છે. તેમના ઉપદેશથી તેમના શરણે આવેલા સેવકો પણ તે જ પ્રમાણે કરે છે. તેઓ સમર્પિત ભક્તોનો પ્રભુ સાથે સંબંધ કરાવે છે.

વિવરણભાષ્ય :

શ્રીગુસાંઈજી પુરુષોત્તમ સ્વરૂપ હોવા છતાં પૃથ્વી ઉપર આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા છે; તેથી શ્રીમહાપ્રભુજીની પરંપરામાં પુષ્ટિજીવોને નામનિવેદન મંત્ર આપી, શ્રીઠાકોરજીનો સંબંધ કરાવે છે. શ્રીભાગવતના અગિયારમા સ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને આજ્ઞા કરી છે કે દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણ, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક, પરલોક અને આત્મા - એમ બધા પદાર્થો અને તેમાં રહેલી ભાવનાઓ અહંતા-મમતાપૂર્વક ભગવાનને નિવેદન કરવાથી અહંતા-મમતાના સર્વદોષોની નિવૃત્તિ થતાં તે જીવમાં દાસત્વ પ્રકટે છે. 'હે કૃષ્ણ! હું તમારો છું' એવો ભગવદીય ભાવ જીવવા માટે જીવ અધિકારી બને છે. આવી સર્વ સમર્પણની ભાવના શ્રીગુસાંઈજીએ સ્વયં આચરીને પોતાના સેવકોને પણ તેનું આચરણ કરવા પ્રેર્યા છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી શ્રીનાથજીદ્વારા બિરાજતા હતા. ધોંધી નામના એક સંગીતકાર વૈષ્ણવ ગોકુળ આવ્યા. તેમણે શ્રીનવનીતપ્રિયજી સન્મુખ કીર્તન ગાયાં. શ્રીનવનીતપ્રિયજીએ બહુ જ પ્રસન્ન થઈ તાલ આપ્યો. તે વખતે શ્રીગિરધરજી સેવામાં હતા. તેમણે શ્રીનવનીતપ્રિયજીની પ્રસન્નતા જોઈને તેમના હસ્તમાં પહેરેલાં રત્નજડિત કડાં શ્રીનવનીતપ્રિયજીને ન્યોછાવર કરી, ધોંધીને પહેરાવી દીધાં. શ્રીગુસાંઈજી ગોકુળ પધાર્યા. તેમણે આ હકીકત જાણી; ત્યારે તેઓ શ્રીગિરધરજી ઉપર ઘણા પ્રસન્ન થયા અને આજ્ઞા કરી : 'શ્રીનવનીતપ્રિયજી પ્રસન્ન થયા, તો તમે સર્વસ્વ ન્યોછાવર કેમ ન કરી દીધું?'

કીર્તન-સંગતિ :

શ્રીવિઠ્ઠલ પ્રકટે વ્રજનાથ ।
નંદનંદન કલિયુગમેં આયે નિજજન કિયે સનાથ ॥૧॥
તબ અસુરનકો નાશ કિયો હરિ અબ માયામત નાશે ।
તબ ગોપીજનકોં સુખ દીનોં સબ નિજભક્તન ઐસે ॥૨॥
તબકે વેદ પથ છોડ રાસ રમિ નાનાભાવ બતાયે ।
અબ સ્ત્રી શૂદ્રાદિક સબકોં બ્રહ્મસંબંધ કરાયે ॥૩॥
યહ વિધ પ્રકટ કરી નિજલીલા વલ્લભરાજ દુલારે ।
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ ઈનકો વેદ પુકારે ॥૪॥

●

(૧૦૬) નિવેદિભક્તસર્વસ્વઃ =
નિવેદિભક્તસર્વસ્વાય નમઃ
તેઓ નિવેદિત ભક્તોનું સર્વસ્વ છે.

વિવરણ :

જે ભક્તોએ ભગવાનના ચરણકમળમાં આત્મનિવેદન કર્યું છે, તે ભક્તોનું સર્વસ્વ શ્રીગુસાંઈજી છે અને તેવા ભક્તો શ્રીગુસાંઈજીનું પણ સર્વસ્વ છે. શ્રીગુસાંઈજીને તેમના ભક્તો પ્રાણથી પણ અધિક પ્રિય છે.

વિવરણભાષ્ય :

આત્મનિવેદન દ્વારા જીવોને તેમના અધિકાર પ્રમાણે અવશ્ય ભગવત્ પ્રાપ્તિ થાય છે; પરંતુ શ્રીગુસાંઈજી પોતાના પ્રમેય બળથી નિવેદન કરાવી, સ્વરૂપજ્ઞાન કરાવી, તરત જ ભગવત્ પ્રાપ્તિ કરાવી આપે છે; તેથી આવા ભક્તોને માટે શ્રીગુસાંઈજી સર્વસ્વ છે. નિવેદન બાદ આવા ભક્તો શ્રીઠાકોરજીને સર્વસમર્પણ કરી, શ્રીગુસાંઈજીની આજ્ઞા પ્રમાણે જીવે છે. એથી શ્રીગુસાંઈજીને મન પણ આવા ભક્તો સર્વસ્વ છે.

(૧૦૬) નિવેદિભક્તસર્વસ્વઃ



શ્રીગુસાંઇજી જનાર્દનદાસને નિવેદન મંત્રનો ઉપદેશ આપી રહ્યા છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

એક વખત શ્રીગુસાંઈજી સિંહનંદ પધાર્યા. ત્યાં જનાર્દનદાસ કાયસ્થે નામ નિવેદન મંત્ર લીધો. શ્રીગુસાંઈજીએ જનાર્દનદાસને તેનું સ્વરૂપ સમજાવ્યું. તેમણે આજ્ઞા કરી : 'પ્રભુ સર્વતંત્ર સ્વતંત્ર છે. સાધનોથી સર્વથા અપ્રાપ્ય છે. જે ભક્તો મન, વાણી અને કર્મથી પ્રભુને શરણે જાય છે, તેના ઉપર જ પ્રભુની કૃપા થાય છે. તમારે આ ઉપદેશ હંમેશાં હૃદયમાં ધારણ કરવો.' જનાર્દનદાસને નિવેદન મંત્રનો આટલો ઉપદેશ થતાં તેમણે તેમનું સર્વસ્વ સમર્પણ કરી દીધું. તેઓ હંમેશાં નિવેદનના અનુસંધાનમાં રહેવા લાગ્યા. તેમને તરત જ ભગવત્ સ્વરૂપાનંદનો અનુભવ થવા લાગ્યો.

કીર્તન-સંગતિ :

પ્રભુતા પ્રકટી શ્રીવિઠ્ઠલનાથકી ।
આન જ્ઞાન સબ ધ્યાન વામ ગતિ
યહ વિધ જગત અકાથકી ॥૧॥
ભક્તિભાવ પ્રકટ્યો યહ મારગ
કલિયુગ સૃષ્ટિ સનાથકી ।
શરન ગયે સોંપત હે શ્યામહિ
કરગહી ભુજા અનાથકી ॥૨॥
ચતુર્ભુજદાસ આસ પરિપૂરન
છાયો અંબુજહાથકી ।
કૃપા વિશેષ બિરાજે નિત્ય પ્રતિ
જોરી શ્રીગિરિધર સાથકી ॥૩॥

●

(૧૦૭) શરણાધ્વપ્રદર્શકઃ =

શરણાધ્વપ્રદર્શકાય નમઃ

તેઓ શરણમાર્ગના દર્શક છે.

વિવરણ :

ભગવાને આજ્ઞા કરી કે સર્વ ધર્મો ત્યજી તું મારે શરણે આવ. આ શરણમાર્ગનો ઉપદેશ તેઓ ભક્તોને આપે છે; તેથી તેઓ શરણમાર્ગના દર્શક છે.

વિવરણભાષ્ય :

ભક્તિમાર્ગમાં શરણમાર્ગ બે પ્રકારના છે - મર્યાદાશરણ અને પુષ્ટિશરણ. મર્યાદાશરણ સકામ છે. લૌકિક અને પારલૌકિક ફળની પ્રાપ્તિની માટે શરણ સ્વીકારવામાં આવે છે. પુષ્ટિશરણ નિષ્કામ છે, તેમાં લૌકિક કે પારલૌકિક કોઈપણ ફળની અપેક્ષા નથી. ઉપનિષદો કહે છે કે મુક્તિ માટે શરણ લેવું. શિષ્યો જ્ઞાન માટે ગુરુનું શરણ લે છે, કેટલાક લોકો શરતી સ્મરણ લે છે, કેટલાક માયા તરી જવા માટે પ્રભુનું શરણ લે છે, કેટલાક પાપ કે શોક દૂર કરવા શરણ લે છે. મર્યાદા શરણમાર્ગમાં રક્ષણરૂપી સાધન માટે જીવ પ્રભુનું શરણ સ્વીકારે છે. પુષ્ટિ શરણમાર્ગમાં શરણભાવના પ્રભુના અનન્ય આશ્રયરૂપ છે; તેથી પુષ્ટિશરણ ફલાત્મક છે. પુષ્ટિનો શરણમાર્ગ પૃથક્ શરણમાર્ગ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આલોક અને પરલોકમાં કોઈપણ સ્થિતિમાં કેવળ પ્રભુ જ આપણું શરણ છે.

પુષ્ટિ ભક્તિમાર્ગમાં શરણ સાધનરૂપ પણ છે અને ફળરૂપ પણ છે. સાધન અને ફળ બંને રૂપે શ્રીઠાકોરજી જ શરણ છે. માટે, શ્રીઅષ્ટાક્ષર મંત્રનું રટણ એ આપણું સાધન પણ છે અને સાધ્ય પણ છે.

કીર્તન-સંગતિ :

તુમારે ચરણ કમલકે શરણ ।
રાખો સદા સર્વદા જનકોં
વિઠ્ઠલેશગિરિધરણ ॥૧॥

તુમ બિન ઓર નહીં અવલંબન
ભવસાગર દુસ્તરણ ।
'ભગવાનદાસ' જાય બલિહારી
ત્રિવિધ તાપ ઉરહરણ ॥૨॥

●

(૧૦૭) શરણાધ્વપ્રદર્શકઃ



શરણમાર્ગના દર્શક શ્રીગુસાંઈજી જીવમાત્રને શરણે લઈ, કેવળ પ્રભુ જ આપણું શરણ છે તેવું દર્શાવે છે.

(૧૦૮) શ્રીકૃષ્ણાનુગૃહીતૈકપ્રાર્થનીયપદામ્બુજઃ



રસખાનજીને શ્રીજીબાવા દર્શન આપે છે પરંતુ ચરણસ્પર્શ આપતા નથી. શ્રીગુસાંઈજીને વિનંતી કરે છેઃ
'આપ પધારી રસખાનને સેવક કરો'. આમ શ્રીજીબાવાએ બતાવ્યું કે શ્રીગુસાંઈજીની કૃપા વિના ભગવદ્પ્રાપ્તિ અસંભવ છે.

(૧૦૮) શ્રીકૃષ્ણાનુગૃહીતૈકપ્રાર્થનીયપદામ્બુજઃ = શ્રીકૃષ્ણનુગૃહીતૈકપ્રાર્થનીયપદામ્બુજાય નમઃ

શ્રીકૃષ્ણે અંગીકાર કરેલ જીવો જ તેમના ચરણકમળની પ્રાર્થના કરી શકે છે.

વિવરણ :

ભગવાન શ્રીકૃષ્ણે જે જીવોનો અંગીકાર કર્યો છે, તેવા જીવો જ શ્રીગુસાંઈજીના ચરણકમળની પ્રાર્થના કરી શકે છે. ભગવાનના અનુગ્રહ વિના શ્રીગુસાંઈજીના ચરણાવિંદની પ્રાપ્તિ શક્ય નથી. તેઓ સાક્ષાત્ શ્રીકૃષ્ણ હોઈ તેમની કૃપા મેળવવા, તેમના ચરણારવિંદ પ્રાર્થના કરવા યોગ્ય છે.

વિવરણભાષ્ય :

પ્રભુની કૃપા થઈ ક્યારે જાણવી? જ્યારે જીવ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના શરણે આવે અને તેમના ચરણારવિંદ પ્રાપ્ત કરે. પ્રભુની કૃપા વિના અલૌકિક ગુરુની પ્રાપ્તિ અશક્ય છે. શ્રીગુસાંઈજી સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ છે, એટલે તેમના ચરણારવિંદ ભગવચ્ચરણારવિંદ છે. ચરણાવિંદના સેવનથી પુષ્ટિભક્તિ પ્રાપ્ત થાય છે અને શ્રીયુગલસ્વરૂપની પ્રાપ્તિ પણ થાય છે.

વાર્તા-ચરિત્ર-સંગતિ :

દિલ્હીથી રસખાનજી શ્રીનાથજીનાં દર્શન કરવા ગિરિરાજ આવ્યા. ત્રણ દિવસ વિરહ અવસ્થામાં ગોવિંદકુંડ ઉપર પડી રહ્યા. શ્રીનાથજીએ તેમને દૂરથી દર્શન આપ્યાં. તેઓ શ્રીનાથજીને પકડવા દોડ્યા. ત્યારે શ્રીનાથજી અંતર્ધાન થઈ ગયા. શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને ગોકુળમાં આજ્ઞા કરી : 'તમે સત્વરે ગિરિરાજ આવી રસખાનને સેવક કરો.' શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીના સંબંધ વિના રસખાનને દર્શન તો આપ્યાં, પરંતુ પોતાના ચરણારવિંદનો સ્પર્શ ન કરાવ્યો; કારણ શ્રીનાથજી સર્વસમર્થ અને સર્વતંત્ર સ્વતંત્ર હોવા છતાં શ્રીગુસાંઈજીને વશ છે. શ્રીગુસાંઈજીની કૃપા વિના ભગવત્પ્રાપ્તિ સર્વથા અસંભવ છે. શ્રીગુસાંઈજી મહોદાર, સર્વગુણ-સંપન્ન અને અદેય દાનના દાતા છે. તેમની સ્તુતિ (પ્રાર્થના) જીવ શું કરી શકે? તે એટલી જ વિનંતી કરી શકે કે આપના ચરણકમળમાં મને નિત્યવાસ આપજો. શ્રીઠાકોરજીની કૃપા વિના શ્રીગુસાંઈજીના ચરણાવિંદમાં આપની પ્રાર્થના કરવા માટે પણ જીવનું સામર્થ્ય નથી. જો આવી પ્રાર્થના આપણાથી થઈ શકે તો સમજવું કે શ્રીઠાકોરજીની કૃપા થઈ છે. શ્રીરઘુનાથજી પણ આ સ્તોત્રના અંતેના નામ દ્વારા એ જ વિનંતી કરે છે.

કીર્તન-સંગતિ :

પરમ મનોહર શ્રીગોકુલધામ ।
પ્રગટે શ્રીવિઠ્ઠલ પુરુષોત્તમ-
પતિત પાવન બિરદહે નામ ॥૧॥
નંદનંદન શ્રીવલ્લભનંદન
શ્રુતિ ભાગવત ભૂષણ અભિરામ ।
ચૌદહ લોકતે અધિક અધિક
છબિ નિત્ય વિહાર વ્રજ વૈકુંઠધામ ॥૨॥
આનંદ કોટિ વિમલ યશ
ગાવત દાતા સદા સકલ સુખકામ ।
'સગુણદાસ' શ્રીવિઠ્ઠલ કે મન
કર્મ વચન ચરણ વિશ્રામ ॥૩॥

* * *

આ પ્રમાણે શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામ શ્રીરઘુનાથજીએ આપ્યાં. હવે દોઢ શ્લોકથી શ્રીરઘુનાથજી આ સ્તોત્રનું ફળ બતાવે છે.

ઈમાનિ નામરત્નાનિ શ્રીવિઠ્ઠલપદામ્બુજમ્ ।
ધ્યાત્વા તદેકશરણો યઃ પઠેત્સ હરિં લભેત્ ॥
યદ્યન્મનસ્યભિર્ધ્યાયેત્તત્તદાપ્નોત્યસંશયમ્ ॥

શ્લોકાર્થ :

શ્રીવિઠ્ઠલેશ પ્રભુના ચરણકમળનું ધ્યાન કરીને, કેવળ તેમના જ શરણમાં તત્પર થઈ, જે કોઈ તેમનાં આ નામરત્નોનો પાઠ કરે છે તે પ્રભુપ્રાપ્તિ કરે છે. તે ઉપરાંત તેના જે-જે કંઈ મનોરથ છે, તે સર્વ સફળ થાય છે; તેમાં કોઈ શંકા નથી.

વિવરણ :

આ નામરત્નો સુદુર્લભ છે. તેનો પાઠ જે કરે છે તે પરમ ભાગ્યવાન છે. પાઠ કરનાર શ્રીહરિ એવા શ્રીકૃષ્ણ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણને મેળવે છે.

આ પાઠ કેવી રીતે કરવો, તેના જવાબમાં કહ્યું કે શ્રીગુસાંઈજીના ચરણકમળનું ધ્યાન કરીને પાઠ કરવો. ધ્યાન કેવી રીતે કરવું, તેના જવાબમાં કહ્યું કે શ્રીગુસાંઈજીનું અનન્ય શરણ ગ્રહણ કરીને ધ્યાન કરવું. શ્રીગુસાંઈજી જ મારું એક માત્ર શરણ છે, એવું ચિંતન કરતાં-કરતાં, તેમના બંને ચરણકમળનું ધ્યાન કરવું. જે રીતે શ્રીઠાકોરજીના ચરણકમળનું ધ્યાન કરવામાં આવે તે રીતે શ્રીગુસાંઈજીના ચરણકમળનું ધ્યાન કરવું. તેમના ચરણકમળમાં બિરાજતાં ૧૬ દિવ્ય ચિહ્નોનું પણ ધ્યાન કરવું.

આ પ્રમાણે ધ્યાન કરી, આ નામરત્નોનો નિત્ય પાઠ કરવાથી ભગવત્પ્રાપ્તિ થાય છે. ભગવત્પ્રાપ્તિ જ પાઠનું મુખ્ય ફળ છે.

આ પાઠનું બીજું આનુષંગિક ફળ શ્રીરઘુનાથજી બતાવે છે. પાઠ કરનારના મનમાં જે-જે અભિલાષાઓ છે, તે સર્વ તેને તરત જ પ્રાપ્ત થાય છે, તેની ઈચ્છાઓ પૂરી થાય છે; એ બતાવવા અહીં વર્તમાન કાળનો પ્રયોગ કર્યો છે. આ બંને ફળ પ્રાપ્ત થવામાં કોઈપણ શંકા રાખવી નહીં. શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં પણ કોઈ શંકા રાખવી નહીં. આ નામરત્નોનો પાઠ કરવાથી સર્વ શંકાઓ પણ નિવૃત્ત થાય છે.

હવે છેલ્લા શ્લોકમાં શ્રીરઘુનાથજી શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે :

નામરત્નાભિધમિદં સ્તોત્રં યઃ પ્રપ્રઠેત્સુધીઃ ।
ત્વદીય તં ગૃહાણાશુ પ્રાર્થ્યમેતન્મમ પ્રભો ॥૨૯॥

શ્લોકાર્થ :

હે પ્રભુ! મારી આ પ્રાર્થના છે કે જે બુદ્ધિમાન ભક્ત આ નામરત્નાખ્ય સ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરે, તેને આપ જલદી તમારો કરી, સ્વીકારો.

વિવરણ :

શ્રીરઘુનાથજી શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે આપ પ્રભુ છો, સર્વ સમર્થ છો; તેથી મારી આટલી પ્રાર્થના છે. આ નામરત્ન સ્તોત્ર મેં આપની સ્તુતિ રૂપે કહ્યું છે. જે બુદ્ધિમાન પુરુષ શ્રદ્ધાપૂર્વક તેનો પાઠ કરે તેને આપ તત્કાલ પોતાનો ગણી, તેનો સ્વીકાર કરજો.

અહીં શ્રીગુસાંઈજી માટે 'પ્રભુ' સંબોધન છે; જે સૂચવે છે કે શ્રીગુસાંઈજી સર્વસમર્થ હોવાથી તેમના પ્રમેય બળથી આ સ્તોત્રનો પાઠ કરનાર જીવોનો તેઓ ઉદ્ધાર કરશે. પછી તે જીવ ભલે ગમે તેવા દોષોથી ભરેલો કેમ નથી?

આ પ્રમાણે કરેલી પ્રાર્થના પ્રભુએ સાંભળી છે, તેથી આ સ્તોત્રનો પાઠ કરવાથી શ્રીગુસાંઈજીની પ્રાપ્તિ થશે.

હવે અંતિમ શ્લોકમાં શ્રીરઘુનાથજી ઉપસંહાર કરે છે.

શ્રીવિઠ્ઠલપદામ્ભોજમકરન્દજુષોઽનિશમ્ ।
ઈયં શ્રીરઘુનાથસ્ય કૃતિર્વિજયતેતમામ્ ॥

શ્લોકાર્થ :

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના ચરણકમળના પરાગને સેવનાર શ્રીરઘુનાથજીની આ કૃતિ સદા વિજય પામે છે.

વિવરણ :

શ્રીદેવકીનંદનજી આ શ્લોકના વિવરણમાં નીચેના બે શ્લોક લખે છે :

વિવૃતં યત્પ્રસાદેન નામરત્નમિદં મયા ।
સ સાધુ મન્યતાં સ્વીયપુત્રવાત્સલ્યતા મયિ ॥૧॥
યસ્મિન્નાવિર્ભવતિ જગતિ શ્રીમદાચાર્યસૂનૌ
સર્વગોપીવરપદયુગે ભક્તિભાજો ભવન્તિ ।
ભૂયાદેકસ્વપદશરણસ્યાનિશં વિઠ્ઠલેશઃ
સોઽયં ભક્તાભયકરભુજો દૈવતં મત્કુલસ્ય ॥૨॥

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના ચરણકમળના પરાગને સેવનાર; અર્થાત્ તેમના ચરણકમળમાં રુચિ ધરાવનાર તેમના પુત્ર શ્રીરઘુનાથજીની આ કૃતિ હંમેશાં વિજય પામે છે; અર્થાત્ સર્વથી ઉત્તમ છે, ઉત્તમ ફળ આપનાર છે.

જેમની કૃપાથી આ નામરત્ન સ્તોત્રનું વિવરણ કર્યું, તે પ્રભુ મારામાં પુત્ર વાત્સલ્ય પ્રકટ કરે. શ્રીપ્રભુચરણના જગતમાં થયેલ પ્રાદુર્ભાવથી ભક્તો શ્રીગોપીજનવલ્લભમાં ભક્તિભાવવાળા થાય છે. તેવા શ્રીવિઠ્ઠલેશપ્રભુ જ મારું હંમેશાં અનન્યતાપૂર્વક શરણ હો. ભક્તોને અભયદાન દેનારા શ્રહસ્તવાળા શ્રીવિઠ્ઠલેશપ્રભુ અમારા કુળના દૈવત છે.

આ પ્રમાણે શ્રીમદ્ રઘુનાથચરણ વિરચિત 'નામરત્ન' સંપૂર્ણ થયું અને પિતૃચરણના ચરણકમળના અનન્ય સેવક એવા દેવકીનંદનજી કૃત 'નામરત્ન વિવરણ' પણ સમાપ્ત થયું.

* * *

પરિશિષ્ટ : ૧

શ્રીનામરત્નાખ્યસ્તોત્રનું ધોળ

શ્રીપતિ શ્રીઅનલ મુખને કરું પ્રથમ પ્રણામ,
નામ શ્રીવલ્લભ મહાપ્રભુ ભક્તના પૂરણ કામ. (૧)
નમન કરું શ્રીવિઠ્ઠલવરને જેહુના નામ અપાર,
પાર પામે નહિ શંકર શેષ કરે વિચાર. (૨)
એહુના નામ રવિ ઉદય થયાથી પાપ તિમિરનો નાશ,
તે નામનો આશ્રય કરી હોય હૃદય કમળ વિકાસ. (૩)
અનુષ્ટુપ છે છંદ એહનો ઋષિ શ્રીરઘુનાથ,
દેવતા શ્રીવિઠ્ઠલપ્રભુજી સર્વશક્તિ સાથ. (૪)
વિનિયોગ સર્વે અષ્ટસિદ્ધિ અર્થ વિસ્તાર,
હવે નામ વિવરણ કરું એ નામનો ભંડાર. (૫)
શ્રીમદ્ વિઠ્ઠલ કૃપાસાગર ભક્તને આધીન,
અતિસુંદર કૃષ્ણલીલા રસ મધ્યે છે લીન. (૬)
શ્રીસહિત શ્રીવલ્લભનંદન દુઃખે દર્શન થાય,
ભક્તદર્શન સહજ ભક્તિ થકી જાણ્યા જાય. (૭)
ભય હરણ છે અનન્ય જનના હૃદય પૂરણ કામ,
દીન હીન અનાથજન જે તેનું આશ્રયધામ. (૮)
કમળલોચન રાસલીલા રસિક સિંધુ અશેષ,
ધર્મ સેતુ સુખે સેવો શ્રીવ્રજેશ. (૯)
ભક્તશોક સમૂહ હર્તા શાંત સર્વે જાણ,
સર્વ પૂરણકામ રૂક્મિણી પદમાવતી પતિપ્રાણ. (૧૦)
ભક્તરૂપી રત્નપરીક્ષક ભક્તરક્ષક ચતુર અતિ,
શ્રીકૃષ્ણ ભક્તિ પ્રક્ટ કરિ મહાઅસુર નાશની મતિ. (૧૧)
સર્વશાસ્ત્ર નિપુણ નર એ તે કર્મ જાડ્યને ભેદવા,
પ્રગટ ભાલે ભક્તિ લોચન સુધાકર રસ સીંચવા. (૧૨)
શ્રીમહાલક્ષ્મી ગર્ભરત્ન એ કૃષ્ણ મારગ ઉદ્ભવા,
ભક્તિ ચિંતામણી ભક્તિ કલ્પદ્રૂમ નવપલ્લવા. (૧૩)
શ્રીગોકુળ મધ્યવાસ કીધા કાલિંદી પુલીનપ્રિય,
ગોવર્ધન આગમન રતિ પ્રિય અચલ વૃંદાવન હિય. (૧૪)
ગોવર્ધન ગિરિયજ્ઞ કરતા પ્રિય મદહર ઈંદ્રના,
એક સર્વસ્વ કૃષ્ણલીલા જાણે ભાગવત ભાવના. (૧૫)

પિતૃ પ્રકટિત સરસ માર્ગ પ્રચારક સુવિચારક,
વ્રજપ્રતિ પર પ્રીત કરતાં નિમંત્રણ કરી ભોજકા. (૧૬)
બાલલીલા આદિ પ્રીતિ કથા વ્રજ યુવતિ તણી,
ગૂઢ હારદ જેહનો કહિ કથન યોગ્ય કથા ઘણી. (૧૭)
પિતૃવંશ સમુદ્રચંદ્ર જે તુલ્ય પુત્ર પ્રકટ કર્યા,
દેશાવર પર વિમલ કીર્તિ ચરિત્ર અતિ ઉજ્જવલ ભર્યા. (૧૮)
અનેક ભૂપતિ પાંતિક મસ્તક નામી ચરણ સુશોભિયા,
વિપ્ર દારિદ્ર દાવાનલ ભૂદેવ અગ્નિ સંતોષિયા. (૧૯)
ગાય બ્રાહ્મણ પ્રાણ પાલક પરાયણ સત્યે વિભુ,
વેદ પંથે પ્રિયસખે મહાયજ્ઞના કર્તા પ્રભુ. (૨૦)
હરિ અનુગ્રહ સહજ લભ્યે મહાપતિત જે પાવના,
અનેક માર્ગ ક્લેશ વામ્યા જીવ સુખદ મહામના. (૨૧)
વિવિધ ભ્રાંતિ હરે નિજ્જન જ્ઞાન વિપરીતને હર્યાં,
મહાપુરુષ વર અધિક પ્રસિદ્ધ સત્પુરુષહિત તનુ ધર્યાં. (૨૨)
યોગ્ય દર્શન મધુર વાણી માયાવાદ નિરાસિયો,
સદાવદન પ્રસન્ન સુંદર હાસયુત મુખ શોભિયો. (૨૩)
પ્રેમ ભીંજ્યાં નયન જનપર કૃપાદગ ભવભૂષણાં,
ત્રૈલોક ચાલી વિમલ કીર્તિ ઉજ્જવલ કૃત શામલતનાં. (૨૪)
વચન અમૃત ગ્રહિત ભક્તન હૃદય શત્રુ તાપના,
ભક્ત પ્રાર્થિત કરે આપે દાસ દાસી સ્થિતિ મના. (૨૫)
અચિંત્ય મહિમા જેહનો સત્પુરુષથી જણાય,
આશ્ચર્ય સ્થાન સ્વરૂપ છે જેહનું કેમ કળાય. (૨૬)
ભક્ત ક્લેશ ન સહન થાયે અન્ય સૌ સહેવાય,
ભક્તને કાજે સદા પોતે અન્ય વશ વરતાય. (૨૭)
આચાર્ય રત્ન અખિલ તારણ મંત્રના જ્ઞાતાવરો,
કુશલ સર્વસ્વ દાન દેવા ગીત સંગીત સાગરે. (૨૮)
શ્રીગોવર્ધન ગિરિ સખા ગૌ ગોપ ગોપી અતિ રતિ,
જાણી ચિંતિત મહામતિ જગદ્વંદ્ય પદ પંકજવતિ. (૨૯)
વિશ્વ વિસ્મય કારજ કરતા સદા કૃષ્ણ કથારતિ,
સુખપ્રદાતા સર્વ સંશય છેદવા ચતુર અતિ. (૩૦)
સ્વપક્ષ દક્ષ રતિ, પરપક્ષ ખંડન અતિહિતિ,
ગોપી વિરહ પ્રાપ્ત કૃષ્ણ પ્રાણ સ્વયં સમર્પિત. (૩૧)
નિવેદીજન પ્રાણ જીવન શરણ પંથ પ્રદર્શિતા,
કૃષ્ણ કેવલ કૃપાપાત્ર એ પાદ પંકજ વંદિતા. (૩૨)
શ્રીવલ્લભને શરણ જૈયે શ્રીવિઠ્ઠલવર ચિત્ત ધરિ,
ભણે નામરત્નાખ્ય તે તો વિના શ્રમ પામે હરિ. (૩૩)

મન વિષે વાંછિત જે તે પામે જન એ નિશ્ચય,
ફળ કહ્યું હરિને હવે હું સ્તુતિ કરું નિર્ભય. (૩૪)
નામરત્ન સ્તોત્ર એ જે શુદ્ધ બુદ્ધિ ભણે પ્રભુ,
તે તમારો ગ્રહ્યો તેને વેગે પુનિત કરો વિભુ. (૩૫)
શ્રીવિઠ્ઠલ પદ પદમ સૌરભ સેવના કરું નિત્ય પ્રતિ,
કૃતિ શ્રી રઘુનાથજીની જે કરે જ ગતિ અતિ. (૩૬)
શ્રીવિઠ્ઠલ કરજોડ જાચું છું અતિ વિપરિત મતિ,
અતિ દુર્લભ દેવને જે દીજે પદ પંકજ રતિ. (૩૭)
નામ રત્ન શ્રીવિઠ્ઠલ પ્રભુના હવે ઘણું હું શું કહું?
‘શ્રીવ્રજભૂષણ’ની કૃપાએ કરી સદા સુખતે હું લહું. (૩૮)

પરિશિષ્ટ : ૨

શ્રીનામરત્નાખ્યસ્તોત્ર નામાવલી

(૧) શ્રીવિઠ્ઠલાય નમઃ
(૨) કૃપાસિંધવે નમઃ
(૩) ભક્તવશ્યાય નમઃ
(૪) અતિ સુંદરાય નમઃ
(૫) કૃષ્ણલીલારસાવિષ્ટાય નમઃ
(૬) શ્રીમતે નમઃ
(૭) શ્રીવલ્લભનંદનાય નમઃ
(૮) દુર્દશ્યાય નમઃ
(૯) ભક્ત સંદશ્યાય નમઃ
(૧૦) ભક્તિગમ્યાય નમઃ
(૧૧) ભયાપહાય નમઃ
(૧૨) અનન્યભક્તહૃદયાય નમઃ
(૧૩) દીનાનાથૈકસંશ્રયાય નમઃ
(૧૪) રાજીવ લોચનાય નમઃ
(૧૫) રાસલીલારસમહોદધયે નમઃ
(૧૬) ધર્મસેતવે નમઃ
(૧૭) ભક્તિસેતવે નમઃ
(૧૮) સુખસેવ્યાય નમઃ
(૧૯) વ્રજેશ્વરાય નમઃ
(૨૦) ભક્તશોકાપહાય નમઃ
(૨૧) શાન્તાય નમઃ
(૨૨) સર્વજ્ઞાય નમઃ
(૨૩) સર્વ કામદાય નમઃ
(૨૪) રુક્મિણીરમણાય નમઃ
(૨૫) શ્રીશાય નમઃ
(૨૬) ભક્તરત્નપરીક્ષકાય નમઃ
(૨૭) ભક્તરક્ષૈકદક્ષાય નમઃ
(૨૮) શ્રીકૃષ્ણભક્તિપ્રવર્તકાય નમઃ
(૨૯) મહાસુરતિરસ્કર્ત્રે નમઃ
(૩૦) સર્વશાસ્ત્રવિદગ્રણ્યે નમઃ
(૩૧) કર્મજાડયભિદુષ્ણાંશવે નમઃ
(૩૨) ભક્તનેત્રસુધાકરાય નમઃ
(૩૩) મહાલક્ષ્મીગર્ભરત્નાય નમઃ
(૩૪) કૃષ્ણવર્ત્મસમુદ્ભવાય નમઃ
(૩૫) ભક્ત ચિંતામણયે નમઃ
(૩૬) ભક્તિકલ્પદ્રુમનવાંકુરાયનમઃ

(૩૭) શ્રીગોકુલકૃતાવાસાય નમઃ
(૩૮) કાલિંદીપુલિનપ્રિયાય નમઃ
(૩૯) ગોવર્ધનાગમરતાય નમઃ
(૪૦) પ્રિયવૃંદાવનાચલાય નમઃ
(૪૧) ગોવર્ધનાદ્રિમખકૃતે નમઃ
(૪૨) મહેન્દ્ર મદભિત્પ્રિયાય નમઃ
(૪૩) કૃષ્ણલીલૈકસર્વસ્વાય નમઃ
(૪૪) શ્રીભાગવતભાવવિદે નમઃ
(૪૫) પિતૃપ્રવર્તિતપથપ્રચારસુવિચારકાય નમઃ
(૪૬) વ્રજેશ્વરપ્રીતિકર્તે નમઃ
(૪૭) તન્નિમંત્રણભોજકાય નમઃ
(૪૮) બાલલીલાદિસુપ્રીતાય નમઃ
(૪૯) ગોપીસંબંધિસત્કથાય નમઃ
(૫૦) અતિગંભીરતાત્પર્યાય નમઃ
(૫૧) કથનીયગુણાકરાય નમઃ
(૫૨) પિતૃવંશોદધિવિધવે નમઃ
(૫૩) સ્વાનુરૂપસુતપ્રસવે નમઃ
(૫૪) દિક્ચક્રવર્તિસતકીર્ત્યૈ નમઃ
(૫૫) મહોજ્જવલચરિત્રવતે નમઃ
(૫૬) અનેકક્ષિતિપશ્રેણિમૂર્દ્ધસક્તપદામ્બુજાય નમઃ
(૫૭) વિપ્રદારિદ્રયદાવાગ્નયે નમઃ
(૫૮) ભૂદેવાગ્નિપ્રપૂજકાય નમઃ
(૫૯) ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપરાય નમઃ
(૬૦) સત્યપરાયણાય નમઃ
(૬૧) પ્રિયશ્રુતિપથાય નમઃ
(૬૨) શશ્વન્મહામખકરાય નમઃ
(૬૩) પ્રભુવે નમઃ
(૬૪) કૃષ્ણાનુગ્રહસંલભ્યાય નમઃ
(૬૫) મહાપતિતપાવનાય નમઃ
(૬૬) અનેકમાર્ગસંકલિષ્ટજીવસ્વાસ્થ્યપ્રદાય મહતે નમઃ
(૬૭) નાનાભ્રમનિરાકર્ત્રે નમઃ
(૬૮) ભક્તાજ્ઞાનભિદુત્તમાય નમઃ
(૬૯) મહાપુરુષસત્ખ્યાતયે નમઃ
(૭૦) મહાપુરુષવિગ્રહાય નમઃ
(૭૧) દર્શનીયતમાય નમઃ
(૭૨) વાગ્મયે નમઃ
(૭૩) માયાવાદનિરાસકૃતે નમઃ
(૭૪) સદાપ્રસન્નવદનાય નમઃ
(૭૫) મુગ્ધસ્મિતમુખામ્બુજાય નમઃ
(૭૬) પ્રેમાર્દ્રદૃગ્વિશાલાક્ષાય નમઃ
(૭૭) ક્ષિતિમંડલમંડનાય નમઃ
(૭૮) ત્રિજગદ્વ્યાપિસત્કીર્તિધવલીકૃતમેચકાય નમઃ
(૭૯) વાક્સુધાકૃષ્ટભક્તાન્તઃકરણાય નમઃ
(૮૦) શત્રુતાપનાય નમઃ
(૮૧) ભક્તસંપ્રાર્થિતકરાય નમઃ
(૮૨) દાસદાસીપ્સિતપ્રદાય નમઃ
(૮૩) અચિંત્યમહિમામેયાય નમઃ
(૮૪) વિસ્મયાસ્પદવિગ્રહાય નમઃ
(૮૫) ભક્તક્લેશાસહાય નમઃ
(૮૬) સર્વસહાય નમઃ
(૮૭) ભક્તકૃતેવશાય નમઃ
(૮૮) આચાર્યરત્નાય નમઃ
(૮૯) સર્વાનુગ્રહકૃન્મંત્રવિત્તમાય નમઃ
(૯૦) સર્વસ્વદાનકુશલાય નમઃ
(૯૧) ગીતસંગીતસાગરાય નમઃ
(૯૨) ગોવર્ધનાચલસખાય નમઃ
(૯૩) ગોપગોગોપિકાપ્રિયાય નમઃ
(૯૪) ચિંતિતજ્ઞાય નમઃ
(૯૫) મહાબુદ્ધયે નમઃ
(૯૬) જગદ્વંદ્યપદામ્બુજાય નમઃ
(૯૭) જગદાશ્ચર્યરસકૃતે નમઃ
(૯૮) સદાકૃષ્ણકથાપ્રિયાય નમઃ
(૯૯) સુખોદર્કકૃતયે નમઃ
(૧૦૦) સર્વ સંદેહચ્છેદદક્ષિણાય નમઃ
(૧૦૧) સ્વપક્ષરક્ષણે દક્ષાય નમઃ
(૧૦૨) પ્રતિપક્ષક્ષયંકરાય નમઃ
(૧૦૩) ગોપિકાવિરહાવિષ્ટાય નમઃ
(૧૦૪) કૃષ્ણાત્મને નમઃ
(૧૦૫) સ્વસમર્પકાય નમઃ
(૧૦૬) નિવેદિભક્તસર્વસ્વાય નમઃ
(૧૦૭) શરણાધ્વપ્રદર્શકાય નમઃ
(૧૦૮) શ્રીકૃષ્ણાનુગૃહીતૈકપ્રાર્થનીયપદામ્બુજાય નમઃ

શ્રીનામરત્નાખ્ય – સચિત્ર : પરિચય

સ્તુતિકર્તા



શ્રીગુસાંઈજીના પંચમ કુમાર
શ્રીરઘુનાથજી

વિવરણકાર



શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ આત્મજ
શ્રીદેવકીનંદનજી

વિવરણભાષ્યકાર

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

ચિત્રકાર

ચિત્રકાર